


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

પોષ વદ -૧૦ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૪-૧-૨૦૨૫ - શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૧૩૧ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

નવા હથિયાર લાયસન્સ માટે
હથિયાર લાયસન્સ તેમજ રીન્યુ અને લાયસન્સને લગતા તમામ કામ ખાતરીપૂર્વક કરી આપશું.
વાઘેશ્વરી એસોસિએટ
મો.૭૭૭૮૮૨૭૭૭૨

**સનાતન બોર્ડની રચના માટે સંતોનું આર-પારની લડાઈનું એલાન** ૨

**મહારાષ્ટ્રની દારૂગોળાની ફેકટરીમાં વિસ્ફોટોની હારમાળાઃ ૮ના મોત** ૯

**સોનું ૮૩૦૦૦ ને પારઃ ૨૩ દિ'મા પાંચ ટકા વધી ગયું** ૧૬

### ગુજરાત કેફી પદાર્થોનો અડ્ડો બન્યુ!

# આણંદમાંથી ડ્રગ્સ ફેકટરીનો પર્દાફાશઃ ૧૦૦ કરોડનો જથ્થો જપ્ત

અમદાવાદ તા.૨૪

ગુજરાત ડ્રગ્સનું હબ બની ગયુ હોય તેમ આજે વધુ એક વખત ૧૦૦ કરોડની કિંમતનાં કેફી પદાર્થો સાથે ફેકટરીનો પર્દાફાશ થયો હતો.ગુજરાત એટીએસ દ્વારા

### દવાની ટેબલેટમાં ડ્રગ્સઃ ૧૮ કલાકના ઓપરેશન બાદ એટીએસને સફળતા

એવી માહિતી બહાર આવી છે કે સોખડા જીઆઈડીસીમાં આરોપીઓએ ડ્રગ્સની ફેકટરી શરૂ કરી હતી. સુરક્ષા એજન્સીઓથી બચવા માટે દવાની ટેબલેટમાં ડ્રગ્સ નાંખવામાં આવતુ હતુ. આલફાઝોરમ નામની દવાનો આ માટે ઉપયોગ થતો હતો. ગુજરાત એટીએસને ચોકકસ બાતમી હતી. ૧૮ કલાકના ઓપરેશન બાદ ડ્રગ્સકાંડ પકડી પાડયુ હતું.




આણંદમાં ડ્રગ્સ ફેકટરી પર દરોડો પાડીને ૧૦૦ કરોડના કેફી દ્રવ્યો સાથે પાંચ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી.

ગુજરાતમાંથી ગત વર્ષે ૭૩૦૦ કરોડથી વધુનુ ડ્રગ્સ પકડાયું હતુ પરંતુ તે મોટાભાગે પંજાબનાં માર્ગે જતુ હોવાનો દાવો કરવામાં આવતો હતો પરંતુ હવે રાજયમાંથી ડ્રગ્સ ઉત્પાદનની ફેકટરીનો પર્દાફાશ થયો છે.ગુજરાત એટીએસ દ્વારા ૧૮ કલાકના ઓપરેશન બાદ ફેકટરી તથા ડ્રગ્સ પકડવામાં આવ્યું હતું અને પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

### ગુજરાત એટીએસનો સપાટોઃ ૫ શખ્સોની ધરપકડઃ ત્રણ માસ પૂર્વે જ ફેકટરી શરૂ કરી હતીઃ ચોંકાવનારા ખુલાસા થવાનો નિર્દેશ

પ્રાપ્ત વિગતો મુજબ આણંદનાં ખંભાતની સોખડા જીઆઈડીસીમાં એટીએસ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ગ્રીનલાઈફ ઈન્ડસ્ટ્રીઝ નામની કેમીકલ બનાવતી કંપનીમાં ડ્રગ્સનુ ઉત્પાદન થતુ હોવાની બાતમીનાં આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.

ગુજરાત એટીએસનાં ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ (ડીઆઈજી) સુનિલ જોષીએ કહ્યું કે દરોડા દરમ્યાન કરોડોનું ડ્રગ્સ પકડાયું હતું. જોકે વધુ વિગતો આપી નથી. પરંતુ માહીતગાર સુત્રોએ કહ્યું કે પકડાયેલી ડ્રગ્સની કિંમત ૧૦૦ કરોડથી વધુની થવા જાય છે.

સુત્રોએ ઉમેર્યુ કે આલ્ફાગોરમ નામની દવાની ટેબ્લેટમાં ડ્રગ્સ માલુમ પડયુ હતું

(અનુસંધાન છઠ્ઠા પાને)

## નાણાં મંત્રાલયમાં 'હલવા સેરેમની' યોજતા નિર્મલા સિતારામનઃ હવે બજેટ સાથે જોડાયેલા અધિકારીઓ 'લોક' થઈ ગયા

### બજેટ રજૂ થયા સુધી અધિકારીઓ સહિતના સ્ટાફને નાણાં મંત્રાલયના ચોક્કસ એરિયા બહાર જવાની છૂટ નહીં મળે



નવી દિલ્હી, તા.૨૪

આગામી તા.૧ ફેબ્રુઆરીના રોજ રજુ થનાર કેન્દ્રીય બજેટમાં હવે આખરી ઘડીની તૈયારીઓ શરુ થઇ ગઇ છે અને આજે નાણાં મંત્રી નિર્મલા સિતારામને 'હલવા સેરેમની' યોજી હતી જેમાં નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરી અને નાણા સચિવ સહિતના મંત્રાલયના તમામ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત હતા. દર વર્ષે બજેટ પૂર્વે આ પ્રકારે 'હલવા સેરેમની' યોજાય છે જે બજેટની લોક-ઇન પ્રોસેસ ગણાય છે. એટલે કે બજેટ તૈયાર કરનાર ટીમ પૂરી રીતે નાણાંમંત્રાલયના ખાસ વિસ્તારમાં 'કેદ' થઇ જાય છે. જેના કારણે બજેટ લીકેજ થાય નહીં. નાણા મંત્રી સંસદમાં પુરું બજેટ રજુ કર્યા બાદ જ આ તમામને પોતાના ઘરે જવાની છુટ મળે છે અને ત્યાં સુધી તેઓને નાણાં મંત્રાલયમાં તમામ પ્રકારની

(અનુસંધાન છઠ્ઠા પાને)

## ટ્રમ્પને પહેલો આંચકોઃ બર્થરાઈટ સીટીઝનશીપને રોકતા કાનૂન પર 'રોક'



### સીએટલના ડીસ્ટ્રીકટ જજે આ પ્રસ્તાવિત કાનૂનને ગેરબંધારણીય ગણાવ્યોઃ જો કે અપીલ કરવા ટ્રમ્પની જાહેરાત

વોશિંગ્ટનઃ અમેરિકામાં રાષ્ટ્રપતિ પદે શપથ લીધાના પ્રથમ કલાકમાં જ આ દેશમાં બર્થરાઈટ સીટીઝનશીપ પર પ્રતિબંધ મુકતા કાનૂન પર હસ્તાક્ષર કરીને વિવાદ સર્જ્યો હતો તે આદેશ સામે સીએટલની એક જીલ્લા અદાલતે 'સ્ટે' આપી દીધો છે. આ નવા પ્રસ્તાવિત કાનૂન તા.૧ ફેબ્રુ.થી લાગુ થવાનો હતો જે મુજબ જે યુગલ અમેરિકી નાગરીકત્વ ધરાવતા નથી તેમના સંતાનોને અમેરિકામાં જન્મ સાથે જ આપોઆપ અમેરિકી નાગરીકત્વ મળી જાય છે. ટ્રમ્પ શાસને તેને આ અધિકાર રદ કરતા આ દેશમાં વસતા લાખો યુગલો જેઓ હજુ સીટીઝનશીપ મેળવી શકયા નથી અને તે માટે ૧૦૦ વર્ષની રાહ જોવી પડે તેવી લાંબી કતાર છે તેમના ભવિષ્યમાં અમેરિકામાં જન્મેલા સંતાનોની નાગરિકતા સામે પ્રશ્ન સર્જાઈ શકે તેમ હતો. ખાસ કરીને અમેરિકામાં ગેરકાનુની રીતે ઘૂસેલા વસાહતીઓના અમેરિકામાં જન્મતા સંતાનો આપોઆપ


(અનુસંધાન છઠ્ઠા પાને)

### હવે ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રકચર પણ સૌરાષ્ટ્રના આંગણે ટકોરા મારે છે

# જામનગરમાં વિશ્વનું સૌથી મોટું Ai આધારિત ડેટા સેન્ટર સ્થાપશે રિલાયન્સ

રાજકોટઃ સેમીકન્ડકટર પ્લાંટની સ્થાપનામાં દેશમાં ગુજરાતે નંબર વન સ્થાન મેળવ્યું છે તો હવે તેનાથી પણ એક મેગા પ્રોજેકટ સૌરાષ્ટ્રમાં આવી રહ્યા છે. દુનિયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી જામનગરના દરિયા કિનારે સ્થાપીને આ મહાનગર તથા સૌરાષ્ટ્રને વિશ્વના નકશા પર મુકયા બાદ હવે દુનિયાનું સૌથી મોટુ ડેટા સેન્ટર પણ જામનગર નજીક સ્થાપવા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ એ તૈયારી કરી છે. ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે પણ આ એક સૌથી મોટું કદમ હશે અને સૌથી મહત્વનું એ છે કે આ ડેટા સેન્ટર માટે આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ સેમીકન્ડકટર વિશ્વની સૌથી મોટી સેમીકન્ડકટર કંપની એનવીડીયા રિલાયન્સને પુરા પાડશે. રિલાયન્સ આ મેગા વિશ્વના સૌથી મોટા ડેટા સેન્ટરથી ભારતમાં ડીજીટલ કનેકટીવીટીમાં એક સૌથી મોટુ ઈન્ફ્રાસ્ટ્રકચર બનશે.

ગત વર્ષે જ ઓકટોબરમાં રિલાયન્સ અને એનવીડીયા વચ્ચે ભારતમાં એઆઈ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે કરાર થયા હતા જે હવે વાસ્તવિકતા બની રહ્યા છે. આ ડેટા સેન્ટર વન-ગીગાવોટની ક્ષમતાનું હશે અને તેના માટે એઆઈથી સજજ બ્લેકમેલ પ્રોસેસર એનવીડીયા પુરા પાડશે. ભારત પોતાનું જ આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ સ્થાપવા માટે આતુર છે અને તેમાં આ કદમ મહત્વનું બનશે જેમ ૬-જી ટેકનોલોજી પણ ભારત વિકસાવી રહ્યું છે. ૨૦૨૪ના એનમીડીયા



### સેમીકન્ડકટર નિર્માણમાં સૌથી મોટી વૈશ્વિક કંપની એનવીડીયા સાથે સહયોગઃ દેશમાં ડિજીટલ કનેકટીવીટીનું 'હૃદય' બનશેઃ ટુંક સમયમાં જાહેરાત

એઆઈ સમીટમાં બોલતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મુકેશ અંબાણીએ પોતાના આ સાહસનો સંકેત આપતા જણાવ્યું હતું કે અમેરિકા અને ચીન બાદ શ્રેષ્ઠ ડીજીટલ કનેકટીવીટી ઈન્ફ્રાસ્ટ્રકચર ભારતમાં છે. આપણે આ ક્ષમતાનો ઉપયોગ સમૃધ્ધિ અને વિશ્વભરમાં સમાનતા માટે કરી શકીએ છીએ. આ ઉપરાંત ગત સપ્ટેમ્બર માસમાં રિલાયન્સ અને એનવીડીયાએ ભારતમાં એઆઈ સુપર કોમ્પ્યુટર વિકસીત કરવા અને તેનું વૈવિધતા ભરી ભાષાકીય મોડેલ પણ તૈયાર કરવા જાહેરાત કરી હતી અને એનમિડીયાએ આ જ પ્રકારના કરાર ટાટા ગ્રુપ સાથે પણ કર્યા છે.

ભારત સરકાર આ દેશમાં ડીજીટલ સેવાને ટેકો આપતા અને દેશના ડેટા દેશમાં જ રહે તે હેતુથી આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ આધારિત વિશાળ ઈન્ફ્રાસ્ટ્રકચર સ્થાપવા માટે સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપી રહી છે અને રૂા.૧૦૦૦૦ કરોડનું ખાસ ફંડ આ માટે ફાળવ્યુ છે અને તેના માટે ખાસ કુશળ કામદારોની ફૌજ તૈયાર થાય તે માટે પણ આગળ વધી રહી છે. એઆઈ એ એક એવું વિશાળ ક્ષેત્ર છે જે દુનિયામાં ઓઈલ-ડેટા બાદ મોટી તાકાત બની શકે છે.



## ઉત્તરકાશીમાં સવારે ભૂકંપના ત્રણ આંચકા : વરુણાવત પર્વત પરથી કાટમાળ પડ્યો

### ૪૦ મિનિટમાં ૨.૭ અને ૩.૫ ની તીવ્રતાના ત્રણ ભૂકંપના આંચકા : લોકો ભયભીત :ઘરની બહાર દોડતા

ઉત્તરકાશી : સવારે લગભગ ૭:૪૧ કલાકે પ્રથમ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપના કારણે વરુણાવત પર્વતનાં લેન્ડસ્લાઈડ ઝોનમાંથી કાટમાળ અને પથ્થરો પડયાં હતાં. આ પછી ૮:૨૦ કલાકે ફરી ભૂકંપના આંચકા અનુભવાયા હતાં.

ઉત્તરકાશી અને આસપાસનાં ઘણાં વિસ્તારોમાં ભૂકંપના આંચકા ત્રણવાર અનુભવાયા હતાં. ગભરાટના કારણે લોકો ઘરની બહાર નીકળી ગયાં હતાં. લોકોમાં ભયનો માહોલ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા તમામ તાલુકાઓમાંથી માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. માહિતી મુજબ ઉત્તરકાશીમાં ૪૦ મિનિટમાં ૨.૭ અને ૩.૫ ની તીવ્રતાના ત્રણ ભૂકંપ અનુભવાયા હતાં. ભૂકંપનું કેન્દ્ર ભટવાડી બ્લોકમાં હતું. હાલ કોઈ નુકસાન થયું નથી. ભૂકંપનું કેન્દ્ર ઉત્તરકાશીના ભટવાડી બ્લોકમાં હોવાનું કહેવાય છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ ૫ કિલોમીટર ભૂગર્ભમાં હતું, જેનાં કારણે જિલ્લામાં જોરદાર આંચકા અનુભવાયા હતાં. હાલ કોઈ નુકસાનની માહિતી નથી. ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ સંપૂર્ણ એલર્ટ પર છે. માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. ભૂકંપના સંદર્ભમાં ઉત્તરકાશી જિલ્લાને સંવેદનશીલ ઝોન ૪ અને ૫ માં રાખવામાં આવ્યું હતું. સ્થાનિક અધિકારીઓએ લોકોને અફવાઓથી દુર રહેવા અને સતર્ક રહેવા કહ્યું છે. આ ભુકંપે લોકોને ૧૯૯૧ ના ભુકંપની યાદ આપાવી હતી જયારે ૬.૬ ની તીવ્રતાનો જોરદાર ભુકંપ આવ્યો હતો અને જેનાથી ભારે નુકશાન થયું હતું.

## દિલ્હી-મુંબઈ બાદ ધમકીનો રેલો ગુજરાત પહોંચ્યોઃ વડોદરાની સ્કુલને ઉડાવી દેવાની ધમકી

### નવરચના સ્કુલમાં સુરક્ષા કાફલો ખડકાયોઃ પ્રિન્સીપાલને ઈ-મેઈલથી ધમકી પાઠવાઈ



વડોદરા તા.૨૪

દિલ્હી-મુંબઈ બાદ સ્કુલોને બોંબની ધમકીનો રેલો હવે ગુજરાત સુધી પહોંચ્યો હોય તેમ વડોદરાની સ્કુલને ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ પાઠવાતા ખળભળાટ સર્જાયો છે. પોલીસ કાફલો સ્કુલ પરિસરમાં પહોંચી ગયો હતો અને ઘનિષ્ઠ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

થોડા વખત પૂર્વે દિલ્હીની સંખ્યાબંધ સ્કુલોને બોંબથી ઉઠાવવાની ધમકી અપાઈ હતી. ગઈકાલે મુંબઈની સ્કુલોને આવી ધમકી મળી હતી આજે વડોદરાની નવરચના સ્કુલને બોંબથી ઉડાવવાની ધમકી આપવામાં આવી હતી.

વડોદરામાં નવરચનાની ત્રણ સ્કુલ છે.ભાયલી વિસ્તારમાં એક તથા સમા વિસ્તારમાં બે સ્કુલો છે ત્રણેય સ્કુલને બોંબથી ઉડાવવાનો ધમકીભર્યો ઈ-મેલ સ્કુલ પ્રિન્સીપાલને પાઠવવામાં આવ્યો હતો.

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ટીડીએસ જોગવાઈ સામે સુપ્રીમમાં રીટ

### ભાજપ નેતા અશ્વિની કુમારે ટીડીએસની પ્રક્રિયા જટીલ ગણાવતાં અરજી કરી હતી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ટીડીએસ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી દીધી છે અને અરજદારને હાઈકોર્ટનો સંપર્ક કરવા જણાવ્યું છે. વરિષ્ઠ વકીલ અને ભાજપનાં નેતા અશ્વિની કુમાર ઉપાધ્યાયે ટીડીએસ વિરુદ્ધ પીઆઈએલ દાખલ કરી હતી. તેમની અરજીમાં ઉપાધ્યાયે ટીડીએસને મનસ્વી, અતાર્કિક અને ગેરબંધારણીય ગણાવ્યાં હતાં.

ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમારની બેન્ચે અરજી ફગાવી દીધી હતી અને અરજદારને હાઈકોર્ટનો સંપર્ક કરવા કહ્યું હતું. સુનાવણી દરમિયાન બેન્ચે કહ્યું કે 'અમે આ અરજી પર સુનાવણી કરી શકતાં નથી. તે ખૂબ જ ખરાબ રીતે ડિઝાઇન કરવામાં આવી છે. તમે હાઈકોર્ટમાં જઈ શકો છો.અરજીમાં ઉપાધ્યાયે દલીલ કરી હતી કે ટીડીએસએ એક જટિલ પ્રક્રિયા છે, જેને સમજવા માટે કાનૂની અને નાણાકીય કુશળતાની જરૂર છે. ઘણાં કરદાતાઓ આ સમજી શકતાં નથી. અરજીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે અશિક્ષિત અથવા આર્થિક રીતે નબળાં વ્યક્તિઓને આ તકનીકી માળખાને સમજવામાં મુશ્કેલી પડે છે અને તેનાં કારણે તેમનું શોષણ થાય છે. આ સમાનતાના બંધારણીય અધિકારનું ઉલ્લંઘન છે. ઉપાધ્યાયે એમ પણ કહ્યું હતું કે ઘણાં કરદાતાઓ, ખાસ કરીને ગ્રામીણ અથવા આર્થિક રીતે નબળાં લોકો, સરકારને અનુચિત લાભ આપતાં, રિફંડથી ઘણી વાર વંચિત રહે છે.






### કુંભમેળામાં સંતોનો રણટંકાર-વકફ બોર્ડનો ખાત્મો અને સનાતન બોર્ડની રચના

# સનાતન બોર્ડની રચના માટે સંતોનું આર-પારની લડાઈનું એલાન

## અમે મહાકૂંભમાં પીએમ મોદી અને સીએમ યોગી પાસે દક્ષિણારૂપે સનાતન બોર્ડની રચના માંગશું: ૨૭ મી જાન્યુઆરીએ મહાકુંભમાં ધર્મ પરિષદમાં સનાતન બોર્ડની રચનાનો ઠરાવ પસાર થશે: સંતો

પ્રયાગરાજ તા.૨૪

અખિલ ભારતીય અખાડા પરિષદ સનાતન બોર્ડની રચનાને લઈને આરપારની લડાઈનું એલાન કરી દીધુ છે. સંતોએ કહ્યું છે કે સનાતન બોર્ડની રચના થવા સુધી અમે મહાકૂંભ નહિં છોડીએ, વકફ બોર્ડનો ખાત્મો અને સનાતન બોર્ડની જાહેરાત હવે આ બન્ને જ અમારા મુદા છે. આ મામલે અમને સરકાર તરફથી આશ્વાસન જોઈએ આના માટે ૨૭ મી જાન્યુઆરીએ યોજાનારી ધર્મ સંસદમાં પ્રસ્તાવ રજુ કરવામાં આવશે.

અખિલ ભારતીય અખાડા પરિષદનાં અધ્યક્ષ મહંત રવિન્દ્ર પુરીએ ગુરૂવારે મીડિયાને કહ્યું હતું કે તેઓ મહાકુંભમાં દક્ષિણ તરીકે ઓળખાતા પીએમ મોદી અને સીએમ યોગી પાસેથી સનાતન બોર્ડ લેશે.

મહાકુંભ સનાતન બોર્ડની આસ્થાનું કેન્દ્ર છે તેની સાથે બધાની આસ્થા જોડાયેલી છે એટલે આ મહાકુંભમાં એક વધુ સનાતનનો મહાકુંભ થશે જે નિર્ણાયક ભૂમિકામાં જવાનો ધર્મની સ્વતંત્રતાનો દિવસ હશે. એ દિવસે સનાતન બોર્ડની રચના કરવામાં આવશે.



મહામંડલેશ્વર સ્વામી પ્રેમાનંદ પુરી મહારાજ (અરજીવાળા હનુમાન) એ કહ્યું હતું કે અમે બધા સ્વામી દેવકીનંદન ઠાકુરજીની વાતનું સમર્થન કરીએ છીએ. જે આર્યાવતે સનાતનનું હતું તેમા વકફ બોર્ડની કોઈ જગ્યા નથી કે ના તો કોઈ અસ્તિત્વ એટલે વકફ બોર્ડને સમાપ્ત કરી દેવુ જોઈએ. અમને બંધારણીય બોડી જોઈએ જે વ્યવસ્થિત હોય જે જુનુ હતું તે અમને પરત જોઈએ અને તેના માટે સનાતન બોર્ડની રચના જરૂરી છે.

**મંદિર-મઠોને કબજાથી મુકત કરાવશે સનાતન બોર્ડ:**

આનંદ પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર સ્વામી બલકાનંદ ગિરીએ જણાવ્યું હતું કે સનાતનનું અસ્તિત્વ સૃષ્ટિના આરંભથી છે બાકી બધુ તેના પછીની ઉપજ છે આજે અમારા મંદિર, મઠ અને ધાર્મિક સ્થળો પર કબ્જો છે અગાઉ દરેક મઠના પોતાના આચાર્ય કુલમ હતા.

જેમાં વિદ્યાર્થીઓને શસ્ત્રની સાથે શિક્ષણનું જ્ઞાન પણ આપવામાં આવ્યું હતું પણ ધીરે ધીરે બધા પર કબ્જો થઈ ગયો સનાતન બોર્ડથી કબજાવાળી જગ્યાઓને મુકત કરાવાશે અને જુની પરંપરાઓને પુન:જીવીત કરાશે.

આંતર રાષ્ટ્રીય કથા વ્યાસ સ્વામી દેવકીનંદન ઠાકુરે જણાવ્યું હતું કે અમને સનાતન બોર્ડ જોઈએ ૨૭ મી જાન્યુઆરીએ બધા પહોંચશુ.

## મહાકુંભમાં અત્યાર સુધીમાં ૧૦ કરોડ શ્રધ્ધાળુઓએ ડુબકી લગાવી

### ટ્રાફીકજામથી પ્રયાગરાજનાં લોકો ફસાયા



પ્રયાગરાજ: મહાકુંભ દરમ્યાન સંગમમાં ડુબકી લગાવનારની સંખ્યા ગુરૂવારે ૧૦ કરોડને પાર પહોંચી હતી શહેરમાં ઉમટેલી ભીડના કારણે આખો દિવસ ટ્રાફીક જામની સ્થિતિ રહી હતી જેમાં લોકો ફસાઈ ગયા હતા.

જાણકારી મુજબ ગુરૂવાર બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૩૦ લાખ લોકોએ ત્રિવેણી સંગમમાં ડુબકી લગાવી હતી. તેમાં ૧૦ લાખ કલ્પવાસીઓની સાથે સાથે વિદેશથી આવેલા શ્રધ્ધાળુઓ અને સાધુ સંતો પણ સામેલ હતા.

# લાઉડસ્પીકરનો ઉપયોગ કોઈપણ ધર્મનો આવશ્યક ભાગ નથી : બોમ્બે હાઈકોર્ટ

## કોર્ટે અવાજ પ્રદૂષણનાં નિયમોનું ઉલ્લંઘન કરતી કુર્લાની ૯ મસ્જિદ સામે તાત્કાલિક પગલાં લેવા પોલીસને આદેશ

મુંબઈ :

બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે ચુકાદો આપ્યો હતો કે લાઉડસ્પીકરનો ઉપયોગ કોઈપણ ધર્મનો આવશ્યક ભાગ નથી. કોર્ટે કાયદા અમલીકરણ એજન્સીઓને અવાજ પ્રદૂષણનાં નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે તાત્કાલિક પગલાં લેવાનો પણ નિર્દેશ પણ આપ્યો છે. જસ્ટિસ એએસ ગડકરી અને એસસી ચાંડકની ખંડપીઠે કહ્યું કે અવાજ સ્વાસ્થ્ય માટે મોટો ખતરો છે અને કોઈ એવો દાવો કરી શકે નહીં કે જો તેને લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં ન આવે તો તેનાં અધિકારોને કોઈપણ રીતે અસર થશે.

હાઈકોર્ટે રાજ્ય સરકારને આદેશ આપ્યો કે ધાર્મિક સંસ્થાઓને અવાજનાં સ્તરને નિયંત્રિત કરવા માટેની પદ્ધતિઓ અપનાવવામાં આવે, જેમાં સ્વચાલિત ડેસિબલ મર્યાદા સેટિંગનો સમાવેશ થાય છે. કોર્ટે આ નિર્ણય કુર્લા ઉપનગરના બે હાઉસિંગ એસોસિએશન - જાગો નેહરૂ નગર રેસિડેન્ટ્સ વેલ્ફેર એસોસિએશન અને શિવસૃષ્ટિ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઝ એસોસિએશન લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આપ્યો હતો. અરજદારોએ આક્ષેપ કર્યો હતો કે પોલીસ આ વિસ્તારની મસ્જિદોમાં લગાવેલાં લાઉડ સ્પીકરોથી થતાં ધ્વનિ પ્રદૂષણ સામે કોઈ પગલાં લઈ રહી નથી.



અરજદારોએ દલીલ કરી હતી કે અઝાન સહિતનાં ધાર્મિક હેતુઓ માટે લાઉડસ્પીકરનો ઉપયોગ શાંતિને ખલેલ પહોંચાડે છે અને ધ્વનિ પ્રદૂષણ નિયમો, ૨૦૦૦ તેમજ પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, આધ્યો જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે. બન્ને પોતાનાં આદેશમાં કહ્યું કે મુંબઈ એક મહાનગર છે અને તે સ્વાભાવિક છે કે શહેરનાં દરેક ભાગમાં અલગ-અલગ ધર્મનાં લોકો રહે છે. હાઈકોર્ટે કહ્યું કે તે જાહેર હિતમાં છે કે આવી પરવાનગી ન આપવી જોઈએ. આવી પરવાનગી આપવાનો ઈનકાર ભારતનાં બંધારણની કલમ ૧૯ અથવા ૨૫ હેઠળનાં અધિકારોનું ઉલ્લંઘન કરતું નથી. લાઉડસ્પીકરનો ઉપયોગ કોઈપણ ધર્મનો આવશ્યક ભાગ નથી.

કોર્ટે કહ્યું કે કાયદાની જોગવાઈઓ હેઠળ નિર્ધારિત તમામ જરૂરી પગલાં અપનાવીને કાયદાનો અમલ કરવાની રાજ્ય સરકાર અને અન્ય સત્તાધિકારીઓની 'ફરજ' છે. ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે લોકતાંત્રિક રાજ્યમાં એવી સ્થિતિ ન હોઈ શકે કે કોઈ વ્યકિત/વ્યક્તિનું જૂથ/વ્યક્તિનું સંગઠન કહે કે તે દેશનાં કાયદાનું પાલન કરશે નહીં અને કાયદા અમલીકરણ અધિકારીઓ મૂક પ્રેક્ષક બનીને રહે. કોર્ટે કહ્યું કે સામાન્ય નાગરિકો આ લાઉડ સ્પીકર્સ અને એમ્પ્લીફાયરના ઉપયોગોનો ભોગ બને છે.

કોર્ટે જણાવ્યું હતું કે પોલીસે ફરિયાદીની ઓળખ શોધ્યાં વિના અવાજ પ્રદૂષણનાં નિયમોનું ઉલ્લંઘન કરતાં લાઉડસ્પીકર સામેની ફરિયાદો પર કાર્યવાહી કરવી જોઈએ, જેથી આવાં ફરિયાદીઓને નિશાન બનાવવા અને નફરતથી બચાવી શકાય. કોર્ટે મુંબઈ પોલીસ કમિશનરને તમામ પોલીસ સ્ટેશનોને ધાર્મિક સ્થળો પર લાઉડસ્પીકર વિરૂદ્ધ કોઈ ફરિયાદ મળે તો તાત્કાલિક પગલાં લેવા સૂચના જારી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટે કહ્યું કે અમે એ હકીકતનું ન્યાયિક સંજ્ઞાન લઈએ છીએ કે સામાન્ય રીતે નાગરિકો કોઈ પણ બાબતની ફરિયાદ કરતાં નથી સિવાય કે તે અસહ્ય અને મુશ્કેલીનું કારણ બને. કોર્ટે અધિકારીઓને યાદ અપાવ્યું કે રહેણાંક વિસ્તારોમાં આસપાસનાં અવાજનું સ્તર દિવસ દરમિયાન ૫૫ ડેસિબલ અને રાત્રે ૪૫ ડેસિબલથી વધુ ન હોવું જોઈએ.

# સૈફ પરના હુમલાખોર વિશે નવો વિવાદ : ફોટામાં દેખાતો શખ્સ મારો પુત્ર નથી

## પકડાયેલા બાંગ્લાદેશી શખ્સના પિતાનો દાવો

મુંબઈ : સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં મોટો વળાંક સામે આવ્યો છે. અત્યાર સુધી સોશિયલ મીડિયા પર આ વાતની ચર્ચા થતી હતી ત્યારે હવે આરોપી શહજાદના પિતાએ પણ ચોંકાવનારૂ નિવેદન આપ્યું છે. આ મામલામાં પોલીસ દ્વારા ધરપકડ કરાયેલાં શહઝાદના પિતા રૂહેલ અમીન ફકીરે કહ્યું છે કે સૈફના ઘરનાં સીસીટીવીમાં દેખાતો શંકાસ્પદ તેનો પુત્ર નથી.

ગત ગુરૂવારે રાત્રે સૈફ અલી ખાન પર થયેલાં હુમલા બાદ પોલીસે ઘણાં શંકાસ્પદોની ધરપકડ કરી હતી અને અંતે દાવો કર્યો હતો કે તેઓએ આરોપીઓને પકડી લીધાં છે. આ ઘટનાનાં બે દિવસ બાદ પોલીસે ૧૯ જાન્યુઆરીએ થાણે વિસ્તારમાંથી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહઝાદની ધરપકડ કરી હતી. હવે શહજાદના પિતાનું નિવેદન સામે આવ્યું છે, જે ચોંકાવનારૂ છે. શહજાદના પિતાનું



નામ રૂહેલ અમીન ફકીર છે. તેનાં દ્વારા આપવામાં આવેલ નિવેદન પોલીસનાં દાવાઓથી વિરોધાભાસી જણાય છે. તેણે કહ્યું છે કે સૈફ પર હુમલા બાદ જે સીસીટીવીમાં દેખાય છે તે તેનો પુત્ર નથી. આરોપીના પિતાએ કહ્યું- જેની ધરપકડ કરવામાં આવી છે તે મારો પુત્ર છે. તેને વોટ્સએપ પર સીસીટીવી અને તેનાં પુત્ર બંનેની તસવીર મોકલવામાં આવી હતી, જેનાં પર તેનાં પિતાએ દાવો કર્યો હતો કે બંને અલગ છે. અમીન પોતે કહે છે કે પોલીસ દ્વારા સીસીટીવીમાં દેખાડવામાં આવેલ ફોટો કોઈ અન્યનો છે. તેણે કહ્યું કે 'હું તેનો પિતા છું, ધ્યાનથી જોયા પછી જ આ કહુ છું. સૈફના ઘરે સીસીટીવીમાં દેખાતો શકમંદ મારો પુત્ર નથી. જેની ધરપકડ કરવામાં આવી છે તે મારો પુત્ર છે.

## સુવિચાર

**૪૦ કિલો લાકડાં પર અઢી કલાક બળવા માટે માણસ આખી જિંદગી સળગતો રહે છે !!**

## સતગુરૂના વરદાનોથી ભરીએ જોલી -૨

(ક્રમશ: ચાલુ)

૧૧. આદિ રત્ન, પ્રભુ રત્ન, ઈશ્વરીય રત્ન છું. તો તેવી સ્મૃતિ દ્વારા સ્વયંના ઉચ્ચ જીવનના મૂલ્યને જાણીને દરેક કાર્ય કરવાથી દરેક કાર્ય સફળ થશે અને સમર્થ ભવનું વરદાન પ્રાપ્ત કરનાર બની જઈશું. આદિ દેવ પિતા બ્રહ્માની સંતાન વિશ્વની દરેક આત્મા વાસ્તવમાં બ્રહ્માકુમાર, બ્રહ્માકુમારી છે.

૧૨. જેવી રીતે પિતાશ્રી સમક્ષ એક પરમાત્મા બળ અને તેનો ભરોસો હતો. અનેકોને ન જોઈ,એક જ પ્રખર રાજયોગી ફરિશ્તા બ્રહ્મા પિતાને જ ફોલો કરી સ્વયં પણ ઉચ્ચ જીવનનો નંબર વન લેનાર ફરિશ્તા બનીએ.

૧૩. ન માત્ર આ શરીરથી પરંતુ સૂક્ષ્મ અંત:વાહક શરીરના સાક્ષાત્કાર દ્વારા સર્વને સંદેશ દેવાનું કાર્ય કરવા માટે કર્મ કરતા પણ કર્મબંધનથી મુક્ત સદા હલ્કા, ઉર્જાવાન રહેવા બ્રહ્મા પિતા સમાન કાર્યરત રહીએ.

૧૪. આ દેહની દુનિયામાં કોઈ ન ગમતા, અયોગ્ય કાર્ય કે હલચલમાં પણ, સ્વયં સાક્ષી બનીને અર્થાત ઉંચી સ્ટેજ પર મન-બુધ્ધિને સ્થિર રાખીને સર્વ જીવ આત્માઓને સાચી દિલની વૃતિ, દ્રષ્ટિથી સહયોગ અને કલ્યાણના ભાવ મિલાવટ વગર આપતા રહીએ જેવી રીતે પિતાશ્રી બ્રહ્મા બાબાએ કર્યુ. તેવી રીતે તેમના સમાન અવ્યક્ત (પ્રકાશ સ્વરૂપ શરીરમા) ફરિશ્તા બનીએ.

૧૫. એક પરમાત્મા પિતા સાથે સર્વ સંબંધ નિભાવવા એ જ વાસ્તવમાં આત્માઓનું નજરાણુ છે. અન્ય સર્વ બંધનોથી વૃતિ દ્વારા કિનારો કરીએ અને લગાવ મુકત સમ્પૂર્ણ ફરિશ્તા (અર્થાત જેમનો ન કોઈથી રિશ્તા-સંબંધ) બની બુધ્ધિનું ભટકવાનું બંધ કરીએ. તેમ એક પરમાત્મા સાથે બધા જ સંબંધ નિભાવનાર, અન્ય બધા જ આધારથી મુક્ત બનીને પિતાશ્રી સમાન સ્વયંની સમ્પન્ન સ્ટેજ નજીક લાવીએ.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

૧૬. જ્ઞાન સ્વરૂપ અને યાદ(યોગમયી)ની સ્થિતિ રાખી, બધા જ દિવ્ય ગુણોથી શ્રુંગારિત મર્તિ અર્થાત બોજ રહીત ઉડતી સ્થિતિ બનાવીએ. પિતાશ્રી બ્રહ્માએ પોતાની ઉચ્ચ ફરિશ્તા સ્થિતિ દ્વારા આકર્ષણમૂર્ત બનીને અનેક આત્માઓને પરમાત્મા પિતાની સમીપ સાથનો અનુભવ કરાવ્યો અને સર્વને ઈશ્વરીય જ્ઞાન, ગુણ, શક્તિના અધિકારી, વારસદાર બનાવ્યા. તેવુ સ્વયંનુ જીવન બ્રહ્માબાબા જેવું આકર્ષણ મુર્ત બનાવીએ.

૧૭. રાજયોગની સાધના જ બાહ્યમુખતાથી મુક્ત, સર્વ વ્યર્થ વાતોથી પરેની અંતર્મુખતા અને આંતરિક ગહન શાંતિની છે. જે ચારે તરફનુ વાતાવરણ પાવરફુલ બનાવે છે. તે માટે સ્વયં પર વારંવાર અટેંશન આપી સ્વ-સ્થિતિને વ્યક્ત ભાવથી મુક્ત રાખીએ અને પિતાશ્રી સમાન અવ્યક્ત ફરિશ્તા અનુભવ કરીએ.

૧૮. સ્વયંને આધારહીન, ઘાયલ, અસમર્થ ન સમજીએ પરંતુ નિરંતર હજારો ભુજાધારી બ્રહ્માના સાથનો અનુભવ કરીએ, તેમના સાચા સ્નેહી બનીએ. અર્થાત જુદાપણાંના ભાવ વગર, પિતાશ્રી સમાન સ્વયં પણ પ્રેમના સાગર પરમાત્માની લહેરોમાં લહેરાઈએ, ગુણગાન ગાઈએ અને નિ:સ્વાર્થ સેવામાં તત્પર રહીએ.

૧૯. મનથી બધા પ્રશ્નોથી મુક્ત અને વિતેલી વાતને ફૂલસ્ટોપ કરીને, સર્વ ગુણ-શક્તિનો સ્ટોક જમા કરવો, એ છે બ્રહ્મા પિતા સમાન વિઘ્નપ્રુફ ચમકિલી ફરિશ્તા(પરી)નો ડ્રેસ પહેરી રાખવો. તો સદા અષ્ટશક્તિધારી સમ્પન્ન, કમલ આસનધારી રહીને, સ્વ અને સર્વ પ્રતિ વિઘ્ન-વિનાશક બનીએ.

૨૦. અંતિમ તેડું આવે ત્યારે દેહ, દેહથી બનેલા સંબંધો અને વૈભવોના બંધનથી મુક્ત સ્વતંત્ર રહેવા બ્રહ્મા પિતા સમાન આત્મિક સ્થિતિના અભ્યાસ દ્વારા મોહમુક્ત,કર્માતીત સ્થિતિને પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ કરીએ. (ક્રમશ:)

# જીવ બચાવનારને ઈનામ: ટ્રમ્પને ફાયરીંગમાં બચાવનાર અધિકારી 'સિક્રેટ સર્વિસ'ના વડા બન્યા

વોશિંગ્ટન:

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સિક્રેટ સર્વિસના ડાયરેક્ટર તરીકે શોન કુરેનની પસંદગી કરી છે. ટ્રમ્પે બુધવારે આ માહિતી આપી હતી. ગયાં વર્ષે પેન્સિલવેનિયામાં ટ્રમ્પ પર થયેલાં ઘાતક હુમલા દરમિયાન શોન કુરન સુરક્ષા ટીમનું નેતૃત્વ કરી રહ્યાં હતાં.

ટ્રમ્પે પોતાનાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું કે શોન એક મહાન દેશભક્ત છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેણે મારાં પરિવારનું રક્ષણ કર્યું છે. શોને પેન્સિલવેનિયામાં હત્યારાની ગોળીથી મારો જીવ બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો. તેણે નિર્ભયતા અને હિંમત દર્શાવી છે. અમેરિકી રાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે શોન કુરન સિક્રેટ સર્વિસને પહેલાં કરતાં વધુ મજબૂત બનાવશે.



શોને બરાક ઓબામા સાથે પણ કામ કર્યું છે. શોન કુરન ન્યૂયોર્કનો રહેવાસી છે. તેણે પોતાની કારકિર્દીની શરૂઆત નેવાર્ક ફિલ્ડ ઓફિસ ઓફ ધ સિક્રેટ સર્વિસમાં સ્પેશિયલ એજન્ટ તરીકે કરી હતી. તેમની સાથે કામ કરનારા ભૂતપૂર્વ એજન્ટ જોનાથન વેકોના જણાવ્યાં અનુસાર, શોને રાષ્ટ્રપતિ બરાક ઓબામા સાથે સ્પેશિયલ ડિપાર્ટમેન્ટમાં પણ કામ કર્યું હતું. તેણે હાઈપ્રોફાઈલ લોકોનાં સુરક્ષા વિભાગમાં કામ કર્યું છે.

શોન કુરનને સિક્રેટ સર્વિસના ડિરેક્ટર બનાવવું આશ્ચર્યજનક છે. શોને સીક્રેટ સર્વિસના કોઈપણ હેડક્વાર્ટરમાં કામ કર્યું નથી. તેમની નિમણૂક સીધાં જ એક એજન્ટમાંથી ડિરેક્ટર તરીકે કરવામાં આવી રહી છે. તેની નિમણૂક માટે શોનેટની મંજૂરીની જરૂર નથી.શોનને ડિરેક્ટર જેવી પોસ્ટ પર કામ કરવાનો કોઇ અનુભવ પણ નથી.

ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલાં જીવલેણ હુમલા બાદ સીક્રેટ સર્વિસના તત્કાલીન ડાયરેક્ટર કિમ્બર્લી ચીટલને માત્ર ૧૦ દિવસ બાદ જ રાજીનામું આપવું પડ્યું હતું. તેમનાં પર તેમની જવાબદારીઓ યોગ્ય રીતે ન નિભાવવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે જેનાં કારણે ચિટલને સંસદીય સમિતિ સમક્ષ હાજર થવું પડ્યું હતું. ચીટલના રાજીનામાં બાદ હવે શોનને તેની જગ્યાએ સીક્રેટ સર્વિસના ડિરેક્ટર બનાવાયાં છે.



## આજનું ચિંતન

### વાણી

- પંખી તેના પગને કારણે ફસાય છે અને માણસ તેની જીભને કારણે.
- થોડાક શબ્દો ઉચ્ચારવાથી અગ્નિની સાક્ષીએ લગ્ન થયા છે અને થોડાક વધુ શબ્દો ઉચ્ચારવાથી ઘરમાં અગ્નિનો સાક્ષાત્કાર પણ થતો હોય છે.
- અગ્નિ કરતાં પણ કઠોર વાણીનો દાહ વધારે કષ્ટદાયક હોય છે.
- ઈશ્વરે આપણને બે કાન આપ્યા છે, બે આંખો પણ જીભ માત્ર એક જ. એટલા માટે કે આપણે વધારે સાંભળીએ અને વધારે જોઈએ, પરંતુ બોલીએ ઓછું ખુબ ઓછું.
- બોલી નાખ્યા પછી આખો દિવસ એના અફસોસમાં વિચારતા રહેવું એના કરતા દસ વાર વિચારીને બોલવું સારૂ.
- બોલીને વિચારીએ એના કરતાં વિચારીને બોલીએ તો અડધા ઝઘડા એમ જ ખતમ થઈ જાય.
- મન શાંત ન રહે તો કાંઈ વાંધો નહીં, જીભ શાંત રહે એટલે બસ.
- મીઠી જીભ અને કાતર બંને સરખા વેતરે છે.
- વાણીને વીણા બનાવો, બાણ નહી, વીણા બનશે તો જીવનમાં સંગીત રેલાશે અને બાણ બનશે તો જીવનમાં મહાભારત ઉભું થશે.
- વાણી પાણી...પાણી.. કરી શકે ને વાણી પાણી પણ ફેરવી શકે છે.
- બીજાના વિષે એટલું બોલો જેટલું પોતાના વિષે સાંભળી શકો.

વાણી અને વર્તનમાં જો મીઠાશ હોય તો દુશ્મન પણ નમી જાય.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
પોષ વદ-૧૧, તા.૨૫/૧/૨૫, શનિવાર

સૂર્યોદય : ૭-૨૯, સૂર્યાસ્ત : ૬-૨૮, જૈન નવકારશી : ૮.૧૭
રાશિ : વૃશ્ચિક (ન.ય.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-તુલા, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-વૃશ્ચિક, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-ધન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** નકારાત્મક વાંચનથી દુર રહેજો, નવા મિત્રો ઉપયોગી રહે, લગ્ન જીવનમાં મતભેદો ટાળવા પ્રવાસ થાય.
**વૃષભ :** કર્જ લઈને કોઈ નવું સાહસ ન કરવું, નોકરીમાં લાભની આશા ફળ વાની, માતુશ્રીથી લાભ રહે.
**મિથુન :** નોકરીમાં પ્રમોશનની તક મળ વાની છે, સ્વાસ્થ્યમાં સુધારો થાય, આવકનું પ્રમાણ વધવાનું છે.
**કર્ક :** વડીલ વર્ગનો સહકાર મળવાનો છે, નોકરીમાં કોઈ પરિવર્તન કરવાથી દુર રહેજો, વિદેશથી લાભ.
**સિંહ :** નજીકની વ્યકિતઓ સાથે વાદવિવાદ ટાળજો, મહત્વના નિર્ણયો બાબત ધીરજ રાખવી જરૂરી.
**કન્યા :** કાનુની પ્રશ્નોથી દુર રહેજો, મિલ્કતના પ્રશ્નોમાં લાભ રહે, તમારો પુરૂષાર્થ ફળવાનો છે, ઉત્સાહ રહેવાનો.
**તુલા :** વહેવારૂ અભિગમ અપનાવવાની સલાહ છે, રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળ વાની.
**વૃશ્ચિક :** રોજિંદા કાર્યને પ્રાધાન્ય આપજો, મેડીટેશન યોગથી માનસિક ટેન્શનમાં રાહત રહે, નોકરીમાં સારો લાભ મળે.
**ધન :** તમારી કાર્ય પધ્ધતિ સંસ્થાને લાભ અપાવશે, કારણ વગરના વિચારો ટાળજો, હરીફોથી સાવધાની રાખવી.
**મકર :** સામાજિક કાર્યમાં સફળતા, પ્રતિષ્ઠા વધે, લગ્ન જીવનમાં સુમેળ રાખવો, આધ્યાત્મિક વિચારોથી લાભ.
**કુંભ :** પ્રોપર્ટી અંગેના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી, લગ્ન જીવનમાં જીવનસાથીના વિચારોને સમજવાથી લાભ રહે.
**મીન :** કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય, ભાગીદારોનો સાથ સહકાર રહે, શેરસટામાં સાવધાની રાખવી.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. એક જયોતિર્લિંગ (૪)
૪. એક ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર (૫)
૮. મુલાયમસિંહ..., અખિલેશ ... (૩)
૯. ઋષિકપુર-ડિમ્પલની એક ફિલ્મ (૩)
૧૦. કર...તો હો... (૨)
૧૧. લીલી ચાદર પ્રકૃતિગત (૪)
૧૪. અભિનેતા (૨)
૧૬. ભૂખડીબારસ માટેનું વિશેષણ (૪)
૧૯. સૂર્ય (૨)
૨૦. અગિયારસ પછીની તિથિ (૩)
૨૨. એક સુકોમેવો (૩)
૨૫. મમ્મીના ભાઇ (૨)
૨૬. રહેમવાહ ઉંધુ લખો (૫)
૨૭. છિકણી (૩)
૨૮. સ્પેશ્યલ (૨)
૨૯. ચાચાનો લાડકો ઉચ્ચાર (૨)
૩૦. પેગ (૨)
૩૧. ખરાબ નસીબ અંગ્રેજી (૪)

### ઉભી ચાવી

૧. તેનું તેલ પણ આવે (૪)
૨. અભિમાન, અહંકાર (૨)
૩. સૌરાષ્ટ્રની એક નદી (૩)
૪. એક સમયની નમાઝ (૪)
૫. કિંમત, પ્રાઇસ (૨)
૬. શુભ અને ? (૨)
૭. કપાળ (૩)
૯. ચાર વત્તા ત્રણ (૨)
૧૨. લફંગો (૩)
૧૩. નણંદની માતા (૨)
૧૫. અથડામણ (૩)
૧૭. ષડયંત્ર, ચોગઠા (૪)
૧૮. લોહી (૨)
૨૦. પ્રભાસની સુપરહિટ ફિલ્મ (૩)
૨૧. રીપેરીંગ (૫)
૨૨. દલીલ-ઉર્દુ (૩)
૨૩. માનો 'પ્રેમ' (૩)
૨૪. ભૂલથી અજાણતા થયેલી ક્ષતિ (૫)
૨૮. જુતા માટેનો શબ્દ (૩)
૨૯. ...ચલગત (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વે | વિ | શા | ળ | | સા | | મા | ત | મ |
| પા | | પ | | પ | દ | યા | ત્રા | | ઠ |
| ર | બ | ર | સ્ટે | મ્પ | | યા | | જી | |
| | ક | | શ | | પા | વ | ર | | જ |
| | રી | બ | ન | | વ | ર | સ | ગાં | ઠ |
| રા | ઈ | | | મો | ર | | | ડ | ર |
| વ | દ | | બ્રે | ન | ગે | મ | | પ | |
| લ | | ણ | | લ | મ | | વે | ણ | |
| પિં | | લ | | | | ચા | ચા | | ગા |
| ડી | પ | વે | લ | | મા | લ | ણ | | ચ |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ




GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )




( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

## ગુજરાતના શ્રધ્ધાળુઓને પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની પવિત્ર ડુબકી માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સકારાત્મક નિર્ણય

# મહાકુંભ : ગુજરાતથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ ઉપડશે

### ૩ રાત્રિ-૪ દિવસનું પ્રતિ વ્યકિત પેકેજ માત્ર રૂ. ૮૧૦૦ : વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીની જાહેરાત : ઓનલાઇન બુકીંગ થઇ શકશે : રાત્રી રોકાણ ગુજરાત પેવેલીયનની ડોરમેટરી ખાતે કરવાની સુવિધા






### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતેથી સોમવાર તા.૨૭ના વહેલી સવારે યાત્રાનો પ્રારંભ કરાવશે : દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે

અમદાવાદ, તા. ૨૪

હિન્દુ સનાતન ધર્મમાં મહાકુંભનું વિશેષ મહત્વ છે, જે ૧૪૪ વર્ષમાં માત્ર એકવાર આવે છે. આ અવસર પર શ્રદ્ધાળુઓ માટે મહાકુંભની યાત્રા સરળ બનાવવા રાજ્ય સરકારે દરરોજ ગુજરાતથી પ્રયાગરાજ એસી વોલ્વો બસનું સંચાલન કરવા અનોખી પહેલ કરી છે, જે ગુજરાતવાસીઓ માટે રાજ્ય સરકારની શ્રદ્ધા અને સમર્પણ દર્શાવે છે.

પ્રયાગરાજ ખાતે જઇને ગુજરાતના શ્રધ્ધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા અને વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સંયુકત રીતે એક સકારાત્મક નિર્ણય લીધો છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગુજરાતથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ ઉપાડવાનો નિર્ણય લઇ શ્રધ્ધાળુને રાત્રિ રોકાણ અને બસ મુસાફરી સાથેનું ઇકોનોમી પેકેજ તૈયાર કરવામાં આવ્યુ છે.

આગામી ૨૭મી જાન્યુઆરી-૨૦૨૫થી સોમવારથી આ સેવા શરૂ કરવામાં આવશે. પ્રથમ દિવસે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સર્કીટ ખાતેથી યાત્રાને પ્રસ્થાન કરાવશે.

ત્યારબાદ દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે.

માત્ર રૂ. ૮૧૦૦ માં પ્રતિ વ્યક્તિ ૩ રાત્રિ-૪ દિવસનું પેકેજ ગુજરાતના શ્રધ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યુ છે.

આ પેકેજમાં તમામ ૩ રાત્રિ માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રયાગરાજ ખાતે રાત્રિ રોકાણ ગુજરાત પેવેલિયનની ડોરમેટરી ખાતે કરવામાં આવ્યું છે.

પ્રયાગરાજ પેકેજનું ઓનલાઇન બુકિંગ તા: ૨૫/૦૧/૨૦૨૫થી એસ.ટી નિગમની વેબસાઇટ www.gsrtc.in મારફતે કરી શકાશે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યની જનતાને પવિત્ર મહાકુંભનો લાભ લેવા નમ્ર પ્રયાસ કર્યો છે આમ છતાં પ્રયાગરાજ મુકામે યાત્રિકો મોટી માત્રામાં પધારતા હોઈ સમય અને સુવિધામાં પરિસ્થિતિ અનુસાર ફેરફાર થવાની શકયતા છે.

### મુંબઇ બાદ હવે અમદાવાદમાં લાંબા ગાળે શેરબજાર ટ્રેડીંગ સહિતની કાર્યવાહી થશે

# ટૂંક સમયમાં કંપનીઓ ગિફ્ટ સીટી મારફત IPO લોન્ચ કરી શકશે

### ગાંધીનગરના આંતરરાષ્ટ્રીય ફાયનાન્સીયલ સેન્ટરમાં આઈપીઓ લોન્ચ કરવાની સુવિધાની તૈયારીઃ ત્રણ થી ચાર કંપનીઓ પણ ટૂંક સમયમાં ડોક્યુમેન્ટ સબમીટ કરશેઃ જો કે શેરબજારના ટ્રેડીંગ માટે હજુ રાહ જોવી પડશે



અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં દેશના નાણાંકિય હબ તરીકે ઉપસી રહેલા ગાંધીનગરના ગીફ્ટ સીટીમાંથી હવે ટૂંક સમયમાં હવે આઇપીઓ લોંચ થઇ શકશે. મુંબઇ શેરબજાર તેમજ નેશનલ સ્ટોક એકસચેંજમાં અત્યાર સુધી જાહેર ભરણા માટે આવતી કંપનીઓ પોતાના આઇપીઓ લીસ્ટીંગ કરાવતી હતી અને સમગ્ર દેશમાં એક માત્ર મુંબઇમાંથી આ પ્રકારે શેરબજારની પ્રવૃત્તિઓ ચાલતી હતી પરંતુ ગાંધીનગરમાં તૈયાર કરાયેલા આધુનિક ગીફ્ટ સીટી કે જે આંતરરાષ્ટ્રીય ફાયનાન્સીયલ સેન્ટર તરીકે પણ જાણીતું બનવા લાગ્યું છે ત્યાં હવે ટૂંક સમયમાં આઇપીઓ લોન્ચ કરવાની સુવિધા મળશે અને અનેક કંપનીઓ આગામી થોડા માસમાં તેના આઇપીઓ ગીફ્ટ સીટી મારફત લોન્ચ કરશે. જો કે અહીં મુંબઇ શેરબજારની જેમ લીસ્ટીંગ અને ટ્રેડીંગ સહિતની કાર્યવાહી કરવામાં થોડો સમય લાગશે. બાદમાં અહીં ડાયરેક્ટ લીસ્ટીંગ પણ થઇ શકશે.

સામાન્ય રીતે રૂા.૨૦ મીલીયન કે તેથી વધુના ટર્નઓવર ધરાવતા સેન્ટરમાં આઇપીઓ લીસ્ટીંગ થઇ શકે છે. પરંતુ ગીફ્ટ સીટીએ તેનાથી પણ વધુ ટર્નઓવર કર્યું છે અને આ માટે ઇન્ટરનેશનલ ફાઇનાન્સીયલ સર્વિસ ઓથોરીટી કે જે ગીફ્ટ સીટીની રેગ્યુલેટરી ગણાય છે તેના મારફત આ પ્રક્રિયા હાથ ધરાશે. ત્રણ થી ચાર કંપનીઓ ગીફ્ટ સીટી મારફત આઇપીઓ લોન્ચ કરવાની તૈયારીમાં છે. હાલ અનલીસ્ટેડ કંપનીઓ કે વિદેશમાંથી નાણાં મેળવવા માંગતી હોય તેઓ જ ગીફ્ટ સીટી સ્ટોક એકસચેંજ મારફત આ કામગીરી કરી શકે છે. ગીફ્ટ સીટીને આ ઉપરાંત ગુજરાતના નિયમો લાગુ પડતા નથી અને આંતરરાષ્ટ્રીય ફાયનાન્સીયલ હબ તરીકે તેને વિકસાવવા હાલના વડાપ્રધાન અને એક સમયએ ગુજરાતના મુખ્યમંત્રી રહી ચુકેલા શ્રી નરેન્દ્ર મોદીએ ગીફ્ટ સીટીની કલ્પના કરી હતી તે વાસ્તવિકતા બની રહી છે અને હાલ અનેક આંતરરાષ્ટ્રીય કંપનીઓ ગીફ્ટ સીટીમાં કાર્યરત છે.

## રાજયના મુખ્ય સચિવ તરીકે પંકજ જોષી નિયુકતઃ તા.૧ના ચાર્જ લેશે

### વર્તમાન મુખ્ય સચિવ રાજકુમાર પાંડિયન તા.૩૧ના નિવૃત થતા સરકારે સૌથી સિનીયર અધિકારીને જવાબદારી ઉભી કરી



રાજકોટઃ ગુજરાતના મુખ્ય સચિવ તરીકે મુખ્યમંત્રી કાર્યાલયમાં એડીશનલ ચીફ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા ૧૯૮૯ આઈએએસ બેંચના અધિકારી શ્રી પંકજ જોષીની પસંદગી કરવામાં આવી છે. શ્રી જોષી હાલ રાજયના સૌથી સીનીયર આઈએસએસ અધિકાર છે. વર્તમાન મુખ્ય સચિવ શ્રી રાજકુમાર પાંડિયન ૩૧ જાન્યુઆરીના નિવૃત થથશે તેમનું સ્થાન શ્રી પંકજ જોષી લેશે. એક કાર્યક્ષમ સનદી અધિકારી તરીકે શ્રી પંકજ જોષી રાજયમાં વિવિધ પદો પર અનેક મહત્વપૂર્ણ જવાબદારી બજાવી ગયા છે. તેઓએ સિવિલ એન્જીનીયરીંગ- બીટેકની ડિગ્રી બાદ આઈઆઈટી દિલ્હીમાં એમ.ટેક તથા સંરક્ષણ અને વ્યુહાત્મક અહેસાસમાં એમ.ફીલ. કર્યુ છે અને બાદમાં આઈએએસ કેડરમાં જોડાયા હતા અને તેઓએ ગુજરાત કેડર પસંદ કરી હતી.

શ્રી પાંડિયનને એકસટેન્શન અંગે ચર્ચા ચાલતી હતી પરંતુ રાજય સરકારે નવા ચીફ સેક્રેટરી તરીકે શ્રી જોષીને પસંદ કર્યા છે અને હવો તેઓ હોદો સંભાળ્યા બાદ હવે માર્ચ માસમાં વિધાનસભા સત્રની સમાપ્તી બાદ રાજયના આઈએએસ સહિતના માળખામાં ફેરફાર આવશે.

# રાજકોટ શહેર-જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે રિહર્સલ

### ચૌધરી હાઈસ્કૂલમાં શહેર કક્ષાના અને કોટડા સાંગાણીમાં જિલ્લા કક્ષાનો રાષ્ટ્રીયપર્વની ઉજવણીમાં ધ્વજવંદન, પરેડ વૃક્ષારોપણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન : અધિક કલેકટર-પ્રાંત અધિકારીઓ જોડાયા









રાજકોટ,તા.૨૪

રાજકોટ શહેર જિલ્લા કક્ષાનાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી આન-બાન-અને શાનથી કરવામાં આવનાર છે. આ પ્રસંગે ધ્વજવંદન પરેડ તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવામાં આવનાર છે. આ માટે આજે રિહર્સલ કરવામાં આવેલ હતું. પ્રજાસત્તાક પર્વની રાજકોટ શહેરકક્ષાની ઉજવણી ચૌધરી હાઈસ્કૂલ ખાતે અને જિલ્લા કક્ષાની ઉજવણી કોટડાસાંગાણી ખાતે કરવામાં આવનાર છે. આ અંગે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના નિર્દેશમાં વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે.ચૌધરી હાઈસ્કૂલમાં શહેર પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારની અધ્યક્ષતામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીના કાર્યક્રમનું રિહર્સલ યોજાયું હતું. સવારે ૯ કલાકે રિહર્સલનો પ્રારંભ થયો હતો. સૌથી પહેલા ધ્વજવંદન-રાષ્ટ્રગાન થયું. બાદમાં અધિકારીએ પરેડ નિરિક્ષણ કર્યું હતું. એ પછી પોલીસ, હોમગાર્ડ્સ તથા એન.સી.સી.ની ગર્લ્સ બટાલિયનની પ્લાટૂન દ્વારા માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી. આ તકે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા યોગ તેમજ સાંસ્કૃતિક નૃત્ય કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણનું રિહર્સલ થયું હતું.

શહેર પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારે સમગ્ર રિહર્સલનું ઝીણવટપૂર્વક નિરિક્ષણ કર્યું હતું. બાદમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગૌરવપૂર્ણ માહોલમાં યોજાય તે માટે વિવિધ વિભાગો-ટીમને જરૂરી સૂચનાઓ આપી હતી.

રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં ૨૬ જાન્યુઆરીને રવિવારના રોજ દેશના ૭૬મા પ્રજાસત્તાક પર્વની રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી કોટડાસાંગાણીમાં અરડોઈ રોડ પર ઠાકોરજી મુળવાજી વિનયન કોલેજ ખાતે યોજાશે.

જેનું રિહર્સલ આજે ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એ.કે. વસ્તાણીની અધ્યક્ષતામાં યોજાયું હતું. આ તકે નિવાસી અધિક કલેક્ટર શ્રી એ.કે. ગૌતમ તથા રાજકોટ શહેર પ્રાંત-૨ અધિકારી આસિ. કલેક્ટર મહેક જૈન પણ સાથે જોડાયા હતાં.

સવારે ૯ કલાકે રિહર્સલનો પ્રારંભ થયો હતો. સૌથી પહેલા ધ્વજવંદન-રાષ્ટ્રગાન થયું. બાદમાં અધિકારીઓએ પરેડ નિરિક્ષણ કર્યું હતું. એ પછી પોલીસ સહિતની વિવિધની પ્લાટૂન દ્વારા માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી. આ તકે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા યોગ તેમજ સાંસ્કૃતિક નૃત્ય કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણનું રિહર્સલ થયું હતું.

ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર રિહર્સલનું ઝીણવટપૂર્વક નિરિક્ષણ કર્યું હતું.

## મહાકુંભ માટે યુવાનોમા અનેરો ઉત્સાહ રાજકોટથી પ્રયાગરાજ કાર મારફતે ટીમ રવાના થશે

### યુવાનો દ્વારા શંકર ભગવાનના પોસ્ટરવાળી, ભારતનો વિરાટ નકશો, ત્રિશૂળની પેન્ટિંગ દ્વારા ગાડી સ્પેશ્યલ તૈયાર






જયારે આખો દેશ મહાકુંભ મેળા ના ધાર્મિક રંગે રંગાયેલ છે અને દેશ વિદેશ ના લોકો કુંભમેળામા સ્નાન કરી પુણ્યતા પ્રાપ્ત કરે છે ત્યારે રાજકોટ કેમ પાછળ રહે .. રાજકોટ ના યુવાનો દ્વારા એક સનાતન ધર્મના પ્રચાર માટે એક નવો પ્રયાશ કરવામા આવ્યો છે. યુવાનો દ્વારા શંકર ભગવાન ના પોસ્ટર વાળી ગાડી તૈયાર કરવામા આવી છે.આ રીતે પોસ્ટર વાળી કાર બનાવા પાછળ નો મુખ્ય ઉદેશ એ છે કે લોકો પણ આ જોય અને મહાકુંભ મા જોડાઈ.

રાજકોટ રંગીલું છે અને ધાર્મિક ઉત્સવ પ્રિયા છે ત્યારે શહેર ના સાહસિક યુવાનો દ્વારા રાજકોટ થી પ્રયાગરાજ સેલ્ફડ્રાઈવ કરી સ્નાન કરવા નો નિર્ણય લેતા નયનભાઈ પારેખ, વિપુલભાઈ સગર , ભારીતભાઈ જોષી, રાજેશભાઈ ચૌહાણ, રાકેશભાઈ વાયા તથા યોગેશભાઈ પાટડીયા જવા રવાના થયા છે. ભારિત જોશી ૮૪૬૦૪૧૧૧૧૧








સુ.નગર અને રાજકોટમાં કિયાકારનો શોરૂમ

પરિન કિયા શો રૂમમાં નવી ‘કિયા સિરોજ’નું લોન્ચિંગ

‘કિયા સિરોજ’ કારને ફાઈવ સ્ટાર સેફટી રેટીંગઃ ભારતની પ્રથમ કાર કે જેમાં પાછલી સીટ વેન્ટિલેટેડ અને સ્લાઈડીંગ સીટી

રાજકોટ,તા.૨૪

પરીન કિયા રાજકોટ અને સુરેન્દ્રનગરમા કિયા ના શોરૂમ ધરાવે છે. આ પ્રોડક્ટ લોન્ચ કરતી વખતે Parin kia ના જનરલ મેનેજર અવેશ હાલાનીએ માહિતી આપી હતી કે Kia Syros ને ૫ સ્ટાર સેફ્ટી રેટિંગ મળ્યું છે અને આ સેગમેન્ટમાં તે ભારતની પ્રથમ કાર છે જેમાં પાછળની વેન્ટિલેટેડ સીટ અને સ્લાઈડિંગની સુવિધા છે.

પરીન ગ્રુપના ચેરમેન ઉમેશભાઈ નંદાણી, મેનેજિંગ ડિરેક્ટર દર્શિલભાઈ નંદાણી, C.E.O. ધ્રુવભાઈ રૂપાભીંડા, મહિલા મોરચા અધ્યક્ષા-રાજકોટ કાશ્મીરાબેન નથવાણી, રાજકોટ શિક્ષણ સમિતિના અધ્યક્ષ વિક્રમભાઈ પૂજારા, લોહાણા સમાજના ટ્રસ્ટી હશુભાઈ ભગદેવ નવી સિરોસ કારના લોકાર્પણ સમયે ઉપસ્થિત રહ્યા હતા.

અમે અમારા તમામ ગ્રાહકોને વિનંતી કરીશું કે વધુ વિગતો માટે કૃપા કરીને પરીન કિયા રાજકોટ અને સુરેન્દ્રનગર શોરૂમની મુલાકાત લો.


### મોટી કંપનીઓ દ્વારા સીધા ગ્રાહક સુધી પહોંચવા માટે ખાસ પ્લેટફોર્મ લોંચ કરશે

# હવે આટીસી, અમૂલ, નેસ્લે, ડાબર અને મેરીકો પણ તગડા ડિસ્કાઉન્ટ સાથે ઇ-કોમર્સ બિઝનેસમાં ઝંપલાવશે

### અનેક મોટી કંપનીઓ હાથ પણ મીલાવે તેવી શક્યતાઃ અન્ય ઇ-કોમર્સ કે કવીક કોમર્સ પ્લેટફોર્મ તેમના ઉત્પાદન વેંચે છે તે ઉપરાંત કિરાણા સ્ટોર માટે પણ સ્પર્ધા વધશે



મુંબઇ, તા.૨૪

દેશમાં ઇ-કોમર્સ અને તેની સાથે કવીક કોમર્સનો વધતો જતો વ્યાપમાં હવે ટોચની એફએમસીજી કંપનીઓને પણ રસ જાગ્યો છે અને તેમની પ્રોડકટ અન્ય ઇ-કોમર્સ કંપનીઓ વેચે તે કરતાં તેઓ પોતે જ હવે ઇ-કોમર્સ મારફત પોતાના પ્રોડકટ વેંચવા માટે તૈયારી કરી રહી છે જેમાં આઇટીસી, અમુલ, નેસ્લે, ડાબર સહિતની કંપનીઓ માર્કેટમાં ઝંપલાવી રહી છે આ ઉપરાંત મેરીકો કંપનીએ પોતાનું પ્લેટફોર્મ બનાવી પણ લીધું છે અને તેઓ હવે આ ઇ-કોમર્સ પ્લેટ ફોર્મ પર તેમના પ્રોડકટ ૩૦ ટકા જેટલા ડીસ્કાઉન્ટ લોંચ કરશે અને તેને કારણે ઇ-કોમર્સ કંપનીઓ કે જે હાલ આ પ્રોડ્કટ વેંચે છે તેને પણ સ્પર્ધાનો સામનો કરવો પડે છે. આ તમામ કંપનીઓ મોટો ગ્રાહક વર્ગ ધરાવે છે અને તેમનો પ્રોડકટ લોકપ્રિય પણ બન્યા છે તેથી હવે તેઓ પોતાના પ્લેટફોર્મ લોંચ કરશે અને તેની ડીલીવરી માટે વ્યવસ્થા એમેઝોન સહિતની કંપનીઓ મારફત ગોઠવશે. આ માટે આંતરીક રીતે પણ જોડાણની તૈયારી છે આઇટીસી અને નેસ્લે સંયુક્ત રીતે પોતાના પ્રોડ્કટ વેંચે તેવી શકયતા છે. નેસ્લેના પ્રવકતાએ સ્વીકાર્યું કે હવે ડાયરેક્ટ ટુ કસ્ટમર બીઝનેશ આગળ વધી રહ્યો છે. આ ઉપરાંત ડાબર અને અમૂલ પણ હાથ મિલાવે તેવી પણ શક્યતા છે. આ ઉપરાંત અમૂલે પોતાના કવીક કોમર્સ કંપની સ્થાપવાની પણ તૈયારી કરી છે આ તમામ કંપનીઓ માર્કેટમાં બીઝનેસ કરવા આવતા કિરાણા સ્ટોરને મોટો ફટકો પડે તેવી શકયતા નકારાતી નથી. હાલ આ સ્ટોર ઇ-કોમર્સ અને કવીક કોમર્સની સામે બાથ ભીડીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા પ્રયત્ન કરી રહી છે.

## લંડનથી આવેલી રાજકોટની આશા પટેલની મહાકુંભમાં સેવા શિબિરઃ ભંડારામાં હજારો લોકોને પીરસે છે ભોજન

### શિબિર સંચાલન, રસોઈ માટે આશાએ વેતન પર માણસો રાખ્યો છેઃ મહાકુંભમાં ખુલ્લામાં સુતા લોકોને તે ધાબળા વિતરણ કરે છે



પ્રયાગરાજ તા.૨૪

મહાકુંભમાં પુણ્ય કમાવવા માટે ગુજરાતી મહિલા આશા પટેલ લંડનથી આવી છે. તેણે મહાકુંભનગરમાં સેકટર ચારમાં સર્વ સમાજ સેવા શ્રીજી ટ્રસ્ટ રાજકોટના નામે શિબિર લગાવી છે. તેની આ શિબિરમાં દરરોજ બે ટાઈમ ચાલતા ભંડારામાં હજારો લોકો પ્રસાદ ગ્રહણ કરી રહ્યા છે. સંસ્થાના માધ્યમથી આશા રાત્રે ખુલ્લા આકાશ નીચે સૂતા લોકોને ધાબળા વિતરણ પણ કરી રહી છે.

પ્રસાદમાં આશા ખીર-પુરી, પૌવા અને પુલાવ તેમજ સમોસા-ચટણ વગેરે પીરસે છે. પ્રસાદ બનાવવા માટે આશા રાજકોટથી પાંચ મહિલાઓને લઈને આવી છે. વાસણ પણ ગુજરાતથી લઈને આવી છે. અહીં માત્ર ભંડારાનું રાશન તે ખરીદે છે. ૨ જાન્યુઆરીએ શરૂ થયેલો તેનો ભંડારો ૧૨ ફેબ્રુઆરી સુધી ચાલશે.

આશાનો પુરો પરિવાર લંડનમાં રહે છે, ત્યાં તેના ભાઈનો દવાનો વેપાર છે. ભંડારો અને અન્ય સામાજીક કામ માટે આશાને પરિવાર તરફથી જ આર્થિક મદદ મળે છે.

આશાએ જણાવ્યું હતું કે ૧૪૪ વર્ષ બાદ આવતા આ મહાપર્વમાં આવવા માટે તેણે મહિનાઓથી તૈયારી કરી લીધી હતી. તે ગત વર્ષે સપ્ટેમ્બરમાં જ લંડનથી રાજકોટ આવી ગઈ હતી. તેની શિબિરમાં દરરોજ ૧૦ હજાર લોકો પ્રસાદ ગ્રહણ કરે છે. આશા આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં ૪૮ છોકરીઓને ભણાવી રહી છે. છેલ્લા પાંચ વર્ષથી તે ગુજરાતના વડીલોને સંગમ સ્નાન માટે પૈસા મોકલે છે.

‘સૂરિરામ’ સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ, પ્રવચન પ્રદીપ, મહારાષ્ટ્ર શાર્દુલ, વર્તમાન જિનશાસનના સર્વોચ્ચ સંયમ પર્યાયી સૂરિવર

# આચાર્ય ભગવંત પૂ. પુણ્યપાલસૂરિજી મહારાજા મુંબઇ ખાતે કાળધર્મ પામ્યા : બપોરે પાલખીયાત્રા નીકળી : ઘેરો શોક

## આઠ વર્ષની ઉંમરે દીક્ષા ગ્રહણ કરનારા પૂજયશ્રીને ૧૪ વર્ષ પૂર્વે પાલીતાણામાં ગચ્છાધિપતિની પદવી અપાઇ : તેમની વય ૭૮ વર્ષની હતી અને સંયમ પર્યાય ૭૦ વર્ષનો હતો : રાજકોટ, સૌરાષ્ટ્ર, ગુજરાત તથા દેશના વિવિધ ભાગોમાંથી હજારો ગુરૂભકતો પાલખી યાત્રામાં જોડાયા

રાજકોટ, તા. ૨૪

તપાગચ્છાધિરાજ, મહારાષ્ટ્ર દેશોધ્ધારક, દીક્ષાયુગ પ્રવર્તક પરમ પૂજય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય શ્રી રામચંદ્રસૂરીશ્વજી મહારાજાના સમુદાયના વર્તમાન ગચ્છ નાયકશ્રીજી સૂરી મહાબલ પટ્ટાલંકાર, પ્રવચન પ્રદીપ મહારાષ્ટ્ર શાર્દુલ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા (ઉ.વ.૭૮ તથા સંયમ પર્યાય ૭૦ વર્ષ) ગઇકાલ તા. ૨૩મીના ગુરૂવારે સાંજે ૬.૧૫ કલાકે મુંબઇમાં મુલુન્ડ (વેસ્ટ) ખાતે વીણાનગર સંઘ ઉપાશ્રયે પૂ. આચાર્ય ભગવંતો તથા ચતુર્વિધ શ્રી સંઘના મુખે નવકાર મહામંત્રનું શ્રવણ કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.







ભગવાન મહાવીર સ્વામીની ૭૯મી પાટના દ્રિતીય પટ્ટધર રૂપ શોભનારા કવિહૃદય, મહારાષ્ટ્ર શાર્દુલ, પ્રવચન પ્રદીપ, સૂરીમહાબલ શિષ્યાલંકાર, વર્તમાન ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાનો જન્મ વિક્રમ સંવત ૨૦૦૩ના મહા વદ-૪ના મુંબઇ ખાતે થયો હતો. તેમના પિતાનું નામ મનસુખભાઇ તથા માતાનું નામ વિમલાબેન હતું. તેમનું નામ પ્રવીણભાઇ હતું તેઓ સૌરાષ્ટ્રના ગાધકડાના વતની હતા.

માત્ર આઠ વર્ષની વયે એમના પિતાશ્રીએ એમને જૈન સાધુતાની દીક્ષા અપાવી હતી. ત્યારબાદ માતા-પિતાએ પણ દીક્ષા લીધી હતી.

આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા આચાર્ય ભગવંત શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની કૃપા મેળવી હતી. આજથી ૧૪ વર્ષ પહેલા પાલીતાણામાં જ સમસ્ત સમુદાયે એમને ગચ્છાધિપતિપદે આરૂઢ કર્યા હતા. એમના શાસન કાળમાં આશરે ૧૩૦૦માંથી સાધુ સાધ્વી સમુદાયે ૨૦૦૦નો આંક પાર કર્યો હતો અને ૪૦૦ વર્ષ બાદ તપાગચ્છમાં નવો વિક્રમ સ્થપાયો હતો.

આજે તા. ૨૪મીના મુલુન્ડ (મુંબઇ) ખાતેથી તેમના પુણ્યદેહની પાલખી યાત્રા નીકળી હતી. ભારત અને વિદેશોમાંથી જૈન સંઘોના સંદેશાઓ આવી રહ્યા છે. સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી વિશાળ સંખ્યામાં ગુરૂ ભકતો પહોંચ્યા છે. દિલીપભાઇ વસાએ જણાવેલ છે.

**જીવન પરિચય**

ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી પુણ્યપાલસૂરીજી મહારાજાની દીક્ષા વિક્રમ સંવત ૨૦૧૧ના વૈશાખ સુદ-૭ના વણી (મહારાષ્ટ્ર) ગામે થઇ હતી. જયારે વડી દીક્ષા અષાઢ સુદ-૧૦ના ૨૦૧૧ના પુના ખાતે થઇ હતી. દીક્ષા દાતા પૂ. આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા હતા. તેમના ગુરૂદેવ આ. શ્રી મહાબલસૂરીજી મહારાજ હતા દીક્ષા લીધા બાદ તેમનું મુનિશ્રી પુણ્યપાલવિજયજી મહારાજના નામની ઘોષણા થઇ હતી.

પૂજયશ્રીને ગણિપ્રદાન વિક્રમ સંવત ૨૦૪૨ માગસર સુદ-૨ના અમદાવાદ ખાતે પંન્યાસ પદવી વિક્રમ સંવત ૨૦૪૪ ચૈત્ર વદ-૪ના લાલબાગ (મુંબઇ) ખાતે આચાર્ય પદવી અમદાવાદ વિક્રમ સંવત ૨૦૪૭માં અમદાવાદ ખાતે મળી હતી. પદ પ્રદાતા પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીજી મ. હતા.

પૂજયશ્રીને ગચ્છાધિપતિ પદ વિક્રમ સંવત ૨૦૬૭ વૈશાખ સુદ-૨ના પાલીતાણા ખાતે અપાઇ હતી.

ગચ્છાધિપતિ આ.ભ.પૂ. પુણ્યપાલસૂરીજી મહારાજા છેલ્લા બે-અઢી વર્ષોથી પૂજયપાલશ્રી અકલ્પનીય બિમારીઓના કારણે અસહ્ય વેદનાથી પસાર થઇ રહ્યા હતા. આવા સમયમાં પૂજયપાદએ ખુબ સમભાવ-શાંતિભાવ અને સમાધિભાવ સાથે દેહ અને આત્મા વચ્ચેની લડાઇ લડી તેમાં આત્માનો વિજય થયો. કારણ પૂજયપાદશ્રી અખંડ અને અપૂર્વ સમાધિમાં સ્થિર રહ્યા. મહિનાઓ સુધી હોસ્પિટલમાં રહ્યા. આઇસીયુમાં રહ્યા છતાં તેઓશ્રીની સમાધિમાં આંચ સુધ્ધાં આવી નથી. મુંબઇમાં ડોકટરોએ કહેલું કે આવી પરિસ્થિતિમાં સાહેબજીનો સમભાવ જોઇ અમે પોતે ભારે આશ્ચર્યમાં પડયા હતા. આવો કેસ અને આવી સમાધિ અમે પહેલીવાર જોઇ છે. હોસ્પિટલમાં પૂજયપાદશ્રીની સ્થિતિ જોઇ મહાત્માઓની આંખોમાંથી નિરંતર આંસુ ટપકતા હતા પણ પૂજયપાદશ્રી એટલું જ બોલ્યા : ભગવંતનું શાસન મળ્યું છે. એટલે મને ખુબ આનંદ છે. આનાથી સુપેરે ફલિત થાય છે કે પૂજયપાદશ્રીની એ સુકલકડી કાયામાં જિનશાસન ધબકતું હશે. એ નાજુક ચહેરામાં વૈરાગ્ય વિલસતું હશે. એ સુકોમળ આંગળીઓમાં અરિહંતપદનો જાપ ચાલતો હશે. કાયા અતિશય પીડિત હશે છતાં હૈયામાં પ્રભશાસન પામ્યાનો પરમ-આનંદ સમાતો ન હોય. વ્યાધિમાં સમધિને ટકાવી રાખનાર પૂજયપાદશ્રીની આ સમાધિ સાધનાના અંતરથી ઓવરણા લઇએ.

# આ શ્રી પુણપાલસૂરિશ્વરજી મ.ની પાલખીના ચઢાવા

## અગ્નિ સંસ્કારનો ચઢાવો ૬ કરોડ, ત્રીસ લાખમાં: કુલ ચઢાવો ૧૨ કરોડથી વધારે બોલાયો





રાજકોટ, તા.૨૪

‘સૂરિરામ’ સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પુણપાલસૂરિશ્વરજી મહારાજા ગઇકાલ સાંજે ૬.૧૫ કલાકે મુલુન્ડ (વેસ્ટ) મુંબઇના વીણાનગર સંઘના ઉપાશ્રયમાં શ્રી નવકાર મહામંત્રનું શ્રવણ કરતાં કાળધર્મ પામ્યા છે.

આજે બપોરે નીકળેલી પાલખીયાત્રા પૂર્વે પાલખીના ચઢાવા બોલાવાયા હતા જેમાં માતબર રકમની ઉછામણી થઇ હતી. પાલખીમાં પધારવાનો લાભ રત્નત્રયી પરિવારે ૫૧,૫૧,૧૫૧માં લીધો હતો. વિલેપનના રૂા.૫૧,૫૧,૧૫૧, ગુરુપૂજનનો ચઢાવો ૯૦,૯૦,૯૯૦, સ્વસ્તિકનો ૩૩,૩૩,૯૩૩માં લાભ લેવાયો હતો.

જયારે આગળની જમણી ૩૬,૩૬,૯૩૬ તથા ડાબી કોધના (૩૬,૩૬,૯૩૬)માં લાભ લેવાયો હતો. જ્યારે પાછળની જમણી તથા ડાબી કાંધના ક્રમશઃ રૂા.૨૭,૨૭,૯૨૭ તથા ૬૩,૬૩,૯૬૩ તથા દોણી લેવાના લાભ ૨૫,૨૫,૫૨૫માં બોલાયો હતો. ધૂપ લઇને ચાલવામાં ચાર ચઢાવા થયા જે ૧૫,૧૫,૫૧૫, ૧૪,૧૪,૧૧૪, ૧૪,૧૪,૧૧૪, ૧૫,૧૫,૧૧૫ રકમમાં બોલાયા હતા. વર્ષીદાનની બોલી રૂા. ૨૮,૨૮,૯૨૮માં ગુલાલ ઉડાડવાનો લાભ ૨૧,૨૧,૯૨૧માં, અનુકંપા દાનનો લાભ ૨૨,૨૨,૨૨૨માં જાહેર થયો હતો. લોટીનો લાભ ૩૬,૩૬,૯૩૬ તથા અન્ય લોટી (૧) ૧૭,૧૭,૧૧૭, (૨) ૧૭,૧૭,૧૧૭, (૩) ૧૭,૧૭,૧૧૭, (૪) ૧૮,૧૮,૧૧૮, (૫) ૧૫,૧૫,૧૧૫, (૬) ૧૫,૧૫,૧૧૫, (૭) ૧૬,૧૬,૧૧૬ તથા (૮) ૧૭,૧૭,૧૧૭મો બોલાયો હતો.

**અગ્નિ સંસ્કારનો ચઢાવો**

જયારે ગચ્છાધિપતિ આ. શ્રી પુણ્યપાલસૂરિજી મ.ના પાર્થિવદેહને અગ્નિ સંસ્કાર આપવાનો ચઢાવો ૬ કરોડ, ૩૦ લાખમાં ભાગ્યશાળીને મળ્યો હતો.

કુલ પાલખીના ચઢાવામાં કુલ રૂા.૧૨ કરોડથી વધારે રકમ બોલાઇ હતી.

# ફતેપરના યુવાનના હત્યા કેસમાં બે આરોપીઓનો જામીન પર છુટકારો

## અશ્વિન ગજેરાને મારમારતા સારવારમાં મૃત્યુ થયેલુ, જે અંગે પડધરી પોલીસે અશોક બાળા, ભરત બાળા અને બે અજાણ્યા સામે ગુનો નોંધ્યો હતો.

રાજકોટ,તા.૨૪



ભગીરથસિંહ ડોડીયા
એડવોકેટ

ફતેપરના યુવાનની હત્યા કરાયાના ગુનામાં બે આરોપીનો જામીન પર છુટકારો થયો છે.કેસની વિગત મુજબ તા.૧૮/૫/૨૪ના રોજ મુતક અશ્વિન પરસોત્તમભાઈ ગજેરા મોડી રાત્રે ઘરે આવ્યો હતો. તેના માતાએ શરીરે ઈજાના અને સોજીગયાના નિશાન જોઈ તે બાબતે પુછતા અશ્વિને જણાવેલ કે વાડીએ હતો ત્યારે ત્યાં તેના ગામનો અશોક છગન બાળા અને ભરત બાળા બે અજાણ્યા માણસો સાથે કારમાં આવેલા અને ધોકાવડે મારમારી ધમકી આપી જતા રહ્યા હતાં. અશ્વિને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં તેનું સારવારમાં મોત થતા અશ્વિનના માતાએ પડધરી પોલીસ મથકે પોતાના પુત્રની હત્યા અંગે ફરિયાદ નોંધાવતા આરોપીઓની ધરપકડ થઈ હતી.ચાર્જશીટ બાદ આરોપી ભરત આપદન બાળાએ રાજકોટ અશોક બાળાની જામીન અરજી સેશન્સ કોર્ટ મંજુર ન કરતા હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી જ્યાં આરોપીના વકીલે દલીલ કરેલી કે ફરિયાદ પાંચ દિવસ મોડી છે. સારવાર દરમિયાન મૃતકે કોઈ આરોપીના નામ આપ્યા નથી કે દલીલો ધ્યાને લઈ હાઈકોર્ટ અશોક બાળાને જામીન પર મુકત કરવા હુકમ કર્યો હતો.આ કેસમાં આરોપીઓ તરફે વિરાટભાઈ પોપટ, રાજકોટ યુવા એડવોકેટ ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, જયવિર બારૈયા, મીલન જોષી, દીપ વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, સાગરસિંહ પરમાર તથા જયપાલસિંહ સોલંકી એડવોકેટ તરીકે રોકાયેલ હતાં.

# નેફામાં તમંચો રાખી દારૂની હેરફેર કરતો ચિરાગ ઘોડાસરા ઝડપાયો

## શાપર પોલીસે કાંગશીયાળી પાસેથી દબોચ્યો, દારૂ વાપીથી, મહારાષ્ટ્રના શખ્સ પાસેથી અને તમંચો કોઠારીયા સોલ્વન્ટમાંથી મધ્યપ્રદેશના શખ્સ પાસેથી લાવ્યો હતો




રાજકોટ, તા.૨૪

નેફામાં તમંચો રાખી દારૂની હેરફેર કરતો ચિરાગ વલ્લભ ઘોડાસરા (ઉં.વ.૨૯, રહે. કાંગશીયાળી ગામની સીમ કલ્પવન એટલાન્ટીસ હાઇટસ, મુળ ગામ-કોલકી તા.વંથલી જી.જુનાગઢ)ને શાપર પોલીસે દબોચી લીધો હતો.

પોલીસ સૂત્રોએ આપેલી માહિતી મુજબ, રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ, જિલ્લા એસપી હીમકર સિંહએ દારૂ તથા જુગારની બદી નેસ્ત નાબુદ કરવા તથા ગેર કાયદેસર રીતે હથીયાર રાખતા તેમજ હથીયાર વેચનાર ઇસમો ઉપર વોચ રાખી અને વધુને વધુ કેસો કરવા માટે સુચના કરેલ હતી. જે અનુસંધાને ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ શાપર પીઆઇ આર.બી. રાણા તેમની ટીમ સાથે પેટ્રોલીંગમા હતા. દરમ્યાન હેડ કોન્સ્ટેબલ તુષારસિંહ જાડેજા અને ઉપેન્દ્રસિંહ ગોહિલને બાતમી મળી હતી કે, આરોપી ચિરાગ ઘોડાસરા કાંગશીયાળી પાસે ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ નાયરા પેટ્રોલ પંપથી અંદર આવેલ નવી બનતી હીલટોન એરીસ્ટોની સાઇટ થી કાચા રસ્તા પર હોકળા કાંઠે ઇંગ્લીશ દારૂનો જથ્થો રાખી હેર ફેર કરે છે અને વેચાણ કરે છે, ઉપરાંત તેની પાસે દેશી બનાવટનો તમંચો પણ છે. બાતમી વાળા સ્થળે દરોડો પાડતા ઝાળી જાંખરા વાળી જગ્યા પાસે ખાડા પાસે ચિરાગ દારૂની પેટીઓ સાથે મળી આવ્યો હતો. તેની ઝડતી લેતા પેન્ટના નેફામાંથી એક લાકડાના હાથા વાળો દેશી બનાવટનો તમંચો મળી આવેલ. જે અંગે અલગથી ફરીયાદ નોંધાઈ હતી. દારૂની ૧૧૨ બોટલો જેની કિંમત રૂ. ૭૩,૧૧૨ ગણી કબ્જે કરેલ અને રૂ. ૧૦ની કિંમતનો તમંચો કબ્જે કરેલ હતો.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, ચિરાગ આગાઉ વેપાર કરતો. હાલ કામધંધો નથી કરતો. દારૂનો વાપી નજીક ખોડિયાર હોટલ પાસેથી મહારાષ્ટ્રના કોઈ શખ્સ પાસેથી લાવ્યો હતો. હથિયાર દોઢ માસ પહેલા કોઠારીયા સોલ્વન્ટમાં રહેતા માધ્યપ્રદેશના શખ્સ પાસેથી રૂ. ૭ હજારમાં લાવ્યો હતો. બંને શખ્સને પકડવા પોલીસે તજવીજ કરી છે.

આ કામગીરી પીઆઇ આર.બી.રાણા, હેડ. કોન્સ્ટેબલ તુષારસિંહ જાડેજા, ઉપેન્દ્રસિંહ ગોહિલ, મયુરસિંહ જાડેજા, પિયુષભાઇ અઘેરા, નિલેશભાઇ ડાભી વિગેરે ફરજ રહ્યા હતા.

# સગીરા પર દુષ્કર્મના ગુનામાં આરોપી યુવરાજ ઉર્ફે રાજભાની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ

## લગ્નની લાલચ આપી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ ભક્તિનગર પોલીસ મથકે નોંધાઈ હતી

રાજકોટ, તા.૨૪

ગત તારીખ ૨૫-૧૧-૨૦૨૪ ના રોજ ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ પૂજારા પ્લોટ મેઇન રોડ ઉપરથી સગીરાનું અપહરણ કરી તેના પર દુષ્કર્મ આચાર્યની ફરિયાદ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે આરોપી યુવરાજ ઉર્ફે રાજભા મનુભા વાળા (રહે કોઠારીયા કોલોની કોઠારીયા મેઈન રોડ)ની ધરપકડ કરી જેલ હવાલે કરેલ હતો.

આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો જણાય આવતા આરોપી સામે અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ. ચાર્જશીટ થયા બાદ જેલમાંથી આરોપીએ જામીન ઉપર છૂટવા પોકસો અદાલતમાં જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે, આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે. આરોપી ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેને લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી લઈ જઈ તેના ઉપર દુષ્કર્મ આચરેલ છે. આવા ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં. એ રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ વી. એ. રાણાએ આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# ચેક રીટર્નના કેસમાં આરોપી અશ્વિન પાલાને એક વર્ષની સજા -દંડ

રાજકોટ,તા.૨૪




એડવોકેટ
રાજેશ પારેખ

રાજકોટના રહીશ રમેશભાઈ દુલાભાઈ વાળાએ આરોપી અશ્વિન જેન્તીભાઈ પાલાનેધંધા અર્થે નાણાંની જરૂરીયાત ઉભી થતા સંબંધ દાવે/મિત્રતાના દાવે હાથ ઉછીની રકમ રૂા. ૮,૫૦,૦૦૦/- અંકે રૂપિયા આઠ લાખ પચાસ હજાર પુરાની કિંમતનું સોનું ફરીયાદીના ધર્મ પત્નિ ભગવતીબેન રમેશભાઈ વાળાના નામનું આપેલ. તે બાબતે આરોપી અશ્વિન જેન્તીભાઈ પાલાએ ફરીયાદી રમેશ દુલાભાઈ વાળાને પ્રોમીસરી નોટ પણ લખી આપેલ. સદરહું રકમની ચૂકવણી પેટે આરોપીએ ફરીયાદીને તેમના નામજોગનો રૂા. ૮,૫૦,૦૦૦/- અંકે રૂપિયા આઠ લાખ પચાસ હજાર પુરાનો ચેક આપેલ હતો. સદરમું ચેક ફરીયાદીએ પોતાના બેંકના ખાતામાં જમા કરાવતા, ચેક'ફંડ ઈનસફીશીયન્ટના શેરા સાથે સ્વીકારાયા વગરનો પરત ફરેલ. ત્યારબાદ ફરીયાદી તરફથી આ બાબતે લીગલ નોટીસ મોકલવામાં આવેલ. તેમ છતાં આરોપીએ ફરીયાદીને રકમ ન ચુકવતા અને લામ. કોર્ટમાં ચેક રીટર્ન સંબંધેનો કેસ ૨૦૧૮ માં દાખલ કરવામાં આવેલ.

કોર્ટમાં ફરીયાદી અને આરોપીઓના પુરાવાઓ તથા બચાવ ધ્યાને લઈ તથા ફરીયાદીએ આરોપીને આપેલ સોનુ તથા તેની સામે આરોપીએ લખી આપેલ પ્રોમીસરી નોટ અને ચેક ના પુરાવાઓ તથા કાયદાકીય આધારો ને ધ્યાને લઈ, કોર્ટ દ્વારા એ નોંધવામાં આવ્યુ કે આરોપીએ સોનુ લીધુ છે, તેની સામે પ્રોમીસરી નોટ લખી આપેલ છે તથા ચેક આપેલ છે. તેથી ફરીયાદીના એડવોકેટની રાજેશ પારેખ દલીલો માન્ય રાખી, ફરીયાદી એડવોકેટ દ્વારા રજુ થયેલ પુરાવાઓ માન્ય રાખી, એડી. સીની. સીવીલ જજે આરોપી અશ્વિન જેન્તીભાઈ પાલાને એક વર્ષની કેદની સજા તથા ચેકની રકમ કરતા સવા ગણી રકમ એટલે કે રૂા. ૧૦,૬૨,૫૦૦/- અંકે રૂપિયા દસ લાખ બાસઠ હજાર પાંચસો પુરા ફરીયાદીને ચૂકવી આપવા હુકમ કરેલ છે. આ કામે ફરીયાદી રમેશભાઈ દુલાભાઈ વાળા તરફે રાજેશ.કે. પારેખ, એડવોકેટ રોકાયેલ છે.

**ભાવભીની શ્રધ્ધાંજલી**



**સ્વ. શ્રી કુરજીભાઇ ભુરાભાઇ ટીલારા**
સ્વ. તા. ૨૧/૧/૨૦૨૫

આપના ઉત્તમ જીવન મૂલ્યો, સેવા, સમર્પણ, માયાળુ સ્વભાવ, ઉદાર દિલ, પ્રેમ અને સંસ્કારની સુવાસ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે, પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના...

TISOSI Private Limited (Pipaliya) | SHREE RAJ CASTECH PVT. LTD. (Pipaliya) | PARMI Pipes & Cables Pvt.Ltd. (Pipaliya)

# અવસાન નોંધ

**રાજકોટ:** કૃષ્ણકુમાર અમૃતલાલ ગણાત્રા, (ઉ.વ.૭૬) તે સ્વ. અમૃતલાલ દેવચંદભાઈ ગણાત્રા, મોરબી વાળાના પુત્ર તથા પલકબેન (પુષ્પાબેન)ના પતિ અને શિવમભાઈ ગણાત્રાના પિતા તથા ટંકારાવાળા સ્વ. વિઠલદાસ બી.જોબનપુત્રાના જમાઈનું તા.૨૩ને ગુરૂવારે સ્વર્ગવાસ થયેલ છે. સદગતનું ઉઠમણું (બંને પક્ષનું) તા.૨૫ને શનિવારે સાંજે ૫ વાગ્યે સદગતના નિવાસસ્થાન ‘લોટસ રેસીડેન્સી’, આગમન હોસ્પિટલની સામે, ન્યુ એરા સ્કુલની બાજુમાં, લીંબુડીવાડી, રૈયા રોડ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકીક પ્રથા બંધ છે. (શિવમભાઈ ગણાત્રા, મો.નં.૯૯૭૯૪ ૩૩૦૮૮.)

**બોટાદ:** તણસા (હાલ બોટાદ) ગૌસ્વામી પુષ્કરગીરી ધનગીરીનાં મોટા દિકરા રાકેશગીરી પુષ્કરગીરી ગોસ્વામી તા.૨૩ને ગુરૂવારનાં રોજ કૈલાસગમન થયેલ છે. કલ્પેશગીરીના મોટાભાઈ તથા દેવેનગીરીનાં પિતાશ્રી વલભીપુર નિવાસી સ્વ. નટવરપરી અમૃતપરીનાં જમાઈ સિદસર નિવાસી મિતલબેન પ્રશાંતગીરીનાં પિતાશ્રી રાજકોટ નિવાસી ચેતનાબહેન મેહુલપરીનાં ભાઈ, સ્વ.કૈલાસગીરી, સ્વ.અનોપગીરી, ઓમકારગીરી (તણસા-વાવડી) અને ભીખુગીરી દુધાળાના ભત્રીજા થાય. તેમનું બેસણું તા.૨૫ ને શનિવારનાં રોજ સવારે ૯થી સાંજના ૫ સુધી બોટાદ એમના નિવાસસ્થાને રાખેલ છે. તેમનું શક્તિપૂજન તા.૩૧ને શુક્રવારનાં રોજ રાખેલ છે. પિયરપક્ષનું બેસણું બોટાદ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી ગં.સ્વ. જયોત્સનાબેન મનહરલાલ ડોલાસીયા (ઉ.વ.૭૫) તે ભરતકુમાર ડોલાસીયાના માતુશ્રી, સુષ્માબેનના સાસુમા તથા ડો.વાસવી અને નિસર્ગના દાદીમા તા.૨૩ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદગતનું બેસણું (અને પીયર પક્ષની સાદડી) તા.૨૫નાં રોજ સાંજના ૪થી૬, કલાક દરમિયાન શ્રી રામેશ્વર મહાદેવ મંદિર, જીવન નગર, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** દશા મોઢ માંડલીયા નિવૃત જજ સાહેબ ધીરજલાલ હંસરાજભાઈ મુછાળા (ઉ.વ.૮૫) તે સ્વ.ભરતભાઈ મુછાળા અને દિલીપભાઈ મુછાળા ધારીવાળાના મોટાભાઈ તથા અશ્વિનભાઈ પટેલ, કિરીટભાઈ પટેલના મામા મહુવાવાળા નયનભાઈ નાણાવટીના બનેવી તા.૨૩/૦૧/૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમનું ટેલિફોનીક બેસણું સાંજે ૪થી૭ તા.૨૫ શનિવારે રાખેલ છે. (દિલીપભાઈ મુછાળા મો.નં.૭૮૭૮૬ ૩૧૦૫૫)

**ઉપલેટા:** ઉપલેટા નિવાસી સ્વ.ઈન્દુબેન જયંતીભાઈ ફંગળા (ઉ.વ.૮૪) તે અશોકભાઈના માતુશ્રી તેમજ જય, ચીરાગ અને યશના દાદીનું તા.૨૩ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. જેમનું બેસણું તા.૨૪ને શુક્રવારના રોજ દ્વારકાધીશ સોસાયટી, નિલકંઠ મહાદેવ મંદિર ખાતે બપોરે ૪થી૬ રાખેલ છે.

**વેરાવળ:** શૈલેષભાઈ રમણલાલ વોરા તે વોરા જૈનદાસ રામચંદ ચા વાળાના પુત્ર, હર્ષાબેનના પતિ, કશ્યપના પિતાશ્રીનું તા.૨૩ના અવસાન થયુ છે. સદગતની સાદડી તા.૨૪ ને શુક્રવારે સાંજે ૪થી૫ અવસર વાડી ચાર ચોક, વેરાવળ ખાતે રાખેલ છે.

**જસદણ :** ઠા. પંકજભાઈ કનૈયાલાલ વસાણી (ઉ. વ. ૫૯, રાજકોટ નાગરિક સહકારી બેંક કર્મચારી મૂળ જસદણ હાલ રાજકોટ) તે સ્વ. કનૈયાલાલ નારણદાસના સુપુત્ર, તે દેવેન્દ્રભાઈ તથા ઉર્વશીબેન પ્રકાશકુમાર પાઉ (રાજકોટ) તથા અરુણાબેન વિનોદરાય વણઝારા (મુંબઈ)ના ભાઈ તથા માનસી સ્મિતકુમાર કારિયા તથા હિરલ પંકજભાઈ વસાણીના પિતાશ્રી તથા ગોપાલ દેવેન્દ્રભાઈના મોટા પપ્પા તેમજ સ્વ. ભાઈલાલભાઈ ભગવાનજીભાઈ પોપટ (ધારી) ના જમાઈ, અતુલભાઈ ભાઈલાલભાઈના બનેવીનું તા. ૨૦ ના રોજ અવસાન થયું છે. તેમની પ્રાર્થના સભા તા. ૨૫ ને શનિવારે સાંજે ૪ થી ૫ ગાયત્રી મંદિર જસદણ ખાતે રાખેલ છે.


**રાજકોટ:** વિજયાબેન જીવરાજભાઈ વિઠ્ઠલાપરા અને દમયંતીબેન બટુકભાઈ વિઠ્ઠલાપરાનું તા.૧૯ના અવસાન થયું છે. તા.૨૬મીએ ભજન સંતવાણી રાત્રીના ૯ વાગ્યે તથા સદગતની ઉતરક્રિયા તા.૨૭ના સોમવારે મધરવાડા વાયા કુવાડવા ખાતે રાખવામાં આવી છે. વિજયાબેન અને દમયંતીબેનના અવસાનથી બટુકભાઈ જીવરાજભાઈ વિઠ્ઠલાપરા, કિશોરભાઈ વિઠ્ઠલાપરા, પ્રવિણભાઈ વિઠ્ઠલાપરા, ધવલભાઈ વિઠ્ઠલાપરા, દુર્ગેશભાઈ વિઠ્ઠલાપરા, જયદીપભાઈ વિઠ્ઠલાપરા, જયભાઈ વિઠ્ઠલાપરા અને શિવભાઈ વિઠ્ઠલાપરા સહિતના પરિવારજનોને વિલાપ કરતા છોડી ગયા છે. (પ્રવિણ બટુકભાઈ વિઠ્ઠલાપરા- મો.નં.૯૨૭૭૮ ૦૪૨૮૨)

**વાંકાનેર:** ઔદીચ્ય બ્રાહ્મણ સતર તાલુકા દિનેશચંદ્ર ભગવાનજીભાઈ દવે (દિનુભાઈ) (ઉ.વ.૮૨) તે સ્વ.રવીશંકર ભગવાનજીભાઈ દવે (સુરેન્દ્રનગર), સ્વ. અમ્રતલાલ ભગવાનજીભાઈ દવે (લલીતભાઈ-મુંબઈ), ડો. પ્રવિણચંદ્ર ભગવાનજીભાઈ દવે (વાંકાનેર), સ્વ.કનકરાય ભગવાનજીભાઈ દવે, સ્વ.જશુબેન (વાંકાનેર) તથા હંસાબેન (ચોટીલા)ના નાના ભાઈ તથા બ્રિજેશ દિનેશચંદ્ર દવે, વિપુલાબેન નિમેષકુમાર ભટ્ટ (આદીપુર), આરતીબેન વિપુલકુમાર જોષી (જુનાગઢ), દિપાબેન (શાંતિબેન) નિલેશકુમાર મહેતા (રાજકોટ)ના પિતાશ્રીનું તા.૨૩ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૫ને શનિવારના રોજ સાંજે ૩.૩૦ થી ૫ કલાકે ઔદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, રામચોક, વાંકાનેર રાખેલ છે.

**રાજકોટ :** રાજકોટ નિવાસી લુહાર નવીનભાઇ દલસુખભાઇ દાવડાના ધર્મપત્ની કુંદનબેન દાવડા (ઉ.વ.૭૦) તે રાજભાઇ, કુમારભાઇ, રક્ષાબેનના માતુશ્રી તથા સુનિલકુમાર પરમારના સાસુનું તા. ૨૪ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા. ૨૫ને શનિવારે સાંજે ૪ થી ૬ કલાકે ભવનાથ મહાદેવ મંદિર, સાધના મેઇન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** દિનેશભાઈ નારણભાઈ દાસ પત્ની મીરાબેન (ઉ.વ.૬૦) તે રવિભાઈના માતૃશ્રી સુભાષભાઈના નાનાભાઈના પત્ની તુષારભાઈ (જલારામ પાન)ના કાકીનું તા.૨૩ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૭ને સોમવારે સાંજે ૪ થી ૬ જય સોમનાથ, શકિત સોસાયટી શેરી નં.૨ સંતોષીનગર રેલવે ફાટક પાસે, રાજકોટ ખાતે રાખ્યું છે.

**દુઃખદ અવસાન-બેસણું**



**સ્વ.કાનજીભાઈ પોપટભાઈ સેંજરીયા**
સ્વ.તા.૨૩-૦૧-૨૦૨૫, ગુરૂવાર

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પૂજ્ય પિતાશ્રી કાનજીભાઈ પોપટભાઈ સેંજરીયા (ઉ.વ.૮૦) નું તા.૨૩-૦૧-૨૦૨૫ ને ગુરૂવારના રોજ રામચરણ પામેલ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

**બેસણું : તા.૨૫-૦૧-૨૦૨૫, શનિવાર, સવારે ૮:30 થી ૧0:30, એસ્ટ્રોન સોસાયટી કોમ્યુનિટી હોલ, એસ્ટ્રોન સોસાયટી, રાજકોટ મુકામે રાખેલ છે.**

ગં.સ્વ.નંદુબેન કાનજીભાઈ સેંજરીયા

અરવિંદભાઈ કાનજીભાઈ સેંજરીયા Mo.96872 00011 | અશ્વિનભાઈ કાનજીભાઈ સેંજરીયા Mo.98240 59062
સ્મિત અરવિંદભાઈ સેંજરીયા | કુનાલ અશ્વિનભાઈ સેંજરીયા
રાજ અશ્વિનભાઈ સેંજરીયા

તથા સેંજરીયા પરિવારના જય સ્વામિનારાયણ

સેન્ટ્રોઈડ પ્લાસ્ટોપેક ઈન્ડસ્ટ્રીઝ (મેટોડા)- સેન્ટ્રોઈડ મેડીટેક પ્રા.લી. (મેટોડા) TEC બેરિંગ્સ (શાપર)

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com



આટકોટથી દારૂ ભરેલો પકડાયેલો ટ્રક, મુદ્દામાલ અને રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડીથી આઈસર ટ્રકના ચોર ખાનામાંથી પકડાયેલ દારૂનો જથ્થો અને આરોપીઓ



D.G.P.વિકાસ સહાય



સ્ટેટ મોનિટરિંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાય



સ્ટેટ મોનિટરીંગ સેલના ડીવાયએસપી કે.ટી.કામરિયા

## ઓઈલ ટેન્કરમાં છુપાવી દારૂ પંજાબથી સપ્લાય કરાયો હતો પણ આરોપીઓનો કીમિયો સફળ ન રહ્યો

# SMCનો સપાટો : રાજકોટના બુટલેગરે મંગાવેલ ૯૩૦૦ બોટલ દારૂ ઝડપી લીધો

## સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પીછો કરી આટકોટ પાસેથી ટ્રક ઝડપી લીધો, ચાલક સહિત બે ફરાર થઈ ગયા : ૮૧.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ, તા.૨૪

સ્ટેટ મોનીટરીંગ સેલે રાજકોટ જિલ્લા અને શહેરમાં ફરી સપાટો બોલાવ્યો છે. રાજકોટના બુટલેગરે મંગાવેલ ૯૩૦૦ બોટલ દારૂ ઝડપી લીધો હતો. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પીછો કરી આટકોટ પાસેથી ટ્રક ઝડપી લીધો હતો. ચાલક સહિત બે આરોપી ફરાર થઈ ગયા હતા. જેમાં ટ્રક સહિત ૮૧.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજકોટમાં જ બીજો દરોડો પાડી આઈસર ટ્રકના ચોર ખાનામાં છુપાવેલ દારૂની ૧૦૨ બોટલ જપ્ત કરી બે આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોએ આપેલી વિગત અનુસાર, સ્ટેટ મોનીટરીંગ સેલની કડક કાર્યવાહીથી ગુજરાત ભરમાં ગુનેગારો થરથર ધ્રુજે છે. ત્યારે ડીજીપી વિકાસ સહાયની સૂચનાથી સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે. ટી. કામરીયાના માર્ગદર્શન હેઠળ એસએમસીના પોલીસ અધિકારીઓ - કર્મચારીઓ સતત કાર્યવાહીમાં એક્ટિવ છે. ત્યારે ગઈકાલે રાત્રે એસએમસીને બાતમી મળી હતી કે, પંજાબથી રાજકોટના બુટલેગરે મંગાવેલ દારૂનો મોટો જથ્થો એક ટેન્કરમાં રાજકોટ તરફ આવી રહ્યો છે. ટેન્કર હાલ જસદણ પંથકમાં પહોંચ્યું છે. રાજકોટ તરફ જાય છે. બાતમી મળતા જ તુરંત એસએમસીના પીઆઇ આર. કે. કરમટા તેમની ટીમ સાથે તત્કાલ કામગીરીમાં લાગી ગયા હતા. વોચ ગોઠવી હતી. જીજે ૧૯ જીઈ ૪૮૭૯ નંબરનું ટેન્કર આવતા જસદણ નજીકથી તેનો પીછો કર્યો હતો. ત્યારે આટકોટ અને પાંચવડા વચ્ચે ટેન્કર ચાલક અને તેની સાથેનો શખ્સ રસ્તા પર ટ્રક મુકી અંધારાનો લાભ લઈ નાસી ગયા હતા. ટ્રકમાં જોતા બુટલેગરોએ કીમિયો અપનાવી ઓઈલ ટેન્કરમાં દારૂની પેટીઓ છુપાવી હતી. જોકે બાતમી હોવાથી ઓઈલ ટેન્કરની અંદર સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા તપાસ કરાતા મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. રાત્રે બોટલો ગણવાની શરૂ કરાઈ હતી જે ૯૩૮૪ બોટલ જેની કિંમત ૬૧.૪૬ લાખ અને ટ્રકની કિંમત રૂ.૨૦ લાખ ગણી કબ્જે કરી આટકોટ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયો હતો. ફરાર થયેલ બે શખ્સ, દારૂ મોકલનાર અને દારૂ મંગાવનારની શોધખોળ હાથ ધરાઈ હતી.બીજા દરોડામાં એસએમસીને બાતમી મળેલ કે, આઈસર ટ્રકમાં ચોરખાનું બનાવી નાસિકથી દારૂનો જથ્થો રાજકોટ લવાયો છે. ટ્રક હાલ રાજકોટની ગ્રીનલેન્ડ ચોકડી નજીક મોરબી રોડ પર શિવધારા રેસીડેન્સી નજીક બસ સ્ટોપ પાસે પાર્કિંગ કરેલ પડેલ છે. એસએમસી પીએસઆઈ એસ. વી. ગરચર અને તેની ટીમે દરોડો પાડતા ચોર ખાનામાંથી દારૂની ૧૦૪ બોટલ મળી હતી. જેની કિંમત રૂ.૧,૫૫,૬૩૫ અને આઈસરની કિંમત રૂ.૫,૦૦,૦૦૦ તેમજ ૩ મોબાઇલ ફોનની ૬૫,૦૦૦ ગણી કુલ ૭,૨૦,૬૩૫નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. આરોપી મનીષ પરબત હેરમા (રહે. એલ. પી. પાર્ક, શેરી નંબર ૨, કુવાડવા રોડ રાજકોટ જે આઈસર માલિક છે તેની અને કલ્પેશ ઘનુ દેવભડિંગજી (રહે. બેડી પરા, ગંગેશ્વર રોડ, રાજકોટ)ની ધરપકડ કરાઈ હતી. બી. ડિવિઝન પોલીસ મથકે ગુનો દાખલ કરી જથ્થો ભરી આપનાર મહારાષ્ટ્રના શખ્સની શોધખોળ હાથ ધરાઈ હતી.

## રાજકોટમાં જ બીજો દરોડો પાડી આઈસર ટ્રકના ચોર ખાનામાં છુપાવેલ દારૂની ૧૦૨ બોટલ જપ્ત કરી બે આરોપીની ધરપકડ કરી

## લજાઈ જીઆઈડીસીના ગોડાઉનમાંથી ૨૧૪૭ બોટલ દારૂ મળ્યો : બે રાજસ્થાની શખ્સ સામે ગુનો દાખલ

### મહિના પહેલા જ ગોડાઉન ભાડે રાખ્યું હતું, લજાઈના પરમાર અટક ધારી વ્યક્તિની શોધખોળ

**(જીજ્ઞેશ ભટ્ટ)** મોરબી, તા.૨૪

ટંકારાના લજાઈ નજીક ભરડીયા રોડે આવેલ ગોડાઉનમાં એસ.એમ.સી.ની ટીમે રેડ કરતા સ્થળ ઉપરથી દારૂની ૧૮૦ પેટી મળી આવેલ હતી જેથી કરીને ૧૧.૮૧ લાખનો દારૂ કબજે કરી ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગોડાઉન ભાડે રાખનાર રાજસ્થાની શખ્સ અને માલ મોકલાવનાર આમ બે શખ્સો સામે ગુનો નોંધાતા પોલીસે આરોપીને પકડવા માટે ચક્રોગતિમાન કરેલ છે.

જાણવા મળતી માહિતિ મુજબ મોરબી જીલ્લામાં એક પછી એક સફળ રેડ એસએમસીની ટિમ કરી રહી છે જેથી સ્થાનિક પોલીસ અને એલસીબી તેમજ એસઓજીની કામગીરી સામે સવાલો ઊઠે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. તેવામાં





ગઇકાલે મોડી સાંજના સમયે ટંકારા તાલુકાના લજાઈ ગામની સીમમાં ભરડીયા રોડે આવેલ સંકલ્પ ગોડાઉનની સામેના ભાગમાં આવેલા ગોડાઉનમાં દારૂની રેડ એસ.એમ.સી.ના પીએસઆઈ એસ.આર.શર્મા અને તેની ટિમ દ્વારા કરવામાં આવી હતી ત્યારે સ્થળ ઉપરથી દારૂની ૨૧૪૭ બોટલ કબજે કરી હતી અને ૧૧,૮૧,૪૧૪ નો દારૂનો જથ્થો ગોડાઉનમાંથી મળી આવેલ હતો. આ બનાવમાં હાલમાં ગોડાઉન ભાડે રાખનાર અને માલ મંગાવનાર રાજસ્થાનની કમલેશકુમાર હનુમાનરામ નામના શખ્સની સામે તેમજ આ દારૂનો જથ્થો મોકલનાર સામે હાલમાં ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધીને પોલીસે તપાસ શરૂ કરી છે.મહિના પહેલા જ ગોડાઉન ભાડે રાખ્યું હતું. જેમાં લજાઈના પરમાર અટક ધારી વ્યક્તિની શોધખોળ હાથ ધરાઈ છે.

# સૌરાષ્ટ્રની સ્થાનિક પોલીસે બુટલેગરો સામે લાજ કાઢીઃ SMC જ સપાટો બોલાવે છે

**કરોડો રૂપિયાનો દારૂ-બિયરનો જથ્થો રાજ્યની સરહદેથી પ્રવેશ કરી સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારમાં પહોંચી જાય ત્યાં સુધી પોલીસ ઊંઘતી જ રહે છે અને દારૂની રેલમછેલ થાય છે**

**જ્યારે ડીજીપી વિકાસ સહાયના સીધા માર્ગદર્શન હેઠળ સ્ટેટ મોનિટરીંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાય અને ટીમ રાજ્યભરના બુટલેગરોને ખૂણે ખૂણેથી પકડી રહ્યા છે**

**છેલ્લા ૧૫ દિવસમાં રાજકોટ સહિત રાજ્યભરમાં ૨૪ દરોડા પાડી કરોડો રૂપિયાનો દારૂ-બિયર, હથિયાર, ડુપ્લીકેટ ઘી, ખનન સહિતના ગેરકાયદેસર ધંધાનો પર્દાફાશ કર્યો**

રાજકોટ. તા.૨૪

ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી છે, છતાં પીવાય છે વધુ અહીં, તે એક વાસ્તવિકતા છે કેમ કે, રાજ્ય પોલીસ વડાના સીધા માર્ગદર્શન હેઠળ ચાલતી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સપાટો બોલાવ્યો છે. જેમાં એક જ રાતમાં મોરબી રાજકોટ, આટકોટમાં દરોડા પાડી લાખો રૂપિયાનો દારૂ પકડી પાડતાં ખળભળાટ મચી ગયો હતો. જે જોતા સ્થાનિક પોલીસ આરામ ફરમાવી રહી હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. રાજકોટ સહિત ગુજરાતભરની







સ્થાનિક પોલીસે બુટલેગરો સામે લાજ કાઢી હોય તેમ બેફામ દારૂનો વેપલો થઈ રહ્યો છે. ત્યારે ડીઆઈજી નિર્લિપ્ત રાય અને ટીમે રાજ્યભરમાં ઘોંસ બોલાવી અનેક બુટલેગરોને પકડી દારૂની મોટી ચેનલનો પર્દાફાશ કર્યો છે.રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા સહિતના શહેરોમાં ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, પીસીબી, સ્થાનિક પોલીસ સાહિતનું ભારેખમ મહેકમ સહિતની શક્તિશાળી ટીમ ગૃહ વિભાગે ફાળવી છે. ત્યારે સૌથી વધું દારૂ પણ ગુજરાતમાં જ પહોંચે છે અને સ્થાનિક પોલીસની રહેમરાહ નીચે અથવા બુટલેગરો સામે લાજ કાઢી હોય તેમ બેફામ દારૂનું વેંચાણ થાય છે અને પીવાય છે. જે કામગીરી ૧૦૦ ટકા શંકા ઉપજાવી તેવી છે.

જે જોતા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ તેમના સીધા માર્ગદર્શન હેઠળ સ્ટેટ મોનીટરીંગ સેલની રચના કરી અને તેના કર્તાહર્તા તરીકે ડીઆઈજી નિર્લિપ્ત રાયની નિમણુંક કરવામાં આવી હતી. નિર્લિપ્ત રાય એક બાહોસ પોલીસ અધિકારીની છાપ ધરાવે છે. તેમની નીચે ડીવાયએસપી કે.ટી.કામળિયા અને ચૂંનદા પીઆઈ, પીએસઆઇની ટીમ રાત-દિવસ એક કરી રાજ્યભરમાં બાતમીદારો ઊભાં કરી જીવન જોખમે દરોડા પાડી દારૂ-બિયર, હથિયાર સહિતના ગેરકાયદેસર ધંધાનો પર્દાફાશ કરી આરોપીઓને પકડી રહી છે.સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે છેલ્લા ૧૫ દિવસમાં ૨૪ થી વધું દરોડા પાડ્યા છે. જેમાં રાજકોટ શહેર, ગ્રામ્ય વિસ્તાર તેમજ અમદાવાદ, સુરત, વડોદરા, મહીસાગર સહિતના રાજ્યભરના વિસ્તારોમાં ઘોંસ બોલાવી કરોડો રૂપીયાનો દારૂ-બિયર પકડી પાડ્યો છે. સાથે સાથે ડુપ્લીકેટ ઘી બનાવતી ફેક્ટરી, હથિયાર, ગેરકાયદેસર ખનન સહિતના ગેરકાયદેસર ધંધાનો પર્દાફાશ કરી કાર્યવાહી કરી છે. જ્યારે સ્થાનિક પોલીસની સામે જ ધમધમતા દારૂના પીઠા, વિદેશી દારૂના બાર, બેરોકટોક ખનન, જુગારના અડ્ડા સામે કેમ કાર્યવાહી કરતી નથી અને સ્ટેટ વિજિલન્સની ટીમને કાર્યવાહી કરવી પડી રહી છે.

### સ્થાનિક પોલીસ પાસે પણ બાતમીદારો, મોબાઈલ ટ્રેસની વ્યવસ્થા છે, છતાં કેમ સ્ટેટની ટીમને કાર્યવાહી કરવી પડે ?

રાજકોટ. તા.૨૪

રાજ્યભરમાં દારૂના ધંધા બેફામ ફુલ્યા છે અનેક જગ્યાએ દારૂ વેંચાય છે, તેના વિડીયો રૂપી પુરાવા મળી રહ્યાં છે. છતાં સ્થાનિક પોલીસ કેમ ચુપચાપ બધું ચાલવા દે છે, સ્થાનિક પોલીસ પાસે પણ મજબૂત બાતમીદારો, મોબાઈલ ટ્રેસની તમામ વ્યવસ્થા સરકારે આપી છે, છતાં કેમ તેઓ ઊંઘમાં રહે છે અને બુટલેગરો બેફામ બની દારૂના ધંધા વિકસાવે છે અને સ્ટેટની ટીમને કાર્યવાહી કરવી પડે છે. શું સ્થાનિક પોલીસ વહીવટી કળામાં જ પાવરધી હોય તેવું ચિત્ર પણ સામે આવી રહ્યું છે.

## સ્કુલ

(પહેલા પાનાનું ચાલું)

સ્કુલના પ્રિન્સીપાલે વહેલી સવારે મેલ ચેક કરતાં ધમકીભર્યો સંદેશો માલુમ પડયો હતો જેને પગલે તાત્કાલીક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયરબ્રિગેડ, બોંબ સ્કવોડ, ડોગ સ્કવોડ, સસહિતના કાફલાને સ્કુલ પર ખડકી દેવામાં આવ્યો હતો. સ્કુલ બીલ્ડીંગ ઉપરાંત સ્કુલ બસ વગેરેનું પણ ચેકીંગ કરાયું હતું જોકે કોઈ શંકાસ્પદ કે વાંધાજનક મળ્યુ ન હતું.

બોંબની ધમકીને પગલે સ્કુલમાં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો.

## ટ્રમ્પ

(પહેલા પાનાનું ચાલું)

અમેરિકી નાગરિક બની બાદમાં તેઓ યુવાન થતા તેમના માતા-પિતાને સ્પોન્સર કરી કાયમી રીતે તેમાં અમેરિકાએ વસવાટનો હકક બનાવી લેતા હતા. ટ્રમ્પના આ પ્રસ્તાવિત કાનૂન સામે અમેરિકાના ૨૨થી વધુ રાજયોમાં વિરોધ થયો અને કાનૂની લડાઈ શરૂ થઈ હતી તે સાથે જ સીએટલમાં સીપબ્લીકન પાર્ટીએજ નિયુક્ત કરેલા ડીસ્ટ્રીક્ટ ફેડરલ જજ જહોન કોધનોર ડેમોક્રેટીક પક્ષના શાસનના રાજયો વોશિંગ્ટન, એરીઝોના, ઈલીનોઈસ અને ઓરેગોનની અરજી પરથી આ પ્રસ્તાવિત કાનૂનના અમલ સામે 'સ્ટે' મુકી દીધો છે તો તેના પર પ્રત્યાઘાત આપતા પ્રમુખ ટ્રમ્પે તે આદેશને પડકારશે તેવી જાહેરાત કરી છે. જસ્ટીસ જહોને તેવો પ્રશ્ન ઉઠાવ્યો હતો કે સરકારી ધારાશાસ્ત્રી આ આદેશને કઈ રીતે બંધારણીય ગણાવે છે તે હું સમજી શકતો નથી. મારા મગજમાં દ્વિધા છે. આ તદન ગેરબંધારણીય આદેશ છે. ૮૪ વર્ષના આ જજની નિયુક્તિ તત્કાલીન અમેરિકી પ્રમુખ રોનાલ્ડ રીગન શાસને કરી હતી. જો કે સરકારી ધારાશાસ્ત્રીએ કહ્યું કે ફકત ૧૪ દિવસનો આ 'સ્ટે' જો કે એક વખત પ્રમુખનો આદેશ લાગુ થયા બાદ ટકશે કે કેમ તે પણ અનિશ્ચિતતા છે.

## ૮૩૦૦૦

(છેલ્લા પાનાનું ચાલું)

ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દરે પ્રભાવશાળી વળતર આપ્યું છે. આશા છે કે નફાનો આ ટ્રેન્ડ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.

ભારતમાં સોનાના ભાવમાં વધારો તહેવારો અને લગ્નની સિઝનને કારણે પણ થાય છે. દેશમાં તેની કિંમતમાં પરિવહન ખર્ચ, સ્થાનિક કર અને અન્ય ખર્ચનો પણ સમાવેશ થાય છે. આ સિવાય ઉચ્ચ આયાત જકાત અને GST છે. સ્થાનિક બુલિયન એસોસિએશન પણ સોનાની કિંમત નક્કી કરે છે. કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. જો જોવામાં આવે તો ભારતમાં સોનું ખરીદવું વધુ મોંઘું છે, જ્યારે અમેરિકામાં તે પ્રમાણમાં સસ્તું છે. ડોલર અને રૂપિયાના વિનિમય દરો અને ખરીદ શક્તિમાં તફાવતને કારણે આવું થાય છે.

**ઉછાળાનું કારણ**

એચડીએફસી સિક્યોરિટીઝના કોમોડિટી એન્ડ કરન્સીના વાઇસ પ્રેસિડેન્ટ અનુજ ગુપ્તાના જણાવ્યા અનુસાર સોનાના ભાવમાં વધારો વિદેશી બજારમાં તેજીના વલણ અને રૂપિયાના મૂલ્યમાં ઘટાડાને કારણે છે. ગયા વર્ષની જેમ, યુએસ ફેડની અનિશ્ચિત નાણાકીય નીતિ, યુદ્ધના તણાવ અને કેન્દ્રીય બેંકો દ્વારા ખરીદી જેવા કારણો આ વર્ષે પણ સોનાના ભાવમાં વધારો કરી રહ્યા છે. ટ્રમ્પની વેપાર નીતિ અનિશ્ચિતતાના કારણે રોકાણકારો સોનામાં રોકાણ કરી રહ્યા છે.

## નિર્મલા સિતારામન

(પહેલા પાનાનું ચાલું)

સુવિધાઓ આપવામાં આવે છે. બજેટ પ્રિન્ટીંગ પણ નાણાં મંત્રાલયના નોર્થ બ્લોકમાં ખાસ પ્રિન્ટીંગ પ્રેસમાં છાપવામાં આવે છે અને બાદમાં તેની નકલો સૌ પ્રથમ સંસદ ભવનમાં પહોંચે છે. નાણાં મંત્રી નિર્મલા સિતારામને તમામ અધિકારીઓને હલવાનો સ્વાદ ચખાડીયો હતો અને તે સાથે બજેટ શુભેચ્છાઓ પણ આપી હતી.

## સોના

(છેલ્લા પાનાનું ચાલું)

ઝવેરીઓએ એમ કહ્યું કે ડીમાંડ-સપ્લાયનું એક કારણ છે તે સિવાય પરિવહન ભાડામાં તફાવતને કારણે પણ જુદા-જુદા શહેરોમાં ભાવમાં ફર્ક હોય છે. ઝવેરીઓએ કહ્યું કે આંતરિક વિવાદ તથા જુદા-જુદા ભાવોને એક સમાન કરવાના ઉદેશ સાથે આ વ્યૂહ નક્કી કરવામાં આવ્યો છે. એક દેશ, એક ભાવની નીતિ અંતર્ગત આ પહેલ કરવામાં આવી છે. તૂર્તમાં તે વિશે નિર્ણય લેવામાં આવશે. આ કદમથી સોનાના કારોબારમાં પારદર્શિતા આવશે.

## માર્કેટીંગયાર્ડ

(છેલ્લા પાનાનું ચાલું)

લાયસન્સ માટે નોટીસ અપાઇ છે. આ પેઢીમાં (૧) તિરૂપતિ બાલાજી ચીકી (૨)ગુરૂદેવ ચીકી (૩)બાલાજી ચાઇનીઝ પંજાબી (૪)મહાકાળી પાણીપુરીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત (૫)ભારત પ્રોવિઝન સ્ટોર (૬)શ્રીરામ ચીકી (૭)ન્યુ ડાયમંડ શીંગ (૮)ભગવતી ફરસાણ (૦૯)ત્રિલોક ખમણ (૧૦)ગાયત્રી ખમણ (૧૧)ઝેફ્સ ટી (૧૨)લીંબુ સોડા (૧૩)મુરલીધર ડીલક્સ (૧૪)શ્રીરામ ડેરી ફાર્મમાં તપાસ કરવામાં આવી હતી.

## ચિંતાજનક ટ્રેન્ડ

(છેલ્લા પાનાનું ચાલું)

માટે પ્રોત્સાહન આપવામાં આવતું નથી. સ્કુલોની સરેરાશ પરીણામ સારૂ આવે તે માટે સંચાલકોની આપી સ્ટ્રેટેજી હોય છે.

શિક્ષકોએ પણ એવો સુર દર્શાવ્યો હતો કે મેથ્સ વિશે વિદ્યાર્થીઓમાં ડર દુર કરવાની ખાસ જરૂર છે. મેથ્સ ફેબિયા દુર ન થવાના સંજોગોમાં એન્જનીયરીંગ સહીતનાં ક્ષેત્રોનાં ઉચ્ચ અભ્યાસક્રમો પ્રભાવીત થઈ શકે છે.વાસ્તવમાં મેથ્સ સૌથી સરળ અને સ્કોરીંગ વિષય છે. જેમાં વિદ્યાર્થીને પુરેપુરા માર્કસ મળી શકે છે.

આગળના અભ્યાસ માટે વિજ્ઞાન પ્રવાહમાં જવુ ન હોય તો બેઝીક મેથ્સ યોગ્ય છે. મેથ્સ ભણાવવાની ટેકનીકમાં જ બદલાવની જરૂર છે.વિદ્યાર્થીઓમાં રસ-રૂચી કેળવાય તેવી રીતે મેથ્સ ભણાવવાની જરૂર છે.

## ડ્રગ્સ

(પહેલા પાનાનું ચાલું)

૧૦૦ કિલોથી વધુનો જથ્થો મળ્યો છે તેની કિંમત ૧૦૦ કરોડથી વધુ થવા જાય છે.

પ્રાથમીક માહીતી પ્રમાણે ત્રણ મહિના પુર્વે જ ત્રણ ભાગીદારોએ કંપની શરૂ કરી હતી. અટકાયતમાં લેવાયેલા પાંચેય શખ્સોને અમદાવાદ લાવવામાં આવ્યા છે. તેઓની પુછપરછમાં અનેક ચોંકાવનારા ખુલાસા થવાની આશંકા છે.

ગુજરાતમાં વારંવાર મોટી માત્રામાં ડ્રગ્સ પકડાતુ રહ્યું છે. ગત કેલેન્ડર વર્ષ ૨૦૨૪ માં ૭૩૦૦ થી વધુ કિંમતનો ડ્રગ્સનો જથ્થો પકડાયો હતો.સુરક્ષા એજન્સીઓ દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે ગુજરાત ડ્રગ્સનું ટ્રાન્ઝીટ પોઈન્ટ છે અને ડ્રગ્સ બીજા રાજયોમાં જ ઘુસાડવામાં આવતુ હોય છે.

# ફાયનાન્સ પેઢી સાથે મળી પિતરાઈ ભાઈએ ગદારી કરી, ખોટી સહીઓ કરી રૂ.૪૦ લાખની લોન લઈ લીધી

### શ્રી પાવડર કોટીંગ પેઢીના સંચાલક ભરત બોરડે અગાઉ ભાગીદાર બ્રીન્દાબેન પટેલની ખોટી સહીઓ, અન્ય મકાનના ફોટા મૂકી કળા કરી, મોર્ગેજ કરનાર ફાયનાન્સ પેઢી પણ શંકાના દાયરામાંઃ પોલીસે તપાસ આદરી

રાજકોટ. તા.૨૪

સ્વામીનારાયણ ચોક પી.ડી.એમ. કોલેજ પાછળ રહેતાં બ્રિન્દાબેન પટેલ નામની મહિલા સાથે તેના પિતરાઈ ભાઈએ ફાયનાન્સ પેઢી સાથે મળી ખોટી સહીઓ કરી રૂ.૪૦ લાખની લોન લઈ છેતરપીંડી આચરતાં યુની. પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે સ્વામીનારાયણ ચોક પી.ડી.એમ. કોલેજ પાછળ રહેતાં બ્રિન્દાબેન નીરજભાઈ પટેલ (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે અમિત મનહર બોરડનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ઘરેથી જ સર્વીસ પ્રોવાઇડરનુ કામ કરે છે. તેમના પતિ ચારેક વર્ષથી આફ્રીકાના ઝામ્બીયા દેશમાં નોકરી કરે છે. તેઓએ વર્ષ ૨૦૧૭ માં પિતરાય ભાઈ અમીત બોરડ જે ઘરની ઉપર બીજા માળે ભાડે રહેતા હતા તેની સાથે મળી ભગીદારીમાં શ્રી પાવડર કોટીંગ નામની પેઢી ગોડલ રોડ ઉપર શરૂ કરેલ હતી. જેમા લોખંડના પાર્ટને કલર કરવાનુ જોબ વર્ક કરતા અને ભાગીદારી પેઢીના ડીડમાં તેણીનું માત્ર નામ રાખેલ હતુ, પરંતુ વહીવટ તેણીના પતિ નિરજભાઈ પટેલ અને અમીત બોરડ કરતા હતા.

જે પેઢી આહીર ચોકમા અટીકા વિસ્તારમાં ભાડે રાખેલ હતી. છેલ્લે વિરાણી અધાટ પ્લોટ ૧૦૭ મોની એસ્ટેટની બાજુમા પેઢી ચાલતી હતી. તેણીના પતિ ચારેક વર્ષથી આફ્રિકા જતા રહેલ અને તેમનો પુત્ર ધો.૧૨ માં અભ્યાસ કરતો હોય જેથી તેણી ભાગીદારી પેઢીમા ધ્યાન આપી શકતી ન હોય જેથી પેઢીમાથી છુટુ થવાનુ નક્કી કરેલ અને તા.૪/૪/૨૦૨૪ ના અમીતને ભાગીદારી પેઢીમાથી છુટા થવાની નોટીશ આપેલ અને બીજા દિવસે સી.એ.સર્ટીફીકિટ સાથે હિસાબ આપેલ જે તેણીના હિસાબ પ્રમાણે મારે રૂ.૭,૧૮,૨૧૯ લેવાના બાકી નિકળતા હતા. તા.૦૭/૦૫/૨૦૨૪ ના ભાગીદારી પેઢીમાથી તેઓ છુટા થઇ ગયેલ હતા.ત્યારબાદ ડીસેમ્બર-૨૦૨૪ માં પોસ્ટ મારફતે ઘરના સરનામે કલકતા જ્યુડી. મેજીસ્ટ્રેટ તરફથી બે નોટીસ આવેલ હતી. જેમા તા.૨૩/૧૨/૨૦૨૪ ના કોર્ટમા હાજર રહેવા જણાવેલ જેથી તે બાબતે અમીત બોરડને પુછતા કહેલ કે, મે મારી દુકાન ઉપર મોર્ગેજ લોન લીધેલ છે તેવી મને વાત કરેલ હતી.જેથી મીન્ટીફી ફિનસર્વ નામની ફાઇનાન્સ કંપનીમા જઈ મેનેજરને પુછપરછ કરતા તેને લોનના ડોક્યુમેન્ટ બતાવેલ જેમા તેણીની સહીઓ હતી. મેનેજરને કહેલ કે, આ સહી મે કરેલ નથી ત્યારે મેનેજરે કહેલ કે, તમારા ભાઇ અમીત બોરડ સહી કરીને ડોક્યુમેંટ આપી ગયેલ છે અને ૪૦ લાખની મોર્ગેજ લોન લીધેલ છે. તેણીએ કહેલ કે, આ ડોક્યુમેન્ટમાં સહી તેણીએ કરેલ નથી. તેમજ તેણીના રેસીડેન્ટનો ફોટો પાડેલ હતો તે તેણીના ઘરનો નહી પરંતુ બે શેરી આગળનો કોઇના ઘરનો ફોટો પાડીને લોન ડોક્યુમેન્ટમા રાખેલ હોય તેવુ જણાયેલ હતુ. ઉપરાંત ફરિયાદીએ જણાવ્યું હતું કે, આ છેતરપીંડીના બનાવમાં ફાયનાન્સ પેઢીની પણ સંડોવણી હોવાની શંકા વ્યક્ત કરી છે, કેમ કે, તેમની હાજરી વિના ડમી ડોક્યુમેન્ટ પર તેઓ લોન કઈ રીતે આપી શકે તે પણ તપાસનો વિષય છે. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ભગવતીપરાના યુવકનું હાર્ટએટેકથી મોત

### મૃતક અખિલેશકુમાર સોલંકી કારખાનામાં મજુરી કામ કરતોઃ પરિવાર શોકમય

રાજકોટ તા.૨૪

શહેરનાં ભગવતી પરામાં વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષિય યુવકને હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. બનાવ પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ જય પ્રકાશ નગર શેરી નં- ૧૬/૧૭ ના ખૂણે ભગવતી પરામાં રહેતાં અખિલેશકુમાર રામચંદ્રકુંવર સોલંકી (ઉ.વ.૩૫) નામનો યુવક આજે સવારનાં પોતાનાં ઘરે હતો ત્યારે હાર્ટ એટેક આવતાં બેભાન થઈ જતાં તાકિદે યુવકને સારવાર અર્થે રાજકોટ



સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યો હતો. મૃત્યુ પામનાર યુવક કારખાનામાં કામ કરતો હતો.તે અપરણિત હતો. અને તે બે ભાઈમાં નાનો હોવાનું મૃતકના પરિવારજને જણાવ્યું હતું.

## અવસાન નોંધ

**રાજકોટ** : રાજકોટ નિવાસી સ્વ. જિતેન્દ્રભાઈ રજનીકાંતભાઈ કિકાણી (નિવૃત્ત કર્મચારી - બેન્ક ઑફ બરોડા) ઉંમર વર્ષ ૭૦, સદ્દગતની પ્રાર્થનાસભા તા. ૨૫-૧ શનિવારના રોજ સાંજે ૫ થી ૬, શ્રી વડનગરા નાગર બોર્ડિંગ, વિરાણી ચોક, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. (મો. નં.૯૮૨૪૯ ૪૯૬૦૬ ૯૪૦૮૩ ૯૨૫૭૬)

**કુલ બજેટમાંથી ૨૦૦ કરોડ જેટલી રકમ પગાર સહિતના મહેકમ-વહીવટી ખર્ચમાં જાય છે : અંગ્રેજી માધ્યમની શાળાઓ ઉપર પણ ફોકસ**

# શિક્ષણ સમિતિની શાળાઓમાં જ ધો.૮-૯ શરૂ કરવા વિચાર : નવા વિસ્તારોમાં નવી પ્રા.શાળા

## મનપા સમિતિનું ૨૦૨૫-૨૬નું ૨૦૨.૧૬ કરોડનું બજેટ રજૂ કરતા ચેરમેન વિક્રમ પુજારા : સર્વાનુમતે મંજૂર : સ્માર્ટ કલાસ, સોફટવેર, કોમ્પ્યુટર શિક્ષણ સહિતની જોગવાઇઓ

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની બોર્ડ બેઠકમાં સને ૨૦૨૫-૨૬નું ૨૦૨ કરોડ, ૧૬ લાખનું બજેટ રજુ કરવામાં આવતા બજેટ સર્વાનમુતે મંજુર કરવામાં આવેલ છે. જોકે કુલ બજેટમાં ૨૦૦ કરોડ જેટલો ખર્ચ શિક્ષકોના પગાર સહિતના મહેકમ અને વહીવટી ખર્ચનો હોય છે તેમ ઉલ્લેખનીય છે. છતાં ચેરમેન વિક્રમભાઇ પુજારાએ મુંજકા, માધાપર, કોઠારીયા સહિતના વિસ્તારમાં નવી શાળા નિર્માણ કરવાની જાહેરાત કરી છે. તો ધો.૮ બાદ આ જ શાળામાં ધો.૯ અને



૧૦ના વર્ગો શરૂ કરવા પણ સમિતિએ ઇરાદો જાહેર કર્યો હતો.

બજેટ રજુ કરતા ચેરમેન વિક્રમ પુજારા અને વાઇસ ચેરમેન ડો. પ્રવિણભાઇ નિમાવત, વધુમાં જણાવેલ છે કે જરૂરીયાત મુજબના વિસ્તારમાં નવી શાળા નિર્માણ કરાશે અને જે શાળાઓમાં જરૂરીયાત હશે તે મુજબના નવા વર્ગખંડો બાંધકામ કરવામાં આવશે જેનાથી આસપાસ રહેતા લોકોને શ્રેષ્ઠ શિક્ષણ સુવિધા મળી રહેશે. નવા વિસ્તારની મુંજકા-માધાપરની શાળાઓ શિક્ષણ સમિતિમાં ભળતા તેમને આધુનિક ભૌતિક સુવિધાઓથી સજજ કરવી અને ધો. ૮ સુધીનું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ધો.૯ અને ૧૦ના વર્ગોની શિક્ષણ સમિતિમાં જ શરૂઆત કરવા અંગેની ચર્ચા-વિચારણા કરવામાં આવેલ છે. તેનાથી શાળા છોડી જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં (ડ્રોપઆઉટ) ઘટાડો થવાની પણ આશા છે.

આજરોજ રજુ કરાયેલ બજેટમાં શૈક્ષણિક સેમિનાર, રાજયકક્ષા-રાષ્ટ્રીયકક્ષાના કાર્યક્રમની ઉજવણી, ગણીત-વિજ્ઞાન પ્રદર્શન, વાર્ષિક રમોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમ, વાલી સંમેલનો, શાળામાં સ્માર્ટ કલાસની સુવિધા, સોફટવેર ખરીદી તથા ગુરૂવંદના એવોર્ડ, તેજસ્વી વિદ્યાર્થી સન્માન, નિવૃત શિક્ષક સન્માન કાર્યક્રમો સાથે શાળા વિકાસ માટેની જોગવાઇ રાખવામાં આવેલ છે. ધોરણ-૧ થી ૮ની તમામ પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર સુવિધા સાથે તેના અપગ્રેડ, મેન્ટેનન્સ અને કોમ્પ્યુટર તાલીમાર્થીઓ મારફત શિક્ષણ, અંગ્રેજી માધ્યમની શાળાઓનાં જાળવણી ખર્ચની જોગવાઇ




કરવામાં આવેલ છે.

ઉપરાંત વર્ષ-૨૦૨૫માં આવતી શાળાની જાહેર-સ્થાનિક રજા મંજુર કરવામાં આવેલ છે. આ દરખાસ્તો ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ હતી.

બજેટ મીટીંગમાં શિક્ષણ સમિતિ શાસનાધિકારી કિરીટસિંહ પરમાર, સદસ્ય સંગીતાબેન છાયા, અજયભાઇ પરમાર, જાગૃતિબેન ભાણવડીયા, મનસુખભાઇ વેકરીયા, રસીકભાઇ બદ્રકીયા, વિક્રમસિંહ જાડેજા, વિરમભાઇ સાંબડ, હિતેશભાઇ રાવલ, જયદીપભાઇ જલુ, ઇશ્વરભાઇ જીતિયા, જગદીશભાઇ ભોજાણી, સુરેશભાઇ રાધવાણી, રાજેશભાઇ માંડલીયાએ હાજર રહી બજેટ ચર્ચામાં ભાગ લીધેલ હતો.

# ચૂંટણી ઈફેક્ટઃ સરકારી શિક્ષકોની બદલી અને રજાઓ સ્થગિત

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીની આચારસંહિતાની કડક અમલવારી શરૂ



રાજકોટ, તા.૨૪

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી જાહેર થતાની સાથે આચાર સંહિતાની અમલવારી ચુસ્તપણે શરૂ કરી દેવામાં આવી છે.

તેની સાથે સાથે સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની બદલી અને રજા સ્થગિત કરી દેવામાં આવેલ છે.

કેમ્પો પણ યોજી શકાશે નહીં આ બાબતે રાજ્યભરના તમામ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણાધિકારીઓને રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સુચના આપી પરિપત્ર ઇસ્યુ કરી દેવામાં આવેલ છે.

રાજ્યની ૬૬ નગરપાલિકાની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા કમરકસી દેવામાં આવી છે. જેમાં તા.૧૬ ફેબ્રુઆરીના પાલિકાની ચૂંટણીનું મતદાન થનાર છે. આ માટે આદર્શ આચાર સંહિતા લાગુ થવાની સાથે એકશન પ્લાન જાહેર કરી દેવામાં આવેલ છે. જેની સાથોસાથો દવે સરકારી શિક્ષકોની બદલી પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે. આ ચૂંટણીમાં શિક્ષકોની પણ સેવાઓ લેવામાં આવનાર છે.

# સુરતમાં બુરખો પહેરી તસ્કર દુકાનમાં ઘુસ્યો અને માફી માંગતી ચિઠ્ઠી પણ લખી !

સુરત,તા.૨૪

સુરતમાં રોજે રોજ ચોરીના બનાવો સામે આવી રહ્યાં છે. ત્યારે ઉધના વિસ્તારમાં આવેલી દુકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો છે. બુરખો પહેરીને દુકાનમાં ચોરી કરવા આવેલા તસ્કરે ૧૧.૮૫ લાખની રોકડ ચોરી થઈ હતી. આરોપીઓએ ચોરી માટે નવી મોડસ ઓપરેન્ડી અપનાવી હતી. આરોપી બુરખામાં ચોરી કરવા આવ્યો હતો. ચોરી કર્યા બાદ ભગવાન પાસે માફી પણ માંગી હતી. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. ચોરી બાદ એક ચિઠ્ઠી પણ છોડી ગયો હતો. ઉધના પોલીસે બે આરોપીને ઝડપી પાડ્યા છે. આરોપીઓ વિરુદ્ધ ૭૦ ગુનાઓ અગાઉ નોંધાય ચૂક્યા છે.

# માધાપર, કોઠારીયામાં કારખાના સહિત ૧૦ મિલ્કત સીલ

## બાકીવેરા માટે સત્યસાંઇ અને યુનિ. રોડના ત્રણ ઘરના નળ જોડાણ પણ કાપી નંખાતા ચેક જમા : ગાયત્રીનગરમાં બે દુકાનોને પણ તાળા મરાયા

રાજકોટ, તા. ૨૪

મનપાની વેરા વસુલાત શાખા દ્વારા ચાલતી રીકવરી અને બાકીદારોની મિલ્કત સીલ કરવાની ઝુંબેશમાં આજે માધાપર, સમ્રાટ, કોઠારીયા રોડના જુદા જુદા ઔદ્યોગિક વિસ્તારોમાં કારખાના સહિતની વધુ ૧૦ મિલ્કતો સીલ કરવામાં આવી હતી. તો કાલાવડ અને યુનિ. રોડ પર રહેણાંક વિસ્તારમાં બાકીદારોના નળ કનેકશન કાપવામાં આવતા દોડધામ થઇ હતી.

રીકવરી ટીમ દ્વારા વોર્ડ નં.૩માં ગાંધી સોસાયટી સામે માધાપર ઇન્ડ. એરીયામાં એક મિલ્કત સીલ કરાઇ હતી તો બીજી મિલ્કતમાંથી ૧૦.૮૦ લાખની રીકવરી થઇ હતી. વોર્ડ નં.૪ના ઉત્સવ પાર્ક અને વોર્ડ નં.૫ના રણછોડનગર સોસાયટીના ફલેટમાં સીલની કાર્યવાહી કરતા ચેક જમા થયા હતા. કુવાડવા રોડ જકાતનાકાની બાજુમાં એક મિલ્કતને તાળા મારવામા આવ્યા હતા.

ન્યુ રાજકોટમાં વોર્ડ નં.૧૦માં





સત્યસાંઇ હોસ્પિટલ રોડ બાજુમાં આસોપાલવ ઘર નં.૯૧, ૯૨માં નળ જોડાણ કાપતા વેરાના ચેક ઘર માલિકોએ આપી દીધા હતા. યુનિ. રોડના શકિતનગરમાં આવેલ શગુન એપાર્ટમેન્ટમાં પ્રથમ માળે નળ કનેકશન કાપી નાખવામાં આવ્યું હતું. વોર્ડ નં.૧૩ના ગોંડલ રોડ પર ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષમાં દુકાન, માલવિયાનગરમાં દોશી હોસ્પિટલ રોડ પર ગાયત્રી કોમ્પ્લેક્ષમાં ઓફિસ સીલ કરવામાં આવી હતી. સમ્રાટ ઇન્ડ., મણીનગર ઇન્ડ. એરીયામાં રીકવરી થઇ હતી.

વોર્ડ નં.૧૪માં ગાયત્રીનગર મેઇન રોડ પર મારૂતિનંદન કોમ્પ્લેક્ષમાં બાકી માંગણા બદલ બે દુકાનોને સીલ મારવામાં આવ્યા હતા. તો વોર્ડ નં.૧૪માં કોઠારીયા રોડના મારૂતિ ઇન્ડ. એરીયામાં, પરધામ ઇન્ડ. એરીયામાં બે યુનિટ સીલ કરાયા હતા. નેશનલ હાઇવે સહજાનંદ પાર્કમાં સૂચિત સોસાયટીમાં ખોડલ પ્લાસ્ટિકના પ્લોટ, મારૂતિ ઇન્ડ. એરીયામાં એક કારખાનાને સીલ મારવામાં આવ્યા હતા. તો વોર્ડ નં.૧૮માં કોઠારીયામાં રોલેક્ષ પાછળ વરૂણ ઇન્ડ. એરીયામાં ત્રણ કારખાનામાંથી ચેક જમા થયા હતા. બાબરીયા કોલોની પાછળ નવનીત ડેરી સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી થઇ હતી. આજે બે મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ અપાઇ હતી. આજના દિવસમાં ૨૯.૪૬ લાખની રીકવરી થઇ હતી અને ચાલુ નાણાકીય વર્ષની આજ સુધીની આવક ૩૪૩.૧૧ કરોડની આવક થઇ છે.

ડે.કમિશ્નર સી.કે.નંદાણી, આસી.કમિશ્નર સમીર ધડુક, મેનેજર વત્સલ પટેલ, સિધ્ધાર્થ પંડયા, મયુર ખીમસુરીયા સહિતની ટીમ દ્વારા આ સીલીંગ અને રીકવરી ઝુંબેશ ચાલી રહી છે.

# ખોડલધામ ટ્રસ્ટની યુવા પાંખને નવી ઓળખ મળીઃ લોગો પણ લોન્ચ

## ખોડલધામ યુવા સમિતિ KDYSથી ઓળખાશેઃ શહેરના કન્વીનર તરીકે વત્સલ પટેલ અને જિલ્લાના કન્વીનર તરીકે સતિષ શિંગાળાની નિમણુંક




રાજકોટ, તા.૨૪

ખોડલધામ ટ્રસ્ટની સેવાકિય પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થી સમિતિમાંથી સંગઠન કરનાર ટ્રસ્ટની યુવા પાંખને નવી ઓળખ આપવા માટે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઇ પટેલ દ્વારા આ યુવા પાંખને હવે ખોડલધામ યુવા સમિતિ નામ આપી આ નવી સમિતિનો લોગો પણ તેઓના હસ્તે લોંચ કરવામાં આવ્યો હતો. આ સમિતિ દ્વારા અનેકવિધ સેવાકિય પ્રવૃત્તિ કેડીવાયએસના માધ્યમથી કરવામાં આવશે.

આ કેડીવાયએસના સંગઠનને





વધુ મજબૂત બનાવવા રાજકોટ શહેર કન્વીનર તરીકે વત્સલ પટેલ અને જિલ્લાના કન્વીનર તરીકે સતિષ શિંગાળાની નિમણુક કરવામાં આવી છે. આગામી સમયમાં શહેરમાં વોર્ડ વાઇઝ વોર્ડ કન્વીનર-સહ કન્વીનરની નિમણુંક કરવામાં આવશે. જ્યારે જિલ્લાના અલગ-અલગ ગામોમાં કન્વીનર-સહ કન્વીનર, સોશ્યલ મીડિયા કન્વીનરની નિમણુંક કરવામાં આવશે.

ગુજરાતની કોર કમિટિમાં સાવન લુણાગરીયા અને પાર્થ ઠુંમરની નિમણુંક કરવામાં આવી છે. જ્યારે હોદેદારોમાં સંજય પટેલ, હાર્દિક સોરઠીયા, અખિલ સાકરીયા, વિરેન જસાણી, રિકેન માલાણી, જયદીપ ખુંટ, નરેન્દ્ર પટેલ, વરૂણ વઘાસીયા, હર્ષ વસોયા, મેહુલ ઢાંકેચા, ઉમંગ વઘાસીયા, નિખિલ સોરઠીયા, મૌલિક સખીયા, સાવન લુણાગરીયા, પાર્થ ઠુંમર, પ્રતિક કાછડીયા, પ્રેરણા સ્ત્રોત, સંજયભાઇ પાદરીયાની નિમણુંક થઇ છે. યુવા સમીતીમાં જોડાવવા માટે મો. ૭૪૦૫૪ ૬૯૨૩૯ સંપર્ક કરવો.

# KDYSનાં અર્થસભર લોગો લોન્ચ કરાયો

## લોગોમાં તિરંગા, સ્ટાર, પૃથ્વીનાં ચિત્રોનો સમાવેશ કરાયો

રાજકોટ,તા.૨૪

KDYS લોગાનું ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના હસ્તે લોંચ કરવામાં આવેલ છે. જેનો અર્થ જોતા ૧. બોર્ડર કેસરી કલર ની આપવામાં આવી છે, કેસરી કલર ઇન્ડીકેટ કરે છે હિંમત અને બલિદાન - KDYS દ્વારા દીધેલ કાર્ય અને હોદો ને હિંમત થી નીભાવિશું અને સંસ્થા પ્રત્યે ની જવાબદારી ખંતપૂર્વક નીભાવિશું.

૨. બેકગ્રાઉન્ડ માં મંદિર સૌથી ઊંચું રાખ્યું છે જે દર્શાવે છે માં ખોડલ ની સાક્ષીએ સંગઠન અને સેવા નું કાર્ય કરીશું અને સમાજ ને ઉચ્ચતમ શિખર સર કરાવીશું.

૩. પૃથ્વી મંદિર ની પાછળ છે એટલે સમગ્ર સૃષ્ટિ ને શોભે તેવું કાર્ય અને સેવા કરી , સમગ્ર સૃષ્ટિ અમારો પરિવાર છે સમજી સમાજ નિર્માણ થી રાષ્ટ્ર નિર્માણ ના સંકલ્પ સાકાર કરીશું .

૪. યુથ નો આઇકોન- આ યુવાન ને કેસરી કલર ની સાઈન થી પ્રસ્તુત કર્યો છે જે સેવા થી હેપીનેશ અને હિંમત બતાવે છે , સાથે બને હાથ ઊંચા રાખી કટિબદ્ધ કરે છે કે દેશ સેવા માં અને સમાજ સેવા મા અગ્રેસર રહી સત્કાર્ય કરવા નિમિત્ત બનીશું

૫- તિરંગા ના ત્રણ કલર દેશ ની આન બાન અને શાન સમા રાષ્ટ્ર ના પ્રેમ ને વ્યકત કરે છે- કેસરી કલર - બલિદાન , સફેદ કલર શાંતિ અને સત્ય નું પ્રતિનિધિત્વ કરે છે , લીલો કલર - શ્રદ્ધા અને પ્રગતિ નુ પ્રતીક તરીકે રાખવામાં આવ્યો છે,

૫. સ્ટાર - આ લોગો માં સ્ટાર બતાવ્યા છે જે કહે છે અમે પણ સ્ટાર કક્ષા નું કાર્ય કરી , સંગઠન માં રહી અમારા પોતાના ગુણો માં વધારો કરી અમારી પ્રગતિ ના લક્ષ્ય સેવિશું સાથે સમાજ ની પ્રગતિ તરફ આગેકૂચ કરીશું

૬ - બ્લુ કલર - વિશ્વાસ અને વિશ્વસનીયતા ને બતાવે છે ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલ કાર્ય અને સેવા ખંત થી અને પૂરેપૂરા વિશ્વાસ થી નીભવિશું.

# આજે રાત્રે મનપા દ્વારા હેમુ ગઢવી હોલમાં 'જાગો હિન્દુસ્તાની' કાર્યક્રમ

મહાપાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે દેશભકિતના ગીતોનો ભવ્ય સ્ટેજ શો 'જાગો હિન્દુસ્તાની' કાર્યક્રમ આજે શુક્રવારે રાત્રે ૯.૧૫ કલાકે હેમુ ગઢવી હોલ ખાતે યોજાશે. જેનું દીપ પ્રાગટય વકતા અને લેખક જય વસાવડાના હસ્તે કરવામાં આવશે. વાઘા બોર્ડર પર પણ યોજાયેલો કાર્યક્રમ રાજકોટમાં પણ ૩૬ કલાકારો રજૂ કરશે. અદ્યતન સાઉન્ડ અને શ્રેષ્ઠ કોરીયોગ્રાફી સાથે રાષ્ટ્રભાવના જાગૃત કરતા કાર્યક્રમમાં લોકોને આવવા મહાપાલિકાએ નિમંત્રણ આપ્યું છે.

# કાલે રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવાશેઃ કલેકટર કચેરી ખાતે શ્રેષ્ઠ BLO કેમ્પસ એમ્બેસેડર, નવા મતદારોનું થશે સન્માન

## યુવા મતદાર મહોત્સવના વિજેતા સ્પર્ધકોને રોકડ પુરસ્કારોથી નવાજાશે

રાજકોટ,તા.૨૪

૨૫ જાન્યુઆરી એટલે કે 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'.... મતદારોની શક્તિને અનેરી ઓળખ આપતા આ દિવસે રાજકોટ ખાતે યોજાનારા કાર્યક્રમ દ્વારા વિશિષ્ટ ઉજવણી કરવામાં આવશે. જેમાં નવા મતદાતા, ગત ચૂંટણી દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર બી.એલ.ઓ, કેમ્પસ એમ્બેસેડર અને યુવા મતદાર મહોત્સવ ૨૦૨૪ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવેલ શ્રેષ્ઠ કૃતિઓને સન્માનિત અને પુરસ્કૃત કરવામાં આવશે.

રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી અંતર્ગત રાજકોટ જિલ્લાના ત્રિનય પરાગભાઈ વોરા, ઋતુરાજ દેવરાજભાઈ નાંગલ, કોમલ જગદીશભાઈ જાદવ, વિરલભાઈ ડી.શીંગાડીયા, ગોપાલ હરેશભાઈ રોજાસરા અને ફોરમ કેતનભાઇ રામોલિયાને શ્રેષ્ઠ કેમ્પસ એમ્બેસેડર તરીકે સન્માનિત કરાશે. આ સાથે જ લોકસભા ૨૦૨૪ દરમિયાનમાં વિધાનસભા ૬૮ થી લઈ વિધાનસભા ૭૫ માં બુથ કક્ષાએ મતદારોની ઓળખ અને જરૂરી ફોર્મના વિતરણ તેમજ તે અંતર્ગત કરેલી શ્રેષ્ઠ કામગીરી અન્વયે ૨૪ બી.એલ.ઓને પણ સન્માનિત કરવામાં આવશે.

કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ યુવા મતદાર મહોત્સવ ૨૦૨૪ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ ૧૪ સ્પર્ધકોને પોસ્ટર ડિઝાઇન, ઈ-પોસ્ટર, વિડીયો સંદેશ જેવી કૃતિઓ માટે રોકડ પુરસ્કારથી નવાજવામાં આવશે. જેમાં સ્પર્ધકોને ૫૦૦ થી ૨૫૦૦ સુધીના પુરસ્કારો કેટેગરી વાઈઝ એનાયત કરવામાં આવશે. સાથે જ નવા મતદારો તરીકે જોડાયેલા વિવેક સોઢીયા, હરેશભાઈ ડાભી, મેહુલ ગોંઢા, દિશાબેન લોટીયા, તુષાર ગોંડલીયા, ધ્રુમિલ વાજા, હર્ષ મોલીયા, અરમાન કંડીયા અને ક્રિશ સગપરિયાને પણ જાગૃત અને યુવા મતદાતા તરીકે સન્માનિત કરી નવાજવામાં આવશે. જિલ્લા કલેકટર કચેરી ખાતે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ છે.




રાજકોટ જિલ્લામાં મતદાતાઓની સંખ્યા હાલ કુલ ૨૩ લાખ ૭૪ હજાર ૬૦૪ છે.જેમાં ૧૨,૨૮,૨૫૦ પુરુષો તેમજ ૧૧,૪૬, ૩૦૯ મહિલા મતદારો, ૪૫ ટ્રાન્સજેન્ડર મતદારો અને ૨૨૫૬ દિવ્યાંગ મતદારો સમાવિષ્ટ છે. વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે જોઈએ તો વિધાનસભા વિસ્તાર ૬૮ રાજકોટ પૂર્વમાં ૧,૬૦,૭૫૪ પુરુષો ૧,૪૫,૭૨૮ મહિલાઓ અને ૯ ટ્રાન્સજન્ડર સાથે કુલ ૩,૦૬,૪૯૧ મતદારો, વિધાનસભા વિસ્તાર ૬૯ રાજકોટ પશ્ચિમમાં ૧,૮૪,૨૨૪ પુરુષો ૧,૭૯,૪૫૫ મહિલાઓ અને ૪ ટ્રાન્સજેન્ડર સાથે કુલ ૩,૬૩,૬૮૩ મતદારો, વિધાનસભા વિસ્તાર ૭૦ રાજકોટ દક્ષિણમા ૧,૩૩,૧૩૧ પુરુષો ૧,૨૫,૯૯૫ મહિલાઓ અને ૧૩ ટ્રાન્સજેન્ડર સાથે કુલ ૨,૫૯,૧૩૯ મતદારો, વિધાનસભા વિસ્તાર ૭૧ રાજકોટ ગ્રામ્યમાં ૨,૦૭,૩૦૭ પુરુષો ૧,૮૭,૮૫૦ મહિલાઓ અને ૬ ટ્રાન્સજેન્ડર સાથે કુલ ૩,૯૫,૧૬૩ મતદારો, વિધાનસભા વિસ્તાર ૭૨ જસદણમાં ૧,૩૮,૩૮૭ પુરુષો ૧,૨૮,૪૭૬ મહિલાઓ સાથે કુલ ૨,૬૬,૮૬૩ મતદારો, વિધાનસભા વિસ્તાર ૭૩ ગોંડલમાં ૧,૨૦,૩૪૯ પુરુષો ૧,૧૨,૯૦૭ મહિલાઓ અને ૭ ટ્રાન્સજેન્ડર સાથે કુલ ૨,૩૩,૨૬૩ મતદારો, વિધાનસભા વિસ્તાર ૭૪ જેતપુરમા ૧,૪૫,૦૫૯ પુરુષો ૧,૩૪, ૮૪૫ મહિલાઓ અને ૪ ટ્રાન્સજન્ડર સાથે કુલ ૨,૭૯,૯૦૮ મતદારો, વિધાનસભા વિસ્તાર ૭૫ ધોરાજીમાં ૧,૩૯,૦૩૯ પુરુષો ૧,૩૧,૦૫૩ મહિલાઓ અને ૨ ટ્રાન્સજેન્ડર સાથે કુલ ૨,૭૦,૦૯૪ મતદારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# મિલપરા અને સીતારામ સોસાયટી મેઈન રોડ પર મકાનમાં તસ્કરો ત્રાટકયાઃ સાડી અને રોકડની ચોરી

## ભકિતનગર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોનું પગેરૂ દબાવી ત્રણ શખ્સોને સકંજામાં લઈ પૂછતાછ આદરી

રાજકોટ,તા.૨૪

ભકિતનગર પોલીસ વિસ્તારમાં આવેલા મિલપરા પાસે તેમજ કોઠારીયા રોડ પરની સીતારામ સોસાયટીમાંથી ચોરી થયાની ફરિયાદ પોલીસમાં નોંધવામાં આવતા પોલીસે ગુનો નોંધી ત્રણ આરોપીને સકંજામાં લીધા હતા.

વધુ વિગતો અનુસાર,વાણીયા વાડી શેરી નં.૫ વિશાખા એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૩૦૧માં રહેતા

વિજયભાઈ ભગવાનજીભાઈ પીઠડીયા(ઉ.વ.૫૦)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં એક દીકરી છે અને તેમનું જુનું મકાન જગદીશ નિવાસ કાંતા સ્ત્રી વિકાસ ગૃહ સામે હનુમાનદાદાની ડેરી પાસે મીલપરા પાસે બે માળનું આવેલું છે. આ મકાનમાં નીચે તેમની દરજીની દુકાન રંગોલી ટેઇલર આવેલ છે. ગઇ તા.૨૦/૦૧ના રોજ સવારના આશરે સાતેક વાગ્યે તેઓ રંગોલી ટેઇલર દુકાને ગયો હતો. આ વખતે જુના મકાનના દરવાજાનો નકુચો તુટેલ જોયો હતો. જેથી તેઓ મકાનમાં ગયેલ અને જોતા મકાનનો સામાન વેરવિખેર હાલતમાં હતો. કબાટમાં રાખેલ સાડી તેમજ રોકડા રૂપિયા રાખેલ થેલો જોવામાં આવ્યો નહીં. ઘરમાંથી જે પાકીટમાં રોકડ રૂ.૧૫૦૦ જેટલી રોકડ રકમ મળી કુલ રૂ.૨૫૦૦ ની ચોરી થઈ હતી.

જ્યારે બીજા બનાવમાં ૮૦ ફૂટ રોડ સીતારામ સોસાયટીમાં રહેતા પ્રભાબેન મનસુખભાઈ ચનાભાઇ મુંગપરા(ઉ.વ.૬૦)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પતિ ચારેક વર્ષ પહેલા મરણ ગયા છે. સંતાનમા એક દિકરી છે જેમના લગ્ન થઈ ગયા છે. ગઇ તા.૧૭/૧૨ ના સવારના આશરે અગીયારેક વાગ્યે દિકરી નિરાલી તેનું સ્કૂટર લઇને ઘરે આવેલ અને તેને તેના દિકરાના ચોપડા લેવાના હોય જેથી ફરિયાદી તેની સાથે બેસીને મવડી ગઈ હતી. ત્યા રસ્તામા તેમનું એક્સિડન્ટ થઇ જતા સ્ટાર સિનર્જી હોસ્પિટલમા સારવાર લિધેલ અને ત્યારબાદ તેઓ દિકરી નિરાલીના ઘરે જતી રહેલ હતી અને ત્યાજ રોકાયેલ હતી.

ગઇ તા.૨૧/૦૧ના સાંજ છ એક વાગ્યે તેમની દિકરી ઘરની બાજુમા રહેતા રીનાબેનનો ફોન આવેલ કે, તમારા મમ્મીના ઘરના તાળા તુટેલા છે

ત્યાં તપાસ કરતા રૂ.૧૨૦૦૦ પાકીટમા રાખ્યા હતા.જે પાકીટ જોવામા આવેલ નહી અને ઘરનો સામાન વેર વિખેર હાલતમા હતો.

જે બંને ચોરી મામલે ભક્તિનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પીએસઆઇ એમ.એન.વસાવા અને સ્ટાફે સીસીટીવી ફુટેજ પરથી ત્રણ શખ્સોની ઓળખ મેળવી સંકજામાં લીધા હતા. ત્રણેયની પૂછપરછમાં વધુ ચોરીના ભેદ ખુલવાની શક્યતા છે.

# ગાય એ ગૌશાળા -પાંજરાપોળની નહીં, ઘર આંગણાની શોભા છેઃ વલ્લભભાઈ કથીરિયા

પૂર્વ કેન્દ્રીય મંત્રી, પૂર્વ અધ્યક્ષ રાષ્ટ્રીય કામધેનુ આયોગ ડો વલ્લભભાઈ કથીરિયા જણાવે છે કે ગાયને હિંદુ ધર્મમાં ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. ગાયને 'લક્ષ્મી'નું સ્વરૂપ માનવામાં આવે છે અને એવું માનવામાં આવે છે કે ગાય ઘરમાં સુખ, સમૃદ્ધિ અને સકારાત્મકતા લાવે છે.ગાયનું રક્ષણ કરવું અને તેની સેવા કરવી એ એક મહાન પુણ્યનું કાર્ય માનવામાં આવે છે.

આજે રાજયની પાંજરાપોળો-ગૌશાળાઓ વધુ પશુઓના બોજ નીચે દબાઈ રહી છે અને સારાં પશુઓને પણ પાંજરાપોળોમાં રહેવું પડે છે તેવા સંજોગોમાં ગાયને ગૌશાળા, પાંજરાપોળથી ઘરઆંગણા સુધી લાવવાના પ્રયાસ માત્ર



ગરીબો માટે જ નહીં. પરંતુ ગામ માટે પણ આશીર્વાદરૂપ પુરવાર થશે.જે ગામોમાં ગૌચર વિકસિત છે તેવાં ગામોમાં ગાયો આપવાનું કાર્ય કરવામાં આવે તો ચારાની સમસ્યા ન રહે અને આર્થિક રીતે ગાય પરવડી શકે.

# એસ.ટી.એ પરવાના આપેલી ૧૦૨ હોટલો પૈકી ૨૭-નાં પરવાના રદ્દ !

## રોનક, સર્વોદય, ડાયમંડ, તુલસી, આસોપાલવ, બસેરા, રંગોલી, શિવશકિત, ગેલેકસી ઈન સહિતની હોટલોનો સમાવેશઃ મોટાભાગની હોટલો મૂળ પરવાનેદારે અન્યને પેટાભાડે આપી દિધી હતીઃ નિગમનું હજુ પણ સઘન ચેકીંગ ચાલુ

રાજકોટ,તા.૨૪




ગુજરાત રાજય એસ.ટી.નિગમ તેનાં લાંબા રૂટોની જુદી-જુદી બસોને હાઈવે પરની નકકી કરેલી હોટલો ઉપર હોલ્ટ આપે છે. આવી પરવાના ધરાવતી હોટલો ઉપર જ નિગમના સરપ્રાઈઝ ચેકીંગ દરમ્યાન ગંભીર ક્ષતિઓ બહાર આવતા સિદ્ધપુર, દેથીયા (કરજણ), વરડિયા (વડોદરા) હડીયાલવા (વડોદરા)અળીયાણા (દસાડા), રાજકોટ-ચોટીલા હાઈ-વે ગાગોદર (રાપર), પંચ મહાલ, મહિસાગર, મહેસાણા, ગોધરા અને વિરમગામ ડિસ્ટ્રીકટમાં આવેલી ૨૭-જેટલી હોટલોનાં પરવાનાં એસ.ટી.નિગમે રદ કરી દિધાનું જાહેર કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે એસ.ટી.એ સમગ્ર રાજયમાં કુલ ૧૦૨ હોટલોને હોલ્ટના પરવાના આપ્યા છે.જે પૈકી ૨૭ જુદી-જુદી હોટલો કે જેમાં એસ.ટી.નાં સરપ્રાઈઝ ચેકીંગ દરમ્યાન હાઈજેનિક ફૂડ ન હોવુ, સફાઈ ન હોવી, સી.સી.ટી.વી. કેમેરા ન હોવા, ડ્રાઈવર કંડકટરો, મુસાફરો સાથે હોટલ સંચાલકોનું અભદ્ર વર્તન અને ખાસ કરીને જેનાં નામે હોટલનો પરવાનો અપાયો હોય, તેઓએ બીજાને પેટા ભાડે હોટલ આપી દિધી હતી અને ખાસ કરીને આવી હોટલો ખોટા ભાગે વિધર્મી લોકોને પેટા ભાડે આપી દિધી હોવાનું બહાર આવેલ હતું.આથી આવી ગંભીર ક્ષતિઓ બદલ એસ.ટી.નિગમે ૨૭ હોટલોનાં પરવાના રદ કરી અન્ય હોટલો પરવાના આપી દિધા છે.એસ.ટી.વિભાગનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ છેલ્લા બે માસથી એસ.ટી.નિગમ, દ્વારા જુદા-જુદા જિલ્લાના હાઈવે ઉપર આવેલ પરવાના વાળી હોટલોમાં ચેકીંગ કરાઈ રહ્યું છે.અને હજુ પણ આ સઘન ચેકીંગ ચાલુ છે.

હજુ પણ ક્ષતિઓ બહાર આવ્યે વધુ હોટલોનાં પરવાના રદ કરાશે તેમ નિગમનાં સૂત્રોએ જણાવેલ હતું.દરમ્યાન એસ.ટી.નિગમનાં સત્તાવાર સૂત્રોનાં જણાવ્યા મુજબ જે-૨૭ હોટલોનાં પરવાના રદ કરાયા છે. તેમાં હોટલ રોનક-સિદ્ધપૂર હાઈવે, હોટલ રોનક દેથીયા, (કરજણ), હોટલ બસેરા વરડીયા હાઈવે (વડોદરા) હોટલ રોનક હડિયાલવા હાઈવે (વડોદરા) હોટલ સર્વોદય વિરમગામ માલવણ હાઈવે, હોટલ શિવશકિત અળીયાણા (તા.દસાડા) તેમજ હોટલ સૂર્યોદય અને ફૂમ્સ (રાજકોટ-ચોટીલા હાઈવે)નવરંગ હોટલ એન્ડરેસ્ટોરન્ટ, ગાગોદર (દસાડા) હોટલ સ્વાજી ઈન સાન્સરોડ (કરજણ) તેમજ હોટલ શ્રીજી, પ્રાઈમ, તુલસી, રંગોળી, મારૂતિ, માનસી, રિલીફ, ડાયમંડ, વિશાલા, ગુરૂકુપા, સતીમાતા, આસોપાલવ, ગેલેકસીઈન કિસ્મત કાઠીયાવાડી (દેલોલ) ફૂડ લેન્ડ એન્ડ ગેસ્ટ હાઉસ ઉનાવા (મહેસાણા, તેમજ કિસ્મત કાઠિયાવાડી (બાલાસિનોર)નો સમાવેશ થાય છે.

# હાઈ-વે પર લૂંટફાટ કરતી ૨૭ હોટલોનાં પરવાના રદ્દ કરવાનો નિર્ણય આવકાર્યઃ મુસાફર હિતરક્ષક સમિતિ

## મુસાફરોને ફરીયાદો મોકલવા સમિતિએ હેલ્પ લાઈન નંબરો જાહેર કર્યા

રાજકોટ,તા.૨૪

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના આગેવાનો જણાવેલ છે કે રાજ્યભરમાં નિયમિત ૨૮ લાખ મુસાફરો એસ.ટીમાં અપ ડાઉન કરી રહ્યા છે. અને રોજ ૮૫૦૦ થી વધુ બસો ઓન ધ રોડ ચાલી રહી છે ત્યારે મુસાફરોની ફરિયાદોના પગલે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી) દ્વારા હાઇવે પરની ૨૭ હોટલની પરમીટ રદ કરવાના નિર્ણયને ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિ અભિનંદન સાથે આવકારે છે.

રાજ્યના તમામ હાઇવે પરની હોટલો ઉપર બેફામ ભાવો પડાવતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. એસ. ટી મુસાફરો માટે સ્વચ્છ આહાર, સ્વચ્છ પાણી માટે લાંબા રૂટની યાત્રામાં ટેન્ડર મારફતે હોટલની પસંદગી કરે છે. GSRTCના ટેન્ડર ભરી એસ.ટી બસો ઊભી રાખવાના પરવાના ધરાવતી નામાંકિત હોટલોમાની કેટલીક હોટલો પોતાની મનમાની કરતી હતી અને મુસાફરો સાથે બેફામ તોછડું વર્તન કરી, બેફામ બીલો પડાવી, બીન આરોગ્યપ્રદ ખોરાક, ગંદકી, ફૂડ અને ચાના બીલમાં લૂંટફાટ કરતી, પ્રિન્ટ કરતા વધુ ભાવો પડાવતી હોટલો અંગે મુસાફરોની ફરિયાદોના પગલે GSRTC દ્વારા રાજકોટ થી અમદાવાદ, રાજકોટ થી સોમનાથ, કચ્છ અને દ્વારકા જતા હાઇવે પરની ૨૭ હોટલની પરમિટ રદ કરી છે. પરંતુ હાલ જે ઉભી રાખવામાં આવે છે તે સ્થળે એસટી દ્વારા મુસાફરો માટે હોટલ અંગેની કોઈ પણ ફરિયાદ હોય તો મુસાફરોને દેખાય તે પ્રકારે એસ.ટી એ હોટલોની મુસાફરોની ફરિયાદોના નિરાકરણ માટેના હેલ્પલાઇન નંબર જાહેર કરી બોર્ડ લગાવવા જોઈએ જેમાં મોબાઈલ નંબર ઇ મેલ નંબર સહિતની સુવિધા મુસાફરોને મળવી જોઈએ. રાજ્યભરના મુસાફરોને ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિ અપીલ કરે છે કે એસ.ટી ની અંદર રહેલ કેન્ટીનો કે હાઇવે પરની હોટલોમાં કે જે એસ.ટી નો હોલ્ટ છે ત્યાં હોટલો દ્વારા તોછડું વર્તન કે લુંટફાટ કરવામાં આવતી હોય તો મુસાફર હિતરક્ષક સમિતિના હેલ્પ લાઈન નંબર મોબાઈલ નંબર ૯૪૨૬૨ ૨૯૩૯૬ પર અથવા ઓફિસ નંબર ૧૪, મનસાતીર્થ, ભક્તિનગર સર્કલ, ગીતામંદિર રોડ, જયનાથ હોસ્પિટલ સામે, રાજકોટ - ૩૬૦૦૦૧ પર આધાર પુરાવા સાથે હોટલ ના ફોટા સાથે વિસ્તૃત ફરિયાદ કરવી તેમ ઉપરોક્ત આગેવાનોએ જણાવ્યું છે.

**મોડી રાત્રે ઠેબચડા પાસે બનેલો બનાવ**

# પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા સ્પીડમાં રહેલ કાર ચાલકે બાઈકને ઉલાળ્યુંઃ યુવકને ગંભીર ઈજા

## કારમાંથી દારુની ૧૩૨ બોટલ મળી આવીઃ આજીડેમ પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી

રાજકોટ,તા.૨૪

ક્રાઇમ બ્રાન્ચની ટીમે શંકાના આધારે ફિલ્મી ઢબે કારનો પીછો કરતા કાર ચાલકે ફોરવ્હીલ સ્પીડમાં હંકારતા ઠેબચડા પાસે બાઈક ચાલકને અડફેટે લીધો હતો. બાઈકમાં સવાર યુવકને ગંભીર ઈજાઓ પહોચતા સારવારમાં ખસેડાયો છે. જ્યારે કાર ચાલક ગાડી મુકી નાસી ગયો હતો. પોલીસે કારમાંથી દારુની ૧૩૨ બોટલ, કાર સહિત રૂ.૫૬ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

બનાવની વિગત મુજબ ગઈ કાલ રાત્રિના આજીડેમ પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન પીએસઆઈ વી. ડી. ડોડીયાને એક શંકાસ્પદ કાર જોવા મળતાં તુરંત પોલીસ સ્ટાફે કારનો પીછો કર્યો હતો. દરમિયાન કાર ચાલકને પોલીસ પીછો કરે છે તે માલુમ પડતા કાર સ્પીડમાં ચલાવી

ઠેબચડા ગામમાંથી પસાર થઈ પોલીસને ચકમો આપી નાસી ગયો હતો. દરમિયાન સ્પીડમાં રહેલ કાર મહીકા ગામ પાસે પાવર હાઉસ સામે ઠેબચડા રોડ પર પહોચતા સામેથી આવતા બાઇકને જોરથી ઠોકર મારતાં બાઈકમાં સવાર રમેશ મકવાણાને ગંભીર ઇજાઓ હતી. અને કાર ચાલક





તુરંત કારમાંથી નીચે ઉતરી ભાગી ગયો હતો. બાદ બાઈક ચાલકને તુરંત ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ પોલીસને થતાં તુરંત પોલીસ ત્યાં દોડી જઈ કારની તપાસ કરતાં કારમાંથી દારુની ૧૩૨ બોટલ, અને કાર સહિત રૂ.૫૬૦૦૦ નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો હતો. દારુ ભરેલ કાર મુકી નાસી જનાર શખ્સની આજીડેમ પોલીસે શોધખોળ હાથ ધરી છે.

અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચેલ યુવકે આજીડેમ પોલીસે ફરિયાદ કરી હતી. ફરિયાદી રમેશભાઈ ધીરુભાઈ મકવાણા (ઉ.વ.૧૯, રહે.ઠેબચડા ગામ,જી રાજકોટ) એ ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે અભ્યાસ કરે છે.

ગઈ કાલ સાંજનાં છએક વાગ્યાની આસપાસ ફરિયાદીને તેના મામાનો ફોન આવેલ અને આજીડેમ ચોકડી ખાતે તેડવા બોલાવેલ.જેથી પોતે બાઈક લઈ આજીડેમ ચોકડી ખાતે ગયેલ હતો. અને મામાને બાઈકમા પાછળ બેસાડી ઠેબચડા ગામ જવા નીકળેલ હતાં. દરમિયાન આશરે પોણા આઠેક વાગ્યાની આસપાસ મહીકા ગામ નજીક પી.જી.વી.સી.એલ. પાવર હાઉસ પાસે પહોંચતા સામેથી એક ફોરવ્હિલ પુરઝડપે ચલાવી આવી બાઈકની સામે ઠોકર મારતાં બાઈકમાં સવાર બંને ફંગોળાયા હતા. અને નિચે પટકાયા હતા. જેમાં ફરિયાદીને ગંભીર ઇજાઓ પહોંચી હતી. જ્યારે ફરિયાદીના મામાને સામાન્ય ઈજાઓ પહોંચેલ હતી. કાર ચાલક તુરંત કારમાંથી નિચે ઉતરી ભાગી ગયેલ હતો. બાદ ૧૦૮ મારફત ફરિયાદીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાદ વધુ સારવાર અર્થે ગોકુલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો છે. આજીડેમ પોલીસે બલેનો કાર નં-જીજે- ૧૩ સીએ ૧૯૦૬ ના ચાલક સામે ગુનો દાખલ કરી કારમાં ભરેલ દારુ કબ્જે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# સિનર્જી હોસ્પિટલના ડો. જય પટેલે ટીસ્યુ પેપરમાં સ્યુસાઈડ નોટ લખી’તી

## યાત્રાએ ગયેલા માતા-પિતાને નહીં, પહેલા આ બનાવની જાણ મારા બનેવીને કરજો તેવી નોંધ લખી

રાજકોટ, તા.૨૪

શહેરની સિનર્જી હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો.જયકુમાર માધવજીભાઈ પટેલ (ઉ.વ.૩૫)એ પોતાના સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આવેલા મોટા મવા વિસ્તારના સુવર્ણભૂમિ એપાર્ટમેન્ટમાં ત્રીજા માળે આવેલા ફ્લેટમાં ગઈકાલે આપઘાત કરી લીધો.

તેણે પગલું ભરતા પહેલા ટીસ્યુ પેપરમાં સ્યુસાઈડ નોટ લખી હતી. તેમાં લખ્યું હતું કે, મારા માતા-પિતા પહેલા મારાં બનેવીને આ બનાવની જાણ કરજો. પારિવારિક સૂત્રોએ જણાવ્યું કે, ડો. જયના માતા પિતા યાત્રાએ ગયા છે. ૧૭ દિવસની યાત્રામાં ૧૩ દિવસ થયાં છે. ભારત ભ્રમણની યાત્રા ગયા છે. જેથી સ્યુસાઈડ નોટમાં બનેવીને જાણ કરવાનું કહ્યું. જોકે પોલીસ અને પરિવારે એકનાએક પુત્ર હોવાથી તેના માતા પિતાને જાણ કરવી જોઈએ તેમ માની ડો. પટેલના માતાને જાણ કરાઈ હતી. તેઓ ત્યારે કર્ણાટક હતા. પુત્રએ પગલું ભર્યાની જાણ



થતા રાજકોટ આવવા નીકળી ગયા હતા. ડો. જય છેલ્લા ચાર વર્ષથી સિનર્જી હોસ્પિટલમાં એનેસ્થેસિયોલોજિસ્ટ તરીકે ફરજ બજાવતા હતા. ગઈકાલે પોતાના ફ્લેટમાંથી જ એકલા હતા ત્યારે પગલું ભર્યું. તેઓ સમય પર હોસ્પિટલે ન પહોંચતા કર્મચારીઓએ તેમના મોબાઈલ ફોનમાં ફોન કરેલ. પણ ફોન રિસીવ ન થતા કર્મચારીને સૂવર્ણભૂમિ સ્થિત ડો. પટેલના નિવાસસ્થાને મોકલવામાં આવેલ. જયાં ફ્લેટ નં.૩૦૬નો દરવાજો ખુલ્લો જ હતો. જેથી કર્મચારીએ અંદર જઈ જોયું તો ડો. જય બેભાન પડેલ હતા. બાજુમાં એનેસ્થેસિયાની ખાલી બોટલ પડી હતી. બાદમાં પોલીસને જાણ કરાઈ હતી. પ્રાથમિક તબક્કે વધુ માત્રામાં એનેસ્થેસિયા લેવાથી મોત થયાનું તારણ છે. જોકે પીએમ કરી વિસેરા લેવાયા છે અને એફએસએલમાં મોકલવામાં આવ્યા છે.

### પત્ની ૮ માસથી પિયરમાં રહે છે

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, પહેલી પત્ની સાથે છૂટાછેડા થયા બાદ ડો. જયે બે વર્ષ પહેલા બીજા લગ્ન કર્યા હતા. જોકે ઘર અણબનાવ થતા બીજી પત્ની પણ ૮ માસથી પિયર મુંબઈ ચાલી ગઈ છે. આપઘાત પાછળ પારિવારિક ઘર કંકાસ કારણ ભૂત હોવાનું અનુમાન છે. જોકે મૃતકના માતા પિતા પરત રાજકોટ આવે તે બાદ વધુ વિગત મળી શકે તેમ હોવાથી પોલીસે તપાસ ચાલુ રાખી છે.



# પતંજલિ ફૂડ્સનું લાલ મરચું સબ સ્ટાન્ડર્ડ જાહેર!

## બજારમાંથી પાછું ખેંચવા FSSAIનો આદેશઃ માર્કેટમાં ખળભળાટ

નવી દિલ્હી, તા.૨૪

બાબા રામદેવની કંપની પતંજલિ ફૂડ્સની લાલ મરચાને સબ સ્ટાન્ડર્ડ જાહેર કરાતા પ્રોડકસની વિશ્વનીયતા સામે ફરી સવાલ ઉભો થયો છે. FSSAIએ લાલ મરચાની ભુકીની એક આખી લેન્ચને બજારમાંથી પાછી ખેંચવાનો આદેશ આપ્યો છે.

પતંજલિ ફૂડ્સની લાલ મરચાની ભુકીના પૃથ્થકરણમાં તેના માપદંડ પર ખરી ઉતરી ન હોવાનું જાહેર કરી FSSAIએ બેંચને પાછી ખેંચવા આદેશ આપ્યો છે.

પતંજલિ ફૂડ્સ એક્સચેન્જ ફાઈલિંગમાં આ અંગે જાણકારી આપતા કહ્યું કે FSSAIએ કંપનીને ફૂડ સેફટી માપદંડો અનુરૂપ ન હોવાના કારણે પેક કરાયેલા લાલ મરચાની ભુકીની એક બ્રાન્ડને બજારમાંથી પાછી ખેંચવાનો આદેશ આપ્યો છે. કંપનીએ જણાવ્યું કે રેગ્યુલેટરએ ૧૩ જાન્યુઆરીએ આ અંગે આદેશ આપ્યો છે.

# કોર્ટ સંકુલમાં પરિણીતા અને તેની માતાને પતિ-સસરાની મારી નાખવાની ધમકી

## સત્યમ પાર્કમાં રહેતી પરિણીતાએ સાસરીયા સામે ત્રાસ આપ્યા અંગેનો કેસ કર્યો હતોઃ કોર્ટ મુદત આવતા કેસ પાછો ખેંચી લેવાનું કહી ધમકી આપીઃ ગુનો નોંધાયો

રાજકોટ. તા.૨૪

જામનગર રોડ પર આવેલી નવી કોર્ટ બિલ્ડિંગમાં પરિણીતાએ પતિ અને સસરાએ ધમકી આપી હોવાની ફરિયાદ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. પરિણીતા અહીં કોર્ટ મુદતે આવી હતી ત્યારે તેને તથા તેની માતાને ધમકી આપવામાં આવી હતી.

બનાવની વિગત મુજબ, ભારતીબેન દિનેશભાઈ વાઘેલા (ઉ.વ ૩૦ રહે. સત્યમ પાર્ક સોસાયટી ૮૦ ફૂટ રોડ મૂળ ધંધુકા તા. સુરેન્દ્રનગર) દ્વારા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પ્રતિ વિશ્વજીતસિંહ રહેવર અને સસરા રાજેન્દ્રસિંહ રહેવર (રહે. બંને રાજનગર સોસાયટી, રાજનગર ચોક) ના નામ આપ્યા છે. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણે વર્ષ ૨૦૨૪ માં વિશ્વજીતસિંહ સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. આ બાબતે પતિએ પરિવારજનોને વાત કરતા તેણે સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. આથી દંપતી અલગ રહેવા જતા રહ્યા હતા અને પતિ ઉપર જામખંભાળિયાની યુવતીએ દુષ્કર્મની ફરિયાદ કરી હોય તે યુવતી જાણીતી હોવાથી તે યુવતી સાથે સમાધાન કરાવ્યું હતું. ત્યારબાદ તે પતિ કોઈને કોઈ કારણે ઝઘડો કરી હાથ ઉપાડી લેતો હોય અને ફરિયાદીના માતા સાથે પણ ઝઘડો કરતો હતો ત્યારબાદ આરોપી તેના માતા-પિતાના ઘરે જતો રહ્યો હતો. આથી તેણે પતિ સહિતના સાસરિયાંઓ સામે ત્રાસ અંગેની ફરિયાદ નોંધાવી હતી જેનો કેસ હાલ કોર્ટમાં ચાલુ છે.

દરમિયાન ગત તા. ૧૦ ના આ કેસને લઈ કોર્ટમાં મુદત હોય જેથી પરિણીતા તેના પરિવારજનો સાથે કોર્ટે ગઈ હતી. ત્યારે કોર્ટમાં પાંચમાં માળે લોબીમાં ઉભા હતા તે સમયે મુદતમાં આવેલા પતિ વિશ્વજીતસિંહ અને સસરા રાજેન્દ્રસિંહએ પરિણીતાએ તથા તેની માતાને કેસ પાછો ખેંચી લેજો નહીં તો પતાવી દઈશ તેવી ધમકી આપી જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દો કહ્યા હતા. જેથી આ અંગે પરિણીતાએ આ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે ધમકી તથા એટ્રોસિટીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# જગદીશ ભોજક અને હિતેષ ઉર્ફે બેરાને દારૂના જથ્થા સાથે ઝડપી લેતી પીસીબી

## ૩૭૦૦૦ની ૧૦૨ બોટલ જપ્ત





રાજકોટ, તા.૨૪

રાજકોટ શહેર પ્રિવેન્સન ઓફ ક્રાઇમ બ્રાંચની ટીમે બે આરોપીને દારુની ૧૦૨ બોટલ સાથે ઝડપી લીધા હતા ૩૭૮૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે જગદીશ ભુપત ભોજક (ઉ.વ. ૨૩, રહે. ખોડીયારનગર, આજી વસાહત)ના ઘરે દરોડો પાડી રુ.૩૩૬૬૦ની કિંમતની ૬૦ બોટલ ઝડપી લીધી હતી તેવી જ રીતે હિતેષ ઉર્ફે બેરો છગન સોલંકી (ઉ.વ. ૨૨, રહે. આંબેડકરનગર, શેરી નં.૧૪ ફોર્ચ્યુન હોટલ સામેની શેરીમાં)ના ઘરમાંથી દારુના રુ.૪૨૦૦ની કિંમતના ૪૨ ચપલા ઝડપી લઇ ગુનો દાખલ કર્યો હતો.

# માલવાહક વાહનોની બહાર કાઢી લોખંડના સળિયા-પાઈપ ભરી નીકળેલા શખ્સો સામે કાર્યવાહી

## DCP પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ સપાટોઃ શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ૩૩ વાહન ચાલકો સામે દંડની કાર્યવાહી કરવામાં આવી

રાજકોટ. તા.૨૪

શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી માલવાહક વાહનોની બહાર કાઢી લોખંડના સળિયા-પાઇપ ભરી નીકળેલા શખ્સો સામે ટ્રાફિક પોલીસે કાર્યવાહી કરી અનેક વાહનો ડિટેઇન કર્યા હતાં.

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ટ્રાફિક ડીસીપી પુજા યાદવ, એસીપી ટ્રાફિક જે.બી.ગઢવીના માર્ગદર્શન હેઠળ શહેરી વિસ્તારમાં નેશનલ હાઇવે-સ્ટેટ હાઇવેની બંન્ને બાજુમાં ગેર-કાયદેસર પાર્ક કરેલ અથવા આકસ્મીક સંજોગોના કારણે ઉભા રહેલ વાહનો સાથે અન્ય વાહનો અથડાતા હોવાથી બનતાં જીવલેણ માર્ગ અકસ્માતમા ઘટાડો લાવવા ટ્રાફિક શાખા



દ્વારા માલવાહક વાહનોમાં વાહનની લંબાઇ કરતા વધારે બહારની સાઇડ લોખંડના સળિયા/પાઇપ/માલ-સામાનની હેરાફેરી કરતાં વાહન ચાલકો સામે કાર્યવાહી કરી હતી. ગઈ તા.૨૦/૦૧/૨૦૨૫ થી વિશેષ ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ હોય જે અંતર્ગત તા.૨૩/૦૧/૨૦૨૫ ના કુલ-૩૩ વાહન ચાલકો સામે કાયદાની જોગવાઇ મુજબ કાયદેસરની કામગીરી કરવામાં આવેલ હતી.

# પાર્સલ આપવા ગયેલ પોસ્ટમેનને ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકે નાક પર મુક્કો મારતાં લોહીલુહાણ

## અલ્કાપુરી કોર્નર પાસેનો બનાવઃ હવે સિક્કાવાળીનો થામાં, આ તારા બાપની પેઢી છે કહી આરોપીએ ફરજમા રૂકાવટ કરીઃ ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી

રાજકોટ. તા.૨૪

અલ્કાપુરી કોર્નર પાસે ધર્મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ખાતે પાર્સલ આપવા ગયેલ પોસ્ટમેનને પ્રોપરાઇટર મયંક ખજૂરીયાએ પાર્સલ મામલે ઝઘડો કરી પોસ્ટમેનને નાક પર મુક્કો મારતાં લોહીલુહાણ કરી નાંખી ફરજમાં રૂકાવટ કરતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે એરપોર્ટ દિવાલ પાસે શાહનગર શેરી નં.૪/૫ ના કોર્નર પાસે રહેતાં કિરણદાસ જાનકીદાસ દુધરેજીયા (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ધર્મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના પ્રોપારાઇટર મયંક ખજૂરીયાનું નામ આપતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ રૈયા રોડ પોસ્ટ ઓફીસમાં પોસ્ટમેન તરીકે છેલ્લા ચારેક મહીનાથી ફરજ બજાવે છે. ગઈકાલે સવારના સમયે તે સ્પીડ પોસ્ટ્સનું એક કવર ડીલેવરી કરવા માટે રૈયા રોડ પર અલ્કાપૂરી કોર્નર નજીક ધરમન ટુર્સ એન્ડ ટાવેલ્સ અલ્કેશશ્વર ખાતે ગયેલ હતાં. ત્યા હાજર મંયક ખજુરીયાએ પોતાના નામની ઓળખ આપી આ ટુર્સ એન્ડ ટાવેલ્સ મારુ જ છે, તેમ કહેલ જેથી તેમને કહેલ કે, આ કવર ધરમન ટુર્સ એન્ડ ટાવેલ્સ ના નામે છે તમારા નામે નથી જેથી રીસીવ કોપીમાં તમારા ટુર્સ એન્ડ ટાવેલ્સનો સિક્કો મારી તમારી સહી કરી આપો તેમ વાત કરતા મંયક ખજુરીયા ઉશ્કેરાઈ ગયેલ અને કહેવા લાગેલ કે, હવે સિક્કાવાળી નો થામાં, તારા બાપની પેઢી છે, તેમ કહી તેઓની કાયદેસરની ફરજમા રૂકાવટ કરી હતી. તેમજ ડીલેવરી સ્લીપ સહી ન કરી આપી ગાળો કાઢી ઢિકા પાટુનો મુઢમાર મારી એક મુકો નાક પર લાગતા નાકમાંથી લોહી નિકળવા લાગેલ અને ઝપાઝપીમાં તેઓએ પહેરેલ નંબર વાળા ચશ્મા પણ તૂટી ગયેલ હતાં. બાદમાં તેઓને ૧૦૮ મારફત સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતો. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ક્રિકેટ મેચ અને લાઈવ કસીનોમાં જુગાર રમતો કેતન શાહ ઝબ્બેઃ બુકી ચિરાગ પોપટ ફરાર

## પીસીબીની ટીમની કાર્યવાહીઃ પારસી અગીયારી ચોક પાસેથી પંટરને દબોચી લીધોઃ આઈડી આપનાર શખ્સની શોધખોળ

રાજકોટ. તા.૨૪

પારસી અગીયારી ચોક પાસે ક્રિકેટ મેચ અને લાઈવ કસીનોમાં જુગાર રમતો કેતન શાહને પીસીબીની ટીમે દબોચી લીધો હતો. જ્યારે આઈડી આપનાર બુકી ચિરાગ પોપટની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં એ.એસ.આઈ. સંતોષ મોરી, મયુર પાલરીયા સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે પારસી અગીયારી ચોક પાસે સીમા પાન સામે એક શખ્સ પોતાના મોબાઇલ ફોનમાં આઇડી મારફતે ક્રિકેટ મેચ ઉપર રન ફેરના સોદાઓ કરી જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી શખ્સની અટક કરી તેનું નામ પુછતા કેતન કનુ શાહ (ઉ.વ.૪૫),( રહે. અમૃતનગર ક્રીસ્ટલ મોલ પાસે રાણી ટાવરની સામે કાલાવાડ રોડ) જણાવ્યું હતું.

પીસીબીની ટીમે તેના હાથમાં રહેલ મોબાઇલ ચેક કરતાં ગુગલ ક્રોમમાં betbox247 નામની આઇ.ડી જોવામાં આવેલ જેમાં ક્રિકેટ મેચમાં સોદો કરેલ હોવાનું જોવામાં આવતા તે બાબતે પૂછતાછ કરતાં પોતે betbox247 નામ ની આઇડીમાં ક્રિકેટ મેચ જુગાર રમતો હતો અને તે આઈડી ચીરાગ પોપટ નામના બુકીએ વોટસએપમાં મોકલેલ હોવાની કબુલાત આપી હતી.ઉપરાંત ગુગલ ક્રોમમાં કનેકટ. વુલ્ફ ૧૨૪૭ નામની આઈડી જોવામાં આવેલ જેમાં લાઇવ કસીનોમાં તીનપતીની રમતમાં અલગ-અલગ રકમના સોદાઓ કરેલ હોવાનુ જોવામાં આવ્યું હતું.

પોલીસે મોબાઈલ ફોન સાથે આરોપીની ધરપકડ કરી બુકી ચિરાગ પોપટની શોધખોળ આદરી હતી.

# મહારાષ્ટ્રની દારૂગોળાની ફેકટરીમાં વિસ્ફોટોની હારમાળાઃ ૮ના મોત

## એક પછી એક ધમાકામાં ૭થી વધુ લોકો ઘાયલઃ ફેકટરીની છત તૂટી પડતા ૧૨ લોકો કાટમાળ નીચે દબાયા, ત્રણ લોકોનો બચાવઃ ઘટના સ્થળે ફાયર બ્રિગ્રેડ અને એમ્બ્યુલન્સ દોડી ગયા

ભંડારા (મહારાષ્ટ્ર) તા.૨૪

અત્રે દારૂગોળો બનાવવાની ફેકટરીમાં સવારે અનેક વિસ્ફોટો થતા અફડાતફડી મચી ગઈ હતી. એક પછી એક અનેક વિસ્ફોટોના કારણે આ લખ્યા છે ત્યારે ૮ લોકોના મોત થયા છે અને ૭થી વધુ લોકો ઘાયલ થયા છે. નાગપુરના પીઆરઓ ડિફેન્સ અનુસાર બચાવ અને તબીબી દળ જીવિત લોકોને બચાવવામાં લાગી ગયા છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ મહારાષ્ટ્રના ભંડારા સ્થિત દારૂગોળાની ફેકટરીમાં આજે સવારે અનેક વિસ્ફોટો થયા હતા. એક પછી એક અનેક વિસ્ફોટ થતા અફડાતફડી મચી ગઈ હતી. આ દુર્ઘટના વહેલી સવારે બની હતી જેમાં આ લખાય છે ત્યારે ૮ લોકોના મોત થયા છે. જયારે ૭થી વધુ લોકો ઘાયલ થયા છે. અન્ય કર્મચારીઓની તલાશી અને બચાવ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે.

**છત પડવાથી અનેક લોકો ફસાયાઃ** ભંડારા શહેરના કલેકટર સંજય કોલતેએ જણાવ્યુ હતું કે



ભંડારાના જવાહરનગરમાં આવેલ દારૂગોળાની ફેકટરીમાં વિસ્ફોટ થયા

હતા. જેને પગલે ફાયરબ્રિગેડ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. હાલ બચાવ અભિયાન ચાલુ છે. વિસ્ફોટ દરમિયાન ફેકટરીની છત તૂટી પડી હતી. આ છતના કાટમાળને જેસીબીની મદદથી હટાવવામાં આવી રહ્યો છે. કાટમાળમાં ૧૨થી વધુ લોકો દબાયેલા હોવાની સૂચના છે, જયારે બે લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

**લખાય છે ત્યારે બે લોકોના મોતઃ** જિલ્લા કલેકટર સંજય કોલતેએ જણાવ્યું હતું કે દારૂગોળાની ફેકટરીમાં સવારે ૧૦.૩૦ વાગ્યે વિસ્ફોટો થયા હતા. તેમણે જણાવ્યું હતું કે વિસ્ફોટો જવાહરનગર વિસ્તારનામાં આવેલ દારૂગોળાના કારખાનાના એલટીપી સેકશનમાં થયા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે વિસ્ફોટો સમયે સેકશનમાં ૧૪ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. જેમાં ત્રણ કર્મચારીઓ બચાવી લેવાયા હતા, જયારે ૮ કર્મચારીઓના મોત થયા છે. ૭ જેટલા કર્મીઓ ઘાયલ થતા સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતા.

---

### રાજકોટમાં રમાયેલો રણજી મેચ માત્ર બે દિવસમાં જ પુરો

# રણજી ટ્રોફી : રવિન્દ્ર જાડેજાના તરખાટ સામે દિલ્હી ઘુંટણીએ : સૌરાષ્ટ્રનો ૧૦ વિકેટે શાનદાર વિજય

## બીજી ઈનિંગમાં દિલ્હીનું ૯૪ રનમાં ફીંડલુ : પંત ફરી ફલોપ : જાડેજાને ૭ વિકેટ

રાજકોટ, તા. ૨૪

રાજકોટના નિરંજન શાહ સ્ટેડીયમમાં રમાયેલા રણજી ટ્રોફી મેચમાં સૌરાષ્ટ્રની ટીમે દિલ્હીને ૧૦ વિકેટે સજજડ હાર આપી હતી. રવિન્દ્ર જાડેજાના તરખાટ સામે દિલ્હીની ટીમ બીજા દાવમાં ઘુંટણીયે પડી ગઇ હોય તેમ માત્ર ૯૪ રનમાં ફીંડલુ વળી ગયું હતું અને સૌરાષ્ટ્રની ટીમે જીતવા માટેના ૧૨ રન વિના વિકેટે બનાવી લીધા હતા.





સૌરાષ્ટ્ર અને દિલ્હી વચ્ચેનો રણજી ટ્રોફીનો મેચ આજે બીજા દિવસે જ પુરો થઇ ગયો હતો. દિલ્હીના પ્રથમ દાવ સામે સૌરાષ્ટ્રે પ્રથમ દાવમાં ૨૭૧ રન બનાવીને ૮૩ રનની મહત્વપૂર્ણ લીડ હાંસલ કરી હતી. બીજો દાવ લેવા મેદાને પડેલી દિલ્હીની ટીમનો ધબડકો થયો હતો. શરૂઆતથી જ સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ તરખાટ સર્જવાનું શરૂ કરી દીધુ હતું અને સૌરાષ્ટ્રના સ્પીન એટેક સામે દિલ્હીના ખેલાડીઓ ટપોટપ પેવેલીયન ભેગા થવા લાગ્યા હતા. એક માત્ર કપ્તાન આયુષ બદોનીએ ૪૪ રન બનાવીને થોડી ઘણી ઝીક ઝીલી હતી બાકીના એક પણ ખેલાડીના ૨૦થી વધુ રન ન હતા. ૧૦માંથી ૭ ખેલાડીઓ તો સીંગલ ડિજીટમાં આઉટ થયા હતા.

ભારતીય ક્રિકેટ ટીમનો વિકેટ કીપર ઋષભ પંત સતત બીજી ઈનિંગમાં પણ ફલોપ પુરવાર થયો હતો અને માત્ર ૧૭ રન બનાવી શકયો હતો. પંતને પણ રવિન્દ્ર જાડેજાએ આઉટ કર્યો હતો.

દિલ્હીનો બીજો દાવ માત્ર ૯૪ રનમાં આટોપાઇ જતા સૌરાષ્ટ્રને જીતવા માટે ૧૨ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. સૌરાષ્ટ્રના ઓપનર હાર્વિક દેસાઇ અને અર્પિત વસાવડાની જોડીએ એક પણ વિકેટ ગુમાવ્યા વિના ૧૫ રન બનાવીને ટીમને જીત અપાવી દીધી હતી.

સૌરાષ્ટ્ર વતી ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડ રવિન્દ્ર જાડેજાએ તરખાટ સર્જયો હતો. બીજી ઈનિંગમાં ૭ વિકેટ ખેડવી હતી. ૧૨.૨ ઓવરમાં ૩૮ રન આપીને તેણે ૭ વિકેટ ઝડપી હતી. પ્રથમ ઈનિંગમાં પણ જાડેજાએ પાંચ વિકેટ લીધી હતી. આમ આ મેચમાં જાડેજાએ કુલ ૧૨ વિકેટ લીધી હતી. ધર્મેન્દ્ર જાડેજાએ બીજી ઈનિંગમાં બે અને યુવરાજસિંહ ડોડીયાએ એક વિકેટ ઝડપી હતી.

---

### ઈન્ટરનેશનલ એરપોર્ટમાં નવા ટર્મિનલના ઉદ્‌ઘાટન બાદ હવાઈ સેવામાં વધારો

# તા.૧૫મી ફેબ્રુઆરીથી સવારની દિલ્હી ફલાઈટનું ઉડ્ડયન શરૂ

## સવારે દિલ્હી જઈ રાતે પરત ફરી શકાશેઃ લાં...બા.. સમયની માંગનો ઈન્ડિગો એર લાઈન્સે સ્વીકાર કર્યોઃ સવારે ૮-૩૦ કલાકે ટેક ઓફઃ વેપાર-ઉદ્યોગકારો-સ્ટુન્ડસ, પર્યટકોને અનુકુળતા રહેશે

રાજકોટ, તા.૨૪

રાજકોટના હિરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટમાં નવું ટર્મિનલ તૈયાર થતાં આગામી તા.૯મી ફેબ્રુઆરીએ તેનું ઉદ્‌ઘાટન થયા બાદ હવાઇ સેવામાં વધારો થવા જઇ રહ્યો છે. જેમાં ઇન્ડીો અને લાઇન્સની તા.૧૫ને સવારે રાજકોટ-દિલ્હી ફ્લાઇટ સેવાનો પ્રારંભ થનાર છે. આ અંગે ઇન્ડિગો એર લાઇન્સે શિડયુલ પણ જાહેર કરી દીધો છે.

ઇન્ટરનેશનલ એરપોર્ટ કાર્યરત થયા બાદ સવારે દિલ્હી જવા એક પણ ફ્લાઇટ નહીં હોવાથી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સહિતની અનેકવિધ વેપારી સંગઠનોની સંસ્થાઓએ સવારની દિલ્હી ફ્લાઇટ સેવા શરૂ કરવા વખતો વખત એરપોર્ટ ડિરેક્ટર અને એર લાઇન્સોને રજૂઆત કરી હતી. આ ઉપરાંત એરપોર્ટ એડવાઇઝરી કમીટીમાં પણ સવારની દિલ્હી ફ્લાઇટ શરુ કરવા એરપોર્ટ ઓથોરીટીના અધિકારીઓ સાથે ચર્ચા થતાં સવારની દિલ્હી ફ્લાઇટ શરુ કરવા ખાતરી આપવામાં આવી હતી. આખરે ઇન્ડિગો એર લાઇન્સ કંપનીએ સવારની દલ્હી ફ્લાઇટ શરૂ કરવા બીડુ ઝડપી આગામી તા.૧૫થી સવારની દિલ્હી ફ્લાઇટ શરૂ કરવાનો શિડયુલ જાહેર કરતા સવારે દિલ્હી જઇ રાતે રાજકોટ પરત ફરી શકાશે. પરિણામે વેપાર-ઉદ્યોગકારોને ફાયદો થશે. પર્યટકોને પણ લાભ થશે. વિદેશની ફ્લાઇટોમાં કનેક્ટીવીટ મળી રહેશે. સૌરાષ્ટ્રના પ્રવાસીઓને સવારે અમદાવાદથી ફ્લાઇટ પકડવામાંથી મુક્તિ મળશે.

ઇન્ડિગો એર લાઇન્સે જાહેર કરેલા શિડ્યુલ મુજબ આગામી તા.૧૫થી સવારે દિલ્હીથી ૬-૧૦ કલાકે ટેક ઓફ થઇ ૮-૦૦ કલાકે રાજકોટ લેન્ડીંગ અને સવારે ૮-૩૦ કલાકે ટેક ઓફ થઇ ૧૦-૩૦ કલાકે દિલ્હી એરપોર્ટમાં લેન્ડીંગ થશે. આ સેવા તા.૨૯મી માર્ચ સુધી ડેઇલી રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ બપોર બાદ અને રાત્રે રાજકોટથી દિલ્હી જવા માત્ર બે જ ફ્લાઇટનું ઉડ્યન શરુ છે. આગામી તા.૧૫થી સવારની સેવા શરુ થતાં ડેઇલી દિલ્હી જવા ત્રણ વિમાનો ઉડશે. તા.૯મી નવા ટર્મિનલ બિલ્ડીંગમાં ચાર નવા એરોબ્રીજ ખુલ્લા મુકાતા મુસાફરો વિમાનમાંથી સીધા ટર્મિનલમાં પહોંચી શકશે. નવા ટર્મિનલના ઉદ્‌ઘાટન બાદ આગામી સમર શિડ્યુલમાં હવાઇ સેવામાં વધારો સાથે કસ્ટમ, ઈમિગ્રેશન કાઉન્ટરો શરુ થતાં ઇન્ટરનેશનલ હવાઇ સેવા શરુ થવા માટેના સંજોગો ઉજળા બનશે.





### એર ઈન્ડિયાએ ‘સ્લોટ’ લીધા બાદ દોઢ વર્ષ સુધી સવારની ફલાઈટ મુકી નહીં

#### સવારે દિલ્હી જવાની એક પણ ફલાઈટ નહી હોવાથી પ્રવાસીઓને અમદાવાદ જવુ ફરજીયાત

રાજકોટના હિરાસર સ્થિત ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં સવારની દિલ્હી ફ્લાઈટ માટે એર ઈન્ડિયા એર લાઈન્સ કંપનીએ એરપોર્ટ ઓથોરિટી પાસે ‘સ્લોટ’ મેળવ્યા બાદ આજદીન સુધી એક પણ વખત સવારની દિલ્હી ફ્લાઈટ ઉડાડી નથી. પરિણામે સૌરાષ્ટ્રવાસી પ્રવાસી-પર્યટકોને હવાઈ માર્ગે દિલ્હી જવા અમદાવાદ જવુ ફરજીયાત રહ્યું છે. હીરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટ ગત તા.૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૩થી કાર્યરત થયુ ત્યારથી એર ઈન્ડિયાએ સવારની દિલ્હી ફ્લાઈટ માટે ‘સ્લોટ’ મંજુર કરાવ્યા બાદ આજ દિન સુધી સવારની રાજકોટ-દિલ્હીનું એક પણ વિમાન ઉડાડયુ નથી. પરિણામે સવારની દિલ્હી સેવા શરૂ કરવા વેપારી સંગઠનો-પર્યટકોની માંગ ઉઠી રહી છે ત્યારે હવે આગામી તા.૧૫મી ફેબ્રુઆરીથી ઈન્ડિગો એરલાઈન્સ કંપનીએ સવારની દિલ્હી ફ્લાઈટનું શિડયુલ જાહેર કરતા પ્રવાસીઓમાં ટુર ટ્રાવેલ ઓપરેટરોમાં આનંદ છવાયો છે.

---

### સંસદમાં તો હંગામો મચે છે, માર્શલ બોલાવવા પડે છે પણ...

# હવે વકફ સંશોધન બિલ માટે બનેલી જોઈન્ટ પાર્લામેન્ટ કમિટીની બેઠકમાં બબાલ મચી, માર્શલ બોલાવવા પડયા

## ઓવૈસી સહિત ૧૦ વિપક્ષી સાંસદોને એક દિવસ માટે સસ્પેન્ડ કરાયાઃ જેપીસી ‘તમાશો’ બની ગઈ, કટોકટી જેવી સ્થિતિઃ વિપક્ષોનો આરોપઃ ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જી, ભાજપ સાંસદ નિશિકાંત દુબે વચ્ચે ગરમાગરમી

નવી દિલ્હી તા.૨૪

સંસદમાં સાંસદો વચ્ચે અવારનવાર બબાલ થતી હોય છે અને માર્શલોને બોલાવવા પડતા હોય છે પણ આજે તો વકફ સંશોધન બિલ પર બનેલી જેપીસી-પોઈન્ટ પાર્લામેન્ટ કમીટીની બેઠકમાં પણ હંગામો મચી ગયો હતો ત્યાં સુધી કે માર્શલને બોલાવવા પડયા હતા.

વિપક્ષોએ આક્ષેપ લગાવ્યો હતો કે બેઠકમાં જે થઈ રહ્યું હતું તે અઘોષિત કટોકટી જેવુ હતું. વિપક્ષોનો આરોપ હતો કે તેમને સાંભળવામાં નહોતા આવતા. આ બેઠક દરમિયાન હંગામો એટલો વધી ગયો હતો કે માર્શલને બોલાવવાની નોબત આવી હતી. વિપક્ષ નેતા અસદુદીન ઔવૈસી, કલ્યાણ બેનર્જી સહિત ૧૦ સાંસદોને એક દિવસ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. આ બન્ને ઉપરાંત મોહમ્મદ જાવેદ, એ.રાજા, નસીર હુસેન, મોહીબુલ્લાહ, મોહમ્મદ અબ્દુલ્લા, અરવિંદ સાવંત, નદીમ ઉલ હક, ઈમરાન મસુદને પણ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.



વિપક્ષી નેતાઓએ દાવો કર્યો હતો કે ભાજપ દિલ્હી ચુંટણીઓને ધ્યાનમાં રાખીને વકફ સંશોધન વિધેયક પર રિપોર્ટને ઝડપથી સ્વીકાર કરવા પર જોર દઈ રહી છે.

તૃણમુલ સભ્ય કલ્યાણ બેનર્જી અને કોંગ્રેસ સદસ્ય નસીર હુસેન બેઠકની બહાર ચાલ્યા ગયા હતા અને પત્રકારોને જણાવ્યું હતું કે સમીતીની કાર્યવાહી એક ‘તમાશા’ બની ગઈ છે. તેમણે માંગ કરી હતી કે પ્રસ્તાવિત સંશોધનોની રજે રજની તપાસ માટે ૨૭ જાન્યુઆરીએ યોજાનારી બેઠકને ૩૦ જાન્યુઆરી કે ૩૧ જાન્યુઆરી માટે ટાળી દેવામાં આવે.

જેપીસીની બેઠક ૨૭ જાન્યુઆરી સુધી સ્થગીત કરી દેવાઈ છે.

મીરવાઈઝ સામે વિપક્ષોએ હંગામો કર્યોઃ ભાજપ સાંસદ નિશીકાંત દુબેએ કહ્યું હતું કે ખાસ કરીને ઔવૈસીનું માનવું હતું કે જમ્મુ-કાશ્મીરના પુરા પ્રતિનિધિત્વને સાંભળવામાં નહોતું આવ્યું અને ચુંટાયેલા પ્રતિનિધિઓને બોલાવવા જોઈતા હતા. આજની બેઠકમાં ચર્ચા થવાની હતી. વિપક્ષના સુચનના આધારે અધ્યક્ષે સ્થગીત કરી દીધી પણ મીરવાઈઝ સામે આ લોકોએ હંગામો કર્યો હતો. સંસદીય લોકશાહીની વિરુદ્ધ કામ કર્યું હતું.

ટીએમસી સાંસદ કલ્યાણ મુખર્જીએ કહ્યું હતું કે અધ્યક્ષ કોઈનું નથી સાંભળતા આ જમીનદારી જેવું છે.

બીજી બાજુ ભાજપ સાંસદ અને જેપીસી સભ્ય અપરાજીતા સારંગીએ જણાવ્યું હતું કે બેઠક દરમિયાન કલ્યાણ બેનર્જીના નેતૃત્વમાં વિપક્ષી નેતાઓએ અધ્યક્ષ જગદમ્બિક પાલ સામે ખૂબ જ અસંસદીય ભાષાનો ઉપયોગ કર્યો હતો.

---

# મહારાષ્ટ્રમાં હવે બાંગ્લાદેશીઓને શોધવા શંકાસ્પદ બર્થ સર્ટીફીકેટ ચકાસણી ઝુંબેશ

## અચાનક જ ૩૦થી૫૦ વર્ષના જન્મ તારીખની નકલો મેળવવા વધેલી અરજીઓ પરથી રાજય સરકાર ચોંકી

મુંબઈ:

મહારાષ્ટ્રમાં ગેરકાનુની રીતે ઘુસી ગયેલા બાંગ્લાદેશી અને રોહિંગ્યા સહિતના ગેરકાનુની રીતે વસી ગયેલા તમામ સામે હવે રાજયની ફડનવીસ સરકારે નવી ઝુંબેશ ચાલુ કરી છે. રાજયમાં ચુંટણી સમયે જ ભાજપ ગેરકાનુની વસી ગયેલા તમામને તેમના દેશમાં તડીપાર કરવાની ખાતરી આપી હતી અને તેમાં હવે વિપક્ષોએ તેને વોટ જેહાદ ગણાવ્યો હતો. હવે અહી મુંબઈ મહાપાલિકા સહિતની સ્થાનિક ચુંટણીઓ આવી રહી છે તે પુર્વે આ પ્રકારે ગેરકાનુની રીતે ઘુસેલા તમામની ઓળખ મેળવી તેમના બર્થ સર્ટીફીકેટ પણ ચકાસણી હેઠળ મુકયા છે અને તે રીતે તેમના સંતાનો જે ભારતમાં જન્મ લીધો છે તેઓને પણ ઓળખી કાઢીને તેમને તડીપાર કરાશે.



હાલમાં જ બોલીવુડ અભિનેતા સૈફઅલીખાન પર થયેલા હુમલામાં જે રીતે બાંગ્લાદેશીની સંડોવણી બહાર આવી પછી હવે રાજય સરકારે ગેરકાનુની રીતે ઘુસેલા બાંગ્લાદેશીઓ પરિવાર સહિત હવે ભારતમાં વસી ગયા છે. આ ઉપરાંત જે રીતે ૩૦થી ૭૫ વર્ષના લોકોના જન્મતારીખના દાખલા મેળવવાની અરજીઓમાં પણ મોટો વધારો થયો છે. તેથી હવે ૩૦ વર્ષ કે તેથી ઉપરના લોકો જેઓએ જન્મતારીખના દાખલા મેળવવા અરજી કરી છે તેની પ્રક્રિયા સ્થગીત કરવા આદેશ આપ્યો છે. આ અરજીઓમાં માલેગાવ-અપરાધની-નાસીક વિ.માં બાંગા ડોકયુમેન્ટના આધારે જન્મતારીખ સર્ટી મેળવી રહ્યાનું બહાર આવ્યુ છે. રાજયના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડનવીસે જાહેરાત કરી છે કે રાજયમાં એક પણ બાંગ્લાદેશી ઘૂસણખોર રહે નહી તે અમો નિશ્ચિત કરશું.

---

# શેરબજારમાં ફરી ગાબડુંઃ સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ તૂટ્યાઃ રોકડાના શેરો વધુ ગગડયા

રાજકોટ, તા.૨૪

અમેરિકામાં ટ્રમ્પની તાજપોશી અને નવા-નવા નિર્ણયો ભારતને ભારે પડવાની આશંકાથી શેરબજારમાં મંદીનો માહોલ યથાવત રહ્યો છે. સેન્સેક્સમાં આજે ૪૦૦ પોઈન્ટનું ગાબડુ પડવા સાથે અફડાતફડી હતી.

શેરબજારમાં આજે શરૂઆત પોઝીટીવ ટોને થઇ હતી. વૈશ્વિક ઘટનાક્રમોની ભારત પર વ્યાપક અસર થવાની લાલબતી તથા વિદેશી નાણાં સંસ્થાઓની એકધારી આક્રમક વેચવાલીથી માનસ સાવચેતીનું રહ્યું હતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે નવા સારા કારણોની ગેરહાજરી તથા આવતા સપ્તાહમાં સામાન્ય બજેટ રજુ થવાનું હોવાના કારણે ઓપરેટરો મોટા ઈન્વેસ્ટરો વેપાર સરખા કરવા લાગ્યા હતા. બજેટ સુધી અનિશ્ચિત વાતાવરણ રહેવાનું માનવામાં આવે છે.

શેરબજારમાં આજે ટીસીએસ, ટેક મહિન્દ્ર, ભારતી એરટેલ, હિન્દ લીવર, ઈન્ફોસીસ, નેસલે, આઇશર મોટર્સ, બ્રિટાનીયા, ગ્રાસીમ જેવા શેરોમાં સુધારો હતો. જ્યારે ટાઇટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, અદાણી પોર્ટ, એચડીએફસી બેંક, ઈન્ડુસઇન્ડ બેંક, લાર્સન, મારૂતી, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ડો. રેડ્ડી, ટ્રેન્ટ, સીપ્લા જેવા શેરોમાં ગાબડા હતા. મુંબઇ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેક્સ ૩૭૨ પોઈન્ટના ગાબડાથી ૬૭૧૧૮ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૩૦ પોઈન્ટના ઉછાળાથી ૨૩૦૭૪ હતો તે ઉંચામાં ૨૩૩૪૭ તથા નીચામાં ૨૩૦૬૫ હતો.

---

### રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં સર્જાયેલી પરિસ્થિતિમાંથી બોધપાઠ લેવા રાહુલ ગાંધીની તૈયારી

# કર્ણાટકમાં મુખ્યમંત્રી બદલશે કોંગ્રેસ ! ડી.કે.શિવકુમારને અઢી વર્ષ માટે સીએમ બનાવવા તૈયારી

## ૨૦૨૩ની ચૂંટણી સમયે જ વર્તમાન મુખ્યમંત્રી સિધ્ધરમૈયા અને ડી.કે.શિવકુમાર વચ્ચે અઢી-અઢી વર્ષની ફોર્મ્યુલા નિશ્ચિત થઇ હતી

બેંગ્લુરૂ, તા. ૨૪

કર્ણાટકના રાજકારણમાં મોટા ફેરફારના સંકેત છે. રાજયની કોંગ્રેસ સરકારમાં નેતૃત્વ પરિવર્તન આવી શકે છે. મુખ્યમંત્રી સિધ્ધરમૈયાના સ્થાને નવા મુખ્યમંત્રી તરીકે ડી.કે.શિવકુમારને જવાબદારી સોંપાઇ તેવી શકયતા છે. રાજયમાં કોંગ્રેસે વિધાનસભા ચૂંટણીમાં ૨૦૨૩માં જીત મેળવી હતી અને તે સમયે ડી.કે.શિવકુમાર કે જેઓએ કોંગ્રેસની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ મુખ્યમંત્રી પદના દાવેદાર હતા. પરંતુ તે સમયે પક્ષના સિનીયર નેતા સિધ્ધરમૈયાને મુખ્યમંત્રી બનાવાયા હતા પરંતુ બંને વચ્ચે નિશ્ચિત થયેલી ફોર્મ્યુલા મુજબ અઢી-અઢી વર્ષ માટે તેઓ મુખ્યમંત્રી પદ મેળવશે. અને હવે સિધ્ધરમૈયા સરકારને અઢી વર્ષ પુરા થવા જઇ રહ્યા છે અને તેથી તેઓ ડી.કે.શિવકુમારને મુખ્યમંત્રી બનાવશે. શિવકુમારે હાલમાં જ જૈન આધ્યાત્મિક ગુરૂ ગુણાધર નંદી મહારાજના આશિર્વાદ મેળવ્યા છે અને માનવામાં આવે છે કે મુખ્યમંત્રી બનતા પૂર્વે અહીં દર્શને જવાના પ્રણ લીધા હતા. આ ઉપરાંત સિધ્ધરમૈયાએ પણ તેઓ અઢી વર્ષ માટે મુખ્યમંત્રી પદ સંભાળ્યું હતું તેવું એક સૂચક વિધાનમાં જણાવ્યું હતું અને શિવકુમારએ કોંગ્રેસ માટે ટ્રબલ શૂટર બની રહ્યા છે. અગાઉ કોંગ્રેસ પક્ષે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં જે રીતે ભુલ કરી અને બંને રાજયોમાં સત્તા ગુમાવી તેનું પુનરાવર્તન કર્ણાટકમાં ન થાય તે જોવા આતુર છે. રાજસ્થાનમાં સચિન પાયલોટ મુખ્યમંત્રી પદ માટે દાવેદાર હતા તેમ છતાં અશોક ગેહલોતને કોંગ્રેસ મોવડી મંડળે મુખ્યમંત્રી બનાવ્યા અને ગેહલોતે અઢી-અઢી વર્ષની ફોર્મ્યુલાને ફગાવીને પોતે પાંચ વર્ષ માટે મુખ્યમંત્રી બની રહ્યા પછી યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો પરાજય થયો. મધ્યપ્રદેશમાં પણ જયોતિરાદિત્ય સિંધિયાને મુખ્યમંત્રી ન બનાવાતા તેઓએ પક્ષ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાઇ ગયા હતા અને હવે કેન્દ્રીય મંત્રી બન્યા છે તેમજ રાજયમાં ૨૦૧૮માં કોંગ્રેસની કમલનાથ સરકારનું પતન પણ તેમને લાવ્યું હતું.



---

### તા.૩૦ જાન્યુ.એ સીએમ આવાસે ભાજપની પ્રથમ ચુંટણી બેઠક

# સ્થાનિક ચૂંટણી ભાજપ ફરી નિરીક્ષક-સેન્સની પ્રક્રિયા કરશે

## સી.આર.પાટીલ વિદેશથી પરત આવે તેની રાહઃ ફેબ્રુઆરી માસથી જયાં ચુંટણીઓ યોજાતી નથી તે વિસ્તારના પક્ષના અગ્રણીઓને પ્રચારમાં પણ જોડશે

રાજકોટ તા.૨૪

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે ફરી એક વખત ભાજપ જયા જયા ચુંટણીઓ યોજાવાની છે ત્યાં નિરીક્ષકો મોકલીને સેન્સ મેળવશે તથા દાવેદારોને પણ ચકાસશે અને ત્યારબાદ પક્ષની પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક ઉમેદવારોની પસંદગી કરશે. ભાજપે આ માટે તા.૨૬ બાદનું શેડયુલ નિશ્ચિત કરી લીધુ છે જયારે એક વખત પ્રદેશ પ્રમુ અને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ વિદેશ પ્રવાસેથી પરત આવી જાય પછી તુર્તજ ા અંગેની પ્રક્રિયા હાથ ધરાશે અને નિરીક્ષકોના નામ નિશ્ચિત કરાશે. સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ આ ઉપરાંત જયાં ચુંટણી ાજાતી નથી તે મહાનગરો અને અન્ય શહેરોમાંથી પક્ષના અગ્રણીઓને પ્રચારમાં પણ જોડશે અને તે કામગીરી ૧ ફેબ્રુઆરીથી શરુ થશે. ઉમેદવારો નિશ્ચિત થયા બાદ ફોર્મ ભરવા સહિતની પ્રક્રિયા પુરી થશે અને તે પછી પક્ષના અગ્રણીઓને પ્રચારમાં જોડશે. બીજી તરફ કોંગ્રેસ પક્ષે સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં આમ આદમી પાર્ટી સાથે ગઠબંધનની શકયતાઓ નકારી છે. સૂત્રોના જણાવ્યા મુજબ દિલ્હીમાં જ બંને પક્ષો વિધાનસભાની ચૂંટણી સામસામા લડી રહ્યા છે અને ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં પણ જે જોડાણ કર્યુ હતું તેમાં કોઈ સફળતા મળી ન હતી અને તેથી પક્ષ દ્વારા હવે એકલા હાથે ચુંટણી લડવાનો નિર્ણય કરવામાં આવ્યો હોય તેવા સંકેત છે. સૂત્રોના જણાવ્યા મુજબ તા.૩૦ જાન્યુ.એ ભાજપની કોર કમીટીની બેઠક મુખ્યમંત્રીના આવાસે મળશે જેમાં ચુંટણી વ્યુહરચના અને અન્ય વ્યવસ્થા નકકી થશે.

---

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૪૩૫-૨૪૮૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૮૫-૨૪૩૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૩૦-૨૧૮૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૦૮૦-૨૧૩૦ |
| પામોલીયન તેલ | ૨૧૦૫-૨૧૧૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૯૦-૨૨૧૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૧૦-૨૧૩૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૨૦-૨૨૫૦ |
| કોપરેલ | ૩૪૩૦-૩૪૭૦ |
| દિવેલ | ૨૨૩૦-૨૨૪૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૮૩૦૮૦(+૩૮૦) |

| ચાંદી |
|---|
| ૯૩૯૫૦(+૪૫૦) |


તસ્વીર: પંકજ શિશાંગીયા

### દશનામ ગોસ્વામી સમાજનું અદકેરૂં આયોજન

# મહાશિવરાત્રીએ રાજકોટ નગરમાં નીકળશે ભવ્ય શિવ રથયાત્રા : રવિવારે કાર્યાલયનું ઉદઘાટન

**રથયાત્રામાં બાર જ્યોતિર્લિંગમાં છેલ્લું ધુશ્મેશ્વર જ્યોતિર્લિંગ રૂપે મુખ્ય રથમાં બિરાજમાન થશે**

રાજકોટ, તા.૨૪

રાજકોટમાં છેલ્લા ૧૨ વર્ષથી રાજકોટમાં શ્રી દશનામ ગોસ્વામી સમાજ શિવ રથયાત્રા સમિતિ રાજકોટ દ્વારા દેવાધી દેવ મહાદેવ શિવની આરાધના કરવા માટે અને સતત બારમાં વર્ષે શિવ રથયાત્રાનું આયોજન થવા જઈ રહ્યું છે.

દેવાધિદેવ મહાદેવની સવારીમાં ઘોડા હાથી અને ઊંટનો કાફલો તો હશે જ તે ઉપરાંત અવનવા ધાર્મિક તેમજ સામાજિક મહત્વ સમજાવતા ફ્લોટ્સ પણ હશે. ધૂન અને રાસની રમઝટ બોલાવશે નાના બાળકો ભૂલકાઓ કોઈ શિવ કોઈ પાર્વતી કોઈ હનુમાનજી કોઈ રામ બની સૌ કોઇનું મન મોહી લેશે. રથયાત્રામાં બાર જ્યોતિર્લિંગમાં છેલ્લું જ્યોતિર્લિંગ ધુશ્મેશ્વર જ્યોતિર્લિંગ રૂપે મુખ્ય રથમાં બિરાજમાન થશે. સનાતન ધર્મ શિવ રથયાત્રાનું આયોજન શિવ રથયાત્રા સમિતિ રાજકોટ દ્વારા કરવામાં આવે છે.

જેના ભાગરૂપે શિવ રથયાત્રા કાર્યાલયનું ઉદઘાટન તારીખ. ૨૬/૦૧/૨૦૨૫ ને રવીવાર ને સાંજે ૫:૦૦ વાગ્યે શ્રી ભગતસિંહ કોમ્પ્લેક્સ, સુતા હનુમાનજી મંદિરની સામે, કોઠારીયા રોડ, રાજકોટ ખાતે થવા જઇ રહ્યું છે. આ આયોજન અંતર્ગત આયોજકો ધર્મેન્દ્રગીરી ચતુરગીરી, ગૌતમગીરી ચમનગીરી, સુરેશગીરી શાંતિગીરી, આશીષગીરી મગનપુરી, સંજયગીરી રાજેન્દ્રગીરી, જેનિસભારથી મૂકેશભારથી, ભાવેશગીરી નટવરગીરી, ગૌરવભારથી વિજયભારથી, ઋષિતગીરી રાજૂગીરી, પ્રતીકગીરી કમલેશગીરી કૈલાશગીરી હંસગીરી, અમિતગીરી રાજેશગીરી અક્ષાંશગીરી હસુગીરી, હરેશભારથી હસમુખભારથી એ સાંજ સમાચારની મુલાકત લીધી હતી.

### રાધેશ્યામ ગૌશાળા દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ

રાધેશ્યામ ગૌશાળા દ્વારા નાણાવટી ચોકમાં ૨૬મી જાન્યુઆરી ઉજવવામાં આવશે. ૨૬મી જાન્યુઆરીના દિવસે ભૂતપૂર્વ કોર્પોરેટર બાબુભાઈ આહીર દ્વારા કરવામાં આવશે. તેમાં પ્રવિણદાદા, તેરૈયા સાહેબ, જીવરાજસિંહ ચુડાસમા, મેઘરાજસિંહ ઝાલા, રાજદીપસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા હાજરી આપી ધ્વજવંદન કરશે.

### સરસ્વતી સ્કુલીંગ સીસ્ટમના ઉપક્રમે રાજકોટ મનપાના સહયોગથી

# શનિ તથા રવિવારના સાહિત્યની ગંગોત્રી વહેશે: લિટરેચર ફીએસ્ટાનું આયોજન: વિવિધ ક્ષેત્રના વિદ્વાનોના પ્રવચનો

## બે દિવસીય સેમિનાર, વર્કશોપ, પુસ્તકો વિષેના પરિસંવાદો: ડો. શરદ ઠાકર, ડો. જયેન્દ્રસિંહ જાદવ, જય વસાવડા, હરદ્વાર ગોસ્વામી સહિતના અન્ય જાણીતા વક્તાઓ સેમિનારમાં વકતવ્યો આપશે







રાજકોટ, તા.૨૪

સરસ્વતી સ્કુલીંગ સીસ્ટમ દ્વારા તથા રાજકોટ મહાનગર પાલિકાના સહયોગથી આગામી તા.૨૫, ૨૬ના કલ્પના સ્ટ્રીટ, રેસકોર્ષ, ફૂટબોલ મેદાનની બાજુમાં લિટરેચર ફીએસ્ટાનું ાયોજન કરવામાં આવેલ છે. જેમાં જાણીતા વકતાઓ વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપશે. સવારના ૮-૩૦ થી સાંજના છ દરમ્યાન વકતાઓ પ્રવચન આપશે.

**ઈવેન્ટ-૧**

તા.૨૫થી બે દિવસીય સેમિનાર, વર્કશોપ વગેરે સવારથી સાંજ સુધી યોજાનાર છે. જેમાં તા.૨૫મીના શનિવારે ઈવેન્ટ-૧માં સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ ડો. જયેન્દ્રસિંહ જાદવનું પ્રવચન 'ભાષા મારી ગુજરાતી' બપોરના ૧૧ થી ૧૨ જય વસાવડાનું વ્યાખ્યાન 'શિક્ષણનો માપદંડ: માર્કસ કે આવડત' બપોરેના ૩-૩૦ થી ૪-૩૦ હરદ્વાર, ગોસ્વામીનું પ્રવચન 'મારી ભાષા, મારી આશા' તથા સાંજે ૫ થી ૬ કૃષ્ણ દવે 'બાળ કાવ્યોના બગીચામાં' વિષયક પ્રવચન આપશે.

**ઈવેન્ટ-૨**

તા.૨૫મીના શનિવારની ઈવેન્ટના બીજા ભાગમાં સવારે ૧૦ થી ૧૧-૩૦ નીરજ ત્રિવેદીનું 'આપણી આસપાસ ધબકતું સાહિત્ય' વિષે વ્યાખ્યાન, બપોરના ૧૨ થી ૧ જીજ્ઞાસાબેન આચાર્યનું પ્રવચન 'સોશ્યલ મીડિયાના યુગમાં વાચનની આવશ્યકતા' તથા બપોરના ૪ થી ૫ અનીત કૌર 'સ્ટોરી ટેલિંગ' વિષે જણાવશે. વંદના ચાંદેકર 'સ્ટોરી ટેલીંગ' વિષયક પ્રવચન આપશે.

**ઈવેન્ટ-૩**

ઈવેન્ટ-૩માં તા.૨૫ને સવારે ૯ થી ૧૦ હર્ષ ઠાકર 'બિગ પપ્પા' વિષે જણાવશે, પ્રશાંત માવાણી સવારે ૧૦-૩૦ થી ૧૧-૩૦ ઇટ ધેર ફોગ વિષે, વાગ્વી પાઠક બપોરના ૧૨ થી ૧-૩૦ સુધી 'ધ પાવર ઓફ હેબિટ' વિષે જણાવશે. બપોરના ૩-૪૫ થી ૪-૪૫ સુધી હિરેન વાછાણી 'તો તો-યાન' વિષે પ્રવચન આપશે. અંતિમદોરમાં સાંજે ૫ થી ૬ શુભમ અંબાણી 'પ્રતિ નાયક' વિષે વિશદમાં જણાવશે.

**તા.૨૬ના કાર્યક્રમો**

**ઈવેન્ટ-૧**

તા.૨૬ના રવિવારે સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી યશવંત ગોસ્વામી 'રાષ્ટ્રભાષા હિન્દી હી કયું' વિષે જણાવશે. બપોરના ૧૧-૧૫ થી ૧૨-૧૫ સુધી રમજાનભાઇ હસનીયા 'ચાલો કવિતા ગમતી કરીએ' રસાસ્વાદ કરાવશે. બપોરના ૩-૩૦ થી ૪-૩૦ ડો. શરદ ઠાકર 'શિક્ષણ: સમસ્યાઓ અને પડકારો' વિષે જણાવશે. સાંજના ૫ થી ૬, જય સાકરીયા 'વાતુ આપણા લોક સાહિત્યની' વિષય પર સંબોધન કરશે.

**ઈવેન્ટ-૨**

તા.૨૬ના સવારે ૧૦ થી ૧૧ સુધી નીરજ ત્રિવેદી 'સાહિત્યથી સિનેમાની સમજ, વેબ સીરીઝના વિશ્વમાં વિહાર વિષે તલસ્પર્શી' વિગતો જણાવશે જ્યારે નિમિત્ત ગણાત્રા બપોરના ૧૨ થી ૧ સુધી 'એઇજ ઓફ ધ લેંગ્વેજ' વિષે તથા જીવતીબેન પીપળીયા બપોરના ૪ થી ૫-૩૦ 'ભાષાની પાયાની બાબતો વિષે જણાવશે.'

**ઈવેન્ટ-૩**

તા.૨૬ને સવારે ૯ થી ૧૦ હર્ષ ઠાકર 'માધવ ક્યાંય નથી' વિષે સવારે ૧૦-૩૦ થી ૧૧-૩૦ પ્રશાંત માવાણી 'મેક યોર બેડ' વિષે તથા સીમા અરોરા 'મોર ધેન સ્કીન ડીપ' વિષે વકતવ્યો આપશે. વિશેષ વિગતો માટે મો.નં. ૯૨૨૭૮ ૦૦૭૧૭નો સંપર્ક કરવો.

# તા.૨ ના અખિલ ભારતીય ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા

## અંબાજી મંદિર સુધી ૫૫૦૦ પગથીયા પર દોટ મુકશે સ્પર્ધકો: ૮ કમીટીની રચના: તંત્ર દ્વારા તૈયારી શરૂ



જુનાગઢ તા.૨૪

રાજયકક્ષાની ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા જાન્યુઆરીના પ્રથમ રવિવારના પૂર્ણ થય બાદ અખિલ ભારત ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આગામી ૨જી ફેબ્રુઆરી વસંત પંચમીનાં પ્રભાતે યોજાશે. ગુજરાત રાજયના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર તેમજ જુનાગઢ વહીવટી તંત્ર સંચાલીત આ સ્પર્ધામાં દેશભરનાં યુવક-યુવતીઓ ગીરનારને ભરી પીવા દોટ મુકશે.

આ સ્પર્ધામાં ગીરનાર પર બિરાજતા મા અંબાજી મંદિર સુધીના ૫૫૦૦ પગથીયા ભવનાથ તળેટીમાંથી દોટ મુકવાની અને ઉતરવાની રહે છે. ભારતભરમાંથી અલગ અલગ રાજયોમાંથી ૫૭૦ અરજી ફોર્મ જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી જુનાગઢ ખાતે આવેલ છે.

ગુજરાતમાં ૫ જુદા જુદા સ્થળો જેવા કે ઓસમ પર્વત, ચોટીલા પર્વત, ઈડર પર્વત પાવાગઢ પર્વત અને પારનેરા પર્વત ખાતે યોજાતી આરોહણ અવરોહણ સ્પર્ધાના પ્રથમ ૧૦ વિજેતાઓ અને રાજયકક્ષા ગીરનાર સ્પર્ધાનાં ૨૫ પ્રથમ વિજેતાઓ આંતર રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

આ સ્પર્ધાની તૈયારીના ભાગરૂપે જ સમિતિઓની રચના કરવામાં આવી છે. સ્પર્ધામાં ભાગ લેનાર દોડવીરો સીનીયર જુનીયર ખેલાડીઓ બહેનો માટે ગુર્જર ક્ષત્રીય કડીયા સમાજની વાડી, ભવનાથ તળેટી ખાતે રીપોર્ટીંગ નિવાસ વ્યવસ્થા રાખેલ છે સ્પર્ધકોને ૩૧ જાન્યુઆરી ૧ ફેબ્રુઆરી સુધી સિવીલ હોસ્પીટલમાં મેડીકલ ચેક કરવામા આવશે. પસંદગી પામેલા ખેલાડીઓની યાદી ફેસબુક-૧૮ પર મુકવામાં આવેલ છે વધુ માહતી માટે માહીતી કચેરીના નંબર ૦૨૮૫-૨૬૩૦૪૯૦ નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# જુનાગઢનાં ભવનાથમાં મહાશિવરાત્રી મેળો યોજાશે: તંત્રની તૈયારી શરૂ

## આગામી તા.૨૨ ફેબ્રુઆરીથી ત્રિદિવસીય મેળાનું આયોજન: એસ.ટી. રેલ્વેની પરિવહન સેવાનો વધારો: દેશ-વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ ઉમટશે

જુનાગઢ તા.૨૪

હાલ પ્રયાગરાજ ખાતે ૧૪૪ વર્ષ બાદ આવેલ યોગના કારણે મહાકુંભ ૪૫ દિવસનો શરૂ થઈ ચૂકયો છે. જેમાં છઠ્ઠું શાહીસ્નાન મહાશિવરાત્રીના રોજ સાધુ-સંતો સહિતના લોકો કરશે.

ગુજરાતમાં એક માત્ર જુનાગઢ ભવનાથ ક્ષેત્રમાં પણ આદી અનાદી કાળથી મહાશિવરાત્રીનો મેળો યોજવામાં આવે છે. આ અંગે જુનાગઢ કલેકટર કચેરી ખાતે કલેકટર અનિલ રાણાવસીયાની અધ્યક્ષતામાં મીટીંગ મળી હતી.

આગામી ૨૨ ફેબ્રુઆરી ૨૬ ફેબ્રુઆરી પાંચ દિવસ મહાશિવરાત્રીના મેળામાં દેશ-વિદેશમાંથી લાખો લોકો ભજન-ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમમાં ભક્તિનું ભાથું બાંધવા અહી આવે છે.

જેઓની પ્રાથમીક સુવિધાઓ અને જરૂરી વ્યવસ્થાઓ માટે પુર્વ તૈયારીઓના ભાગ રૂપે પીવાના પાણી સ્વચ્છતા, આરોગ્ય, વીજળી, ટ્રાફીક નિયમન સહિતના મુદે વિવિધ વિભાગો- કચેરીઓના અધિકારીઓની બેઠક બોલાવવામાં આવી હતી. ખાસ કરીને પ્લાસ્ટીક પ્રતિબંધની ખાસ અમલવારી કરવાની સૂચના આપવામાં આવી હતી.



મહાશિવરાત્રીના મેળામાં લાખોની સંખ્યામાં લોકો ૫ દિવસ રોકાતા હોય છે. તેઓ માટે સેવાભાવી સંસ્થાઓ ઉતરામંડળો સ્વખર્ચે રાતદિવસ પેટભર જમવા ચા-પાણીની નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે. તેઓને માટે સુવિધા ઉભી કરવા હંગામી દવાખાનાઓ પરિવહન માટે એસટી બસો ટ્રેનો દોડાવવાના નિર્દેશ આપ્યા હતા.

ભાવિકો રોપ-વે ગિરનાર, ઉપરકોટ, મ્યુઝીયમ સહિતના સ્થળોએ જરૂરી વ્યવસ્થા કરવાની સૂચના આપી હતી. દુધ, શાકભાજી, ગેસસીલીન્ડર સહાયતા કેન્દ્ર, કન્ટ્રોલરૂમ સહિતની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં નાયબ વન સંરક્ષક જોષી, અધિક કલેકટર ચૌધરી, પ્રાંત અધિકારી ગોહિલ, ડીડીઓ સાંગવાનના પો.અધિકારી હિતેષ ધાંધલ્યા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડો. હેમાંગ દવેના આંતરડાની સર્જરીના રિસર્ચ પેપરની આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઈ

## ઈન્ટરનેશનલ જર્નલ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ જર્નલમાં પેપર પ્રસિદ્ધ થયું





રાજકોટ, તા.૨૪

જામનગરની જી.જી.સરકારી હોસ્પિટલમાં આંતરડામાં થતી અત્યંત દુર્લભ એવા સ્મુધ મસલ (સરળ સ્નાયુ)ની (BENIGN) ગાંઠ (કેન્સરની બિનઝેરી ગાંઠ)ની સારવાર તાજેતરમાં કરવામાં આવી હતી.

જી.જી.સરકારી હોસ્પિટલમાં એમ.એસ. જનરલ સર્જરી વિભાગમાં રેસિડન્ટ ડોક્ટર તરીકે શવષ બજાવતા ડો.હેમાંગ દેવેન્દ્રભાઈ દવેએ આંતરડામાં થતી અત્યંત દુર્લભ એવી ગાંઠ (LEIOMYOMA) નિદાન તથા સારવાર કરી સિનિયર સર્જન, ગાઈડ ડો.અમરીશ મહેતા (એમ.એસ) તથા ડો.કેતન મહેતા (એમ.એસ)ના માર્ગદર્શન હેઠળ આ જટિલ સર્જરીનું રિસર્ચ પેપર પણ તૈયાર કર્યું હતું.

આ રિસર્ચ પેપરનો વિસ્તૃત અહેવાલ તથા નોંધ તબીબી- જગતના (I.J.S.R.) ઈન્ટરનેશનલ જર્નલ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ જર્નલમાં જાન્યુઆરી-૨૦૨૫ની આવૃત્તિમાં વોલ્યુમ નં.૧૪ના પેઈઝ નંબર ૭૪૪ થી ૭૪૬ પર પ્રસિદ્ધ કરતાં ડો.હેમાંગ દવેએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવેલ છે. જે ગૌરવ બદલ તબીબી જગતના તજજ્ઞો સહિતના લોકોએ તેમને શુભેચ્છા સાથે અભિનંદન પાઠવ્યા હતા.



# ૧ ફેબ્રુઆરીથી બે દિવસ ઈસ્માઈલી સમુદાય દ્વારા પ્રીમિયર લીગ ICPL 2.0નું ધમાકેદાર આયોજન

## ટુર્નામેન્ટમાં ૪ ટીમો ભાગ લેશે

રાજકોટ, તા.૨૪

ઈસ્માઈલી સમુદાય દ્વારા આગામી તા.૧ અને ૨ ફેબ્રુઆરી એમ બે દિવસ પ્રીમિયર લીગ ICPL 2.O નું ધમાકેદાર આયોજન આર કે ક્રિકેટ ગ્રાઉન્ડ સામે, બાલાજી વેફર્સ, આસ્થા વિલા ન્યારીડિમ પાસે વાગુદડ રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટનો મુખ્ય ઉદેશ સમુદાયમાં એકતા બને તેવો ઉદ્દેશ્ય છે. આ ટુર્નામેન્ટમાં ૪ ટીમોએ ભાગ લીધો છે. ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે સભ્યો છેલ્લા ૨ મહિનાથી તૈયારીઓ કરી રહ્યા છે.

પ્રીમિયર લીંગ 2.Oને સફળ બનાવવા માટે પરવેઝ માખાણી, મિલન પ્રેમાણી, અલ્મીન નાયાણી, નસરૂ વઢવાણિયા, રિષાજ મેઘાણી, અરમાન વિસાણી સહિતના ટીમ મેમ્બરો જહેમત ઉઠાવી રહ્યા છે.

### તા.૨૬મીના રવિવારે શ્રી ઋષભદેવ સ્થા. જૈન સંઘના ઉપક્રમે

# ચારિત્ર્યનિષ્ઠ પૂ. ગુરૂદેવ શ્રી રાજેશમુનિ મ.ના શ્રીમુખે ભવોભવની આલોચના કરવાનો અવસર : દિવ્ય આયોજન

રાજકોટ, તા. ૨૪

શ્રી ઋષભ દેવ સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા આગામી તા. ૨૬મીના રવિવારે ગોંડલ સંપ્રદાયના ગૌરવવંતા રત્ન, ચારિત્ર્ય નિષ્ઠ પૂ. ગુરૂ ભગવંત શ્રી રાજેશમુનિ મ. તથા પૂજ્યશ્રીના શિષ્ય-શિષ્યા ભગવંતો આદિ ઠાણા, ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં શાશ્વત એપાર્ટમેન્ટ, પારસ હોલ સામે, નિર્મલા રોડ પાસે, રાજકોટ ખાતે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ સુધી 'ભવોભવની આલોચના' અનુષ્ઠાનનું આયોજન કરાયું છે. આપણા આ ભવ તથા પૂર્વેના અનંતા ભવોના પાપકર્મોની આલોચના કરી પાપોથી હળવા થવાનો મંગલ અવસર બની રહેશે. પૂજ્ય ગુરૂ ભગવંતના શ્રીમુખે ભવોભવની આલોચના કરવાનો અમૂલ્ય અવસર ચુકવા જેવો નથી.

આલોચનામાં લાભ લેવા ઇચ્છુકોએ પોતાનું નામ તથા ઉંમર વહેલા તે પહેલાના ધોરણે તા. ૨૫ના શનિવારના બપોરના ૧૨.૩૦ સુધીમાં ઋષભ દેવ સંઘ સંચાલિત સર્વે સંઘોના કાર્યાલયોમાં લખાવવા અથવા મો. નં. ૯૪૨૮૨ ૫૧૯૨૭ ઉપર મેસેજ કરવા જણાવાયું છે.

# કાલે રાજકોટ-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડનો જન્મદિન : ૫૦૦ દર્દીના મોતીયાના ફ્રી ઓપરેશન

## સેવાનો અવસર બનાવીને સ્લમથી માંડી દિવ્યાંગ બાળકો સાથે ઉજવણી : વિવિધ મોરચા દ્વારા સત્કાર્યો



રાજકોટ, તા. ૨૪

આવતીકાલ તા. ૨૫ જાન્યુઆરીના રોજ વિધાનસભા-૬૮ના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદયભાઇ કાનવડનો જન્મદિવસ છે. આ નિમિત્તે તેઓ શ્રી સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞ યોજશે. ધારાસભ્ય તરીકિના બે વર્ષમાં આ વિસ્તારમાં તેઓ લોકો માટે ૨૪×૭ ઉપલબ્ધ રહ્યા છે.

શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઇ મોલીયા, પૂર્વ ડે.મેયર વલ્લભભાઇ દુધાત્રા, જનસેવા કાર્યાલયના મનસુખભાઇ પીપળીયાએ જણાવ્યું છે કે સેવા હી પરમો ધર્મ અને સૌનો સાથ સૌનો વિકાસ સુત્ર સાર્થક કરનાર ધારાસભ્યના કાર્યાલય (પેડક રોડ અને પેટા કાર્યાલય વોર્ડ નં.૧૫ ખોડીયારનગર)માં આયુષ્યમાન કાર્ડ, આધાર કાર્ડમાં સુધારા, સરકારી યોજનાઓની વિગતો ઉપલબ્ધ હોય છે. થોડા સમય પહેલા એઇમ્સના નિષ્ણાંત ડોકટરોની ટીમ સાથે સર્વ રોગ નિદાન કેમ્પ, વિશ્વકર્મા સહાય કેમ્પ, કુંડા વિતરણ, સારવાર માટે સરકારમાંથી સહાયના ભલામણ પત્ર, વાવાઝોડા વખતે ફૂડ પેકેટ વિતરણ, લાખાજીરાજ માર્કેટના વેપારીઓ માટે મનપામાં રજુઆત, ટીપી ૧૪ ફાઇનલ કરવા રજુઆત, જુદી જુદી ગ્રાન્ટની ફાળવણી, ગરબીની બાળાઓને લ્હાણી વિતરણ, તેજસ્વી છાત્રોનો સન્માન સમારોહ સહિતના કાર્યક્રમ યોજયા છે. બે વર્ષમાં ૬૦ હજાર લોકોએ કાર્યાલયની સેવાઓનો લાભ લીધો છે. કાલે શનિવારે સાંજે ૫ કલાકે શ્રી રણછોડદાસજી બાપુ હોસ્પિટલ, કુવાડવા રોડ ખાતે આધુનિક ફેકો મશીન દ્વારા આંખના મોતીયાના ફ્રી ઓપરેશન (નેત્રમણી) કરાશે. જેનો ૫૦૦ લોકો લાભ લેશે. ઉપરાંત કિસાન મોરચા દ્વારા સ્લમના બાળકોને નાસ્તા વિતરણ, બક્ષીપંચ મોરચા દ્વારા એકરંગ સંસ્થાના બાળકોને ભોજન, મહિલા મોરચા દ્વારા આંગણવાડીના બાળકોને નાસ્તા વિતરણ, યુવા મોરચા દ્વારા હિના ફાઉન્ડેશનના દિવ્યાંગ અને અનાથ બાળકોને ભોજન કરાવવામાં આવશે. આ રીતે જન્મદિવસને સેવાનો અવસર બનાવવાની પ્રેરણા ધારાસભ્ય પૂરી પાડી રહ્યા છે.

### સફાઈ કામદાર જાગૃતી મંડળ દ્વારા ૨૬ મી જાન્યુઆરીએ ધ્વજવંદન કાર્યક્રમ

સફાઈ કામદાર જાગૃતિ મંડળ ધ્વારા ૨૭ માં વર્ષના મંગલ પ્રવેશ સાથે ૭૬ માં વર્ષમાં પ્રજાસતાક બંધારણ પર્વે વાલ્મીકી સમાજના આગેવાનો, મંડળો, ટ્રસ્ટો તેમજ સફાઈ કામદાર ભાઈ/ બહેનો અને યુવા જાગૃતી મંડળ હસ્તક રાષ્ટ્રીતના નાદ સાથે ૨૬ મી જાન્યુઆરી ના ૧૧-૩૦ કલાકે સફાઈ કામદાર જાગૃતિ મંડળ,ઓફીસ નં. ૨ ડો. આંબેડકર ભવન, સીવીક સેન્ટર પાસે, ઢેબર રોડ ખાતે ધ્વજવંદન કરવામાં આવશે

# કાલે સંત શિરોમણી પ.પૂ. સદગુરૂ શ્રી બાળક સાહેબની ૧૧૯મી પુણ્યતિથીની ભકિતભાવ સાથે ઉજવણી

રાજકોટ, તા.૨૪

સંત શિરોમણી પ.પૂ.સદગુરૂ શ્રી બાળક સાહેબની ૧૧૯મી પુણ્યતિથી આવતીકાલ તા.૨૫ ને શનિવારન રોજ શ્રી બાળક સાહેબ સમાધી મંદિર, બેડીપરા, શ્રમજીવી સોસાયટી ૧૦/૧૧, ભાવનગર રોડ, રાજકોટ ખાતે ભક્તિભાવ સાથે ઉજવવામાં આવશે.

જેમાં સવારે ગુરૂ શ્રી બાળક સાહેબની મંગળા આરતી અને ગુરૂપુજન તેમજ ધ્વજારોહણ સહિતના અનુષ્ઠાનો યોજાશો તેમજ સાંજના ૯ કલાકે મહાપ્રસાદ, ૧૦ કલાકે પાટ જયોત દર્શન અને રાત્રીના ૧૦:૩૦ કલાકે સંતવાણીના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ પ્રસંગે બાળક સાહેબની સમાધિ અને મંદિરને લાઇટ ફુલો તથા રોશનીથી સુશોભીત કરવામાં આવશે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટીશ્રીઓ નિમીષા એમ. સોલંકી અને ભુપતભાઈ જે.ભલસોડ જહેમત ઉઠાવી રહ્યા છે.

# આંતરરાષ્ટ્રીય કવોન્ટમ સાયન્સ એન્ડ ટેકનોલોજી વર્ક ૨૦૨૫ પર વ્યાખ્યાન

ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્ષ, રાજકોટ ખાતે ૨૭ જાન્યુઆરી ને સોમવારના રોજ સાંજે ૭:૦૦ કલાકે આંતરરાષ્ટ્રીય કવોન્ટમ સાયન્સ એન્ડ ટેકનોલોજી વર્ક ૨૦૨૫ વિષય નિમિત્તે કવોન્ટમ મિકેનિકસ અંગેનું પ્રથમ વ્યાખ્યાન પ્રખર ખગોળ વિજ્ઞાની ડો. જે જે રાવલ આપશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોષી પ્રમુખ સ્થાને ઉપસ્થિત રહેશે. તેમજ તેમનું સન્માનના કાર્યક્રમનું આયોજન કર્યું છે.

# રવિવારે વાઢાળા સમાજનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાશે

## લગ્નની વિધિ પહેલા ગૌમાતાનું પૂજન કરી ત્રણ દીકરીઓ પ્રભુતામાં પાડશે


તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ, તા.૨૪

ખમિરવંતો ઈતિહાસ ધરાવતા અને તલવાર બનાવવાની કળા માટે જાણીતા વાઢાળા સમાજનો પ્રથમ સમૂહલગ્નોત્સવ ૨૬ જાન્યુઆરીએ રવિવારે બપોરે ૧૨ કલાકે ચોટીલા ખાતે આવેલા મોલશ્વર મહાદેવ મંદિર પરિસરમાં યોજાશે. આ પ્રસંગે વાઢાળા સમાજના ત્રણ નવદંપતીઓ સમાજના આગેવાનો, સાધુસંતો અને રાજકિય આગેવાનો, રાજવી પરિવારોના હાજરીમાં પ્રભુતામાં પગલાં પાડશે. વાઢાળા સમાજ ના સમૂહ લગ્નમાં ૩ દીકરીઓ પ્રભુતામાં પગલા માંડશે. જેમાં દીકરીઓને ૧૫૦ થી વધુ વસ્તુઓ કરિયાવર રૂપે આપશે. વાઢારા સમાજ દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવની કંકોત્રીમાં ગૌ માતાને રાષ્ટ્રમાતા જાહેર કરવાની અપિલ કરવામાં આવી છે.

આ તકે સ્વ. મહંતશ્રી કાંતિબાપુ, મહંતશ્રી અશ્વિનગીરી શ્રીચામુંડા માતાજી ,ચોટીલા, શ્રી કાલીદાસજી બાપુ - ગૌ ભકત મંદિર - દેકાવાડા, અવધુત રામાણીબાપુ -ગૌભકત, કેસરગઢ, શ્રી દામજીબાપા -જલારામ મંદિર ચોટીલા, શ્રી કબીર આશ્રમ -ચોટીલા, શ્રી બ્રહમાકુમારી મીરાબેન ખાસ હાજરી આપી નવદંપતીને આશીર્વાદ આપશે.

આ સાથે લગ્નની વિધિ પહેલા ગૌમાતાનું પૂજન કરીને સમૂહલગ્નોત્સવને ખુલ્લો મુકવામાં આવશે. આજે પણ કુરિવાજો સામે લડી રહેલા સમાજમાં દીકરો દીકરી એક સમાન અને સ્ત્રી શિક્ષણનો સંદેશો પણ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ગૌરક્ષાનું કામ કરતા ગૌભક્તો અને સાધુ-સંતો મોટી સંખ્યામાં હાજરી આપીને નવદંપતીને આર્શિવાદ આપશે.

આ આયોજન અંતર્ગત હરેશ ભાઈ ચૌહાણ, કુલદીપ સોલંકી, હર્ષિલ ચૌહાણ, જૈમિન બોડાણા, જૈનીલ ઉપાધ્યાય, ભાવિન વાળા, કેતન સંઘવી એ સાંજ સમાચારની મુલાકત લીધી હતી.

### રાષ્ટ્ર ગૌરવ યાત્રા સમિતિનું ભવ્ય આયોજન

# ૨૬ મી જાન્યુઆરીએ ૨૫૧ ફૂટના રાષ્ટ્રધ્વજ સાથે ભવ્ય ગૌરવ યાત્રા નિકળશે



તસ્વીર: પંકજ શિશાંગીયા

### સમૂહ ધ્વજ વંદન, સમૂહ રાષ્ટ્રગાન, શહીદોને શ્રદ્ધાંજલી સહિતના કાર્યક્રમો

### રૂટ દરમિયાન સાઉન્ડ સિસ્ટમ પર દેશભક્તિના ગીતો પર રાષ્ટ્રપ્રેમીઓ જૂમશે

રાજકોટ, તા.૨૪

દર વર્ષ ની આ વર્ષે પણ રાષ્ટ્ર ગૌરવ યાત્રા સમિતિ દ્વારા રાજકોટ ખાતે ૮ મા વર્ષે એક ભવ્ય રાષ્ટ્ર ગૌરવ યાત્રા નું આયોજન કરવામા આવેલ છે.આ યાત્રા નું મુખ્ય આકર્ષણ ભારત માતા નો મુખ્ય ફ્લોટ, શહીદ કુટીર તથા ૨૫૧ ફૂટ લંબાઈ ધરાવતો રાષ્ટ્ર ધ્વજ રહેશે જેને ચાલી ને સમગ્ર રૂટ માં લઇ જવામાં આવશે. આ યાત્રા માં ભારત માતા તેમજ અલગ અલગ સ્વતંત્રતા સેનાનીઓના જીવંત પાત્રો પણ રહેશે. યાત્રા ની પુર્ણાહુતી બાદ સમૂહ ધ્વજ વંદન, સમૂહ રાષ્ટ્ર ગાન, શહીદો ને સમૂહ શ્રદ્ધાંજલી તેમજ ભારત માતા નું કુમ કુમ, ફૂલ દ્વારા પૂજન કરવામાં આવશે.જાહેર યાત્રામાં નારી શક્તિ નું પ્રભુત્વ દેખાડવા તથા બહેનો પણ આવા રાષ્ટ્રીય કાર્યક્રમ માં પુરુષો સાથે ખભે ખભો મિલાવી ને કામ કરી શકે છે તે બતાવવા બહેનો પણ બાઈક લઈને તથા ચાલીને મોટી સંખ્યા માં જોડાશે. સમગ્ર રૂટ દરમિયાન સાઉન્ડ સિસ્ટમ પર દેશભક્તિ ના ગીતો પર રાષ્ટ્રપ્રેમીઓ જૂમશે. યાત્રા નું જુદી જુદી સંસ્થાઓ દ્વારા રૂટ દરમિયાન પુષ્પો થી તથા અલગ અલગ રીતે સ્વાગત કરવામાં આવશે.

યાત્રા નું પ્રસ્થાન સવારે ૦૯:૦૦ વાગ્યે બાલભવન ગેટ કિશન પરા ચોક,જિલ્લા પંચાયત ચોક,ડો. યાજ્ઞિક રોડ, ત્રિકોણ બાગ,સાંગણવા ચોક,રાજેશ્રી સિનેમા ,સ્વામીનારાયણ મંદિર ભુપેન્દ્ર રોડ,કોઠારીયા નાકા સોનીબજાર ચોક,ગરુડ ગરબી ચોક રામનાથપરા - સમાપન સવારે ૧૨:૦૦ વાગ્યે રાખેલ છે.

આ કાર્યક્રમ અંતર્ગત ધ્રુવ કુંડેલ, ભાવિન સ્વેની, કલ્પેશ ગામરા ,આશીષ સોની, વિશાલ કવા, કાના ભાઈ કુબાવત ,અભિષેક આશરા, આશાબેન ભટ્ટી, વંદના સેજપાલ, જાગૃતિબેન ખમાણી એ સાંજ સમાચાર ની મુલાકાત લીધી હતી.

#### યાત્રાના આકર્ષણો

- ૨૫૧ ફુટ નો રાષ્ટ્ર ધ્વજ
- દેશ ના શહીદો ને શ્રદ્ધાંજલિ પાઠવવા માટે અમર જવાન ફ્લોટ્સ બનાવાશે.
- જલીયાવાલા બાગ થી આવેલ શહીદો ના રક્તની માટી
- ફ્રીડમ ફાઈટર ના જીવંત પાત્રો જેવાકે ભારત માતા, ભગતસિંહ, ગાંધીજી, જાસી કી રાની બનીને ભૂલકાઓ આવશે.
- પુણા હુતી સ્થાન પર આર્મી ના અફસર દ્વારા પ્રથમ ભારત ના રાષ્ટ્ર ધ્વજ ને ફરકાવવા આવશે અને સમૂહ મા ધવજ વંદન કરવામાં આવશે
- સ્ટેજ પર સમૂહ મા લોકો દ્વારા ભારત માટે શહીદ થયેલ જવાનો નો પુષ્પાંજલિ પાઠવવામાં આવશે

# કાલે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમમા રાષ્ટ્રીય કક્ષાના હોમીયોપેથી માર્ગદર્શન સેમિનાર ૪.૦ નું ભવ્ય આયોજન

### આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત હોમિયોપેથીક નિષ્ણાંતો રાજકોટ ખાતે પધારશેઃ ૨૦૦ જેટલી ફેકલ્ટી સેમિનારનો લાભ લેશે




રાજકોટ, તા.૨૪

નવી શિક્ષણ નિતી અંતર્ગત પ્રથમવાર નેશનલ કમીશન ફોર હોમીયોપેથી એન્ડ ફેકલ્ટી ઓફ હોમીયોપેથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આજે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ૧૨ હોમીયોપેથીક કોલેજના તમામ શૈક્ષણિક અને હોસ્પિટલના ફેકલ્ટી માટે ફેકલ્ટી ઓફ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા હેલ્થ કેર ફાઉન્ડેશનના ઉપક્રમે ડીન ડો.કલ્પિત સંઘવીના પ્રયત્ન થી નવી શિક્ષણ નીતિને અનુરૂપ નેશનલ કમિશન ફોર હોમીયોપેથી દ્વારા BHMSને સંપૂર્ણ અભ્યાસક્રમને યોગ્યતા આધારિત ગતિશીલ અભ્યાસક્રમ એટલે કે સ્કીલ અને પ્રેક્ટીકલ આવડત આધારિત ગતિશીલ અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૨થી લાગુ કરવામાં આવેલ છે. તેના માટે ખાસ હોમીયોપેથીક એજ્યુકેશન બોર્ડ, નેશનલ કમિશન ફોર હોમીયોપેથીના પ્રમુખ ડો.તાર્કેશ્વર જૈન તથા આગામી વર્ષોમાં આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ તથા આયુષ્માન ભારત ડીજીટલ મીશન અંતર્ગત સિં સમગ્ર રાષ્ટ્રને જોડતી એક ડીજીટલ હેલ્થ ઈકો સિસ્ટમ આકાર લઈ રહી છે.ત્યારે હોમીયોપેથીક એથિકસ અને રજીસ્ટ્રેશન બોર્ડના પ્રમુખ ડો.પિનાકીન ત્રિવેદી, વન નેશન રજીસ્ટ્રેશન પોલીસી - નેશનલ રજીસ્ટર ઓફ હોમીયોપેથી માર્ગદર્શન આપશે.

હોમીયોપેથી તબીબી શિક્ષણને કલાસરૂમથી કિલનિક લઈ જવા હોમિયોપેથીક શિક્ષણને ઈન્ટરેક્ટિવ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આટર્સ ગેલેરી, સ્ટેટિસ્ટિક ભવન ખાતે આજે સવારે આયોજન કરવામાં આવેલ.આ કાર્યક્રમમાં ગઈઈ, ચેરપર્સન ડો.અનિલ ખુરાના તથા વાઈસ ચાન્સેલર ડો.ઉત્પલ જોષીનું માર્ગદર્શન વન તથા સહયોગ મળેલ છે.

રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર ૪.૦ નું આયોજન રાજકોટ ના પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે આવતીકાલે કરવામાં આવેલ છે. હોમિયોપેથીક તબીબી પદ્ધતિના પાયાના ત્રણ મુખ્ય વિષયો તથા હોમિયોપેથીક સિસ્ટમને અસરકારક બનાવનાર તથા સરળ અને લોકભોગ્ય બનાવનાર ત્રણ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત હોમિયોપેથીક નિષ્ણાંતો રાજકોટ ખાતે પધારશે તથા વિધાર્થીઓ, ડોકટરો અને ફેકલ્ટીઓ સાથે સીધો સંવાદ કરશે. આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલી ફેકલ્ટી હાજર રહેશે.

જેમાં મુખ્યત્વે ડો. અશોક કુમાર દાસ, ફાઉન્ડર ચેરમેન, દાસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ રિસર્ચ કોલકાતા, એ ટ્રીટાઇઝ ઓફ ઓર્ગેનોન ઓફ મેડિસીન બૂકના લેખક કલકત્તાથી, ડો. શશિકાંત તિવારી ચેરમેન, ડ્રગ પ્રુવિંગ કમિટી સી.સી.આર.એચ.- દિલ્હી, એસેન્શીયલસ ઓ. રીપર્ટોરાઇઝેશન બૂકના લેખક મેંગ્લોરથી તથા ડો. પ્રવિણ કુમાર, આંતરરાષ્ટ્રીય વક્તા અને શિક્ષક, ટ્રસ્ટી સેક્રેટરી જનરલ, ગ્લોબલ હોમીયોપેથી ફાઉન્ડેશન, ભૂતપૂર્વ પ્રિન્સિપાલ - હૈદરાબાદ થી ખાસ હાજરી આપી રહ્યા છે. આ કાર્યક્રમ નેશનલ કમિશન ફોર હોમિયોપેથીના ચેરપર્સન ડો.અનિલ ખુરાના તથા વાઇસ ચાન્સેલર પ્રોફેસર ડો.ઉત્પલ જોશી દ્વારા સહયોગ આપવામાં આવ્યો છે. રાજકોટમાં સૌપ્રથમ વખત આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે.



### રવિવારે ભાવનગર શિશુવિહારના આંગણે માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં ૩૪માં નાગરિક અભિવાદન સમારોહનું આયોજન

### ‘દીકરાનું ઘર’ વૃદ્ધાશ્રમના ટ્રસ્ટી અનુપમ દોશીનું પૂ. મોરારીબાપુના હસ્તે નાગરિક સન્માન કરાશે



રાજકોટ, તા.૨૪

ભાવનગર શિશુવિહારના આંગણે માનભાઈ ભટ્ટ નાગરિક અભિવાદન ગુજરાતના મુઠી ઊંચેરા લોક સેવક અને શિશુવિહાર સંસ્થાના સ્થાપક માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં આગામી તા. ૨૬ જાન્યુઆરીને રવિવારના રોજ બપોરે ૪ કલાકે ૭૬માં પ્રજાસતાક પર્વ નિમિતે ૩૪મો નાગરિક અભિવાદન સમારોહ વિશ્વ વંદનીય સંત પૂ. મોરારી બાપુની અધ્યક્ષતામાં યોજાનાર છે. જેમાં રાજકોટ નગરના સામાજિક અગ્રણી ‘દીકરાનું ઘર’ વૃદ્ધાશ્રમના ટ્રસ્ટી અનુપમ દોશીનું પૂજ્ય મોરારીબાપુના હસ્તે નાગરિક સન્માન કરવામાં આવનાર છે.

આ તકે અનુપમ દોશીના વિવિધ ક્ષેત્રના સ્વજનો શહેર ભાજપ અધ્યક્ષ મુકેશભાઈ દોશી, ડો. નીદતભાઈ બારોટ, મોઢ વણિક સમાજના અગ્રણી રમેશભાઈ જીવાણી, કિરીટભાઈ સી. પટેલ, કિરીટભાઈ આદ્રોજા, ડો. નિરંજનભાઈ પરીખ, શરદભાઈ દવે, દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ પરિવારના મૌલેશભાઈ ઉકાણી, શિવલાલભાઈ આદ્રોજા, પ્રતાપુભાઈ પટેલ, વલ્લભભાઈ સતાણી, ધીરૂભાઈ રોકડ, સુનિલ વોરા, નલિન તન્ના, હસુભાઈ રાચ્છ તેમજ સાહિત્ય સેતુ રાજકોટ પરિવાર અને સેવા જગત તરફથી સહયોગ મળેલ છે.

### શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત

# શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરમાં અદ્યતન રીડિંગ લાયબ્રેરીનો પ્રારંભ



### કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાના હસ્તે ઓપનિંગ

રાજકોટ, તા.૨૪

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર શહેર ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં યુવાનો માટે અદ્યતન સુવિધાસભર રીડિંગ લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યારે ૨૧ જાન્યુઆરીના રોજ આ રીડિંગ લાયબ્રેરીનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદઘાટન કાર્યક્રમના અધ્યક્ષ તરીકે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ઉદઘાટક તરીકે શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા અને ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના વરદ હસ્તે રીડિંગ લાયબ્રેરીનું રીબીન કાપીને ઉદઘાટન કર્યું હતું.

શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર શહેરના હાર્દ સમા વિસ્તાર એવા સરગાસણ ચોકડી ખાતે આવેલા નક્ષત્ર બિલ્ડિંગમાં ત્રીજા માળે અદ્યતન સુવિધાસભર રીડિંગ લાયબ્રેરી બનાવવામાં આવી છે. જેમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ શાંત વાતાવરણમાં બેસીને વાંચન કરી શકશે. આ રીડિંગ લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓ માટે પર્સનલ ડેસ્કની સાથે રોલિંગ ચેર અને બોસ ચેરની સુવિધા, લોકરની સુવિધા, વાઈ-ફાઈની સુવિધા, એસીની સુવિધા અને ડાયનિંગની સુવિધા આપવામાં આવી છે.

રીડિંગ લાયબ્રેરીના ઉદઘાટન પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ દિપ પ્રાગટ્ય કર્યું હતું. દિપ પ્રાગટ્ય બાદ શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટના પ્રમુખ હરેશભાઈ પરસાણાએ સ્વાગત પ્રવચન કરીને સૌને આવકાર્યા હતા. ઉદઘાટન પ્રસંગે હાજરી આપનાર કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાનું ખોડલધામનો ખેસ પહેરાવી મા ખોડલની પ્રતિમા આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

### વીરદાદા જશરાજજીના શહીદ દિનની ઉજવણી નિમિત્તે

# રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નાત જમણ કાર્યક્રમ યોજાયોઃ ૧ હજારથી વધુ સ્વયંસેવકોએ સેવા આપી

### થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે આયોજિત રક્તદાન કેમ્પમાં આશરે ૧૫૦થી વધુ બોટલ એકત્ર

રાજકોટ, તા.૨૪

રાજકોટના રેસકોર્ષના મેદાનમાં રઘુવંશીઓનો મહાકુંભ યોજાયો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. લાખો રઘુવંશીઓએ એક સાથે મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. વીરદાદા જશરાજજીના શહીદ દિનની ઉજવણી નિમિત્તે રઘુવંશીઓએ એક તાંતણે બંધાઈ એક સાથે હરીહર કર્યું હતું.

નાત જમણના કાર્યક્રમમાં રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની મહિલા સમિતિ દ્વારા વિવિધ ક્ષેત્રોમાંથી ટેલેન્ટેડ બાળકો તથા બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રઘુવંશી સમાજની યુવતીઓ દ્વારા નૃત્ય સહીતના કાર્યક્રમો દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. જ્યારે ભોજન સમારોહમાં અશક્ત, વૃદ્ધો તથા દિવ્યાંગો માટે અલગ વ્યવસ્થા રાખવામાં આવી હતી. જ્યારે થેલેસેમિયા બાળકો માટે સિવિલ હોસ્પિટલના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં આશરે ૧૫૦થી વધુ રક્તની બોટલો એકત્ર થઈ હતી. આ ભોજન પ્રસાદ કાર્યક્રમમાં ૧૦૦૦થી વધુ સ્વયંસેવકોએ સેવા આપી હતી. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ઉપપ્રમુખ કાશ્મીરાબેન નથવાણી, રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, મહાનગરપાલિકાના દંડક, મનીષભાઈ રાડીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, કોર્પોરેટર વર્ષાબેન પાંધી દક્ષાબેન વસાણી, ભાજપ અગ્રણી દિનેશભાઈ કારીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### સરદાર પટેલ સોશિયલ ગ્રુપનો ૮ માં વર્ષમાં મંગલ પ્રવેશઃ પ્રમુખ વિજય લકકડ અને સેક્રેટરી હરેશ સાયપરીયાની વરણી

રાજકોટ, તા.૨૪

સરદાર પટેલ સોશિયલ ગ્રુપ (મેઇન-યુવા) રાજકોટ ખોડલધામ સંચાલીત ભોજલરામ ઉર્ષ ભવન ખાતે કાર્યરત છે કે જે છેલ્લા ૮ વર્ષથી સોશિયલ એક્ટીવીટી કરી રહ્યું છે. સંસ્થાએ ૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. દર વર્ષે સભ્યો માટે એનક કાર્યક્રમો યોજવામાં આવે છે.આ ગ્રુપમાં પ્રમુખ વિજયભાઈ લકકડ, સેક્રેટરી હરેશભાઈ સાયપરીયા, સહમંત્રી રસીકભાઈ ઠેસીયા, વિઠ્ઠલભાઈ સગપરીયા, ખજાનચી નિલેશભાઈ કથીરીયા, સહખજાનચી પ્રફુલભાઈ મારવીયા, આયોજન મંત્રી હરેશભાઇ કપુરીયા, સંયોજક દેવાંગભાઈ રાણપરીયા તેમજ સલાહકાર સમિતિમાં મનસુખભાઈ પરસાણા, કાબરીયા દિનેશભાઈ, લકકડ ચંન્દ્રકાન્તભાઈ, સગપરીયા હરેશભાઈ, વીરડીયા જીતેન્દ્રભાઈ, વીરડીયા રહિષભાઈ, વિઠ્ઠલભાઈ કાનાણીની વરણી કરવામાં આવી છે.

# રવિવારે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન સહયોગથી બે સ્થળે મહારકતદાન કેમ્પનું આયોજન

### સ્વ.સતીશચંદ્ર અગરવાલની પુણ્યતિથિ નિમિતે અને મર્હુમ સિદિકભાઈ માણેક અને મિયાણા સમાજ દ્વારા કેમ્પ યોજાશે



રાજકોટ, તા.૨૪

રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભ આશયથી શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી સ્વ.સતીશચંદ્ર ડી. અગરવાલની ૧૧ મી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે તા.૨૬ જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૯:૩૦ થી બપોરે ૧:૩૦ કલાક સુધી નાગર બોર્ડિંગ, વિરાણી સ્કૂલની સામે, ટાગોર રોડ, રાજકોટ ખાતે તદ્પરાંત મર્હુમ સિદિકભાઈ માણેક અને મિયાણા સમાજ દ્વારા રવિવારે સવરે ૯ થી ૪:૩૦ કલાક સુધી ઢેબર કોલોની, મદ્રેસાની બાજુમાં, રાજકોટ ખાતે રકતદાન કેમ્પ યોજાશે.

આ બંને કેમ્પમાં જયંત અગરવાલ, નિખિલ ઉચાટ, પંકિલ પધારીયા, વિમલ દોશી, પિયુષ ધાંધા, જીત અગરવાલ, કમલ પારેખ તેમજ શબ્બીરભાઈ સિદિકભાઈ માણેક, ઇમરાનભાઈ સિદિકભાઈ માણેક, આસીફભાઈ સિદિકભાઈ માણેક, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવિલ બ્લડ બેંકના એમ. ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે.

### રાજકોટ જીલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી મનિષ ચાંગેલાનો જન્મદિવસ



રાજકોટ, તા.૨૪

રાજકોટ જીલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી મનિષભાઈ ચાંગેલા આવતીકાલે જન્મદિવસ છે. તેઓ ૫૭ માં વર્ષમાં પ્રવેશી રહ્યાં છે. ભાજપ સંગઠનમાં વિભિન્ન ઉત્તરદાયિત્વને તેમણે સફળતાથી સંભાળ્યા છે.

રાજકોટ જીલ્લા ભાજપના મીડિયા ઇન્ચાર્જ, ધોરાજી-ઉપલેટા બેઠકના ચૂંટણી ના ઇન્ચાર્જ, ઉપલેટા- શહેર તાલુકાના પ્રભારી, ધોરાજી-ઉપલેટા ધારાસભા મતવિસ્તારમાં સંગઠનાત્મક જવાબદારી, રાજકોટ જીલ્લા ભાજપના કોષાધ્યક્ષ, ગુજરાત પ્રદેશ ભાજપ મીડિયા સેલના સદસ્ય, જસદણ-વિંછીયા અને મોરબી-માળિયા વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણીમાં સમર્પિત સક્રિયતા સાથે તેમણે કરેલી કામગીરીની નોંધ ભાજપના મોવડીમંડળે હંમેશા લીધી છે. મનિષભાઈ ચાંગેલા એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ ગુજરાતમાં મુખ્યમંત્રી હતા. ત્યારે યોજેલી સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા ની સફળતામાં પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આજે તેમના જન્મદિવસ નિમિત્તે મો. નં- ૯૮૨૫૨ ૯૫૧૩૩ પર શુભકામના મળી રહી છે.

### ન્યુઝ ચેનલના કેમેરામેન લલિત વ્યાસનો જન્મદિવસ



સીટી ન્યુઝ ચેનલના હેડ મંતવ્ય ન્યૂઝના કેમેરામેન લલિત વ્યાસનો આજે જન્મદિવસ છે તેઓ આજે ૪૨ વર્ષ પુર્ણ કરી ૪૩ વર્ષ પ્રવેશ કરશે.

લલિત વ્યાસ ૧૭ વર્ષથી મીડિયા લાઇન પોતાની ફરજ નિભાવી રહ્યા છે. રાજકારણમાં મોટા દિગ્ગજ નેતાઓ, ક્રિકેટ ખેલાડીઓ વગેરે સાથે સારા સંબંધ ધરાવે છે આજે તેમના જન્મદિવસ પર મો.૯૯૨૪૦૨૮૬૧૬ પર શુભકામના મળી રહી છે.

### રવિવારે રકતદાન કેમ્પનું આયોજન

તા. ૨૬/૧/૨૦૨૫ ને રવિવાર નાં રોજ સવારે ૮ થી બપોરનાં ૨ કલાક ભવનાથ મંદિર, દેવપરા શાક માર્કેટ પાછળ, ઇન્દીરા નગર, કોઠારીયા રોડ ખાતે સ્વ. કરણ અનિલભાઇ પરમાર ની ચોથી વાર્ષિક પૂણ્યતિથિ નિમિતે ‘રકતદાન કેમ્પ’ (રકતાંજલી) નું આયોજન કરવામાં આવેલ છે. સ્વ. કરણભાઇ અનિલભાઇ પરમાર ને છેલ્લા ચાર વર્ષથી તેમના પરિવારજનો અને મિત્ર વર્તુળ દ્વારા રકતદાન કેમ્પ નું આયોજન કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે.

### પોલીસ કમિશ્નરની અધ્યક્ષતામાં રાજકોટ શહેર રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

# અકસ્માતોની વણઝાર વચ્ચે ગત વર્ષની તુલનાએ વાહન એકસીડેન્ટ કેસોમાં ૧૨.૨૪ ટકાનો ઘટાડો થયાનો દાવો




રાજકોટ, તા.૨૪

પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં રાજકોટ શહેર રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. અકસ્માતોની વણઝાર વચ્ચે પણ રાજકોટ શહેર વિસ્તારમાં ગત વર્ષની તુલનાએ વાહન અકસ્માતના કેસોમાં ૧૨.૨૪ ટકાનો ઘટાડો થયાનો દાવો પોલીસે કર્યો છે.

શહેરમાં ટ્રાફિક નિયમન સુચારુ બને અને વાહન અકસ્માતમાં ઘટાડો જોવા મળે તે માટે રોડ એન્જીનીયરિંગ, મહત્તમ ટ્રાફિક સિગ્નલ સંચાલન, સાઈનેજીસ અને પબ્લિક અવેરનેસ કાર્યક્રમો પરિણામલક્ષી હોવા જોઈએ તેમ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ રાજકોટ શહેર રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં મહત્વના સૂચન કરતા જણાવ્યું હતું. પોલીસ કમિશનરે શહેર ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ. દ્વારા ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત કરવામાં આવેલા વિવિધ કેસ અને જનજાગૃતિ અભિયાનની કામગીરીની નોંધ લેતા હજુ પણ આ કામગીરી વધુ અસરકારક રીતે કરવા અને વાહન ચાલકો વારંવાર નિયમોનું ઉલ્લંઘન ન કરે તેમજ ટ્રાફિક સેન્સ કેળવાય તે મુજબ કામગીરી કરવા નિર્દેશ આપ્યો હતો.

#### સીપીનું માનવું છે કે, ટ્રાફિક નિયમન સુચારૂ બનાવવા અર્થે ટ્રાફિક ડ્રાઈવ, જનજાગૃતિ અભિયાન પરિણામલક્ષી હોવું જરૂરી છે

શહેરમાં છેલ્લા કેટલાકે વર્ષોથી જે રીતે વાહનોનું પ્રમાણ વધી રહ્યું છે તે જોતા શહેરમાં ટ્રાફિક સિગ્નલ વધારવા, રોડ એન્જીનીયરીંગ પર સતત કામ કરવા, નો પાર્કિંગ સહિતના સાઈનેજીસની પ્રભાવક કામગીરી કરવા પણ વિવિધ વિભાગના અધિકારીઓને આ તકે કમિશનરએ સૂચના આપી હતી. આ તકે ઉપસ્થિત અધિક પોલીસ કમિશનર શ્રી મહેન્દ્ર બગડિયાએ બ્લેક સ્પોટ ઉપરાંત અન્ય જગ્યાએ થતા ફેટલ અકસ્માતમાં તેના કારણો જાણી તેના નિરાકરણ માટે જરૂરી પગલાં લેવા સૂચન કર્યું હતું.રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ ડી.સી.પી. પૂજા યાદવે તેમજ આર.ટી.ઓ. અધિકારી કેતન ખપેડે છેલ્લા ત્રણ માસમાં ટ્રાફિક ડ્રાઈવ અને માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત કરેલી કામગીરીની માહિતી પુરી પાડી હતી. સરકારી કચેરી ખાતે હેલ્મેટ વિરોધી ઝુંબેશ, શાળા કોલેજ ખાતે લાઇસન્સ, શહેરના જુના વિસ્તારમાં દબાણ હટાવ, જુદી જુદી શાળા કોલેજમાં જનજાગૃતિ કાર્યક્રમો, બાઈક રેલી,આઈ ચેકઅપ કેમ્પ, ચિત્ર-વકૃત્વ સ્પર્ધાઓ સહિતના કાર્યક્રમોની વિગત પુરી પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રોડ સેફ્ટીની બેઠકમાં વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવતી ચર્ચાના અનુસંધાને જરૂરી સુધારાત્મક અમલવારી કરવામાં આવે છે, જેની ફલશ્રુતિ રૂપે વર્ષ ૨૦૨૩ની સાપેક્ષે ૨૦૨૪માં ફેટલઅકસ્માતમાં ૭.૬૯%, ગંભીરઅકસ્માતમાં ૬.૨૫% સહીત કુલઅકસ્માતમાં ૧૨.૨૪% ઘટાડો નોંધાયેલ છે. આ બેઠકમાં મહાનગરપાલિકા, પીજી.વી.સી.એલ., હાઇવે ઓથોરિટી સહિતના વિવિધ વિભાગ દ્વારા વિવિધ સ્તરે કરવામાં આવેલી કામગીરીની માહિતી પૂરી પડાઈ હતી. આ તકે નાયબ મ્યુનિસિપલ કમિશનર મહેશ જાની, એ.સી.પી. જે.બી. ગઢવી, જે. વી.શાહ સહીત વિવિધ વિભાગના અધિકારી, પ્રતિનિધિ હાજર રહ્યા હતા.

### ૧ લી ફેબ્રુઆરીની પોરબંદર-દિલ્હી સરાય રોહિલ્લા ટ્રેન ડાયવર્ટ રૂટ પર દોડશે




રાજકોટ,તા.૨૪

ઉત્તર પશ્ચિમ રેલવેના જયપુર ડિવિઝનમાં એન્જિનિયરિંગના કાર્ય માટે લેવામાં આવેલા બ્લોકને કારણે ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસ ૦૧.૦૨.૨૦૨૫ ના રોજ ડાયવર્ટ કરાયેલા રૂટ પર ચાલશે. ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર-દિલ્હી સરાય રોહિલ્લા સુપરફાસ્ટ તેના નિર્ધારિત માર્ગ મારવાડ જંકશન-અજમેર-જયપુર જંક્શન-અલવર-રેવાડી જંક્શન ના બદલે બદલાયેલ રૂટ મારવાડ જંકશન-જોધપુર જંકશન-ડેગાના જંકશન-સાદુલપુર જંકશન-રેવાડી જંકશન થઈને ચાલશે.

નોંધનીય છે કે, મુસાફરોની સુવિધા માટે રૂટ ફેરફાર દરમિયાન, ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ચાલતી ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર-દિલ્હી સરાય રોહિલ્લા સુપરફાસ્ટને પાલી મારવાડ, જોધપુર જંક્શન, મેડતા રોડ જંક્શન, ડેગાના જંક્શન, લાડનૂ, રતનગઢ જંકશન, ચુરૂ જંકશન, સાદુલપુર જંકશન અને લોહારૂ જંકશન સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે.જનસંપર્ક કાર્યાલય, પશ્ચિમ રેલ્વે, રાજકોટ ડિવિઝન.

# વાંકાનેર પંથકની વાડીમાંથી જુગાર કલબ પકડાઇ : રાજકોટના શખ્સો 'ટોકન'થી રમતા હતા

## કોટડાનાયાણી ગામે પોલીસ ત્રાટકતા ભાગમભાગ : જંગલેશ્વર સહિતના ચાર ઝડપાયા : પાંચ ભાગી ગયા : વાહનો સહિત ૯.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે





(જીજ્ઞેશ ભટ્ટ)
મોરબી તા. ૨૪

વાંકાનેર તાલુકાના કોટડાનાયાણી ગામની સીમમાં આવેલ વાડીમાં જુગારની રેડ પાડતા જુગાર રમતા શખસોમાં નાશભાગ મચી ગયેલ હતો જો કે, પોલીસે સ્થળ ઉપરથી ચાર શખ્સોની ધરપકડ કરી છે અને પાંચ શખ્સો ત્યાંથી નાશી ગયા હતા. હાલમાં પોલીસે રોકડ અને વાહન મળીને ૯.૭૧ લાખનો મુદામાલ કબ્જે કરેલ છે તેમજ સ્થળ ઉપરથી પ્લાસ્ટિકના જુદાજુદા કલરના ટોકન પણ કબ્જે કરવામાં આવેલ છે. વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે નવ શખ્સો સામે ગુનો નોંધીને પોલીસે આગળની કાર્યવાહી કરેલ છે.

વાંકાનેર તાલુકા પોલીસની ટિમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોટડાનાયાણી ગામે રહેતા પરાક્રમસિંહ હાલુભા જાડેજાની વાડીમાં પોલીસે ઓરડીમાં જુગારની રેડ કરી હતી વાડીમા આવેલ ઓરડી નજીક પોલીસ પહોચી ત્યાં અંદર બેઠેલા શખસોમાં નાશભાગ મચી ગયેલ હતી અને કેટલાક શખ્સો તકનો લાભ લઈને ત્યાંથી નાશી ગયા હતા જો કે, પોલીસે સ્થળ ઉપરથી પરાક્રમસિંહ હાલુભા જાડેજા (૪૫) રહે. કોટડા નાયાણી, ફેઝલ આરીફભાઈ ગલેરીયા (૩૧) રહે, જંગલેશ્વર, નિલમ પાર્ક બંધ સોસાયટી રાજકોટ, ડાડામીયા મહોમંદમીયા પીરજાદા (૩૩) રહે. હાલ જંગલેશ્વર ભવાની ચોક પાસે રાજકોટ મુળ રહે. હડાળા, નૈમીષ ધીરેંદ્રભાઈ માણેક (૩૧) રહે. રૈયા રોડ ગાંધીગ્રામ-૧ રાજકોટ વાળા મળી આવ્યા હતા. પોલીસે રેડ કરી ત્યારે જુગાર રમતા શખસોમાં નાશભાગ મચી ગયેલ હતી અને તે સમયે તકનો લાભ લઈને વિપુલ ઉર્ફે જાંબુ રહે. રાજકોટ, જાવેદ મેમણ રહે. રાજકોટ, ભટ્ટ ઉર્ફે કાકા ઈકો વાળા, વિપુલ ઉર્ફે જાંબુ સાથે રાજકોટથી આવેલા બે અજાણ્યા શખ્સ નાશી ગયેલ છે જેથી પોલીસે કુલ નવ શખ્સો સામે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધીને આગળની કાર્યવાહી કરેલ છે. હાલમાં જે આરોપીઓ પકડાયેલ છે તેની પાસેથી પોલીસે ૬૮૧૦ રોકડા તેમજ ૯.૬૫ લાખ રૂપિયાની કિંમતના પાંચ વાહનો જેમાં એક સ્કૂટર, બે બાઇક અને બે કારનો સમાવેશ થયે છે તે મળીને ૯,૭૧,૮૧૦ નો મુદામાલ પોલીસે કબ્જે કરેલ છે.



વધુમાં પોલીસ પાસેથી મળેલ માહિતી મુજબ સ્થળ ઉપરથી અલગ અલગ ગુલાબી, લીલો, પીળો, સફેદ કલરના પ્લાસ્ટીકના ૧૭૪ ટોકન અને બે ઘોડીના પાસા મળી આવ્યા હતા અત્રે ઉલેખનીય છે કે જુગારની રેડ કરીને જે શખ્સોને પકડવામાં આવેલ છે તેમાંથી કેટલાક રાજકોટના છે અને નાશી ગયેલા શખ્સોમાં પણ રાજકોટના શખ્સોનો સમાવેશ થાય છે તો શું રાજકોટથી ચિક્ષર લઈને જુગાર રમવા માટે આ શખ્સો આવ્યા હશે ? તે તપાસનો વિષય છે અને જુગારની રેડમાં નજીવી રોકડ રકમ પકડાયેલ છે જો કે, કુલ રકમ લાખોમાં દર્શાવવામાં આવેલ છે જેથી પોલીસ બેડામાં અનેક તર્કવિતર્ક થવા લાગેલ છે.

# કેશોદ પાસે હોટેલમાં દુષ્કર્મના આરોપીનો એસિડ પી આપઘાતઃ લઘુશંકા માટે બાથરૂમમાં જઈ પગલું ભર્યું

## આરોપીને અમદાવાદથી દબોચી લઈ પરત ફરતી વખતે બનાવ બન્યોઃ એસીડ પિધેલ આરોપીને બચાવવા જતા ASI પણ દાઝી ગયાઃ સારવારમાં

રાજકોટ તા.૨૪

ગીર સોમનાથ પોલીસ દુષ્કર્મના એક આરોપીને અમદાવાદથી પકડી પરત આવતી હતી. દરમિયાન રસ્તામાં કેશોદ પાસે હોટેલ ખાતે આરોપીએ લઘુશંકા માટે વાહન રોકાવી બાથરૂમમાં જઈને એસીડ પી આપઘાત કરી લીધો હતો. આરોપીને બચાવવાના પ્રયાસમાં એક પોલીસકર્મી પણ દાઝી ગયા જતાં દાખલ કરવામાં આવ્યા છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળના ડારી ગામમાં રહેતો અમર હાજીભાઈ જીકાણી (ઉ.વ.૨૮) નામનાં દુષ્કર્મના આરોપીને અમદાવાદથી દબોચી રાઉન્ડ અપ કરીને પોલીસ પરત લાવતી હોય દરમિયાન આરોપીને બાથરૂમ જવુ હોય જેથી કેશોદ પાસે સોમનાથ હોટલમાં ગાડી ઉભી રાખી હતી. બાદ આરોપી લઘુશંકા કરવા ગયો ત્યારે ત્યાં પડેલ એસિડ પી લેતા પોલીસ જોઈ જતા બચાવમાં એક પોલીસ કર્મી પણ દાઝી ગયા હતા. બાદ તાકિદે તેઓને સારવાર અર્થે કેશોદ સરકારી હોસ્પિટલ બાદ જુનાગઢ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. બાદ આરોપીને વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. પરંતુ સારવાર મળે તે પહેલા જ દમ તોડી દિધો હતો.



બનાવ અંગે વધુ જાણવા મળ્યું હતું કે કોડીનાર પોલીસ સ્ટેશનમાં એક યુવતીએ વેરાવળના આમર ઉર્ફે અમર હાજી જીકાણી (ઉ.૨૯) સામે લગ્ન કરવાની લાલચ આપીને વારંવાર દુષ્કર્મ ગુજારી ધમકીઓ દીધાની ફરિયાદ નોંધાવી હતી. જે કેસનો આરોપી અમદાવાદ હોવાની હકીકત મળતા ગીર સોમનાથ એલસીબી સ્ટાફે આમર ઉર્ફે અમરને અમદાવાદથી દબોચી લીધો અને રાઉન્ડ અપ કરીને પરત આવતી હતી, ત્યારે રસ્તામાં કેશોદ પાસેની એક હોટેલ ખાતે આરોપીએ લઘુશંકા કરવા માટે વાહન રોકાવ્યું હતું. અને હોટેલના બાથરૂમમાં જઈને એસીડ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને બચાવવા જતા ASI અજીતસીંહને પણ મોઢા ઉપર એસીડના છાટા ઉડતા દાઝી ગયા હતા. જ્યારે આરોપીનું મોત નિપજ્યું હતું.

મૃતક યુવક કન્સ્ટ્રકશનનું કામ કરતો હતો. તે છ બહેનમાં એક નો એક ભાઈ હતો. તેને સંતાનમાં એક પુત્ર હોવાનું અને યુવતીના માનસીક ત્રાસથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા

# GST Amnesty Scheme અંતર્ગત પડતી મુશ્કેલીઓ અંગે CGST ચીફ કમિશ્નર સમક્ષ પ્રશ્નો-સુચનોની રજૂઆત

## GST પોર્ટલમાં દાખલ કરેલ કરદાતાની તમામ ફરીયાદોનું યોગ્ય નિરાકરણ કરવા માંગ

રાજકોટ, તા.૨૪

સરકાર GST અંતર્ગત દ્વારા કરદાતાઓને દંડ અને વ્યાજના બોજ વગર તેમના પાલનના મુદ્દાઓનું નિરાકરણ લાવવા માટે પસિધ્ધિ કરવામાં આવેલ GST Amnesty Scheme અંતર્ગત પડી રહેલ મુશ્કેલીઓ અંગે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા દ્વારા CGST પ્રિન્સીપાલ ચીફ કમિશ્નર બી.વી. શિવાનાગા કુમારી તથા રાજકોટ CGST પ્રિન્સિપાલ કમિશ્નર શિવાકુમારને પશ્નો-સુચનો રજુ કરવામાં આવ્યા હતા.

જેમાં ડિપાર્ટમેન્ટ દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ શો-કોઝ નોટીસ બહુવર્ષીય હોવાને કારણે આ પ્રકારની શો-કોઝ નોટીસ પ્રમાણે ઈશ્યુ કરવામાં આવેલ છે. જો કોઈ કરદાતા કોઈ નિશ્ચિત વર્ષ માટે યોજનાનો લાભ લેવા માંગે તો તેમને તમામ વર્ષોના ટેક્ષનું ચુકવણું કરવું પડે છે. જેને કારણે તેઓ ઉપર અસહય નાણાંકીય બોજો પડે છે. તેથી કરદાતા નિશ્ચિત વર્ષ માટે યોજનાનો લાભ મેળવી શકે તેવી જોગવાઈ કરવી. કરદાતાઓમાં સમાનતા અને ન્યાયીતા જાળવવા માટે ઓછામાં ઓછા કર ચુકવણી પર વસુલવામાં આવતી વ્યાજની રકમનું રીફંડ પુરૂ પાડવામાં આવે અને આવી જોગવાઈ રદ કરવી. કાયદાના સેકશન-૫૦ હેઠળ Amnesty Scheme ના લાભાર્થી પાસેથી વિલંબીત ચુકવણી ચાર્જનું વ્યાજ વસુલવા માટે નોટીસ આપવામાં આવે છે. Amnesty Scheme માં ઉલ્લેખ ન હોવાને કારણે કરદાતાને વિલંબીત ચુકવણી વ્યાજના રૂપમાં વધારાનો આર્થિક બોજ સહન કરવો પડે છે. તો આ અંગે યોગ્ય નિરાકરણ કરવું.

તદઉપરાંત ગુજરાત રાજયમાં સેકશન-૭૪ હેઠળ ઈશ્યુ કરવામાં આવેલ નોટીસો આજદીન સુધીમાં અનિર્ણિત હોવાના કારણે કરદાતાઓને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આમ GST પોર્ટલ ઉપર કરદાતાની તમામ વિગતો હોવાના કારણે સપ્રેશન સલંગ્ન યોગ્ય નિરાકરણ લાવવું. આ દરેક પશ્નો-સુચનોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે CGST ડિપાર્ટમેન્ટ દ્વારા દિલ્હી ખાતે GST કાઉન્સીલને પણ રજુઆત કરવા અનુરોધ કરવામાં આવેલ છે.



# ધારાસભ્ય ડો. દર્શિતા શાહ દ્વારા જુદા જુદા જન સેવાના કાર્યો સાથે જન્મદિવસની ઉજવણી કરાઇ

રાજકોટ,તા.૨૪

ધારાસભ્ય ડો. દર્શિતા શાહ ધારાસભ્ય ડો. દર્શિતા શાહનો ગઈકાલે જન્મદિવસ હતો. ત્યારે તેઓ દ્વારા પોતાના જન્મદિવસની ઉજવણી જનસેવાના કાર્યો સાથે સાદાયથી કરેલ. વિધાનસભા-૬૯ માં રહેતા વડીલો માટે વયવંદના આયુષ્માન કાર્ડ અંતર્ગત ૭૦થી વધુ લોકોનો કેમ્પ, આંગણવાડીના કુપોષિત ૧૦૦ બાળકોને કીટ વિતરણ કાર્યક્રમ, વોર્ડ નં. ૯માં આરોગ્ય કેન્દ્ર ખાતે ટીબીના ૫૦ દર્દીઓને કીટ વિતરણ, વોર્ડ નં.૨ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ સાથે ધારાસભ્યએ અંગદાન તથા ચક્ષુદાનનો સંકલ્પ કરેલ, SBI ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે મહિલાઓનો મેગા કેમ્પમાં ૩૦૦થી વધુ બહેનોએ ભાગ લીધેલ, વૃક્ષારોપણ કરેલ અને મનોદીવ્યાંગ બાળકો તથા સ્પેશીયલ હોમ ફોર ગર્લ્સ તેમજ સદ્ભાવના વૃદ્ધાશ્રમ ખાતે તથા બહેરા મૂંગા શાળાના બાળકોમાં મીઠાઈ વિતરણ કરેલ.

# ગુજરાત નોટરી એસોસિએશનમાં એડવોકેટ નોટરી મનીષ ચૌહાણની નિમણુંક

રાજકોટ, તા.૨૪



શહેરમાં ગાયત્રી નગર મેઈન રોડ ઉપર 'શ્રી' કોમર્શિયલ કોમ્પલેક્ષમાં ઓફીસ ધરાવતા એડવોકેટ નોટરી મનીષ બી. ચૌહાણને નોટરી એસોસિએશન ઓફ ગુજરાતની સામાન્ય સભા ગત તા.૧૨ને રવિવારના રોજ ભારત રત્ન મોરારજી દેસાઈ ઓડીટોરીયમ નેશનલ હાઈવે નં. ૪૮, કિલ્લા પારડી,જી વલસાડ મુકામે રાખવામાં આવેલ હતી. આ મીટીંગમાં નોટરી એસોસિએશનના ૫૦૦ નોટરીઓ હાજર હતા. જેમાં નોટરી-એડવોકેટ પી.ડી.પટેલની પ્રમુખ તરીકે બીનહરીફ વરણી થયેલ તથા સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટના નોટરી મનીષભાઈ બી. ચૌહાણની ગુજરાત નોટરી એસોસિએશનમાં કમિટી મેમ્બર તરીકે નિમણુંક થયેલ છે. તેઓ નોટરી તરીકે છેલ્લા ૧૫ વર્ષથી સેવા આપી રહેલ છે. સિનિયર તથા જુનિયર વકીલો મનીષ ચૌહાણને તેના મો.નં.૯૪૨૬૪ ૪૪૦૧૫ પર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.



# રશિયન ગવર્મેન્ટ ઓફિસિયલ ડેલિગેશન રાજકોટની મુલાકાતેઃ વજુભાઈ વાળાનો જન્મદિનની શુભકામના પાઠવી

રશિયન ગવર્મેન્ટ ઓફિસિયલ ડેલિગેશન નું રાજકોટમાં આગમન થયું તેમને આવકારતા પૂર્વ ગવર્નર વજુભાઈ વાળા અને રશિયન સરકારના ફાયનાન્સ ઈન્ડસ્ટ્રી હેલ્થ અને એડમીન ડિપાર્ટમેન્ટ ના લોકોએ વજુભાઈ વાળાને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી અને દીર્ઘ આયુષ્ય માટે રશિયન ભાષામાં જન્મદિવસની શુભકામના નું ગીત પણ ગાયું લગ્ન રિસોર્ટ ખાતે પધારેલા રશિયન ડેલિકેટ વજુભાઈ વાળા સાહેબને મળી ગુજરાતની વિવિધ માહિતીની ચર્ચા કરી અને ગુજરાતની પ્રગતિ અને ઇન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટના કામો વિશેની માહિતી મેળવી ખૂબ જ પ્રભાવિત થયા હતા આ તકે ડો.રોહિત ..ડો.કાશ્મીરા અને રાજકોટ ના ઓફિશિયલ ડેલિકેટ તેજસ ભટ્ટી.. અને ઇન્ડસ્ટ્રી..આરોગ્ય..વગેરે વિભાગ ના લોકો હાજર રહ્યા હતા.

### રવિવારે અમદાવાદમાં શ્રી સિદ્ધિસુરીજીમ.ની પ્રતિષ્ઠાના અવસરે

# રાજકોટના જીરાવલા પાર્શ્વનાથ જિનાલયના ઉપાશ્રયમાં સ્થિત ગુરુમંદિરમાં ધાર્મિક અનુષ્ઠાનોના આયોજનો

રાજકોટ,તા.૨૪

સાધુવાસવાણી રોડ, પાટીદારચોકમાં આવેલ શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલયના ઉપાશ્રયમાં ગુરૂ મંદિરમાં બિરાજમાન શ્રી સિધ્ધિ સુરીશ્વરજી દાદા કે જેઓની આગામી તારીખ ૨૬/૧/૨૫ નાં રોજ બાપજી મહારાજ સાહેબ ની પ્રતિષ્ઠા જમાલપુર (અમદાવાદ) ખાતે થનારી છે. તે પાવન દિવસે રાજકોટ મધ્યે બીરાજમાન શ્રી સિધ્ધિ સુરીશ્વરજી દાદા ના ગુરૂ મંદીરમાં પણ ઉજવણી કરવા માટે શ્રી સંઘ તત્પર તૈયાર છે. પ.પૂ.બાપજી મહારાજ સાહેબ ૨૩ વર્ષની ભરયૌવન વયે સંયમ જીવન ધારણ કર્યું.આજીવન તપ ધર્મ વૈયાવચ્ચ અગોચર સાધના અલૌકિક દિવ્ય શક્તિ સિધ્ધિ અને ઉત્કૃષ્ટ હઠયોગ સિધ્ધિ..પળેપળ શાસન ની સંભાળ દિવ્ય વચન સિધ્ધિ થી અલંકૃત સંઘસ્થવિરના વિશિષ્ટ દરજ્જાથી શોભાયમાન જૈન શાસન ના એક માત્ર





આચાર્ય એટલે પ.પૂ આ.ભ.શ્રી સિધ્ધિસૂરીશ્વરજી મહારાજા. આજીવન પદવિહારી..જીવનના ૭૨ મા વર્ષે વર્ષીતપ પ્રારંભ તે ૧૦૫ વર્ષ કાળધર્મ સુધી અખંડ (૩૩ વર્ષ)૮૭ વર્ષની ઉમરે પાલીતાણા ની પગપાળા યાત્રા.આવા પરમ ઉપકારી પ્રત્યક્ષ પ્રભાવી દાદાના ચરણે. અનંતશ વંદના. ૨૬/૧/૨૫, રવિવાર નાં દિવસે સવારે ૭:૩૦ કલાકે સામૂહિક જાપ ત્યારબાદ બાપજી મહારાજની પહેલી, બીજી અને ત્રીજી વાસક્ષેપ પૂજા તેમજ આરતીનું આયોજન છે. પ્રસંગ બાદ પ્રતિષ્ઠાની ખુશીમાં પ્રભાવનાનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ છે. શ્રી આનંદ મંગલ વિવિધલક્ષી હોલ, ૪ રઘુવીર પાર્ક, શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલયની ગલીમાં છે. તો આ દિવસે ખાસ દર્શન કરવા પધારશો. તેવી સંઘ અપીલ છે. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટેપ્રમુખ દિલીપભાઈ દેસાઈ (૭૯૯૦૫૭૦૮૧૧) તથા ટ્રસ્ટી મંડળનાં સર્વે વિરેન્દ્રભાઈ મહેતા, નરેન્દ્રભાઈ શાહ, અનિલભાઈ મહેતા, ગિરીશભાઈ શાહ, પ્રકાશભાઈ શાહ, જયેન્દ્રભાઈ શાહ, સમીરભાઈ કાપડીયા, જિનેશભાઈ શાહ તથા યુવક મંડળનાં તમામ ભાઈઓ અને મહીલા મંડળ તથા યંગ લેડી યુવા ગ્રુપના તમામ બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે.

### જૂનાગઢમાં જૈનાચાર્યશ્રી પૂર્ણચંદ્રસૂરિજીમ.આદિ ગુરુ ભગવંતોની નિશ્રામાં

# મુમુક્ષુ સંધ્યા બહેનનો દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે સંપન્ન

## નૂતન દીક્ષિતને સાધ્વીજી હેમ સિદ્ધિશ્રીજી મહારાજ નામ અપાયુંઃ નૂતન દિક્ષીત સાધ્વીજીનું સકલ સંઘ દ્વારા અક્ષતથી વધામણા

રાજકોટ,તા.૨૪

ગૌરવવંતા ગિરનારતિર્થની ગોદમાં આવેલ ગિરનારદર્શન યાત્રીકભવનમાં જૈનાચાર્ય પૂર્ણચન્દ્રસુરિજી, મુકિતનિલયસુરિજી, હેમવલ્લભસુરિજી અને પૂ.પંન્યાસસપ્રવરપદ્મદર્શન વિજયજીમહારાજ તેમજ અધ્યાત્મ યોગીકલાપૂર્ણસુરિજીસમુદાયના તપપ્રભાવિકા ૩૭૫ વર્ધમાન તપની આયંબલિનીઓળીની

આરાધિકાપૂ.સાધ્વીવર્યા હંસકીર્તિશ્રીજીમહાસતીજી આદીશ્રમણ-શ્રમણીવૃંદની પાવનનિશ્રામા મુમુક્ષુરત્ના સંધ્યાબેનની ભાગવતી પ્રવ્રજ્યા આરાધના ભવનમાં ભાવોલ્લાસ પૂર્વક સંપન્ન થઈ હતી.

સવારે ૮.૦૦ કલાકે દીક્ષા વિધિનો પ્રારંભ થયો હતો. મુમુક્ષુને વિજયતિલકકરવામાં આવ્યું હતું. યુધ્ધની ભોમકા ઉપર જ્યારે સૈનિકલડવા જતો હોય છે ત્યારે એને કંકુથી તિલકકરીને વિજયનો વાવટો ફરકાવીને આવજે એમ શુભેચ્છા પાઠવવામાં આવેછે, એ જ રીતે કર્મમહાસતા સામે સંગ્રામખેલવા માટે એક જૈનશાસનનો સુભટસંસાર છોડી સંયમનાં માર્ગે જતો ત્યારેસકલસંઘ,માતા-પિતા અને સ્વજનો કંકુથી તિલકકરીને આશિર્વાદ પાઠવે છે. એમપૂ.પંન્યાસપદ્મદર્શન વિજયજીમહારાજે જણાવ્યું હતું, પૂજ્ય આચાર્ય ભગવંતોએ પણ સંયમ માટે આશીર્વચનો પાઠવ્યા હતા.



પૂ.પંન્યાસપદ્મદર્શનવિજયજીમહારાજે વધુમાં કહયું હતુ કે સાધનાનો માર્ગસ્વીકારવો એ કંઈ ખાવાનો ખેલ નથી. સંયમસ્વીકાર માટે અને સંયમપાલન માટે સત્વહોવું જોઈએ. આવુંસત્વબધામાં ન હોય શકે, શુરવીરો પાસે જ શૌર્ય હોય છે. ધારદાર તલવાર ઉપરચાલવું હજું સહેલુ છે પણ પ્રભુની આજ્ઞા પ્રમાણે સંયમનું પાલન સદ્ગુરુ અને પ્રભુકૃપા વિના શકય નથી. આચાર્ય ભગવંત પૂર્ણચન્દ્ર સુરિજીમહારાજેનૂતનસાધ્વીજીભગવંતને હિતશિક્ષા ફરમાવી હતી. સંધ્યાબેનનું સંસારીનામ બદલીનેસાધ્વીવર્યા હંસકીર્તિશ્રીજીમહારાજના સમુદાયમાં સાધ્વીહેમસિદ્ધિશ્રીજીમહારાજ નામ આપવામાં આવ્યું હતું. પરિવાર તરફથી દિક્ષામાં પધારેલસર્વેની સાધર્મિકભકિત રાખવામાં આવી હતી. નૂતન સાધ્વજી ભગવંતનેસકલસંઘે અક્ષતથી વધામણા કર્યા હતા.

# કાલે કેકેવી ચોક બ્રિજ હેઠળના ગેમઝોન સામે કોંગ્રેસ ધરણા કરશે

રાજકોટ, તા. ૨૪

કાલાવડ રોડ પર કેકેવી ચોક બ્રીજ હેઠળ ગેમઝોન બનાવવા સામે રજૂઆત બાદ હવે શહેર કોંગ્રેસે આવતીકાલે શનિવારે સવારે ૧૦.૧૫ કલાકે પરિમલ સ્કુલ પાસેના ગેટ નજીક, બ્રીજ હેઠળની જગ્યામાં જ ધરણા આંદોલન શરૂ કરવા જાહેરાત કરી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ યાદીમાં જણાવ્યું છે કે કાલાવડ રોડ પર બ્રિજ નીચે જોખમી ગેમ ઝોન પ્રોજેક્ટ રદ કરવા અંગે કમિશનરને આવેદનપત્ર આપ્યા બાદ પણ પ્રોજેક્ટ રદ કરવા અંગેની કોઈ જાહેરાત કરવામાં ન આવતા કાલથી કોંગ્રેસ આંદોલનના શ્રી ગણેશ કરશે. પ્રથમ તબક્કામાં ગેમ ઝોન ની આજુબાજુમાં રહેવાસીઓ અને વેપારીઓ અને આ રસ્તા પરથી અવર-જવર કરતા શહેરીજનો પાસેથી ગેમ ઝોન અંગેના અભિપ્રાય મેળવવામાં આવશે. તે બાદ ઘંટારવ કરાશે.

# આહીર કુમાર છાત્રાલયમાં રૂા. ૧૧.૧૧ લાખનું દાન




આહીર (બોરીચા) સમાજની જગ્યા રામજી મંદીર ફડસર(આમરણ ચોવીસી) દ્વારા શ્રીયદુનંદન આહીર કેળવણી મંડળ દ્વારા નવનિર્મિત કુમાર છાત્રાલયમાં ૧૧,૧૧,૧૧૧ રૂપિયાનું દાન આપવામાં આવ્યું છે. પ્રમુખ ભગવાનજીભાઈ કાળુભાઈ કુંભરવાડીયા તરફથી સંસ્થાના ફંડ માથી ૧૧,૧૧,૧૧૧ અને ભગવાનજીભાઈ કુંભરવાડીયા તરફથી ૫,૫૫,૫૫૫ રૂપિયા રોકડા જમા કરાવવામા આવ્યા છે. પ્રમુખ બાબુભાઈ સબાડ, રાજુભાઈ બોરીચા, દેવદાનભાઈ જારીયા, રતીભાઈ ખુંગલાએ આભાર માન્યો હતો.

## 'પીઠનો દુખાવોઃ કારણ અને નિવારણ' વિષય પર ફેસબુક લાઈવ પ્રવચન

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેક્ટ 'લાઈફ', રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ દ્વારા આરોગ્યલક્ષી પ્રવચન શ્રેણી 'શું કરીએ તો સદાય સાજા રહીએ' અંતર્ગત ૨૭૪મા પ્રવચનનું રવિવાર, ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ સવારે ૧૦.૦૦થી ૧૧.૦૦ સુધી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો. પલક મહેતા, B.P.T. Consultant Physiotherapist દ્વારા 'પીઠનો દુખાવોઃ કારણ અને નિવારણ' પર મહત્વની માહિતી આપવામાં આવશે અને તે ફેસબુક લાઈવ કરવામાં આવશે.

# આવતીકાલે ષટતિલા એકાદશી મહાત્મ્ય

રાજકોટ,તા.૨૪



ષટતિલા એકાદશીનું મહત્વ પોષ વદ એકાદશી ને શનીવાર તા ૨૫.૧.૨૫ કરેલા પાપો નુ પ્રાયશ્ચિત કરવા નું વ્રત એટલે ષટતિલા એકાદશી ષટતિલા એકાદશીનું વ્રત કરવાંથી સર્વ પાપોમાંથી મુક્તિ મળે છે, આ વ્રતની વિધિ આ પ્રમાણે છે : આ વ્રતના દિવસે વ્રતીએ બ્રહ્મચર્ચનું પાલન કરવું, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, વગેરે હલકી મનોવૃત્તિ ઓનો ત્યાગ કરવો એકાદશીના દિવસે પ્રાત : કાળે ઊઠી સ્નાન - વિધિથી પરવારી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરવું, એટલે શ્રી કૃષ્ણ ભગવાનનું વિધિવત પૂજન કરવુ સુગંધિત દ્રવ્યો સમર્પણ કરવાં અને અર્ધ્ય આપી પિતૃઓની સદ્ગતિ માટે પ્રાર્થના કરવી. વિષ્ણુ સહસ્ત્ર નામ બોલવા અથવા તો વિષ્ણુ ભગવાનના જેટલા નામ બોલી શકાય તેટલા બોલવા પીપળાનું પૂજન કરી પીપળાની પ્રદક્ષિણા ફરવી વ્રતધારીએ પોતાની શક્તિ અનુસાર તલનું ભરેલું પાત્ર અને અને વસ્ત્ર બ્રાહ્મણને દાનમાં આપવાં. જેટલા તલનું દાન કર્યું હોય તેટલા હજાર વર્ષ પર્યંત સ્વર્ગ - પ્રાપ્તિ થાય છ. ખાસ કરીને આ એકાદશીના દિવસે વ્રત અને દાન કરવાથી જીવનમાં શાંતિ અવશ્ય મળે છે આ એકાદશીના દિવસે ઉપવાસ કરવો.મહાભારત અને પદ્મપુરાણ પ્રમાણે વ્રતીએ આ દિવસે- (૧) શરીરે તલના તેલનું માલીશ કરવું, (૨) તલના પાણીથી સ્નાન કરવું, (૩) તલનો હોમ કરવો, (૪) તલ નાખેલા જળનું પાન કરવું, (૫) તલવટ બનાવીને ખાવો અને (૬) તલનું દાન કરવું. આ છ પ્રકારે તલ પાપ નષ્ટ કરે છે. (તિલા અર્થ શું થાય છે તલ)

**એકાદશી નો બોધ :** - જીવન મા લોભ અને મોહ નો હંમેશાં ત્યાગ કરવો જોઈએ તો જ જીવન શાંતિથી પસાર કરી શકાય છે જોઈએ

**જ્યોતિષ આચાર્ય રાજદીપ જોશી ( વેદાંત રત્ન)**

# બજેટમાં નાના વેપાર ઉદ્યોગો-નિકાસકારોને 'જામીન વિના ધિરાણ'ની જોગવાઈ થશે

## બન્ને ક્ષેત્રોમાં કાર્યકાળી મૂડીની સમસ્યા નિવારવા કેન્દ્ર સરકારની મહત્વપૂર્ણ વિચારણા



નવી દિલ્હી : સરકાર આગામી બજેટમાં નિકાસકારો અને નાના ઉદ્યોગોને ધિરાણ સહિત નાણાકીય સહાયને વધારવા માટેનાં પેકેજની જાહેરાત કરી શકે છે.

વાણિજ્ય વિભાગે પહેલાથી જ નાણાં મંત્રાલય સાથે પર્યાપ્ત ધિરાણ પ્રવાહ અને નિકાસકારો માટે ફેક્ટરિંગ અને ક્રેડિટ ગેરંટી જેવાં અન્ય સાધનોની ઉપલબ્ધતાની ખાતરી કરવા પર ચર્ચા કરી છે, જેઓ તેનાં પર દબાણ હોવાની ફરિયાદ કરી રહ્યાં હતાં. વાસ્તવમાં, વિભાગ મુદ્દાઓને વિગતવાર સમજવા માટે એક કન્સલ્ટિંગ ફર્મ સાથે જોડાઈ હતી અને નોર્થ બ્લોક દ્વારા કેટલીક ભલામણોનું પુનઃમૂલ્યાંકન કરવા માટે કહેવામાં આવ્યું હતું. નિકાસકારો અને માઇક્રો, સ્મોલ અને મીડિયમ બિઝનેસ માટે સમાન રીતે જોવામાં આવતાં વિકલ્પો પૈકી એક કોલેટરલ ફ્રી લોન છે. ઘણીવાર નાનાં વ્યવસાયો, જેમાંથી ઘણાં કુટુંબ-માલિકીના સાહસો છે તેમને મૂડી મેળવવામાં મુશ્કેલી પડે છે. નિકાસકારોએ ફરિયાદ કરી છે કે બેંકો દ્વારા વાસ્તવિક લોનના પ્રવાહને ભારે ફટકો પડ્યો છે, જે કોલેટરલનો આગ્રહ રાખે છે.

વાસ્તવમાં, કોવિડ પછી, બેંકો દ્વારા અપાયેલી ગેરંટી-આધારિત લોનને વ્યવસાયો માટે વ્યાજબી દરે મૂડી મેળવવા માટે મોટી મદદ તરીકે જોવામાં આવી હતી, જ્યારે બેંકો મોટા ખરાબ દેવાથી ડર્યા વિના મુક્તપણે લોન આપે છે. નિકાસકારો માટે, વ્યાજની સમાનતા યોજના, જે મહિનાઓથી નાણાં મંત્રાલય પાસે પેન્ડિંગ છે, તેને પણ લીલીઝંડી મળી શકે છે, જે ભારતીય વેપારીઓને આંતરરાષ્ટ્રીય બજારમાં સાનુકૂળ રીતે સ્પર્ધા કરવામાં મદદ કરશે કારણ કે ઊંચો વ્યાજનો બોજ અને લોજિસ્ટિક્સ ખર્ચ બે મુખ્ય અવરોધો તરીકે જોવામાં આવે છે. આ બંને દુર થવાથી તેઓને રાહત મળશે.

સરકાર માને છે કે નાના ઉદ્યોગો અને નિકાસકારો, ખાસ કરીને ઉત્પાદન સાથે સંકળાયેલા, મોટા રોજગાર જનરેટર બની શકે છે અને એકંદર આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડી શકે છે. આ વિચાર તેઓને જે પડકારોનો સામનો કરી રહ્યાં છે તેને દૂર કરવામાં મદદ કરવાનો છે અને ફાઈનાન્સ એ મુખ્ય બાબત છે. આરબીઆઈના તાજેતરનાં ડેટા અનુસાર, વર્તમાન નાણાકીય વર્ષમાં, સૂક્ષ્મ અને નાના ઉદ્યોગોની લોન ૪.૩ ટકા વધી છે, જ્યારે મધ્યમ કદના વ્યવસાયોની લોન ૧૨ ટકા વધી છે. એકંદરે ક્રેડિટ ગ્રોથ ૬.૬ ટકા થયો છે.

### નાણાં મેળવવા સરળ બનાવશે

- સરકાર નિકાસકારો અને માઇક્રો, સ્મોલ અને મીડિયમ બિઝનેસ માટે કોલેટરલ ફ્રી ધિરાણ ઓફર કરવાનાં વિકલ્પ પર વિચાર કરી રહી છે.
- મોટાભાગે નાનાં ઉદ્યોગોને મૂડી મેળવવામાં મુશ્કેલી પડે આનાથી તેમને લોન વધારવા માટે બેંકોને સુરક્ષા પ્રદાન કરવામાં મદદ કરશે.
- નિકાસકારો કહે છે કે નિકાસકારો માટે વ્યાજ સમાનતા યોજનાને પણ લીલી ઝંડી મળી શકે છે.
- આ પગલાથી ભારતીય વેપારીઓને આંતરરાષ્ટ્રીય બજારમાં અનુકૂળ સ્પર્ધા કરવામાં મદદ મળશે.
- હરીફો સાથે સ્પર્ધા કરવા માટે વ્યાજનો બોજ અને લોજિસ્ટિક્સ ખર્ચ બે મુખ્ય અવરોધો તરીકે જોવામાં આવે છે.

# ટ્રમ્પનો સ્ટારગેટ પ્રોજેક્ટ વિવાદમાં : મસ્કને જ પડતા મુકાયા, મસ્કે સવાલ ઉઠાવતા અમેરિકનોમાં આશ્ચર્ય

### જેમને પ્રોજેક્ટ અપાયો તેમની પાસે પૈસા નથી તેવી મસ્કની ટીકાના જવાબમાં પ્રોજેક્ટ મેળવનાર કંપનીએ કહ્યું-ક્યારેક તારી કંપનીઓથી આગળ વિચારતા શીખ

વોશિંગ્ટન(અમેરિકા) તા.૨૪

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતા જ શરૂ કરેલો સ્ટારગેટ પ્રોજેક્ટ તેની જાહેરાતના બીજા જ દિવસથી વિવાદમાં મૂકાયો છે. ટ્રમ્પે જાહેર કરેલા સ્ટારગેટ પ્રોજેક્ટની તેના જ સાથીદાર મસ્કે ટીકા કરતા જણાવ્યું છે કે આ પ્રોજેક્ટમાં સામેલ કંપનીઓ પાસે તેટલા રુપિયા તો છે જ નહીં તો પછી આ પ્રોજેક્ટ ક્યાંથી આગળ વધશે. ટ્રમ્પના પ્રોજેક્ટની મસ્કે કરેલી ટીકાથી અમેરિકામાં પણ આશ્ચર્ય છવાયું છે.

બધાને આશ્ચર્ય એ વાતનું પણ થયું છે કે આ પ્રોજેક્ટમાં ટ્રમ્પે મસ્કને નહીં પણ સેમ ઓલ્ટમેનની ઓપનએઆઇને હિસ્સેદાર બનાવી છે, જેને માઇક્રોસોફ્ટનું પૂરેપૂરુ સમર્થન છે. બીજા શબ્દોમાં કહીએ તો ટ્રમ્પ સોફ્ટવેર જાયન્ટ માઇક્રોસોફ્ટની સાથે ઓપનએઆઈ બેને આ પ્રોજેક્ટ સાથે જોડવા માંગે છે. જ્યારે એક સમયે ઓપનએઆઈના જ સહસ્થાપક મસ્કને આ પ્રોજેક્ટમાંથી બહાર રાખ્યો તે બાબત પણ ચર્ચાનો વિષય બન્યો છે.



ટ્રમ્પની જાહેરાત મુજબ આરેકલ, સોફ્ટબેન્ક અને ઓપનએઆઈની ભાગીદારીમાં આ પ્રોજેક્ટ શરુ થવાનો છે. આ અંગે સેમ ઓલ્ટમેનનો દાવો છે કે તેનાથી અમેરિકામાં એઆઇની સંભાવનાઓને વેગ મળશે અને એક લાખ નવી નોકરીઓનું સર્જન થવા સાથે રાષ્ટ્રીય સુરક્ષા વધુ મજબૂત થશે.

ટ્રમ્પે જણાવ્યું હતુ કે આ પ્રોજેક્ટમાં પ્રારંભિક રોકાણ ૧૦૦ અબજ ડોલરનું હશે. તેના પછી તેને વધારીને પાંચ ગણુ એટલે કે ૫૦૦ અબજ ડોલર (૪૩ લાખકરોડ) લઈ જવાશે. મસ્કે જણાવ્યું હતું કે સોફ્ટબેન્કના દસ અબજ ડોલરને બાદ કરતાં બીજી કંપનીઓ પાસે રોકાણ માટે ભંડોળ જ નથી.

ઓલ્ટમેને મસ્કને વળતો જવાબ આપતા જણાવ્યુ હતું કે ક્યારેક તારી કંપનીઓથી આગળ વિચારતા શીખ. તું ખોટો છે. જો તારે આ વાતનો પુરાવો જોઈતો હોય તો ટેક્સાસમાં બની રહેલી સાઇટ્સનું બાંધકામ જોવા માટે આવી જા. હું જાણું છું કે બધું જ જે દેશ માટે શ્રેષ્ઠ હોય તે કંઈ હંમેશા તારી કંપનીઓ માટે શ્રેષ્ઠ ન હોય.

સ્ટારગેટ પ્રોજેક્ટની આઇટી સેક્ટરની અત્યાર સુધીની સૌથી મોટી યોજના માનવામાં આવે છે. આ પ્રોજેક્ટમાં ડેટા સેન્ટર સ્થાપવા, ઇલેક્ટ્રિસિટી પ્રોડકશન યુનિટ બનાવવાનું સામેલ છે, જે ઝડપથી વિકસતા એઆઈ પરિદ્રશ્યને માળખાકીય સગવડ પૂરી પાડશે. એઆઈ ટેકનોલોજી માટે મોટાપાયા પર વીજળીની જરૂર પડે છે. બંને કંપનીઓએ જણાવ્યું હતું કે તેઓ આના માટે રીન્યુએબલ ઊર્જા એટલે કે સોલર ફાર્મનો આશરો લેવાના છે. મસ્કની ટિપ્પણી અંગે માઇક્રોસોફ્ટના સત્ય નડેલાએ જણાવ્યું હતું કે માઇક્રોસોફ્ટ ૮૦ અબજ ડોલરના ખર્ચે ગ્લોબલ એઆઈ ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવી રહી છે અને તેમાથી એકલા અમેરિકામાં જ ૫૦ અબજ ડોલર ખર્ચવાની છે.

# મધ્યપ્રદેશ પણ દારૂબંધી ભણી! ધાર્મિક સર્કીટના ૨૦ મહાનગર-શહેરોમાં શરાબ પ્રતિબંધની તૈયારી!

ભોપાલઃ

ગુજરાત અને બિહાર બાદ હવે મધ્યપ્રદેશ પણ દારૂબંધીની નીતિ અપનાવવા જઈ રહ્યું છે અને રાજયની ભાજપ સરકાર ઉજજૈન સહિતના રાજયના ૧૬ ધાર્મિક સર્કીટ શહેરમાં દારૂબંધી લાદવાનો નિર્ણય કર્યો છે. આ અંગે આજે મધ્યપ્રદેશની કેબીનેટ બેઠકમાં નિર્ણય લેવાશે.

રાજય સરકારે આ માટે બરગાલ જિલ્લા નર્મદાના કિનારે કેબીનેટ બેઠક બોલાવી છે. આગામી નાણાકીય વર્ષની આ નવી નીતિ અમલમાં આવી શકે છે. જેમાં જબલપુર (મર્યાદીત ક્ષેત્ર) ઓરછા, મંદસૌર, ઓમકારેશ્વર, ચિત્રકુટ સહિતનો સમાવેશ થાય છે. રાજય સરકારે સ્વીકાર્યુ કે રાજયો પુર્ણ રીતે શરાબબંધી લાદવા મુદ્દે સરકાર આગળ વધી રહી છે અને પ્રથમ તે આ પવિત્ર શહેરોને




### રાજયની કેબીનેટમાં આજે થશે નિર્ણયઃ હજારો કરોડની આવક ગુમાવવા, વ્યાપારને નુકશાન મુદે ભાજપમાં જ નવી નીતિ સામે વિરોધ

શરાબમુકત બનાવશે અને લોકોમાં શરાબના કારણે આરોગ્ય તથા કૌટુંબિક, સામાજીક જે રીતે નુકશાન થઈ રહ્યું છે તે અંગે લોકોમાં જાગૃતિ લાવશે તથા શરાબને કારણે અપરાધો પણ વધ્યા છે.

ખાસ કરીને રાજય સરકાર આ ઝુંબેશમાં મહિલાઓને સામેલ કરશે. જો કે મધ્યપ્રદેશમાં ૨૧% આદીવાસી વસતિ છે જયાં શરાબ પીવો એક સંસ્કૃતિ અને જીવનધોરણના ભાગ છે અને ત્યાં આ પોલીસી અમલમાં મુકવી તે સૌથી મોટો પડકાર હશે. રાજય સરકારને આ પ્રકારે શરાબબંધીથી રાજય સરકારને રૂા.૧૫૦૦૦ કરોડથી રૂા.૨૦૦૦૦ કરોડનું નુકસાન દર વર્ષે થઈ શકે છે. જો કે ભાજપના જ અનેક નેતાઓએ આ પ્રકારે શરાબબંધીનો વિરોધ કર્યો છે અને રાજ્યમાં પ્રવાસન-ઉદ્યોગો વિ.ને માટે પ્રશ્ન ઉભા થશે તે ઉપરાંત વર્તમાન શરાબના વ્યાપારી અને તેની સાથે જોડાયેલા ૨ લાખથી વધુ લોકો માટે આવક છીનવાશે તેવો ભય દર્શાવ્યો છે.

# હવે વોઇસ-એસએમએસ ઓન્લી પ્લાન લોંચ

### ટ્રાઇની સુચના બાદ મોબાઇલ કંપનીઓએ સસ્તા પ્લાન લોંચ કર્યા

નવી દિલ્હી, તા.૨૪

દેશમાં મોબાઇલ ધારકોને હવે ફક્ત વોઇસ અને એસએમએસ સુવિધા ધરાવતા પ્રિ-પેઇડ અને પોસ્ટપેઇડ પ્લાન પણ પસંદ કરી શકશે. ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઇન્ડિયાએ તમામ ટેલીકોમ કંપનીઓને જે ગ્રાહકો ડેટાનો ઉપયોગ કરવા માંગતા ન હોય તેઓ માટે ફક્ત વોઇસ અને એસએમએસની સુવિધા સાથેનો પ્લાન લોન્ચ કરવા જણાવ્યું હતું અને ભારતી એરટેલ, રીલાયન્સ જીયોએ આ પ્લાન લોન્ચ કરી દીધા છે અને વોડાફોન-આઇડીયા પણ ટુંક સમયમાં આ પ્લાન લોંચ કરશે, વોઇસ ઓન્લી પેકેજના કારણે જેઓ સ્માર્ટ ફોનનો ઉપયોગ કરતાં નથી અને ફકત મોબાઇલ



વાતચીત કે એસએમએસ મેળવવા માટે તેઓ પોતે મોબાઇલ રાખે છે તેમના માટે હવે સસ્તા પ્લાન આવી જશે. હાલના મોબાઇલ ધારકોમાં હજુ ૭૦ ટકા જ સ્માર્ટ ફોનનો ઉપયોગ કરે છે. જીયોએ પોતાના પ્લાનમાં રૂા.૪૫૮માં અનલીમીટેડ કોલ અને ૧૦૦૦ એસએમએસની ઓફર કરી છે જે ૮૪ દિવસનો પ્લાન છે. જ્યારે ભારતીય એરટેલે રૂા.૪૯૯માં અનલીમીટેડ કોલ અને ૯૦૦ એસએમએસની સુવિધા

# ત્રીજી ટર્મ માટે પણ રાષ્ટ્રપતિ! ટ્રમ્પ ખુદના માટે બંધારણ સુધારો કરશે

### અમેરિકાના બંધારણ મુજબ રાષ્ટ્રપતિ બે ટર્મ માટે જ હોદા પર રહી શકશેઃ અમેરિકી સંસદના સંયુક્ત સત્રમાં નવા પ્રસ્તાવની તૈયારી

વોશિંગ્ટન, તા.૨૪

અમેરિકામાં ચાર વર્ષના ગાળા બાદ ફરી એક વખત પ્રમુખ બનેલા ડોનાલ્ડ ટ્રમ્પ હવે પોતાની ત્રીજી ટર્મ માટે પણ ઉત્સુક હોવાનો સંકેત છે. જો કે અમેરિકી બંધારણ મુજબ કોઇપણ પ્રમુખ બે થી વધુ ટર્મ માટે સત્તા પર રહી શકતા નથી અને ટ્રમ્પે પોતે ત્રીજી ટર્મ મેળવી શકે તે માટે અમેરિકાનું બંધારણ સુધારવા પણ તૈયારી કરી છે.

ટ્રમ્પ ચાર વર્ષના ગાળા માટે પ્રમુખ બન્યા છે.

અગાઉ તેઓ પોતાની પ્રથમ ટર્મ ભોગવી ચુક્યા છે અને તેઓએ અગાઉ જ એવો સંકેત આપ્યો હતો કે અમેરિકાના બંધારણમાં જે બે ટર્મની જોગવાઇ છે તે તેઓ બદલાવી શકે છે.

આ માટે અમેરિકાના સંસદના બન્ને ગૃહો એક સંયુક્ત સેશન બોલાવાશે અને તેમાં રાષ્ટ્રપતિને ત્રીજી ટર્મ માટેનો પ્રસ્તાવ લાવી શકાશે. પ્રસ્તાવિત સંશોધન મુજબ કોઇપણ વ્યકિતને એક સાથે કે અલગ-અલગ રીતે ત્રણ ટર્મ માટે પ્રમુખ પદનો અધિકાર રહેશે.

જો કે તેમાં ટ્રમ્પે એક રસપ્રદ સુધારો કર્યો છે અને સતત બે ટર્મ ભોગવનાર વ્યકિત ત્રીજી ટર્મ માટે ચૂંટણી લડી શકશે નહીં એટલે કે ટ્રમ્પ એ પોતે અલગ-અલગ રીતે બે ટર્મ માટે પ્રમુખ બન્યા છે તેથી તેમના માટે ત્રીજો કાર્યકાળ શક્ય બનશે.

## સુભાષચંદ્ર બોઝને 'રાષ્ટ્રપુત્ર' જાહેર કરવા હાઈકોર્ટમાં અરજી

નવી દિલ્હી, તા. ૨૪

સ્વતંત્ર સેનાની નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૮મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે તેઓને રાષ્ટ્રપુત્ર જાહેર કરવાની માંગ સાથે ઓરીસા હાઇકોર્ટમાં અરજી કરવામાં આવી છે. સુભાષચંદ્ર બોઝના જન્મદિવસની પરાક્રમ દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે.

# રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા ટ્રમ્પ અને પુતિન સિક્રેટ મીટીંગ કરશે!

### અમેરિકા-રશિયા સિવાય કોઇ ત્રીજા દેશમાં મળે તેવા સંકેતઃ ઝેલેસ્કીને પણ હાજર રાખશે

વોશિંગ્ટન, તા.૨૪

અમેરિકામાં રાષ્ટ્રપતિ પદ સંભાળતા ઇઝરાયેલ અને હમાસ વચ્ચે યુધ્ધ વિરામ નિશ્ચિત બનાવ્યા બાદ હવે ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ ખત્મ કરવા પણ તૈયારી કરી છે અને આ માટે તેઓ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીન સાથે સિક્રેટ વાતચીત કરવા પણ તૈયાર છે તથા યુક્રેનના વડાપ્રધાન ઝેલેસ્કીને પણ તેઓ મનાવશે. સુત્રોના જણાવ્યા મુજબ ટ્રમ્પે આ માટે એક પ્રસ્તાવ મોકલી પણ દીધો છે તેઓ અને પુટીન અગાઉથી કોઇ જાહેર કર્યા વગર જ કોઇ ત્રીજા દેશમાં મળે તેવી શકયતા છે. ટ્રમ્પે પોતે સત્તા



પૂર્વે જ જાહેર કર્યું હતું કે તેઓ રશિયા અને યુક્રેનનું યુદ્ધ અટકાવશે અને ગઇકાલે વર્લ્ડ ઇકોનોમી ફોરમને સંબોધનમાં પણ તેઓએ આ મુદ્દો ચગાવ્યો હતો. ટ્રમ્પે એમ પણ કહ્યું કે બંને દેશો વચ્ચેના યુદ્ધમાં યુવા સૈનિકો માર્યા જાય છે અને અને કુટુંબો પણ બરબાદ થાય છે. આ એક નરસંહાર જ છે. તેમણે કહ્યું કે હું રાષ્ટ્રપતિ પુતિનને મળવા તૈયાર છું અને તે માટે મે યોજના ઘડી છે. સુત્રોના જણાવ્યા મુજબ બંને દેશના રાષ્ટ્રવડા કોઇ ત્રીજા દેશમાં મળી શકે છે. બીજી તરફ ટ્રમ્પે યુક્રેનના વડાપ્રધાન ઝેલેસ્કી સાથે પણ સંપર્ક કરી લીધો છે અને તેઓ યુક્રેનને પણ સમજુતી માટે મનાવી લેશે.

# ઈપીએફઓએ સભ્યો માટે પ્રોફાઈલમાં વિવરણ બદલવાની પ્રક્રિયા સરળ બનાવી

### નવી સિસ્ટમથી અટકેલા આવેદનોની સંખ્યા ઘટી જશેઃ હાલ પ્રોફાઈલ અપડેટ માટે ચાર લાખ અરજીઓ પેન્ડીંગ

નવી દિલ્હી તા.૨૪

ઈપીએફઓએ પોતાના સભ્યો માટે પ્રોફાઈલ સાથે સંકળાયેલ વિવરણોમાં ફેરફાર કરવાની પ્રક્રિયાને સરળ બનાવી દીધી છે.

હવે સભ્ય પોતાના વિવરણ વિના કોઈ દસ્તાવેજને અપડેટ કરી શકે છે. આ સુવિધા એ સભ્યો માટે છે જેમને યુનિવર્સલ એકાઉન્ટ નંબર આધાર સાથે વેરીફાઈ છે તેનો ઉદ્દેશ ફરિયાદોને ઘટાડવા અને પેન્ડીંગ અનુરોધોનો ઝડપથી નિકાલનો છે.

અગાઉ નિયુકિત કરનાર સાથે વેરિફિકેશનમાં લગભગ ૨૮ દિવસ લાગતા હતા હવે લગભગ ૪૫ ટકા અનુરોધ સભ્યો ખુદ નિકાલ કરી શકે છે.અન્ય ૫૦ ટકા અનુરોધોનો પણ નિયુક્તિ કરનારની મંજુરીથી નિકાલ કરી શકાશે.

**આમાં ફેરફાર કરી શકાશેઃ**

નામ, જન્મ તારીખ, લિંગ, રાષ્ટ્રીયતા પિતા કે માતાનું નામ, વૈવાહિક સ્થિતિ, જીવનસાથીનું નામ સામેલ થવા અને જન્મની તારીખ

**શું છે નવી પ્રક્રિયાઃ**

દસ્તાવેજ જમા કરવા અને નિયુકિત કરનારની મંજુરીની રાહ નહીં જોવી પડે. તેના માટે આધારની સાથે યુએએનની લિંક હોવી જ પર્યાપ્ત છે.ઈપીએફઓએ પોતાના સોફ્ટવેરને પણ આ રીતે અપગ્રેડ કર્યા છે તે ઓટોમેટીક આધારથી સંબંધિત વિવરણની પુષ્ટિ કરી લેશે.ઈપીએફઓ પોર્ટલ કે ઉમંગ પોર્ટલ કે ઉમંગ એપ પર અનુરોધ કરવો પડશે.

**પ્રોફાઈલ અપડેટ કરવા ચાર લાખ અનુરોધ પેન્ડીંગઃ**

પ્રોફાઈલ અપડેટના લગભગ ૩.૯ લાખ અનુરોધ પેન્ડીંગ છે. આ સભ્યો હવે પેન્ડીંગ અનુરોધ પરત લઈ શકે છે અને ફરીથી આવેદન કરી શકે છે. હાલમાં સભ્યો દ્વારા નોંધાયેલી ફરિયાદોમાં લગભગ ૨૭ ટકા પ્રોફાઈલ અને કેવાયસી મુદા સંબંધિત છે માનવામાં આવે છે કે નવી પ્રક્રિયાથી આ બધી ફરિયાદોમાં ભારે ઘટાડો થશે.

બાળ વિદ્વાનોની દિવ્ય વાણીથી ગુંજી રહ્યો છે મહાકુંભ!

# મહાકુંભમાં હસવા-રમવાની ઉંમરે જ્ઞાન વહેંચી રહ્યા છે બાળ કથાકારો!

### રામકથાનું રસપાન કરાવતો શશી બોર્ડની પરીક્ષાની તૈયારી કરી રહ્યો છેઃ ૯માં ધોરણની છાત્રા પ્રિયાંશી પણ રામકથા સંભળાવે છેઃ આઠ વર્ષની વયથી જ કથા સંભળાવી રહી છે મનુ પ્રિયા

પ્રયાગરાજ તા.૨૪

મહાકુંભમાં દરેક જગ્યાએ પ્રવચન, રામકથા અને હવન-પૂજન થઈ રહ્યા છે. સંગમ ક્ષેત્ર સવાર-સાંજ વેદીક મંત્રો અને કથા-પ્રવચનથી ગુંજી રહ્યું છે. એક એકથી ચડિયાતા વિદ્વાનો જગદગુરુઓ, પીઠાધિશ્વર સત્સંગ-પ્રવચન કરી શ્રદ્ધાળુઓને શાંતિ પ્રદાન કરાવી રહ્યા છે.

આ દિવ્ય અને ભવ્ય મહાકુંભમાં કેટલાક એવા જ્ઞાની અને વિદુષી છે જેમની ઉંમર રમવાની અને ભણવાની છે તેમ છતાં તેઓ આ વયે શ્રદ્ધાળુઓને ધર્મ અને અધ્યાત્મનું જ્ઞાન વહેંચી રહ્યા છે.

**રામકથા સાથે સાથે બોર્ડની પરીક્ષાની તૈયાર કરે છે શશી**

નારાયણ સેવા સંસ્થાન ઉદયપુર તરફથી આયોજીત શ્રીરામ કથામાં ૧૫ વર્ષનો બાળ કથાવાચક પંડિત શશિ શેખરનું પ્રવચન બુધવારથી શરૂ થયું છે તે ૨૮ જાન્યુઆરી સુધી શ્રીરામ કથા સંભળાવશે. આ વખતે તે યુપી બોર્ડની હાઈસ્કુલની પરીક્ષાની તૈયારી પણ કરી રહ્યો છે. આ વયે કથા વાચન પૂછતા તેણે કહ્યું હતું કે આ બધું ભગવાનની પ્રેરણાથી થઈ રહ્યું છે.

મનુપ્રિયા ૮ વર્ષની વયથી જ સંભળાવે છે કથાઃ શ્રીરામ વૃંદાવન તરફથી સેકટર ૧૬માં લગાવાયેલ રાધા કિશોરી સેવાધામ શિબિરમાં કિશોરી મનુપ્રિયા પ્રયાગ મહાત્મ્ય પર પ્રવચન આપશે.



સૌથી નાની કથાવાચક અનુષ્કા કુંભમેળામાં આવશેઃ નાની વયે કથાવાચક બનેલી અનુષ્કા પાઠક પણ વસંત પંચમીએ સ્નાન પહેલા મેળામાં આવી જશે. આઠ વર્ષની કથાવાચક અનુષ્કાને ગત વર્ષે પ્રધાનમંત્રી પુરસ્કાર-૨૦૨૪થી સન્માનીત કરાઈ હતી. અનુષ્કા કુશીનગરની રહેવાસી છે, હાલ તે પ્રયાગરાજમાં ભણી રહી છે.

૯માં ધોરણની છાત્રા પ્રિયાંશી સંભળાવે છે રામકથાઃ મહોબાની ૧૫ વર્ષની પ્રિયાંશી કિશોરી અરૈલ ક્ષેત્રમાં શ્રીરામકથા સંભળાવી રહી છે.

તેની કથા ૨૮ જાન્યુઆરી સુધી ચાલશે. ૧૨ વર્ષની વયે શ્રીરામકથા અને ભગવદકથા સંભળાવી રહેલી પ્રિયાંશી હાલ ૯માં ધોરણમાં ભણે છે તેણે કહ્યું હતું કે કથાવચન તેણે કોઈ ગુરુકુળમાંથી નથી શીખ્યું, બધી ઠાકુરજીની કૃપા છે.

પયગમ્બર કાર્ટુન વિવાદ

# શાર્લી એબ્દો પર હુમલો કરનાર પાકિસ્તાનીને ૩૦ વર્ષની જેલ

### બે વ્યક્તિ પર ચાકૂથી હુમલો કર્યો હતો

પેરિસ તા.૨૪

ફ્રાન્સની રાજધાની પેરિસની એક અદાલતે ગઈકાલે ગુરુવારે એક પાકિસ્તાની શખ્સને ૩૦ વર્ષની જેલ સજા સંભળાવી હતી. ૨૯ વર્ષીય જહીર મોહમ્મદે વર્ષ ૨૦૨૦માં મશહુર ફ્રાન્સીસી વ્યંગ પત્રિકા શાર્લી આબ્દોની અગાઉની ઓફિસ બહાર મીટ કાપવાના ચાકૂથી હુમલો કરીને બે વ્યક્તિની હત્યાની કોશિશ કરી હતી.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ પાકિસ્તાની મૂળનો આ




શખ્સ ૨૦૧૯માં ગેરકાયદે ફ્રાન્સ પહોંચ્યો હતો તે ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના શાર્લી એબ્દોનો પૂર્વ ઓફિસની સામે પહોંચ્યો હતો, જયાં તેણે પ્રીમીયર લિંગ્રેસ સમાચાર એજન્સીના બે કર્મચારીઓ પર ઈમારતની બહાર ચાકૂથી હુમલો કર્યો હતો, જેમાં કર્મચારીઓ ગંભીર ઘાયલ થયા હતા.

# ફિટનેસ પર નજર રાખવા માટે એપલની વોચનો બેન્ડ હેલ્થ માટે જોખમી!

### બેન્ડમાં કેન્સરનું જોખમ પેદા કરે તેવા હાનિકારક રસાયણો હોવાનો રિપોર્ટ



નવીદિલ્હી,તા.૨૪

જો તમે પણ એપલ વોચનો ઉપયોગ કરી રહ્યા છો તો તમારા માટે ખરાબ સમાચાર છે. વાસ્તવમાં એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, તમારી ફિટનેસ પર નજર રાખવા માટે તમે જે Apple Watch પહેરો છો પરંતુ તેનું બેન્ડ કેન્સરનું કારણ બની શકે છે. હકીકતમાં આહય પર એપલ વોચ બેન્ડ્સ વેચવાનો આરોપ છે જેમાં PFAS (પ્રતિ- અને પોલી-ફ્લોરોઆલ્કિલ પદાર્થો) તરીકે ઓળખાતા હાનિકારક ''કાયમ રસાયણો''નું ઉચ્ચ સ્તર હોય છે.

કેલિફોર્નિયાના ઉત્તરી ડિસ્ટ્રિકટમાં તાજેતરમાં દાખલ કરાયેલા કેસમાં એપલ પર ત્રણ પ્રકારના બેન્ડ-સ્પોર્ટ બેન્ડ, ધ ઓશન બેન્ડ અને નાઈકી સ્પોર્ટ બેન્ડમાં જોખમી પદાર્થોની હાજરી જાહેર કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ મૂક્યો છે. હકીકતમાં સ્પોર્ટ બેન્ડ જે નવા બેઝિક મોડલ એપલ વોચ સાથે આવે છે, ઓશન બેન્ડ અને નાઈકી સ્પોર્ટ બેન્ડ જે નાઈકી-બ્રાન્ડેડ એપલ વોચ સાથે આવે છે. Apple ત્રણેયને ફ્લોરોઈલાસ્ટોમરના બનેલા હોવાનું વર્ણવે છે, જે દાવો કરે છે કે તે પ્રતિ અને પોલી-ફ્લોરોઆલ્કિલ પદાર્થો અથવા PFAS ની હાજરીને છુપાવે છે.

PFAS રસાયણોનો વ્યાપકપણે ઉપભોક્તા ઉત્પાદનો જેમ કે કપડાં, ક્લીનર્સ, નોનસ્ટિક કુકવેર અને સ્વચ્છતા ઉત્પાદનોમાં ઉપયોગ થાય છે અને તે સસ્તા અને અત્યંત અસરકારક હોવા માટે મૂલ્યવાન છે. આ રસાયણો કેન્સરના વધતા જોખમ, નબળી પ્રતિરક્ષા અને અજાત બાળકોને સંભવિત નુકસાન સાથે પણ જોડાયેલા છે. આને ''કાયમ માટેના રસાયણો'' તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તે ખૂબ જ ધીરે ધીરે તૂટી જાય છે અને દાયકાઓ સુધી પર્યાવરણમાં ટકી શકે છે. કેટલાક PFAS પણ બાયોએક્યુમ્યુલેટિવ હોય છે એટલે કે તેઓ સમય જતાં શરીરમાં એકઠા થઈ શકે છે. એકંદરે આ રસાયણો ખૂબ જોખમી પદાર્થો ગણવામાં આવે છે. આ વર્કઆઉટ જેવી પ્રવૃત્તિઓ દરમિયાન ત્વચા સાથે લાંબા સમય સુધી સંપર્ક સાથે સંકળાયેલા જોખમોને પ્રતિબિંબિત કરે છે, કારણ કે રસાયણ પરસેવા અને ખુલ્લા છિદ્રો દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે.

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં દુનિયા જોશે ભારતની તાકાત

## ડીઆરડીઓ સહિત ત્રણેય સેનાઓએ ગુરુવારે ફુલ ડ્રેસ રીહર્સલ કર્યુ



ફુલ ડ્રેસ રિહર્સલ દરમિયાન ડ્યુટી પથ પર જઈ રહેલાં કપિધ્વજ સ્પેશિયાલિસ્ટ મોબિલિટી વ્હીકલ




આકાશ આર્મી લોન્ચર સિસ્ટમે દર્શકોનું ધ્યાન ખેંચ્યું હતું.



ગુરુવારે પ્રજાસત્તાક દિવસની પરેડના ફુલ ડ્રેસ રિહર્સલ દરમિયાન માર્ચ પાસ્ટ કરતી સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની મહિલા ટુકડી.



ભારતીય સેનાની ડેરડેવિલ્સ ટીમે ગુરુવારે પોતાની તાકાત બતાવી. આ ટીમે વર્લ્ડ રેકોર્ડ બનાવીને ઈતિહાસ રચ્યો હતો.



ફુલ ડ્રેસ રિહર્સલ દરમિયાન એરફોર્સ ફાઈટર પ્લેન્સે ઉડાન ભરી હતી.

નવી દિલ્હી : રાજધાની નવી દિલ્હીનાં ડ્યુટી પાથ પર ગુરુવારે પ્રજાસત્તાક દિવસની પરેડના ફુલ ડ્રેસ રિહર્સલમાં ભારતીય સેનાનાં જવાનોએ પોતાની તાકાત બતાવી હતી. આ સમયગાળા દરમિયાન ભારતીય વાયુસેનાના વિમાનોએ ઉડાન ભરી હતી. આર્મીની સ્વદેશી મુખ્ય યુદ્ધ ટેન્ક અર્જુન ટેન્ક સહિતનાં આધુનિક હથિયારો પણ જોવા મળ્યાં હતાં.

આ વખતે પરેડમાં પ્રથમ વખત, ત્રણેય સેનાની ઝાંખી બતાવવામાં આવશે, જે સશસ્ત્ર દળો વચ્ચેની એકતા દર્શાવે છે. 'સ્ટ્રોંગ એન્ડ સિક્યોર ઈન્ડિયા' નામની આ પરેડમાં સ્વદેશી અર્જુન બેટલ ટેન્ક, તેજસ કોમ્બેટ એરક્રાફ્ટ અને અદ્યતન લાઇટ હેલિકોપ્ટર દર્શાવતાં સંકલિત યુદ્ધભૂમિનું પ્રદર્શન કરવામાં આવશે. ભારતીય સેના ટી-૯૦ ભીષ્મ ટૈન્ક, બ્રહ્મોસ મિસાઇલ સિસ્ટમ, પિનાકા રોકેટ લોન્ચર અને આકાશ શસ્ત્ર પ્રણાલી સહિત તેની તાકાતનું પ્રદર્શન કરશે.



અહીં રાષ્ટ્રપતિથી લઈને વી.આઈ.પી.મહેમાનો સુધી દરેક માટે મનપસંદ વાનગીઓ તૈયાર કરવામાં આવે છે

# વ્હાઈટ હાઉસનું ફાઈવ સ્ટાર રસોડાનું રહસ્ય જાણવા જેવુ !

**એવું કહેવાય છે કે વિશ્વનાં કોઈપણ રાજ્યનાં વડાનું સત્તાવાર નિવાસસ્થાન વ્હાઈટ હાઉસ જેટલું ભવ્ય નથી. જો અહીંની સુરક્ષા વ્યવસ્થા અને સુવિધાઓ જબરદસ્ત હોય તો ફાઈવ સ્ટાર કિચન પણ એટલું જ મજબૂત છે, જેનો સ્વાદ અમેરિકન રાષ્ટ્રપતિ અને તેમનો પરિવાર દરરોજ ચાખતો હોય છે. પરંતુ તે એ પણ રસોડું છે જે વ્હાઈટ હાઉસની મુલાકાત લેનારાં રાજકીય મહેમાનો અને મહાનુભાવો માટે ભોજન સમારંભ તૈયાર કરે છે અને તેનું આયોજન કરે છે. આજે આ અહેવાલમાં જાણીએ આ ખાસ રસોડાની ખાસ વાતો વિશે.....**







વ્હાઈટ હાઉસ ૫૫૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું છે અને છ માળનું છે. એમ કહી શકાય કે અમેરિકાની અસલી તાકાત આ ઈમારતમાં રહેલી છે. આ બિલ્ડિંગમાં અમેરિકન ફર્સ્ટ ફેમિલી રહે છે. અમેરિકાનાં રાષ્ટ્રપતિની ઓફિસ આ બિલ્ડિંગમાં છે અને એ જ બિલ્ડિંગમાં એક વિશાળ રસોડું પણ છે, જ્યાં એક આખી ટીમ દિવસ-રાત કેટરિંગના કામમાં લાગેલી રહે છે.

આ એક એવું રસોડું છે જ્યાં દરેક પ્રકારનું ભોજન બનાવવા માટે નિષ્ણાતો હાજર રહે છે. જોકે ટ્રમ્પને જંક ફૂડ વધુ પસંદ છે.



### રસોડું ૨૪ કલાક કાર્યરત રહે છે

વ્હાઈટ હાઉસમાં બે કામ છે, જે ૨૪ કલાક ચાલુ રહે છે. એક હાઉસકીપિંગ અને બીજું આ કિચન. આ બંને વિભાગનાં કર્મચારીઓ અહીં સતત તેમની સેવાઓ આપે છે. વ્હાઈટ હાઉસ પાસે પણ આ બંને માટે સારી ટીમ છે. વ્હાઈટ હાઉસમાં રસોડાનું કામ સૌથી મહત્વપૂર્ણ છે કારણ કે આ તે જગ્યા છે જ્યાં રાષ્ટ્રપતિ અને તેમનાં પરિવાર માટે દરરોજ ખોરાક, નાસ્તો અને પીણાં તૈયાર કરવામાં આવે છે. આ તે રસોડું પણ છે જે અન્ય દેશોનાં રાષ્ટ્રનાં વડાઓને આપવામાં આવતી ભોજન સમારંભો અને મહત્વપૂર્ણ બેઠકો માટે ખોરાક તૈયાર કરે છે. આ રસોડું વ્હાઈટ હાઉસમાં અવારનવાર અપાતી મોટી પાર્ટીઓ માટે સ્વાદિષ્ટ વાનગીઓ અને ખાવા-પીવાની વસ્તુઓ જ તૈયાર કરતું નથી, પણ તેને સર્વ પણ કરે છે. કેટલીકવાર રસોડામાં ખૂબ જ ટૂંકી મુદતમાં મોટી તૈયારીઓ કરવી પડે છે. સામાન્ય રીતે રાષ્ટ્રપતિઓની પત્નીઓ રસોડાના કામમાં વધુ દખલ કરે છે. કોઈક રાષ્ટ્રપતિની પત્ની દખલ દેતી નથી. આઇઝનહોવરની પત્ની મૈમી ખાસ કરીને વ્હાઈટ હાઉસના રસોડામાં ત્યારે વધુ સક્રિય બની જતી જ્યારે કોઈ રાષ્ટ્રનાં વડાને દાવત આપવાની હોય. પછી તેમનાં માર્ગદર્શન હેઠળ આખું મેનુ તૈયાર કરવામાં આવતું. જો કે, વર્તમાન રાષ્ટ્રપતિ મેલાનિયા ટ્રમ્પને રસોડાના રોજિંદા કાર્યોમાં કોઈ રસ નથી.



### અલગથી છે પેસ્ટ્રી કિચન અને ફેમિલી કિચન :–

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ છે, તેમાં ત્રણ કિચન છે. મુખ્ય રસોડા સાથે, વ્હાઈટ હાઉસમાં પેસ્ટ્રી કિચન અને ફેમિલી કિચન પણ છે, જ્યાં રાષ્ટ્રપતિ માટે સવારનો નાસ્તો અને જમવાનું તૈયાર કરવામાં આવે છે. દર ચાર વર્ષે જ્યારે નવાં રાષ્ટ્રપતિ આ બિલ્ડીંગમાં આવે છે ત્યારે વ્હાઈટ હાઉસના રસોડાના ભોજન, મેનુ અને વ્યવસ્થામાં ફેરફાર થાય છે. તેમાં પણ જ્યારે નવાં પ્રમુખ આ બિલ્ડીંગમાં આવે છે ત્યારે બપોરનાં સમયે વિદાય લેનાર પ્રમુખના જણાવ્યાં મુજબ બધુ તૈયાર કરવામાં આવે છે અને પછીનાં છ કલાકમાં તેઓએ નવાં પ્રમુખ મુજબ તમામ તૈયારીઓ કરવાની હોય છે.

### પેઢી દર પેઢી સેવા પૂરી પાડે છે :–

વ્હાઈટ હાઉસના રસોડામાં નોકરીઓ સ્ટાફનાં સભ્યોની ભલામણ પર જ મળે છે. અહીં સીધી રીતે કોઈને પણ નોકરી પર રાખવામાં આવતાં નથી. કેટલાક પરિવારો વ્હાઈટ હાઉસના રસોડામાં પેઢીઓથી કામ કરી રહ્યાં છે. હવે વ્હાઈટ હાઉસનું આ રસોડું ડોનાલ્ડ ટ્રમ્પ માટે જંક ફૂડ બનાવવાની કોશિશ કરશે, જોકે ટ્રમ્પ જ્યારે છેલ્લે વ્હાઈટ હાઉસમાં રહેતાં હતાં ત્યારે તેમને અહીંનું બર્ગર પસંદ નહોતું આથી તેમણે નિયમો તોડીને બહારથી મંગાવવાનું શરૂ કર્યું હતું. આ વખતે જોવાનું રહેશે કે તેમને આ રસોડામાંથી જંક ફૂડ પસંદ આવે છે કે નહીં.

### રસોડામાં કોઈપણ સમયે ૧૪૦ મહેમાનોને ડિનર પીરસવાની ક્ષમતા છે

રાષ્ટ્રપતિનું ભોજન હંમેશાં ખૂબ કાળજી સાથે તૈયાર કરવામાં આવે છે. સર્વ કરતાં પહેલાં તેની તપાસ કરવામાં આવે છે. વ્હાઈટ હાઉસમાં બહારનો ખોરાક ન આવી શકે. તે માન્ય નથી. જો કે, ટ્રમ્પનાં કાર્યકાળ દરમિયાન, મેકડોનાલ્ડ્સ, વેન્ડીઝ અને બર્ગર કિંગનું ફાસ્ટ ફૂડ વ્હાઈટ હાઉસમાં આવવા લાગ્યું કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પને તે જ પસંદ હતું. વ્હાઈટ હાઉસના આ રસોડામાં કોઈપણ સમયે ૧૪૦ મહેમાનોને ડિનર પીરસવાની ક્ષમતા છે. જો રાષ્ટ્રપતિ અને તેમનો પરિવાર કોઈ મોટી પાર્ટીનું આયોજન કરે છે, તો રસોડાને તેનાં વિશે અગાઉથી જાણ કરવી પડે છે જેથી તે ૧૦૦૦ લોકો સુધીની વ્યવસ્થા કરી શકે. જો રાષ્ટ્રપતિ અને તેમનો પરિવાર પ્રાઈવેટ પાર્ટી કરે છે, તો તેમણે મહિનાનાં અંતે વપરાયેલી સામગ્રીનું બિલ પોતે ચૂકવવું પડશે.

### ક્રિસ્ટેટા કોમરફોર્ડે મનમોહન સિંહનું ડિનર તૈયાર કર્યું હતું



જયારે ૨૦૦૫માં વ્હાઈટ હાઉસના મુખ્ય રસોઈયાએ રાજીનામું આપ્યું ત્યારે જ્યોર્જ બુશ જુનિયર રાષ્ટ્રપતિ હતાં. વ્હાઈટ હાઉસના રસોડામાં એક્ઝિક્યુટિવ શેફની નિમણૂક કરવાનો અધિકાર ફર્સ્ટ લેડીને છે, તેથી ફર્સ્ટ લેડી લૌરા બુશે તેને એક્ઝિક્યુટિવ શેફ બનાવીને કિચનની સંપૂર્ણ જવાબદારી ક્રિસ્ટેટા મર્ફોર્ડને આપી હતી. જો કે, તેમને આ પદ અપાવવાનો શ્રેય પણ તત્કાલિન ભારતીય વડાપ્રધાન મનમોહન સિંહને જાય છે. શ્રીમતી બુશ મનમોહન સિંહને આપેલાં મોટા ડિનરને જે રીતે ક્રિસ્ટેટાએ સંભાળ્યું હતું તેનાથી ખૂબ પ્રભાવિત થઈ હતી.

### ટ્રમ્પ ફ્રેશ કોકની માંગ કરે છે તો ઓબામા માંગે ગરમાગરમ ચા

અમેરિકન રાષ્ટ્રપતિની ઓવલ ઓફિસમાં, તેમનાં ટેબલ પાસે એક બટન છે, જેને દબાવીને તેઓ તેમની પસંદગીનાં નાસ્તાનો ઓર્ડર આપે છે. સામાન્ય રીતે આ વ્હાઈટ હાઉસના મેનૂમાંથી હોય છે. તેણે રસોડું તરત જ તૈયાર કરીને રાષ્ટ્રપતિને સર્વ કરે છે. ડોનાલ્ડ ટ્રમ્પ સામાન્ય રીતે રસોડામાં લાલ બટન દબાવીને તાજા કોકની માંગ કરતાં હતાં. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા ગરમ ચાનો ઓર્ડર આપવા માટે ઘણીવાર આ બટન દબાવતાં હતાં. ક્રિસ્ટેટા કોમરફોર્ડ છેલ્લાં ૧૬ વર્ષથી વ્હાઈટ હાઉસની એક્ઝિક્યુટિવ શેફ છે. બિલ ક્લિન્ટનના કાર્યકાળ દરમિયાન તે આસિસ્ટન્ટ શેફ તરીકે વ્હાઈટ હાઉસમાં આવી હતી. પછી તેણી પ્રગતિ કરતી રહી. બરાક ઓબામાના સમયમાં તે વ્હાઈટ હાઉસના રસોડાની પ્રમુખ હતી પછી ટ્રમ્પનાં સમયમાં પણ તે રસોડાની પ્રમુખ હતી અને હજુ પણ છે. તેણીનો જન્મ ફિલિપાઈન્સમાં થયો હતો. ૧૯૮૫માં તે અમેરિકા ગઈ ત્યારે તે ૨૩ વર્ષની હતી.

# કાશ્મીરમાં ચિનાર વૃક્ષો પર જીઓ-ટેગિંગ

## ચિનાર વૃક્ષોનાં સંરક્ષણ માટે, જમ્મુ અને કાશ્મીર સરકારે ૨૮૫૬૦ વૃક્ષોને જીઓ–ટેગ કરીને તેને ડિજિટલ ઓળખ આપી



કાશ્મીર,તા.૨૪

જમ્મુ અને કાશ્મીર સરકારે ચિનાર વૃક્ષો, તેનાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને બચાવવા માટે જીઓ-ટેગિંગની પ્રક્રિયા શરૂ કરી છે. આ પહેલનો હેતુ ચિનાર વૃક્ષોની દેખરેખ અને સંરક્ષણને મજબૂત કરવાનો છે. જેથી તેમની સ્થિતિ વિશે સચોટ માહિતી એકત્ર કરી શકાય અને તેમનાં સંરક્ષણ માટે પગલાં લઈ શકાય.ગુરુવારે આ પ્રક્રિયા કાશ્મીરમાં ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના વૈજ્ઞાનિક ડો.સૈયદ તારિક દ્વારા શરૂ કરવામાં આવી હતી. ડો. તારિકે જણાવ્યું કે ચિનાર વૃક્ષો ઓક્સિજન ઉત્પન્ન કરે છે અને તેની પોતાની ઇકોસિસ્ટમ છે. જે કાશ્મીરની ઇકોલોજીમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ચિનાર વૃક્ષો પર દેખરેખ રાખવાનો અને તેમને ડિજિટલ ઓળખ આપવાનો છે, જેથી દરેક વૃક્ષની સ્થિતિનો રેકોર્ડ જાળવી શકાય.

જિયો-ટેગિંગ હેઠળ, દરેક ચિનાર વૃક્ષને એક અનન્ય આધાર નંબર આપવામાં આવ્યો છે.જે ડિજિટલ ઈન્ડિયાની તકનીકી પહેલ સાથે સંબંધિત છે. અત્યાર સુધીમાં, ૨૮૫૬૦ ચિનાર વૃક્ષોને જીઓ-ટેગ કરવામાં આવ્યાં છે અને તેમની ભૌતિક લાક્ષણિકતાઓ એકત્રિત કરવામાં આવી છે. આ વૃક્ષો ક્યુઆર કોડથી લોક છે, જ્યારે સ્કેન કરવામાં આવે છે, ત્યારે વપરાશકર્તાઓ તે વૃક્ષ વિશે સંપૂર્ણ માહિતી મેળવી શકે છે.

વન વિભાગે સેવ ચિનાર ઝુંબેશ હેઠળ આ પહેલને વધુ પ્રોત્સાહન આપવાનું આયોજન કર્યું છે. જેનાં દ્વારા ચિનાર વૃક્ષોનાં સંરક્ષણ માટે ડેટાબેંક તૈયાર કરવામાં આવશે. ડો.તારીકે કહ્યું કે આ એક સકારાત્મક પગલું છે અને ટૂંક સમયમાં આ ડેટાને પબ્લિક ડોમેનમાં લાવવામાં આવશે. જેનાં કારણે દરેક વ્યક્તિ ચિનારના વૃક્ષોનાં મહત્વ અને તેની કાળજી વિશે જાગૃત થઈ શકે.

### રશિયન લેડીએ સેલ્ફી માટે રૂ.૧૦૦નો ચાર્જ કરવાનું પ્લેકાર્ડ બનાવ્યું!




નવી દિલ્હી: ભારતમાં ફોરેનર મહિલાઓ સાથે ફોટો પડાવવાના લોકોના ક્રેઝથી કંટાળીને એક રશિયન લેડીએ એનો મસ્ત ઉકેલ શોધી કાઢ્યો છે. આ રશિયનમહિલાએ સોશ્યલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તે કહી રહી છે કે મેમ, મેમ... વન ફોટો પ્લીઝ સાંભળી-સાંભળીને હું થાકી ગઇ છું અને એને પગલે મેં એક સોલ્યુશન ગોતી કાઢ્યું છે. આ સોલ્યુશન છે દરેક સેલ્ફી માટે ૧૦૦ રૂપિયા માગવાનું. રશિયન મહિલાએ એના માટેનું એક પ્લેકાર્ડ પણ બનાવ્યું છે જેના પર લખ્યું છે : I Selfie 100 Rs. વીડિયોમાં તે આ પ્લેકાર્ડ લઇને બીચ પર ઉભેલી દેખાય છે. તેને ૧૦૦ રુપિયા આપીને સેલ્ફી પાડનારા લોકો મળી પણ જાય છે. વીડિયોમાં આ મહિલા પોતાની કમાણી પણ દેખાડતી નજરે પડે છે.



### સંજયલીલા ભણસાલીની ફિલ્મ

# લવ એન્ડ વોરમાં હવે દિપીકાનો ઉમેરો થયો

મુંબઇ: સંજય લીલા ભણસાલીની લેટેસ્ટ ફિલ્મ લવ એન્ડ વોર ચર્ચામાં છે. આ ફિલ્મ હાલમાં તો ૨૦૨૬ની ૨૦ માર્ચે રીલીઝ કરવાનું પ્લાનીંગ છે પણ એના કાસ્ટિંગને કારણે દર્શકો અત્યારથી જ આ ફિલ્મમાં રસ લઇ રહ્યા છે. આ ફિલ્મમાં સંજય લીલા ભણસાલી તેમની 'ગંગુબાઇ કાઠિયાવાડી'થી ફેવરીટ બનેલી આલિયા ભટ્ટ સાથે ફરી કામ કરી રહ્યા છે. વળી આ ફિલ્મમાં 'બ્રહ્માસ્ત્ર' પછી રિયલ લાઇફ કપલ આલિયા ભટ્ટ અને રણબીર કપૂર ફરી સાથે જોવા મળશે. આ ફિલ્મથી 'છાવા'ના ટ્રેલરથી ગાજી રહેલો વિકી કૌશલ પણ મહત્વના પેરેલલ રોલમાં છે.

હવે આ ફિલ્મ વિશે એવી માહિતી મળી છે કે આ ફિલ્મમાં સંજય લીલા ભણસાલીની બીજી ફેવરીટ એક્ટ્રેસ દિપીકા પાદુકોણ પણ મહત્વનો કેમિયો કરી રહી છે.

આ ફિલ્મ સાથે સંકળાયેલી વ્યકિતએ માહિતી આપી હતી કે ફિલ્મમાં આલિયા કેબરે ડાન્સરનો તેમજ રણબીર અને વીકી ઇન્ડિયન એરફોર્સના ઓફિસર્સનો રોલ ભજવી રહ્યા છે.



### ચીનનું એક એવું ગામ કે જ્યાં મહિલાઓ જીવનમાં એક જ વખત વાળ કાપે છેઃ સમુહમાં વાળ ધોવે છે

**બેજીંગ:** લાંબા અને સુંદર વાળ હોય એવું સપનું દરેક મહિલાનું હોય છે તથા એ મેળવવા માટે તે કંઇક કેટલા નુસખા અજમાવતી હોય છે. જો કે ચીનમાં એક ગામ એવું છે જ્યાંની મહિલાઓ ખાસ કોઇ પ્રયાસ વગર વાળની અસાધારણ સુંદરતા ધરાવે છે. આ ગામની મહિલાઓના વાળ ૬ ફુટથીયે લાંબા છે. આ ગામને લોન્ગ હેર વિલેજ તરીકે ઓળખવામાં આવે છે. આ ગામને દુનિયામાં સૌથી લાંબા વાળ ધરાવતા ગામનો સત્તાવાર દરજ્જો પણ મળ્યો છે. આ વાત ચીનના સ્વાંગશી પ્રાંતના હુઆંગ્લુઓ યાઓ નામના ગામની છે. આ ગામની મહિલાઓ વાળમાં ચોખાનું પાણી લગાડે છે અને પછી સામુહિક રીતે ગામની નજીકની નદીમાં વાળ ધુએ ત્યારે એ નઝારો જોવા જેવો હોય છે. આ ગામની મહિલાઓ જીવનમાં એક જ વાર વાળ કાપે છે તેઓ જ્યારે વ્યસક થાય ત્યારે યોજાતી સેરેમનીમાં, આ ગામની દાદી-નાનીના વાળ હજીયે કાળા અને મજબૂત છે.

### વર્ષો પહેલાં ૧૭૦ રૂપિયામાં ખરીદેલો ફોટો ૪૩ કરોડ રૂપિયામાં વેચાયો

ન્યુયોર્ક,તા.૨૪ : કેટલીક વાર વિન્ટેજ સામાનની કદર ખરા જોહરીની નજરે જ થઈ શકે છે. બાકી તો એ સામાન અનેક માટે કબાડ જ હોય રેન્ડી ગુઈજરો નામના ભાઈને જુની અને એન્ટિક ચીજો ભેગી કરવાની આદત છે.૨૦૧૦માં તેઓ કેલિફોર્નિયાથી ફ્રેસ્કો જઈ રહ્યા હતા ત્યારે એક એન્ટિક દુકાનમાંથી તેમણે એક ફોટો ખરીધો હતો.લગભગ ૧૭૦ રૂપિયામાં ખરીદેલી એ તસ્વીર શાની છે એની તેમને ખબર નહોતી, જો કે ૨૦૧૫માં તેમને પૈસાની જરૂર હતી.એટલે તેઓ એ ફોટો લઈને એક ફોટો એકસપર્ટ પાસે ગયા. તેમણે આ તસ્વીરમાં જે માણસ ઉભો છે. એ અમેરિકાની બહુ જાણીતી વ્યકિતનો હોવાનો દાવો કર્યો હતો. અમેરિકાની નેશનલ સિકયોરિટી એજન્સીમાં કામ કરતા બિલી ધ કિડ નામના પ્રસિદ્ધ એજન્ટનો ફોટો એમાં હતો. ૧૯મી સદીમાં અમેરિકામાં થઈ ગયેલા આ સિકયોરિટી એજન્ટનો દુનિયાનો બીજો ફોટો હતો. આ તસ્વીરનું પછીથી ઓકશન કરવામાં આવ્યું.જેમાં એની કિંમત ૪૩ કરોડ રૂપિયા જેટલી ઉપજી હતી.












છેલ્લી ત્રણ ચૂંટણીમાં ભાજપનો વોટશેર વધ્યો છે પણ બેઠકો વધી નથી, કેજરીવાલ અને આમ આદમી પાર્ટી ૫૦ ટકાથી વધુ મતો મેળવીને દિલ્હીમાં શાસન કરે છે અને કોંગ્રેસ પક્ષ જે છેલ્લી ત્રણ ચૂંટણીમાં વોટશેર ડબલ ડિજીટલમાં પહોંચી શકી નથી અને તેથી આ ચૂંટણીમાં તેના પર ભાજપનો આધાર છે અને તેથી જ કોંગ્રેસના અનેક નેતાઓ જે રીતે કેજરીવાલને ઘેરી રહ્યા છે ભાજપ તેને બકઅપ કરે છે કારણ કે કોંગ્રેસ જેટલા વધુ મતો મેળવશે તેટલા 'આપ'ના ઘટશે અને ભાજપ ઓછા વોટશેરથી પણ કમ સે કમ સ્પધામાં રહેવા માંગે છે

દરેક ચૂંટણીમાં જે રીતે અલગ અલગ સમીકરણો અલગ અલગ કામ કરે છે તે પછી દિલ્હીમાં આખરી ક્યુ સમીકરણ બાજી મારી જશે તે પણ જોવું રસપ્રદ બનશે

# દિલ્હી ચૂંટણી : માહોલ ગરમ, મુદ્દા ઠંડા

**૨૦૨૫નો પ્રારંભ પણ દેશમાં ચૂંટણીથી થયો અને તે પણ પાટનગરની વિધાનસભા ચૂંટણીએ આમ આદમી પાર્ટી અને ભાજપ બંને માટે 'નાક'નો સવાલ બની ગઇ છે અને અપેક્ષા રખાતી હતી તેનાથી વિરૂધ્ધ અચાનક રાવણની એન્ટ્રી થઇ ગઇ છે તો યોગી પ્રચારમાં પહોંચ્યા અને મા ગંગાને પણ સાથે લઇ આવ્યા તો કેજરીવાલે પ્રારંભમાં ભાજપની હિન્દુત્વ પીચ પર રમ્યા બાદ હવે અચાનક જ મધ્યમ વર્ગ માટે ફટકાબાજી કરી રહ્યા છે તો કોંગ્રેસ પક્ષ પોતાનો જુનો તૃષ્ટિકરકણ એજન્ડા પર આધાર રાખે**

છ દિલ્હીની ચૂંટણીમાં અપેક્ષા રખાતી હતી કે ભગવાન શ્રી રામની એન્ટ્રી નિશ્ચિત છે પણ ઓચિંતા જ સ્ક્રીપ્ટમાં ગરબડ થઇ ગઇ હોય તેમ રાવણ આવી ગયા અને મતદાનની તારીખ નજીક આવતી જાય છે તેમ તેમ ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચેની ટક્કર વધુ તિવ્ર બનતી જાય છે જયારે કોંગ્રેસ પક્ષએ તક મળે 'આપ' અને પોતાની હાજરી નોંધાવે છે. અરવિંદ કેજરીવાલે રામાયણમાં સીતાહરણ મુદ્દે જે વિધાનો કર્યા તે ભાજપને અચાનક જ એક મુદ્દો મળી ગયો અને ઉતાવળમાં એમ પણ કહી દીધુ કે કેજરીવાલને પોતાના વિધાનોમાં રાવણનું અપમાન કર્યુ છે તો પુરી દિલ્હી ભાજપ કેજરીવાલના ઘર સામે ધરણા બેસી ગઇ અને કેજરીવાલે રાવણનું અપમાન કર્યુ છે તેવું કહીને ચૂંટણીમાં તેના માટે રામ અને રાવણ બંને સરખા તે પણ નિશ્ચિત કરી દીધુ છે અને હવે ભાજપને તેનો બચાવ કરવો મુશ્કેલ બન્યો છે.

તો બીજી તરફ કુંભમેળા છોડીને ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ દિલ્હીની ચૂંટણી પ્રચાર માટે આવી ગયા છે અને તેઓએ હજુ સુધી કટેંગે તો બટેંગેનો ઉપયોગ કર્યો નથી. જોકે દરેક ચૂંટણીમાં ભાજપનો પ્લાન અલગ અલગ હોય છે અને યોગીએ બે દિવસ પહેલા જ તેની પૂરી કેબીનેટ સાથે ગંગામાં સ્નાન કર્યુ તેને યાદ અપાવીને એવું કહ્યું કે શું કેજરીવાલ યમના નદીમાં સ્નાન કરી શકશે આમ કહીને ગંગા સફાઇ માટે પોતે યશ લીધો અને દિલ્હીમાં યમનાની જે હાલત છે તે મુદ્દે કેજરીવાલને ઘેરીયા આમ ચૂંટણીમાં એક બાદ એક મુદા આવતા જાય છે. દિલ્હીમાં જે રીતે ભારતીય જનતા પક્ષે મોરચો માંડયો છે તેથી સમગ્ર ચૂંટણીનો માહોલ દિલચશ્પ બની ગયો છે તે નિશ્ચિત છે અને તેની સાથે જો જાતિ અને સમુદાય સમીકરણો બનાવવામાં કોણ સૌથી વધુ સફળ થશે તેના પર હારજીત નિશ્ચિત થશે તે પણ સંકેત છે. વાસ્તવમાં દિલ્હીની ૭૦ વિધાનસભા બેઠકોમાંથી અડધી બેઠકો એવી છે કે જીતનો માર્જીન ૧૦ થી ૨૦ હજાર મતોનો રહ્યો છે. આ બેઠકોમાં જે પક્ષ બાજી મારશે તે કદાચ દિલ્હીમાં શાસન કરશે. દરેક ચૂંટણીમાં જે રીતે અલગ અલગ સમીકરણો અલગ અલગ કામ કરે છે તે પછી દિલ્હીમાં આખરી ક્યુ સમીકરણ બાજી મારી જશે તે પણ જોવું રસપ્રદ બનશે.

અરવિંદ કેજરીવાલે પાટનગરમાં સૌથી વિશાળ સંખ્યામાં રહેલ મધ્યમ વર્ગને પોતાની સાથે રાખવા એક આબાદ દાવ ખેલી લીધો અને તેની સાથે કેન્દ્રીય બજેટને જોડી દીધુ. કેજરીવાલે બે દિવસ પહેલા નિર્મલા સિતારામન સામે કેન્દ્રીય બજેટમાં આમ આદમીનું બજેટ બનવવા અથવા તો મધ્યમ વર્ગનું બજેટ બનાવવાની અપીલ કરીને દિલ્હીના મધ્યમ વર્ગને પોતાની સાથે રાખવા કોશીશ કરી છે. તો ભાજપે પૂર્વાંચલના જે ૨૫ ટકા મતો છે તેને સાધવા માટે યોગીને જવાબદારી સોંપી હોવાનું માનવામાં આવે છે. રસપ્રદ બાબત એ છે કે રાજયના પંજાબી મતદારો કે જે ૧૨ થી ૧૫ જેટલી બેઠકોમાં વર્ચસ્વ ધરાવે છે તેને સાધવા માટે કેજરીવાલ એ પંજાબના મંત્રીઓને મેદાનમાં ઉતાર્યા છે અને એકંદરે ૩૫ ટકા જેટલા મતદારો કે જે મધ્યમ વર્ગના છે તેના માટે કેજરીવાલ એક પછી એક યોજનાઓ જાહેર કરતા રહે છે અગાઉ હિન્દુત્વની પીચ પર રમીને કેજરીવાલને પોતાની ઈનિંગનો પ્રારંભ કર્યો હતો અને ધીમે ધીમે તેમનો વિશાળ ટેકેદાર વર્ગ છે તે મધ્યમ વર્ગને હવે પોતાની સાથે રાખવા માટે પ્રયત્ન કરી રહ્યા છે અને ખાસ કરીને યુવાઓ માટે બેરોજગારીનો મુદો તેને ઉપાડયો ભાજપે બે-બે ચૂંટણી ઢંઢેરા જાહેર કર્યા અને તેમાં રેવડી કલ્ચરથી લઇને જે કંઇ વચનો આપી શકાય તે આપી દીધા છે. હવે સૌથી મહત્વનું મુસ્લિમ મતદારો કોની સાથે જશે તે જોવું રહેશે. ભાજપે તેની પરંપરા મુજબ દિલ્હીમાં એક પણ મુસ્લિમને ટીકીટ આપી નથી અને તેનો ચૂંટણી સુધીનો વ્યુહ એ ધીમે ધીમે હિન્દુત્વના મુદા પર લઇ જવાનો જે પ્લાન હતો તેમાં કઇ રીતે આગળ વધે છે તેના પર નજર છે. કોંગ્રેસ પક્ષે સૌથી વધુ ૭ અને આમ આદમી પાર્ટીએ પાંચ મુસ્લિમોને ટીકીટ આપી છે. કોંગ્રેસનો મુખ્ય આધાર પણ મુસ્લિમ વોટબેંક જ છે જે છેલ્લી ત્રણ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ આંચકી લીધી છે. ૨૦૧૯માં દિલ્હીમાં જે શાહીનબાગ આંદોલન થયું અને ૨૦૨૦માં ઉતર પૂર્વ દિલ્હીમાં તોફાનો થયા એ બંને મત વિસ્તારો એ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોના કબ્જામાં હતા અને તે સમયે કેજરીવાલે આ મુદાઓ પર સમાંતર અંતર રાખ્યું હતું અને તેથી તેના માટે મુસ્લિમ મતદારો હવે કેટલો ઉમળકો બતાવે છે તે જોવાનું રહ્યું.

ભાજપે આ સમુદાય સિવાય તમામને પ્રતિનિધિત્વ આપવાની કોશીશ કરી છે. એટલું જ નહીં તમામ હથિયારોનો ઉપયોગ કર્યો છે હાલની ચૂંટણીને ભાજપ ૧૯૯૩ની ચૂંટણી તરીકે જોઇ રહ્યું છે જે રીતે ભાજપ અને કોંગ્રેસનો સીધો મુકાબલો હતો પરંતુ મતોનું વિભાજન થયું અને ભાજપને સતા મળી આ સ્થિતિમાં કેજરીવાલ કે જે છેલ્લી ત્રણ ચૂંટણીમાં દિલ્હીમાં ૫૦ ટકાથી વધુ મતો મેળવીને ૬૦ થી વધુ બેઠકો પર વિજય મેળવે છે. તેના ગઢમાં કોંગ્રેસ કેટલું ગાબડુ પાડી શકે છે. તેના પર ભાજપની જીતનો આધાર હશે. કેજરીવાલ સામે સંદિપ દિક્ષીત અને આતીશી સામે અલ્કા લાંબા જેવા ઉમેદવારને મેદાનમાં ઉતારીને કોંગ્રેસે એ નિશ્ચિત કર્યુ છે કે તે આમ આદમી પાર્ટી પ્રત્યે સોફ્ટ કોર્નર છે તે દર્શાવવા માંગતી નથી. ૨૦૧૩ની સરખામણીમાં ભાજપનો વોટશેર વધ્યો છે પરંતુ બેઠક ઘટી છે. તેનું કારણ આમ આદમી પાર્ટીના મતની ટકાવારી ભાજપની સરખામણીમાં ઝડપથી વધી છે. ૨૦૧૩માં દિલ્હીમાં ભાજપને ૩૩.૭ ટકા મત મળ્યા છે. ૨૦૧૫માં ૩૨ તો ૨૦૨૦માં ૩૮.૫૧ ટકા સુધી મતો મેળવ્યા પણ કદી તેની બેઠકો ડબલ ડિજીટમાં આ છેલ્લી ત્રણ ચૂંટણીમાં ગઇ હતી તો આમ આદમી પાર્ટી ૨૦૧૩માં ૨૯ ટકા મતો મેળવ્યા પછી ૨૦૧૫માં હનુમાન કૂદકો મારીને ૫૪ ટકા મતો મેળવી ગઇ અને ૨૦૨૦માં તે લગભગ આ જ મતની ટકાવારીની આસપાસ એટલે કે ૫૩.૭ ટકા મત મેળવીને ફરી એક વખત શાસનમાં આવી ગઇ પણ છેલ્લી ત્રણ ચૂંટણી કરતા આ ચૂંટણીમાં સીનારીયો જુદો છે. દરેક ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ એ આક્રમક સ્થિતિમાં હતા આ ચૂંટણીમાં તે ડિફેન્સીવ અને ભાજપ આક્રમક બન્યું છે. રસપ્રદ બાબત એ છે કે ભાજપના ઉમેદવારો વ્યકિતગત રીતે કોઇ માહોલ જમાવી શકયા નથી કે ભાજપ પાસે એવો કોઇ લોકલ ચહેરો નથી કે જે દિલ્હીના મતદારોને સીધો આકર્ષી શકે અને તેથી નરેન્દ્ર મોદીથી લઇ યોગી આદિત્યનાથ સુધીના ચહેરા પર ભાજપને આધાર રાખવો પડે છે. જયારે આમ આદમી પાર્ટી પાસે કેજરીવાલ અને આતીસી એ બે બે ચહેરાઓ થઇ ગયા છે. રસપ્રદ બાબત એ છે કે કેજરીવાલના નંબર-૨ ગણાતા મનીષ સીસોદીયાનું સ્થાન આતીસીએ લઇ લીધું છે અને ખુદ સીસોદીયા પોતાની બેઠક જીતવા માટે પણ હાલ ચિંતામાં છે. આમ દિલ્હીએ અત્યાર સુધીની તમામ ચૂંટણીમાં જે રીતે કોઇ એક મુદાને હાવી થવાની તક મળી તેવી સ્થિતિ પાટનગરમાં હજુ સુધી દેખાઇ નથી અને આગામી દિવસો હવે જે આખરી ઘડી પ્રચારના છે તેમાં પણ આ પ્રકારના મુદાઓ ચગતા રહેશે તેવા સંકેત છે. સૌથી છેલ્લે ભાજપે દિલ્હીમાં રોહિંગ્યા અને બાંગ્લાદેશી ઘુસણખોરોનો મુદો ચગાવ્યો છે અને રસપ્રદ બાબત એ છે કે પશ્ચિમ બંગાળમાં જો મમતા આ મુદો ઉઠાવે તો તેને કેન્દ્રની હકુમત ભાજપ બતાવે છે અને દિલ્હીમાં ઘુસણખોરો માટે 'આપ'ને જવાબદાર ગણાવે છે. રાહુલ ગાંધીને દેશદ્રોહી અને હવે કેજરીવાલને રાષ્ટ્રીય સુરક્ષા માટે સૌથી મોટા જોખમ તરીકે ગણાવાય છે. આમ દર્શાવે છે કે ભાજપ પણ એવા મુદાની તલાશમાં છે જે તેને મહારાષ્ટ્રની જેમ વિજેતા બનાવી શકે.

**સ્પોટ-લાઈટ**
કે.આર.
krisht555@gmail.com

**દિલ્હીમાં અડધીથી વધુ વિધાનસભા બેઠકોમાં મધ્યમ વર્ગનું વર્ચસ્વ છે તેમાં પણ જાતિ અને પ્રાદેશિક સમીકરણ છે કેજરીવાલને બધાને એક સાથે રાખવા કેન્દ્રીય બજેટને મધ્યમ વર્ગનું બજેટ બનાવવાનો મુદ્દો છેડીને દિલ્હીની ચૂંટણી દેશના બજેટ સુધી લઇ ગયા તો ભાજપે પુર્વાંચલના ૨૫ ટકા મતો હાસલ કરીને સરસાઇ સ્થાપવા જે પ્રયાસ કર્યો છે પણ વાસ્તવિકતા એ છે કે દિલ્હીની ઝુંપડપટ્ટીમાં રહેતા બિહારી અને યુપીના નાગરિકો પોતાના રાજયમાં રોજગારી ન મળતા પાટનગર આવ્યા છે અને તેઓ છેલ્લી ત્રણ ચૂંટણીથી કેજરીવાલના મતદારો બની ગયા છે હવે ભાજપ તેમાં સેન્ધ મારી શકશે તે જોવાનું રસપ્રદ બનશે**

## બર્ફીલા પવનોથી ઠુંઠવાતા લોકોઃ ટાઢોડુ યથાવત

**નલિયામાં ૭.૨, રાજકોટમાં ૧૧.૨, ભુજમાં ૧૨.૬, ગાંધીનગરમાં ૧૩.૫ ડિગ્રી**

રાજકોટ,તા.૨૪

રાજકોટ સહિત રાજયમાં આજરોજ પણ શિતલહેરો સાથે તિવ્રઠંડી યથાવત રહેવા પામી હતી. અને નલિયા, રાજકોટ, ભુજ અને ગાંધીનગર ખાતે કડકડતી ઠંડીનો અનુભવ થયો હતો.ખાસ કરીને ગઈકાલ સાંજથી ફુંકાતા ઠંડા પવનો સવારે પણ યથાવત રહેતા સર્વત્ર ટાઢોડુ છવાઈ ગયું છે.દરમ્યાન આજરોજ સવારે નલિયાખાતે ૭.૨ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૨ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૩.૫ અને ભુજમાં ૧૨.૬ ડિગ્રી, લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

આ ઉપરાંત આજે સવારે અમદાવાદમાં ૧૫.૭, અમરેલીમાં ૧૫.૨, વડોદરામાં ૧૫.૮, દમણમાં ૧૬.૨, ડિસામાં ૧૪.૧, દિવમાં ૧૬.૫, દ્વારકામાં ૧૬.૩, કંડલામાં ૧૪.૨, પોરબંદર ખાતે ૧૪.૩, અને વેરાવળમાં ૧૬.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

આ ઉપરાંત ભાવનગરમાં ફરી ઠંડી વધી રહી છે. આજે શુક્રવારે શહેરનું લઘુતમ તાપમાન ૧૫.૬ ડીગ્રી નોંધાયું હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦% રહ્યું હતું .જ્યારે પવનની ઝડપ ૧૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

પવનની ઝડપ વધતા અને લઘુત્તમ તાપમાન નીચે આવતા ફરી ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે.જયારે જામનગર શહેરમાં આજે બર્ફીલા પવન સાથે કોલ્ડવેવથી ઠડીનો ચમકારો અનુભવાયો હતો.

છેલ્લા ચોવીસ કલાકમાં લઘુતમ તાપમાનમાં ૧ ડિગ્રીના વધારા સાથે ૧૫.૫ ડિગ્રી અને મહતમ તાપમાનમાં ૧ ડિગ્રીનો ઘટાડા સાથે ૨૬.૫ ડિગ્રી નોંધાયું હતું.જયારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૯ ટકા રહ્યુ હતુ.તો પવનની ગતિ વધીને પ્રતિકલાક ૯.૪ કિમિ રહી હતી.બર્ફીલા પવનના કારણે વાતાવરણ ઠંડુગાર થઈ જતા લોકોએ તીવ્ર ઠડીનો અનુભવ કર્યો હતો.પવનની ગતિ વધતા લોકોને ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી.

## વરૂણ ચક્રવર્તી અમારાં માટે 'ગેમ ચેન્જર' : અભિષેક શર્મા

કોલકાતા,તા.૨૪

ઓપનર અભિષેક શર્માએ ઈંગ્લેન્ડ સામેની ટી-૨૦ શ્રેણીની પ્રથમ મેચમાં ભારતની સાત વિકેટથી જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી, પરંતુ તેણે આ જીતનો વધુ શ્રેય સ્પિનર વરુણ ચક્રવર્તીને આપ્યો હતો. તેણે બુધવારે જીત બાદ કહ્યું હતું કે પુનરાગમન બાદ તે ટીમ માટે 'ગેમ ચેન્જર' રહ્યો છે.



ચક્રવર્તીએ એક જ ઓવરમાં મેચનું ભાગ્ય બદલી નાખ્યું હતું. તેણે હેરી બ્રુક અને લિયામ લિવિંગસ્ટોનને ત્રણ બોલમાં આઉટ કરીને મેચને ભારતનાં પક્ષમાં લાવી દીધો હતો. અભિષેકે કહ્યું કે ટી-૨૦ માં સ્થિતિ બેટ્સમેનોને અનુકૂળ હોય છે પરંતુ ચક્રવર્તી એક એવો બોલર છે જેનાં પર ટીમ વિશ્વાસ કરી શકે છે.

## ક્રિકેટરોમાં છૂટાછેડાનો સિલસિલોઃ હવે સેહવાગ ૨૦ વર્ષે પત્નીથી અલગ થશે

**બંને ઘણાં સમયથી અલગ રહે છે : સોશ્યલ મીડિયા પર બંનેએ એકબીજાને અનફોલો કર્યા**

નવી દિલ્હી:

ભારતીય ક્રિકેટ ટીમનાં પૂર્વ દિગ્ગજ બેટ્સમેન વીરેન્દ્ર સેહવાગ તેની પત્ની આરતી અહલાવતથી અલગ થઈ શકે છે. એવી ચર્ચા છે કે છેલ્લાં કેટલાક સમયથી આ બંને અલગ રહે છે. બંનેએ એકબીજાને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો પણ કરી દીધાં છે. સૂત્રોનું માનીએ તો બંને છૂટાછેડા લઈ શકે છે.



વીરેન્દ્ર સેહવાગ અને આરતીનાં લગ્ન વર્ષ ૨૦૦૪ માં થયાં હતાં. તેમને બે પુત્રો છે. આર્યવીરનો જન્મ ૨૦૦૭ માં થયો હતો અને વેદાંતનો જન્મ ૨૦૧૦ માં થયો હતો. ચાહકો અનુસાર, દિવાળી પર વીરેન્દ્ર સેહવાગે સોશિયલ મીડિયા પર તેનાં બે પુત્રો અને તેની માતા સાથેની એક તસવીર શેર કરી હતી, પરંતુ તેણે આરતીની કોઈ તસવીર શેર કરી ન હતી. બે અઠવાડિયા પછી, તેણે પલક્કડમાં એક મંદિરની મુલાકાત લીધી, જ્યાં તેણે ફોટાઓ શેર કકર્યા હતાં પરંતુ ત્યાં પણ આરતીનો કોઈ ઉલ્લેખ નહોતો. સોશિયલ મીડિયા જોનારાઓ કહે છે કે બંને એકબીજાથી દૂર છે અને ટૂંક સમયમાં ડિવોર્સ લઈ શકે છે.

## અમેરિકામાં ICEનો સપાટોઃ એક જ દિ'માં ૩૦૦થી વધુ ગેરકાયદે માઈગ્રન્ટસની ધરપકડ

**અમેરિકામાં ગેરકાયદે રહેતા ૭.૨૫ લાખ ભારતીયો ભયના ઓથાર હેઠળઃ બહાર નીકળવું મુશ્કેલ બનશે**




અમદાવાદ, તા.૨૪

અમેરિકામાંથી ઈલીગલ ઈમિગ્રન્ટ્સને વીણી-વીણીને પકડવા માટે ડોનાલ્ડ ટ્રમ્પે માસ ડિપોર્ટેશનનો પ્લાન બનાવ્યો છે. જોકે, તેનો હજુ ફુલફ્લેજડમાં અમલ શરૂ કરાયો નથી, પરંતુ તેમણે બીજી વખત પ્રેસિડન્ટ તરીક ચૂંટાયા પછી પહેલી વખત ઓફિસમાં આખો દિવસ વિતાવ્યો તે જ દિવસે ICEએ ૩૦૦થી વધુ માઈગ્રન્ટ્સની ધરપકડ કરી હતી. ICEએ ગત મંગળવારે જે માઈગ્રન્ટ્સની ધરપકડ કરી છે, તેમાં હત્યા અને બાળ યૌનશોષણના આરોપી પણ સામેલ છે. બોસ્ટન, ડેનવેર, ફિલાડેલ્ફિયા, એટલાન્ટા, સીએટલ, વોશિંગ્ટન, ડીસી અને માયામી અને તેની આસપાસના વિસ્તારોમાંથી આ લોકોની ધરપકડ કરાઈ હોવાનું ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન ઓફિસના એક અધિકારીએ જણાવ્યું હતું.

આ તો હજુ શરૂઆત હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે ગુનાઈત પ્રવૃત્તિમાં સામેલ બીજા ૭ લાખ ઈલીગલ માઈગ્રન્ટ્સ રડાર પર છે. તેમણે એવી પણ ચીમકી ઉચ્ચારી હતી કે, સેન્ચુરી સિટીઝમાં ઘૂસીને પણ ઈલીગલ માઈગ્રન્ટ્સને પકડવાની કાર્યવાહી કરવામાં આવશે. જે દર્શાવે છે કે, ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન ઈલીગલ ઈમિગ્રન્ટ્સ પ્રત્યે જરાય કૂણું વલણ નહીં અપનાવે.

ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા પર આવતાની સાથે જ ઈલીગલ ઈમિગ્રન્ટ્સ પર તવાઈ બોલાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં સૌથી પહેલા તો તેમણે મેક્સિકો સરહદેથી થતી ઘુસણખોરી રોકવા ત્યાં સેના તૈનાત કરી બોર્ડરને સીલ કરવાની જાહેરાત કરી હતી. તેમજ તેમણે ડ્રગ્સ ઈન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશન (DEA), ધ બ્યુરો ઓફ આલ્કોહોલ, ટોબેકો, ફાયરઆર્મ્સ એન્ડ એક્સપ્લોઝિવ્સ (ATF) અને ધ યુએસ માર્સલ્સ સર્વિસ જેવી ફેડરલ એજન્સીઓને ઈમિગ્રેશન ઓફિસર્સ જેટલા પાવર આપી ઈલીગલ ઈમિગ્રન્ટ્સ ફરતે સકંજો વધુ મજબૂત બનાવ્યો છે.

ટ્રમ્પ પોતાના માસ ડિપોર્ટેશનના પ્લાન તરફ આગળ વધી રહ્યા છે, ત્યારે અમેરિકામાં ગેરકાયદે રહેતા લગભગ ૭.૨૫ લાખ ભારતીયો પણ ભયના ઓથાર હેઠળ દિવસો પસાર કરી રહ્યા છે. હવે જ્યારે ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને અન્ય એજન્સીઓને પણ ડિપોર્ટેશનના પાવર આપી દીધા છે, ત્યારે અમેરિકામાં ગેરકાયદે રહેનારા ભારતીયો સહિતના લોકો માટે મુશ્કેલી વધી જશે. કામના સ્થળે જતી વખતે કે કામના સ્થળેથી, સ્કૂલમાંથી, ચર્ચમાંથી કે પછી હોસ્પિટલ પાસેથી એજન્સી તેમની ધરપકડ કરી શકે છે. જેથી તેમનું ઘરની બહાર નીકળવું પણ અઘરું બની જશે.

## આયુષ્માન વયવંદના કાર્ડ માટે અત્યાર સુધીમાં ૪૦.૯૬ લાખ વૃદ્ધોની નોંધણી

**યોજના હેઠળ ૮૯ હજારથી વધુ હોસ્પિટલમાં પ્રવેશને મંજૂરી આપવામાં આવી તે માટે ૧૬૭.૪૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો**






નવી દિલ્હી :

આયુષ્માન વય વંદના કાર્ડ પહેલ હેઠળ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી ૪૦.૯૬ લાખ વૃદ્ધોની નોંધણી કરવામાં આવી છે. આયુષ્માન ભારત પ્રધાન મંત્રી-જન આરોગ્ય યોજનાનો લાભ ૭૦ વર્ષ અને તેથી વધુ વયનાં તમામ વૃદ્ધોને આપવાના નિર્ણય પછી, લગભગ ત્રણ મહિનામાં ચાલીસ લાખથી વધુ લોકોએ આયુષ્માન વય વંદના કાર્ડ મેળવ્યાં છે. આ સાથે આ યોજના હેઠળ ૮૯ હજારથી વધુ હોસ્પિટલમાં પ્રવેશને મંજૂરી આપવામાં આવી છે અને તેનાં માટે ૧૬૭.૪૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

### યાદીમાં કેટલી હોસ્પિટલો સામેલ

સ્વાસ્થ્ય મંત્રાલયનાં એક વરિષ્ઠ અધિકારીનું કહેવું છે કે આયુષ્માન ભારત યોજના હેઠળ તમામ સરકારી હોસ્પિટલો યાદીમાં છે, જ્યારે ખાનગી હોસ્પિટલોએ નક્કી કરવાનું છે કે તેઓ આ યોજનામાં જોડાશે કે નહીં. અત્યાર સુધી આયુષ્માન ભારત યોજના હેઠળ ૩૦ હજારથી વધુ હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવે છે, જેમાંથી ૧૩ હજારથી વધુ ખાનગી હોસ્પિટલો છે. જો કે આગામી સમયમાં હોસ્પિટલોની સંખ્યા વધશે અને ખાનગી હોસ્પિટલોમાંથી વધુ અરજીઓ આવી રહી છે. આ યોજના ૨૭ તબીબી વિશેષતાઓ હેઠળ ૧.૯ હજાર પ્રકારની પ્રક્રિયાઓને આવરી લે છે અને કેશલેસ આરોગ્ય સુવિધાઓ પૂરી પાડે છે.

### આયુષ્માન વય વંદનામાં અત્યાર સુધીમાં કયાં રોગોની સૌથી વધુ સારવાર કરવામાં આવી

આ યોજનાના અમલીકરણ પછી, મોતિયાની શસ્ત્રક્રિયા ટોચનાં પેકેજોમાં પ્રથમ આવે છે જેમાં મોટાભાગનાં વૃદ્ધોને સારવાર મળી છે. આ ઉપરાંત કિડનીની બીમારીથી પીડિત વરિષ્ઠ નાગરિકોને પણ મોટી રાહત મળી છે. ક્રોનિક હેમોડાયલિસિસ રોગથી પીડિત દર્દીઓને પણ ફાયદો થયો છે. આ સાથે ટાઈફોઈડ તાવની સારવાર માટે દર્દીઓને પણ દાખલ કરવામાં આવ્યાં હતાં. સ્ટ્રોક, એક્સિલરેટેડ હાઈપરટેન્શન, ટોટલ હિપ રિપ્લેસમેન્ટ, ટોટલ ની રિપ્લેસમેન્ટ, હાર્ટ સંબંધિત રોગો પણ પેકેજમાં સામેલ છે. ફેફસાને લગતી બીમારીઓ માટે પણ દાખલ કરવામાં આવ્યાં છે.

### ગુજરાત સરકારે મેથ્સમાં વિકલ્પ આપ્યાના ચાર વર્ષમાં મોટો તફાવત

# ચિંતાજનક ટ્રેન્ડ! સ્ટાન્ડર્ડ મેથ્સ પસંદ કરતા વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યા

અમદાવાદ તા.૨૪

વિદ્યાર્થીઓને ઘણા અંશે મેથ્સ (ગણિત)માં તકલીફ પડતી હોય છે.ગુજરાતમાં ૨૦૨૧-૨૨ થી રાજય સરકારે સ્ટાન્ડર્ડ મેથ્સ અને બેઝીક મેથ્સનાં વિકલ્પ આપવાનું શરૂ કર્યું હતું. વિદ્યાર્થીઓમાં સરળ એવા બેઝીક મેથ્સનો વિકલ્પ અજમાવવાનો ચિંતાજનક ટ્રેન્ડ રહ્યો છે. આગામી મહિને યોજાનારી ધો.૧૦ ની બોર્ડ પરીક્ષામાં અઘરૂ સ્ટાન્ડર્ડ મેથ્સ રાખનારા વિદ્યાર્થીઓની સંખ્યા માંડ ૫૦,૦૦૦ થી વધુ થાય છે. જયારે સરળ બેઝીક મેથ્સ રાખનારા વિદ્યાર્થીઓ ૧.૮૪ લાખથી વધુ છે.

### ગણિતને અઘરૂ ગણીને બેઝિક મેથ્સ તરફ જ બહુમતિ વિદ્યાર્થીઓનો ઝોક

ગુજરાત શિક્ષણ બોર્ડે ચાર વર્ષ પુર્વે મેથ્સમાં વિકલ્પ આપવાનું શરૂ કર્યું છે. ત્યારે પ્રથમ વર્ષે ૧,૧૦,૭૯૭ વિદ્યાર્થીઓએ સ્ટાન્ડર્ડ મેથ્સ રાખ્યુ હતું અને ૬૭૦૩૫૫ એ બેઝીક મેથ્સ પસંદ કર્યુ હતું.૨૦૨૪-૨૫ ના વર્તમાન શૈક્ષણીક વર્ષમાં સ્ટાન્ડર્ડ મેથ્સ રાખનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૧૩૧૪ રહી છે જે ચાર વર્ષમાં પૂર્વેની સંખ્યા કરતા ૪૫ ટકા ઓસરી છે.

### છેલ્લા ચાર વર્ષની સંખ્યા

| વર્ષ | સ્ટાંડર્ડ મેથ્સ | બેઝીક મેથ્સ |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૧૦૭૯૭ | ૬૬૧૫૪૦ |
| ૨૦૨૨-૨૩ | ૭૮૪૯૮ | ૬૬૨૨૦૪ |
| ૨૦૨૩-૨૪ | ૭૦૦૬૬ | ૬૩૯૧૨૮ |
| ૨૦૨૪-૨૫ | ૬૧૩૧૪ | ૭૮૪૦૭૮ |

### શિક્ષણ નિષ્ણાંતોની લાલબતીઃ એન્જીનીયરીંગ સહિતના ઉચ્ચ અભ્યાસક્રમો પર અસર થશે



બીજી તરફ બેઝીક મેથ્સ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧.૨૩ લાખ વધીને ૭૮૪૦૭૮ થઈ છે જે ૧૭ ટકાનો વધારો સુચવે છે.

શિક્ષણશાસ્ત્રીઓએ આ ટ્રેન્ડ સામે લાલબતી ધરી છે એન્જીનીયરીંગ, આર્કીટેકટ તથા અન્ય ઉચ્ચ શિક્ષણમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ ઉપલબ્ધ બનવાનું ચિંતાજનક છે. ગુજરાત શિક્ષણ બોર્ડનાં પૂર્વ ચેરમેન હસમુખ હિંગુએ જણાવ્યું હતું કે મેથ્સમાં પાયાનું શિક્ષણ નબળુ રહેવાને કારણે વિદ્યાર્થીઓમાં મેથ્સ ફેબિયા ઉદભવી રહ્યો છે.પ્રવર્તમાન ચિંતાજનક ટ્રેન્ડ બદલાવો હોય તો ગણીતનું પાયાનું શિક્ષણ મજબુત કરવુ પડશે. મારા કાર્યકાળ દરમ્યાન ગણીતમાં અંદાજીત ૪ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થતા હતા. હવે ગણીતમાં નાપાસ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે તેનું કારણ વિકલ્પ છે. વિકલ્પ છતાં નાપાસ થતાં વિદ્યાર્થીઓની સંખ્યા ઉંચી જ ગણી શકાય.

### ચાલૂ વર્ષે બેઝિક ગણિતના ૭૮૪૦૭૮ વિદ્યાર્થીઓ સામે સ્ટાન્ડર્ડ મેથ્સના માત્ર ૬૧૩૧૪

શિક્ષણ નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ગણિત વિશે વિદ્યાર્થીઓમાં ડર દુર કરવા સમાજે પણ ભાગ ભજવવો પડશે એટલુ જ નહિં ગણિતમાં રૂચી સર્જવા માટે શિક્ષણ રસપ્રદ બને તેવા પ્રયાસો કરવા જોઈએ એવુ પણ ધ્યાનમાં આવ્યુ છે કે સ્કુલો જ વિદ્યાર્થીઓને બેઝીક મેથ્સ પસંદ કરવા આગ્રહ કરે છે. સ્ટાન્ડર્ડ મેથ્સ

(અનુસંધાન છઠ્ઠા પાને)


**જાહેરાત**

ધી ધ્રાંગધ્રા પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લી. ''કલ્પવૃક્ષ'' માંડવી ચોક, ધ્રાંગધ્રા. માટે મેનેજરની (જગ્યા-૧) તથા આઈ.ટી.ઓફીસરની (જગ્યા-૧) ખાલી પડેલ જગ્યા ભરવા બાબત.

**મેનેજર - શૈક્ષણિક લાયકાત / અનુભવ**

(૧) માન્ય યુનિવર્સિટીનો B.Com / M.Com. નું ગ્રેજયુએશન કરેલ હોવા જોઈએ.
(૨) અરજદારને કોમ્પ્યુટરનુ જ્ઞાન, અંગ્રેજી તથા ગુજરાતી ભાષાનું જ્ઞાન હોવુ જોઈએ.
(૩) અરજદાર ગુજરાત કો. ઓપરેટીવ સોસાયટી એકટ ૧૯૬૧ તથા R.B.I. ની કો. ઓપરેટીવ બેંકને લાગુ પડતી માર્ગદર્શિકા થી માહિતગાર હોવો જોઈએ.
(૪) અરજદાર બેંકીગ ક્ષેત્રમાં **ઓફીસર તરીખે ૮ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.**

**આઈ.ટી.ઓફીસર - શૈક્ષણિક લાયકાત / અનુભવ**

(૧) માન્ય યુનિવર્સિટીનો B.E તથા B.TECH. ડીગ્રી હોવી જરૂરી છે.
(૨) અરજદારને બેંક આઈ. ટી. ઓપરેશન, નેટવર્ક મેનેજમેન્ટ, ફાયર વોલ મેનેજમેન્ટ, ડેટા બેઈઝ મેનેજમેન્ટ તદ્ઉપરાંત ખાસ કરીને ORACLE CLOUD કોમ્યુટીંગમાં વ્યાપક જ્ઞાન હોવુ જરૂરી છે.
(૩) અરજદાર વિવિધ સોફટવેર વેન્ડર્સ સાથે સપર્કમાં તેમજ નિયમકારી અનુપાલન, ઓડીટ, સાયબર સીકયુરીટી ઓડીટ અને સોફટવેર કોર બેંકીંગ હેન્ડલ કરવામાં નિષ્ણાંત હોવા જોઈએ.
(૪) અરજદાર બેંકીગ ક્ષેત્રમાં **ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.**

* અરજી સાથે લાયકાતના પ્રમાણ પત્રો અનુભવના સર્ટીફીકેટ, પાસ-પોર્ટ સાઈઝના ફોટા નંગ-૨ સાથે જાહેરાતની તારીખથી પંદર દિવસ સુધીમાં અરજી રજીસ્ટર પોસ્ટથી ઉપરોકત સરનામે મોકલવાની રહેશે.
* અધુરી માહિતીવાળી અરજી રદ બાતલ થશે.
* નિમણુંક અંગેની તમામ કાર્યવાહી કરવાનો અને નિર્ણય લેવાનો બોર્ડ ઓફ ડીરેકટર્સને આબાધિત અધીકાર રહેશે. અને બોર્ડનો નિર્ણય આખરી ગણાશે.

**ચેરમેનશ્રી,**
**ધી ધ્રાંગધ્રા પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી.**


# માર્કેટીંગયાર્ડના ધરતી ટ્રેડર્સમાંથી લેવાયેલો કપાસીયા તેલનો નમુનો ફેઈલ

### આયોડીનની માત્રા વધુ નીકળી : ધરતી ટ્રેડર્સ સામે કાર્યવાહી કરાશે : ચીકીના ધંધાર્થીઓને લાયસન્સ મેળવવા સૂચના આપતું ફૂડ તંત્ર

રાજકોટ, તા. ૨૪

મનપાની ફૂડ શાખા દ્વારા થોડા સમય પહેલા જુના માર્કેટીંગ યાર્ડમાં આવેલી ધરતી ટ્રેડર્સ નામની પેઢીમાંથી લેવાયેલ કોટનસીડ (કપાસીયા) તેલનો નમુનો ફેઈલ જાહેર થતા કાયદેસર કાર્યવાહીની તજવીજ શરૂ કરવામાં આવી છે.



રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા આરટીઓ પાસે આવેલા જુના માર્કેટીંગ યાર્ડમાં રહેલી 'ધરતી ટ્રેડર્સ' નામની પેઢીમાંથી 'આસોપાલવ પ્રીમિયમ કવોલિટી રિફાઈન્ડ કોટનસીડ ઓઈલ (પેકડ બોટલ)'નો નમુનો લઇને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં બી.આર. ટેસ્ટ રીડિંગ અને આયોડિન વેલ્યૂ ધારાધોરણ કરતાં વધુ તથા તેલમાં મિકસ કરવાની વસ્તુના પ્રમાણ સેપોનીફિકેશન વેલ્યૂ ધારાધોરણ કરતાં ઓછી મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ (ફેઈલ) જાહેર થયેલ છે. આ રીપોર્ટના આધારે દંડનીય કાર્યવાહી માટે એડી.કલેકટર સમક્ષ કેસ મુકવામાં આવશે તેમ ફૂડ વિભાગે જણાવ્યું હતું.

ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે શહેરના કે.ડી. ચોક થી રણછોડદાસ બાપુ આશ્રમ સુધી આશ્રમ રોડ વિસ્તારમાં આવેલ ખાધ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૪ ધંધાર્થીઓને ત્યાં ૧૪ નમુનાની ચકાસણી કરી હતી. જેમાં ચાર વેપારીને

(અનુસંધાન છઠ્ઠા પાને)

### વધુ બે પેઢીમાંથી સિંગતેલ, કપાસીયાના નમુના લેવાયા

રાજકોટ, તા. ૨૪

કોર્પોરેશનની ફૂડ શાખા દ્વારા ફરી ખાદ્ય તેલના નમુના લેવાનું ચાલુ કરવામાં આવ્યું છે. ૧૫૦ ફુટ રોડ, ઓમનગર સર્કલ પાસેના ગેલ કોમ્પ્લેક્ષમાં આવેલ ગુરૂકૃપા એજન્સીમાંથી ગાયત્રી શુધ્ધ સીંગતેલ અને કેસરી બ્રાન્ડ સિંગતેલના નમુના લેવાયા હતા. જયારે યુનિ. રોડ પંચાયત ચોક પાસે, સોમનાથ એપાર્ટમેન્ટમાં ગાયત્રી ટ્રેડીંગમાંથી પણ ડબ્બામાંથી જાનકી રીફાઇન્ડ સિંગતેલનો નમુનો લેવામાં આવ્યો હતો.

# સોનું ૮૩૦૦૦ ને પારઃ ૨૩ દિ'મા પાંચ ટકા વધી ગયું

### આજે વધુ ૪૦૦ રૂપિયા વધ્યાઃ ચાલુ માસમાં અત્યાર સુધીમા રૂ. ૪૦૦૦ કરતા વધુની તેજી

રાજકોટ, તા.૨૪

છેલ્લા કેટલાક દિવસમાં સોના ચાંદીના ભાવો મા ઉછાળો નોંધાય રહ્યો છે. રાજકોટમા એક સપ્તાહમા ૧૫૦૦ નો વધારો થયો છે. જ્યારે ૩૧ ડીસેમ્બર ના સોનાનો ભાવ રૂ ૭૮૫૦૦ હતો અને આજે રૂ. ૮૩૦૮૦ નોંધાયા છે. આમ એક મહિનામાં રૂ. ૪૪૦૦ નો ધરખમ વધારો થયો છે. ઈન્વેસ્ટર્સ ની વાત કરીએ તો તેઓને એક મહિનામાં ૫.૬ ટકાનું વળતર મળ્યું છે. પરંતુ ખરીદી પર અસર થઈ છે. હાલ લગનગાળો ચાલી રહ્યો છે. જેમાં સોના ચાંદીની બહોળા પ્રમાણમાં ખરીદી થાય છે. પરંતુ વધતા ભાવમાં કારણે ખરીદી ઉપર પણ બ્રેક લાગ્યો છે. હાલ માત્ર લગ્નગાળા ની જરૂરિયાત પ્રમાણે ખરીદી થઈ રહી છે. મોટાભાગના લોકો સોનામાં ઈન્વેસ્ટમેન્ટ માટે સોનાની ખરીદી કરે છે



પરંતુ ભાવ વધતા ઈન્વેસ્ટમેન્ટ ખરીદી બંધ થઈ ગઈ છે.

સામાન્ય રીતે વાત કરીએ તો જાન્યુઆરીમાં અત્યાર સુધીમાં સોનામાં લગભગ પાંચ ટકાનો વધારો નોંધાયો છે, એટલે કે ગયા વર્ષે મળેલા ૨૦ ટકા રિટર્નમાંથી ચોથા ભાગનું રિટર્ન છેલ્લા ૨૩ દિવસમાં આવ્યું છે.

નોંધનીય છે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સોનાની કિંમત ૭૮,૯૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી. નવા વર્ષની શરૂઆત ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૪૪૦ રૂપિયાના વધારા સાથે થઈ હતી. આજે ગુરુવારે સોનું રૂ.૮૨,૯૦૦ પર આવ્યું હતું. આવી સ્થિતિમાં જાન્યુઆરીના આ ૨૩ દિવસોમાં ૩૯૨૦ રૂપિયા એટલે કે ૪.૮૦ ટકાનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન ચાંદીના ભાવમાં પણ જોરદાર વધારો જોવા મળ્યો છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ચાંદીની કિંમત ૮૯,૭૦૦ રૂપિયા પ્રતિ કિલો હતી. ૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, તે રૂ. ૮૦૦ વધીને રૂ. ૯૦,૫૦૦ પ્રતિ કિલો થઈ ગયું. ગુરુવારે તેની કિંમત ૯૩,૫૦૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ હતી. આવી સ્થિતિમાં, આ ૨૩ દિવસમાં ૩૮૦૦ રૂપિયા એટલે કે લગભગ ૪.૭૦ ટકાનો વધારો થયો છે.

નબળા આર્થિક ડેટાએ સુરક્ષિત રોકાણ તરીકે સોનાને વધુ આકર્ષક બનાવ્યું છે. નિષ્ણાતોના મતે વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે સોનાના ભાવમાં વધારો ચાલુ રહેશે. જો આપણે સોનાના વળતર પર નજર કરીએ તો, છેલ્લા પાંચ વર્ષમાં સોનાએ લગભગ ૧૫% ના

(અનુસંધાન છઠ્ઠા પાને)

### સોનામાં હવે 'એક દેશ, એક ભાવ'ની નીતિઃ સમગ્ર દેશમાં એક સમાન કિંમત રહેશે

રાજકોટ, તા.૨૪

દેશમાં સોનાના ભાવ જુદા-જુદા શહેરોમાં અલગ-અલગ હોય છે પરંતુ હવે કાશ્મીરથી કન્યાકુમારી સુધી સોનાના ભાવ એક સમાન રાખવાની દિશામાં પહેલ શરૂ કરવામાં આવી છે. જેને કારણે સોના-ચાંદીના કારોબારમાં પાદરર્શિતા આવી શકશે.

ભારતમાં વિવિધ ક્ષેત્રો-શહેરોના સોનાના ભાવોમાં તફાવત રહેતો હતો. ઝવેરી બજારમાં પણ કેટલાક વખતથી ગળાકાપ સ્પર્ધા રહી છે અને એક જ શહેરમાં જવેલર્સોના ભાવોમાં પણ તફાવત જોવા મળી રહ્યો છે અને તેને કારણે જવેલર્સો વચ્ચે પણ આંતરિક વિવાદ ઉભા થઇ રહ્યા છે.

(અનુસંધાન છઠ્ઠા પાને)


**જોઈએ છે**

સાંજ સમાચાર રાજકોટ કાર્યાલય માટે નીચે મુજબ સ્ટાફ જોઈએ છે.

| | |
|---|---|
| પ્રુફ રીડર (લેડીઝ-જેન્ટસ) | ગુજરાતી ભાષાના જાણકાર અને ઓછામાં ઓછા ૧૨ ધોરણ પાસ એ જ અરજી કરવી. |
| ડેટા એન્ટ્રી ઓપરેટર | શ્રીલીપી ભાષામાં ગુજરાતી ડેટા એન્ટ્રીના જાણકાર |
| પેઈજમેકર ઓપરેટર | પેઈજમેકરમાં પાના બનાવી શકે તેવા અનુભવી/બીન અનુભવીએ પણ અરજી કરવી. |

સંપર્કઃ સાંજ સમાચાર કાર્યાલય
કસ્તુરબા રોડ, શારદા બાગની સામે, રાજકોટ.


# 'અમુલ'ના બે પ્રકારના દૂધમાં ભાવ ઘટાડો

### ચાય મજા તથા ટી સ્પેશ્યલના ભાવ ૧-૧ રૂપિયો ઘટાડાયા

રાજકોટ, તા.૨૪

દુધ સહિતની ચીજોમાં સામાન્ય રીતે ભાવવધારો થયા બાદ તે ઘટતા ન હોવાની સામાન્ય છાપ પ્રવર્તતી હોય છે તેનાથી વિપરીત હવે દુધના ભાવમાં ઘટાડો થયો છે. દેશની સૌથી મોટી દુધની સરકારી ડેરી બ્રાંડ 'અમુલ' દ્વારા બે પ્રકારના દુધમાં રૂા.૧-૧નો ભાવ ઘટાડો કરવામાં આવ્યો છે.

સહકારી ડેરીના સૂત્રોએ કહ્યું કે અમુલ દ્વારા ચાય મજા તથા ટી સ્પેશ્યલ એમ બે પ્રકારના દુધમાં ૧-૧ રુપિયાનો ભાવઘટાડો કરવામાં આવ્યો છે. અમુલ ચાયમજાની એક લીટરની કિંમત હવે રૂા.૫૩ તથા સ્પેશ્યલની કિંમત રૂા.૬૧ રહેશે.

રાજકોટની ડેરી પણ અમુલ સાથે સંકળાયેલી છે અને તેના દ્વારા આજથી અમલી બનેલા નવા ભાવ વિશે ડીસ્ટ્રીબ્યુટર્સને જાણ કરી દેવામાં આવી છે.

અમુલના દુધમાં ઘટાડા વચ્ચે ખાનગી દુધની ડેરી દ્વારા હવે ભાવ ઘટાડો કરવામાં આવે છે કે કેમ તેના પર મીટ માંડવામાં આવી રહી છે.


જાપાનીઝ ટેકનોલોજીથી
પાર્કીંગના પીળા પટ્ટા કરાવો
બીલ્ડીંગમાં વાહન પાર્કીંગ માટે પ્લાન સાથે માર્કીંગના પીળા પટ્ટા મારી આપીશું
PUNCHO ROAD MARKING PVT.LTD.-91067 16757

GANGNAM Street
THE TRUST OF KOREA
ઓનલાઈન અને મોલથી સસ્તુ
આજે બુકિંગ કરો અને 26th જાન્યુઆરીમાં ડિલેવરી મેળવો
ઓફર માત્ર એક દિવસ માટે ઉપલબ્ધ
32 LED SMART — ઓફર કિંમત ₹8990/-
43 LED SMART — ઓફર કિંમત ₹15990/-
43 QLED 4K — ઓફર કિંમત ₹25490/-
55 QLED 4K — ઓફર કિંમત ₹35490/-
2 વર્ષની વોરંટી
ફ્રી ઈન્સટોલેશન
ફ્રી વોલ માઉન્ટિંગ સ્ટેન્ડ
*T&C Apply
આપના નજીકના ડિલરનો સંપર્ક કરો
ઓથોરાઈઝ્ડ ડિસ્ટ્રીબ્યુટર
વિજય ઈનકોર્પોરેશન-રાજકોટ સંપર્કઃ 98241 06482

ધાધર!!! થી પરેશાન છો ?
તો માત્ર ૭ દિવસમાં રાહત મેળવો
બાલાજી ફાર્મસી 2 to 5 p.m. બંધ
રાજશ્રી ટોકીઝ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ.
70401 99999
દવા રૂા. ૪૯૦/- થી શરૂ.

એક્રેલીક ફોટો
બાળકો, કપલ, ફેમીલી, મોટી સાઈઝમાં કરાવી આપના ડ્રોઈંગ રૂમને સજાવો
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, રાજકોટ. M.: 94297 85836

લગ્ન કંકોત્રી તથા રિટર્ન ગિફ્ટ
॥ મધુરમ્ ॥
એસ્ટ્રોન ચોક, રાજકોટ • ફોન: 0281-2483006
સવારે 10 થી 1, બપોરે 3.30 થી 8.30